**સને ૨૦૧૩-૧૪ના મહાનગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ રજુ કરવામાં થયેલ વિલંબના કારણો.**

(૧) જી.પી.એમ.સી. એક્ટની કલમ ૧૦૮ હેઠળ રાજયની તમામ મહાનગરપાલિકાઓની ઓડિટ કામગીરી સંબંધિત સંસ્થાના "ચીફ ઓડિટર" દ્વારા કરવામાં આવે છે. ઉપરાંત ૧૪માં નાણાંપંચની ભલામણ અન્વયે CAGના ટેકનીકલ ગાઇડન્સ એન્ડ સુપરવિઝન હેઠળ મહાનગરપાલિકાઓનું ઓડિટ નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબને સુપ્રત કરવાનો નિતી વિષયક નિર્ણય(તા.૪-૫-૨૦૧૧ના રાજ્યપત્ર(અસાધારણ)માં પ્રસિધ્ધ થયેલ ગુજરાત અધિનિયમ ક્રમાંક-૨૧ થી) રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલ છે. સદરહુ અધિનિયમ થી જી.પી.એમ.સી. એક્ટની કલમ-૧૦૮ માં જરૂરી સુધારો દાખલ કરવામાં આવેલ છે.

(૨) રાજ્ય સરકારનાં ઉપરોક્ત નિર્ણયના અમલીકરણ માટે, નાણાં વિભાગ દ્વારા તા.૨૩-૧૨-૨૦૧૧ના ઠરાવથી રાજ્યની મહાનગરપાલિકાઓનું (નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ થી) ઓડિટ ગુજરાત સ્થાનિક ભંડોળ ઓડિટ અધિનિયમ ૧૯૬૩ની જોગવાઇ મુજબ નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબને સુપ્રત કરવામાં આવેલ છે.

નાણાં વિભાગના ઉક્ત હુકમો બાદ કેટલીક મહાનગરપાલિકામાં નિરીક્ષક, સ્થાનિક ભંડોળ ના "ઓડિટ કાર્યક્ષેત્ર" (Scope of Audit) અંગે અર્થઘટનનાં પ્રશ્નોના કારણે ઓડિટ કામગીરી શરૂ થવામાં વિલંબ થયેલ હતો.

(3) નાણાં વિભાગ દ્વારા ઉપરોક્ત બાબતોનું નિરાકરણ કરી, તા.૧-૩-૨૦૧૩ના પત્રથી નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબનું ઓડિટ કાર્યક્ષેત્ર (Scope of Audit) નક્કી કરી આપવામાં આવતા, તમામ મહાનગરપાલિકાઓની ઓડિટ કામગીરી સરળતાથી હાથ ધરી શકાયેલ હતી.

આમ મહાનગરપાલિકા જેવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ઓડિટ કામગીરી લાંબાગાળા સુધી, સુચારૂ અને સુવ્યવસ્થિત રીતે હાથ ધરી શકાય તે હેતુ માટે પુખ્ત વિચારણાને અંતે લેવાયેલ નિર્ણય પ્રક્રિયાના કારણે ઓડિટ કામગીરીમાં વિલંબ થયેલ છે.

Scanned with CamScanner

(૪) મહાનગરપાલિકા ઓડિટ દરમ્યાન ઓડિટ સંલગ્ન રેકર્ડ પૂરૂં પાડવા બાબતે કેટલીક મહાનગરપાલિકાઓ તરફથી વિલંબથી અને અપૂર્ણ રીતે પૂરૂં પાડવામાં આવતા વિલંબ થવા પામેલ છે.

(૫) રાજ્યની અમદાવાદ, સુરત અને રાજકોટ જેવી વિશાળ કાર્યક્ષેત્ર ધરાવતી મહાનગરપાલિકાની વિવિધ પ્રવૃત્તિ તથા વ્યાપક પ્રમાણમાં થતા આવક/જાવકના નાણાંકીય વ્યવહારોના ઓડિટ માટે જરૂરી મહેકમના પ્રમાણમાં ઉપલબ્ધ મર્યાદીત મહેકમના કારણે ઓડિટ કામગીરીમાં વિલંબ થયેલ છે.

(૬) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૩૧-૭-૧૫ના ઠરાવથી, મહાનગરપાલિકાઓનો વિધાનસભા અહેવાલ તૈયાર કરી વિધાનસભાના મેજ ઉપર મુકવાની કાર્યપધ્ધતિ નિયત કરવામાં આવેલ છે. તદાનુસાર સને ૨૦૧૨-૧૩નો વિધાનસભા અહેવાલ રજુ કરેલ છે.

(૭) અમદાવાદ મહાનગરપાલિકાના વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ના ઓડિટ અંગેનું પૂર્ણ રેકર્ડ રજુ ના થતા વિલંબ થયેલ છે.

<u>વિલંબ નિવારવા માટે કરેલ આયોજનની વિગતો:-</u>

(૧) અત્રેથી સમયસર ઓડિટ પૂર્ણ કરવા મહાનગરપાલિકા ઓડિટનો સ્ટાફ ઓછો હોવાથી ઓડિટ ક્લિયરન્સ પાર્ટી મોકલી ઓડિટ કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવેલ છે.

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા પણ જરૂરી ઓડિટ રેકર્ડ પુરૂં પાડવા સંબંધિતોને સમયાંતરે આપવામાં આવેલ છે.

સંયુક્ત સચિવ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

Scanned with CamScanner

सत्यमेव जयते

ગુજરાત રાજ્ય

# ૨૦૧૩-૧૪ ના વર્ષ માટેનો
# મહાનગરપાલિકા ઓડીટ અહેવાલ


નિરીક્ષક,

સ્થાનિક ભંડોળ હિસાબ,

બ્લોક નં. ૧૭, ડો. જીવરાજ મહેતા ભવન,

ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

# પ્રસ્તાવના

રાજય સરકારશ્રીના તા.૦૪/૦૫/૨૦૧૧ ના રાજયપત્ર (અસાધારણ) માં પ્રસિધ્ધ થયેલા વર્ષ : ૨૦૧૧ ના ગુજરાત અધિનિયમ ક્રમાંક-૨૧ મુજબ માં જણાવ્યા મુજબ, ગુજરાતપ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમની કલમ-૧૦૮(ક) માં દાખલ કરેલ પેટા કલમ (૧) મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશનના હિસાબોનું ઓડીટ ગુજરાત સ્થાનિક ફંડ ઓડીટ અધિનિયમ, ૧૯૬૩ની જોગવાઇઓ હેઠળ કરવાની તથા પેટાકલમ (૨) થી મહાનગરપાલિકાના ઓડિટ પરના ટેકનીકલ માર્ગદર્શન અને દેખરેખ પરની કામગીરી ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલને સુપરત કરેલ છે. જે અન્વયે ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમ-૧૯૬૩ હેઠળ ઓડિટ અહેવાલ રાજ્ય વિધાનસભા સમક્ષ રજુ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

નાણા વિભાગના તા.૨૩/૧૨/૨૦૧૧ના ઠરાવથી વર્ષ ૨૦૧૦-૧૧થી રાજયની તમામ મહાનગરપાલિકાઓના હિસાબોની તપાસણી ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમ-૧૯૬૩ ની જોગવાઈ મુજબ નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબ,ગુજરાત રાજય ગાંધીનગરને સુપરત કરવામાં આવેલ છે. જે અન્વયે અત્રેની કચેરીની વિભાગીય નાયબ નિરીક્ષકશ્રીઓની કચેરી તેમજ જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરીઓ મારફત રાજયની ૮ (આઠ) પૈકી ૭ (સાત) મહાનગરપાલિકાઓનુ સને. ૨૦૧૩-૧૪ ના વર્ષનુ ઓડિટ પૂર્ણ કરવામાં આવેલ છે. ઉક્ત ઓડીટ દરમ્યાન ધ્યાને આવેલ મહત્વના અવલોકનો સમાવતો વિધાનસભામાં રજુ કરવાનો અહેવાલ નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.

ગુજરાતપ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ મુજબ મહાનગરપાલિકાઓને સોપાયેલી ફરજો અને કાર્ય. જેવા કે જાહેર બાંધકામ, શિક્ષણ સુવિધા, જાહેર આરોગ્ય, તથા સફાઈ, નગર/શહેરી વિકાસ, નગર આયોજન, ગરીબ તથા નબળા વર્ગો માટે આવાસ, આરોગ્ય વગેરે સુવિધાઓ, પાણી પુરવઠા, જાહેર સલામતી, દીવાબતી, ગટર વ્યવસ્થા, રસ્તાઓ બનાવવા તથા નિભાવવા, ચેપી રોગ નિયંત્રણ, બાગ બગીચા તથા જાહેર શિક્ષણ તથા મનોરંજન વગેરે બાબતોએ કરવામાં આવતી નાગરિક સુવિધાની તેમજ મળવાપાત્ર વેરાઓની ફી, દંડ, મિલ્કતોથી ભાડા વગેરેની ઉપજો-આવકો તેમજ રાજય સરકારશ્રી માંથી મળતી વિવિધ ગ્રાન્ટ તેમજ તેના સંબંધિત હેતુ મુજબ ઉપયોગ વગેરે સંબંધે ધ્યાને આવેલ ઓડિટ અવલોકનો આ અહેવાલમાં દર્શાવેલ છે.

સદરહું અહેવાલ તૈયાર કરતા પહેલા જે તે ઓડિટ ફકરાઓની નકલ શહેરી વિકાસ અને શહેરી ગ્રુહ નિર્માણ વિભાગ, સચિવાલય ના ઠરાવ ક્રમાંક: મનઅ-૮૦૨૦૧૫-૨૮૧૧-પી તા.૩૧/૦૭/૨૦૧૫માં જણાવ્યા મુજબ સંબંધિત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરશ્રી, સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગ્રુહ નિર્માણ વિભાગ, સચિવાલય, (વહીવટી વિભાગ) ગાંધીનગરને મોકલી, સમય મર્યાદામાં પૂર્તતા કરવા જણાવવામાં આવેલ, તે સંદર્ભે મળેલ જવાબો/પૂર્તતા અને વિગતોને લક્ષમાં લઈ જે તે બાબતે પ્રવર્તતી છેવટેની સ્થિતિ દર્શાવવા કાળજી લઈને આ અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે.

**આર. ટી. શાહ**

**નિરીક્ષક**

**સ્થાનિક ભંડોળ હિસાબ**

**ગુજરાત રાજય ગાંધીનગર.**

સ્થળ: ગાંધીનગર

તા. ૧૯/૦૩/૨૦૨૧

# રાજયની મહાનગરપાલિકાઓનો વર્ષ ૨૦૧૩-૧૪ માટે નો ઓડિટ અહેવાલ

## અનુક્રમણિકા


| ક્રમ | ફકરાની વિગત | પાન નં. |
|---|---|---|
| **પ્રકરણ ૧ : અમદાવાદ મહાનગરપાલિકા** | | |
| ૧.૧ | અમદાવાદ મહાનગરપાલિકાના વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ના ઓડિટ અંગેનું રેકર્ડ રજુ કરવામાં સંસ્થા તરફથી દુર્લક્ષતા દાખવવા બાબત. | ૧ |
| **પ્રકરણ ૨ : સુરત મહાનગરપાલિકા** | | |
| ૨.૧ | ઓડિટ સમક્ષ રેકર્ડ રજુ ન કરવા બાબત. | ૪ |
| ૨.૨ | અન્વેષણ વર્ષ દરમ્યાનનું રેકર્ડ રજુ ન કરવા બાબત. | ૫ |
| ૨.3 | વરાછા ઝોનનું સને ૨૦૧૩-૧૪ ના વર્ષનું રેકર્ડ ઓડિટ સમક્ષ ઓડિટ માટે રજુ ન કરવા બાબત. | ૬ |
| ૨.૪ | ખાસ ફંડ અને ઇઅર માર્ક ફંડસની માહિતી બાબત. | ૬ |
| ૨.૫ | DGVCL ને વિજ કનેકશન પેટે આપેલ એડવાન્સનું રેકર્ડ રજુ કરવા બાબત. | ૬ |
| ૨.૬ | રેકર્ડ રજુ ન કરવા બાબત. | ૬ |
| ૨.૭ | સંસ્થા દ્વારા આપેલ વિકાસ પરવાનગી અંગે અને ફાયનલ થયેલ ટી.પી. સ્કીમોનાં ઇન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન (I.C.) નાં લેણાંની બાકી વસુલાત કરવા બાબત. | ૭ |
| ૨.૮ | શહેરી વિકાસ શાખામાંથી અપાતા લાઇસન્સ રીન્યુઅલ વખતે વસુલવાની પેનલ્ટી બાબત. | ૮ |
| ૨.૯ | JNNURM સ્કીમ અંતર્ગત BSUP પ્રોજેકટ હેઠળ બનાવેલ ઇ.ડબલ્યુ.એસ. આવાસોની ફાળવણી તથા બાકી લેણાંની વસુલાત. | ૮ |
| ૨.૧૦ | આંજણા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પાસે રેલ્વે કલ્વર્ટ નં. ૪૪૦-એ પર રેલ્વે ઓવરબ્રીજ બનાવવાના કામે જણાયેલ અનિયમિતતા બાબત. | ૧૧ |
| ૨.૧૧ | JNNURM યોજના અંતર્ગત હાયડ્રોલીક શાખાના સને ૨૦૧૩-૧૪ ના ઓડિટ વર્ષ દરમ્યાન હાથ ધરવામાં આવેલ વિવિધ કામોમાં જણાયેલ અનિયમિતતા બાબત. | ૧૨ |
| ૨.૧૨ | વરાછા ઝોનમાં વિવિધ સ્થળોએ રોડ શાખા દ્વારા સને ૨૦૧૩-૧૪ ના ઓડિટ વર્ષ દરમ્યાન હાથ ધરવામાં આવેલ રસ્તાનાં કામોમાં જણાયેલ અનિયમિતતા બાબત. | ૧૩ |
| ૨.૧૩ | સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ વિવિધ કામોમાં થયેલ વિલંબ મંજૂર કરવા બાબત. | ૧૪ |
| ૨.૧૪ | બાંધકામ થયેલ આવાસો ફાળવવાના બાકી હોવા બાબત. | ૧૪ |
| ૨.૧૫ | લાંબા સમયથી જનરલ એડવાન્સ સરભર ન કરવા બાબત. | ૧૪ |
| ૨.૧૬ | લાંબા સમયથી સીધાવેરાની બાકી વસુલાત બાબત. | ૧૫ |
| ૨.૧૭ | આઇ.સી.ડી.એસ. શાખાને મળેલ ખાદ્ય સામગ્રી (અનાજ) ના સ્ટોક રજીસ્ટર નહીં નિભાવી હિસાબો નહીં નિભાવવા બાબત. | ૧૬ |
| ૨.૧૮ | લાલ કેસના ધારકોને ઇજારદાર બંસી મેડીકલ સ્ટોર દ્વારા એક્ષપાયરી ડેટ દવા આપવા બાબત. | ૧૬ |
| **પ્રકરણ-3 : વડોદરા મહાનગરપાલિકા** | | |
| 3.૧ | જમીન-ભાડા શાખાની લારી ગલ્લા, કેબીનો, પે એન્ડ પાર્કના ભાડાની ૧૭૬ બોગસ પાવતીઓ બનાવી નાણાકિય ગેરરીતી/ઉચાપત કરવા બાબત. | ૧૯ |
| 3.૨ | ઓડિટ અર્થે રેકર્ડ રજુ ન થવા બાબત. | ૨૭ |
| 3.3 | હિસાબી શાખાનાં વિવિધ ફંડનાં વાઉચરો ઓડિટમાં રજુ ન કરવા બાબત. | ૨૯ |
| 3.૪ | ફાઈનલ ટી.પી. પ્લોટ મોર્ગેજ કરી હુડકો દ્વારા રૂ! 300/- કરોડની લોન અંગેનું રેકર્ડ રજુ ન કરવા બાબત. | ૨૯ |

| ક્રમ | ફકરાની વિગત | પાન નં. |
|---|---|---|
| ૩.૫ | રેવન્યુ કેપીટલ બજેટ તથા ગુજરાત સ્વર્ણિમ યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટ હેઠળ ઓડિટ વર્ષમાં પૂર્ણ થયેલ રૂ! ૫.૪૩ કરોડના કામો અંગેની મૂળ ફાઇલોનું રેકર્ડ તેમજ સ્વર્ણીમ યોજના RCB હેઠળની ગ્રાન્ટમાં રૂ! ૫૧.૩૭ કરોડ તબદીલ કર્યાની વિગતો ઓડિટમાં રજુ ન કરવા બાબત. | ૨૯ |
| ૩.૬ | હાઈડ્રોલીક એલીવેટેડ પ્લેટફોર્મ (સ્નોરકેલ) ની રૂ! ૭૩૨.૮૦ લાખની ખરીદીની ફાઈલ ઓડિટમાં રજુ ન કરવા બાબત. | ૩૧ |
| ૩.૭ | ઝૂ શાખામાં થયેલ રૂ! ૨૪.૯૫ લાખની ઉચાપત રેકર્ડ ઓડિટમાં રજુ ન થવા બાબત. | ૩૧ |
| ૩.૮ | સેન્ટ્રલ મેડિકલ સ્ટોરની તમામ ખરીદી સંલગ્ન રેકર્ડ રજુ ન કરવા બાબત. | ૩૨ |
| ૩.૯ | ડીઝલ પંપો ચલાવવા માટે થયેલ ખર્ચ અંગેનું સાધનિક રેકર્ડ રજુ ન કરવા બાબત. | ૩૨ |
| ૩.૧૦ | શહેરી બસ સેવાના પીક અપ સ્ટેન્ડસની લાયસન્સ ફીની બાકી વસુલાતની અનિયમિતતા બાબત. | ૩૨ |
| ૩.૧૧ | ઓ.એફ.સી કેબલના વાર્ષિક ભાડાની નબળી વસુલાત બાબત. | ૩૩ |
| ૩.૧૨ | આજવા પ્રતાપપુરા ફીડર કેનાલનો સર્વિસરોડ (કોદરવાયા બ્રીજથી આજવા ૬૨ દરવાજા સુધીના) વપરાશ પેટે જેટકો (ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન લીમીટેડ) કંપની પાસેથી લાગત વસુલ ન કરવા બાબત. | ૩૪ |
| ૩.૧૩ | ટાઉનપ્લાનિંગ સ્કીમના ઈન્ક્રીમેંટલ કોંટ્રીબ્યુશનની નબળી વસુલાત બાબત. | ૩૫ |
| ૩.૧૪ | ડીફોલ્ટર્સ કોમર્શીયલ કનેક્શનની બાકી નાણાંની વસુલાત ન કરવા બાબત. | ૩૫ |
| ૩.૧૫ | કોર્પોરેશન હસ્તકના વિવિધ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી છોડવામાં આવેલ ટ્રીટેડ વોટરનો ઉપયોગ ન કરવા બાબત. | ૩૫ |
| ૩.૧૬ | સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા વાહન ભાડે રાખવા માટેના ખર્ચ અંગેનું રેકર્ડ ન નિભાવવા અંગેની અનિયમિતતા બાબત. | ૩૬ |
| ૩.૧૭ | ડામરના સ્ટારરેટની ચૂકવણીના તથા તેના ટેસ્ટ રીપોર્ટના આધારો રજુ ન કરવા બાબત. | ૩૭ |
| ૩.૧૮ | ડામર રોડના કામે સ્ટારરેટ તફાવતની અનિયમિત ચૂકવણી કરવા બાબત. | ૩૭ |
| ૩.૧૯ | ચિરંજીવી યોજનાના અમલમાં થયેલ અનિયમિતતા તથા તેનું રેકર્ડ રજુ ન થવા બાબત. | ૩૮ |
| ૩.૨૦ | બી.એસ.યુ.પી. JnNurm યોજના હેઠળ શહેરી ગરીબો માટેના આવાસો બાંધકામની ફેઝ 3 હેઠળ પેકેજ ૫ ની કામગીરીનું ઓડિટ અવલોકન. | ૪૦ |
| ૩.૨૧ | વાર્ષિક હિસાબો મંજૂર ન કરવા બાબત. | ૪૧ |
| ૩.૨૨ | બેંક રીકન્સીલેશન ન કરવા બાબત. | ૪૧ |
| | **પ્રકરણ ૪ : રાજકોટ મહાનગરપાલિકા** | |
| ૪.૧ | મહાનગરપાલિકા સંચાલિત ગ્રાન્ટ ઇન એઇડ શાળા શ્રી પી. એન્ડ ટી. વી. શેઠ હાઇસ્કુલ દ્વારા ઉઘરાવેલ ફી ની રકમ મ્યુનિસિપલ ફંડમાં જમા ન કરાવી ઉચાપત કરવા બાબત. | ૪૪ |
| ૪.૨ | સંસ્થા દ્વારા અન્વેષણમાં વાઉચરો રજુ ન થવા અંગે. | ૪૫ |
| | સંસ્થા દ્વારા અન્વેષણ દરમ્યાન મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓ પાસેથી માંગવામાં આવેલ માહિતી તેમજ રેકર્ડ પુરૂ ન પાડવા બાબત. | ૪૫ |
| | સંસ્થા દ્વારા સંચાલિત સ્નાનાગરોનું હિસાબી રેકર્ડ રજુ ન થવા બાબત. | ૪૯ |
| | સીક્યોરીટી એજન્સી સાથે થયેલ કરાર ની વિગત અન્વેષણ માં રજુ ન થવા અંગે. | ૫૦ |
| ૪.3 | વાહનવેરાની મળવાપાત્ર આવક ગુમાવવા અંગે. | ૫૦ |
| ૪.૪ | મકાન વપરાશ પ્રમાણપત્ર ન લેવાયેલ કિસ્સાઓમાં લેબરસેસની રકમ વસુલ ન લેવા બાબત. | ૫૧ |

| ક્રમ | ફકરાની વિગત | પાન નં. |
|---|---|---|
| ૪.૫ | પાણી પુરવઠાના વીજ વપરાશના એચ.ટી. કનેકશનમાં વિજળી વપરાશને ધ્યાને લઇ ડિમાન્ડ વધારા - ઘટાડાની કાર્યવાહી ન થવાથી સંસ્થાને થયેલ આર્થિક નુકશાન બાબત. | ૫૧ |
| ૪.૬ | આઇસીડીએસ વિભાગ માટે મોબાઇલ આંગણવાડીનાં ઉપયોગ માટે નવી મારૂતિ ઇકો-સીએનજીની ખરીદી અંગે. | ૫૨ |
| ૪.૭ | રાજકોટ મ્યુનિ કોર્પો. ની જુદી-જુદી શાખાના ઉપયોગ માટે કોમ્પ્યુ. હાર્ડવેર - સોફ્ટવેર - બેકઅપ ડિવાઇસ ખરીદીના કોન્ટ્રાકટ અંગે. | ૫૩ |
| ૪.૮ | નર્મદા ડેમનાં પીવાનાંપાણીનાં નિયત એગ્રીમેન્ટ કરતા વધુ ઉપાડેલ પાણીનાં જથ્થાનાં બે ગણા દરે ચાર્જ ચુકવવા બાબત. | ૫૪ |
| ૪. ૯ | એસી પ્રેસર પાઇપ ખરીદી અંગેનાં વાર્ષિક રેઇટ કોન્ટ્રાકટ બાબત. | ૫૪ |
| ૪.૧૦ | વોર્ડ નં. ૭ માં ટીપી સ્કીમ નં. ૭ અને ૮માં ૨૪ મીટર પહોળાઇનાં ટી.પી. રોડ (સંતકબીર રોડ) પર વરસાદી પાણીની પાઇપ ગટર તથા પેવીંગ બ્લોક સર્વિસ રોડ કરવાનાં કામ બાબત. | ૫૭ |
| ૪.૧૧ | ડ્રેનેજ પ્રોજેકટ ફેજ-૨ પાર્ટ-૨ અંતર્ગત ચુનરાવાડ (એપીએસ-૦૭) ડ્રેનેજ પંપીંગ સ્ટેશન બનાવવાનું કામ બાબત. | ૫૮ |
| ૪.૧૨ | પૂર્વ ઝોન હેઠળનાં ઇ૧ ઝોન વોર્ડ નં. ૫ ૬ તથા ૭ માં પેવર એકશન પ્લાન સને ૨૦૧૨-૧૩નાં કામો કરાવવા અંગે. | ૫૯ |
| ૪.૧૩ | રાજકોટ અન્ડર ગ્રાઉન્ડ સીવરેજ પ્રોજેકટ ફેજ-૨ પાર્ટ-૨ અંતર્ગત ઝોન એચ-એમાં સુએજ કલેક્ટીવ સીસ્ટમ ફોર પ્રોવાઇડીંગ-લોઅરીંગ, લેઇંગ, જોઇનીંગ અને ટેસ્ટીંગનાં કામ અંગે. | ૬૦ |
| ૪.૧૪ | ડ્રેનેજ પ્રોજેકટ ફેઇઝ-૨ પાર્ટ-૨ અંતર્ગત ગ્રીનલેન્ડ ચોક પાસે લાલપરી ડ્રેનેજ પંપીંગ સ્ટેશન (એપીએ-૦૨) નાં બાંધકામ અંગે. | ૬૦ |
| ૪.૧૫ | વોર્ડ – ૧૬ માં ૮૦ ફુટ રોડ પર રિલાયન્સ પેટ્રોલ પંપ સામે કોમ્યુનિટી હોલ બનાવવાનું કામ. | ૬૧ |
| ૪.૧૬ | વોર્ડ – ૫માં ગ્રીનલેન્ડ ચોકડી થી રાજકોટ મહાનગરપાલીકાની હદ સુધી મોરબી રોડ વાઇડનીંગ કરવાનું કામ. | ૬૨ |
| ૪.૧૭ | રાજકોટ બી.આર.ટી.એસ. પ્રોજેકટ અંતર્ગત ગોંડલ ચોકડીથી માધાપર ચોકડી સુધીના પાઇલોટ બ્લુ કોરીડોર પર બસ ઓપરેશન બાબતમાં જણાયેલ અનિયમિતતા અંગે. | ૬૩ |
| ૪.૧૮ | સરકારશ્રી દ્વારા મળેલ ગ્રાન્ટનો જે તે હેતુ સબબ વપરાશ ન કરી આંગણવાડી કેન્દ્રના લાભાર્થીઓને મળવાપાત્ર સુવિધાથી વંચિત રાખવા અંગે. | ૬૪ |
| ૪.૧૯ | ટેક્ષની જમા થયેલ રકમની ખરાઈ કરાવવા અંગે. | ૬૫ |
| ૪.૨૦ | વસૂલ થવા પાત્ર ફીની ગણતરીમાં ભૂલ અંગે. | ૬૫ |
| ૪.૨૧ | ગુમાનસિંહજી શોપીંગ સેન્ટરની દુકાનો જે તે ભાડુઆતને ઓનરશીપ/ મો-બદલાથી આપવા બાબત. | ૬૬ |
| | **પ્રકરણ ૫ : જામનગર મહાનગરપાલિકા** | |
| ૫.૧ | ખર્ચના વાઉચરો રજુ ન કરવા બાબત. | ૬૯ |
| ૫.૨ | રાવળી જમીન વેચાણ અંગેનુ રેકર્ડ રજુ ન કરવા અંગે. | ૭૨ |
| ૫.૩ | પાર્કિંગ ચાર્જની રકમની વસુલાત ન થવા અંગે. | ૭૨ |
| ૫.૪ | રૂ|.૧.૦૦ લાખથી વધારે રકમના વેરાની વસુલાત મિલકતધારકો પાસેથી ન કરવા અંગે. | ૭૩ |
| ૫.૫ | ICZMP અંતર્ગત વ્હોરાના હજીરા પાસે સીવરેજ પમ્પીંગ સ્ટેશન બનાવવાનુ કામ તેમજ કાલાવડ પમ્પીંગ સ્ટેશન તેમજ ગાંધીનગર પમ્પીંગ સ્ટેશનના મશીનરી બદલવાના કામમાં જણાયેલ અનિયમિતતા અંગે. | ૭૫ |

| ક્રમ | ફકરાની વિગત | પાન નં. |
| --- | --- | --- |
| ૫.૬ | SJMMSVY અન્વયે "નંદઘર" બનાવવાના કામોની અનિયમિતતા અંગે. | ૭૬ |
| ૫.૭ | સિવિલ ઝોન-૨ વાર્ડ નં.૪, ૫, ૯, ૧૦, ૧૧, ૧૮ અને ૧૯ માં નંદઘર બનાવવાના કામમાં જણાયેલ અનિયમિતતા બાબત. | ૭૭ |
| ૫.૮ | ૮૦૦ - ૯૦૦ - ૧૬૦૦ એમ.એમ. ડાયાની આર.સી.સી. NP-4 કલાસ પાઈપ લાઈન સપ્લાય કરવાના કામે જણાયેલ અનિયમિતતા અંગે. | ૭૮ |
| ૫.૯ | SJMMSVY -૨૦૧૨ અંતર્ગત વોર્ડ નં. ૪, ૫, ૮ અને ૯ પંચવટી પેટ્રોલ પંપથી પી.એન. માર્ગ થઈ નર્મદા સર્કલ સુધીના રસ્તાની બન્ને સાઈડ પાર્કીંગ ફેસેલીટી વગેરે ડેવલોપ કરવાનુ કામની અનિયમિતતા અંગે. | ૭૯ |
| ૫.૧૦ | દિગ્જામ સર્કલથી એરફોર્સ સુધીના રોડને વાઈડનીંગ (ફોરલેન) કરી આસ્ફાલ્ટ કારપેટ રીકાર્પેટીંગ કરવાનુ કામ. | ૮૦ |
| ૫.૧૧ | SJMMSVY યોજના અંતર્ગત કમ્પાઉન્ડ વોલ બનાવવાના કામમાં જણાયેલ અનિયમિતતા અંગે. | ૮૧ |
| ૫.૧૨ | વોર્ડ નં. ૮ જોગસ પાર્ક પાસે સામ્રાજ્ય એપાર્ટમેન્ટથી પી.એન. માર્ગ સુધી હયાત આસ્ફાલ્ટ રોડ વાઈડનીંગ કરવાના કામે જણાયેલ અનિયમિતતા બાબત. | ૮૨ |
| ૫.૧૩ | ચિરંજીવી યોજના અને બાલસખા યોજનાની અમલવારીમાં જણાયેલ અનિયમિતતા બાબત. | ૮૩ |
| ૫.૧૪ | ખાનગી એજન્સીને ડોર ટુ ડોર સ્ટેપ ગાર્બેજ - ઘન કચરાના કામ માટે આપેલ સાધનો/વાહનની અનિયમિતતા અંગે. | ૮૪ |
| ૫.૧૫ | તા.૩૧/૦૩/૨૦૧૪ના રોજના રોજમેળ અને બેંક સિલક સાથે મેળવણું ન થવા બાબત. | ૮૬ |
| ૫.૧૬ | લાંબા સમયગાળાની લીધેલ લોનની ચુકવણી ન થવા અંગે. | ૮૬ |
| ૫.૧૭ | બાંધકામ પરવાનગી - નકશા પ્લાન મંજુર કરવાની અનિયમિતતા અંગે. | ૮૭ |
| ૫.૧૮ | શ્રાવણી મેળા મહોત્સવના આયોજનમાં જણાયેલ અનિયમિતતા અંગે. | ૯૦ |
| ૫.૧૯ | મહાનગરપાલિકા વિસ્તારમાં ભયજનક ઈમારતો દુર કરવાની કામગીરી ન થવા અંગે. | ૯૧ |
| | **પ્રકરણ ૬ : ભાવનગર મહાનગરપાલિકા** | |
| ૬.૧ | રેકર્ડ / માહિતી રજુ ન કરવા બાબત. | ૯૩ |
| ૬.૨ | ખર્ચનાં વાઉચરો રજુ ન થવા બાબત. | ૯૩ |
| ૬.૩ | કરવેરાની નબળી વસુલાત બાબત. | ૯૪ |
| ૬.૪ | અનઅધિકૃત વિકાસ ઇમ્પેકટ નિયમો વિરૂધ્ધ અધિકૃત કરવા બાબત. | ૯૫ |
| ૬.૫ | મોબાઇલ ટેલીકોમ્યુનિકેશન ટાવરની વાર્ષિક પરવાનગી ફી ની વસુલાત બાબત. | ૯૫ |
| ૬.૬ | બજેટ જોગવાઇ વિના ખર્ચ કરવા બાબત. | ૯૮ |
| ૬.૭ | જાહેર સ્ટ્રીટ લાઇટ ઓપરેશન મેઇન્ટેનન્સ તથા સ્વીચીંગ ઓન-ઓફ ત્રિવાર્ષિક કોન્ટ્રાક્ટ કામે જણાયેલ અનિયમિતતા. | ૯૮ |
| ૬.૮ | વિકાસ પરવાનગી આપેલ મિલકતો અનધિકૃત બાંધકામના કારણે આવાસ પરવાનગી માંગણી અરજીઓ દફતરે કરવા,વેરા આકારણી ન કરવા તથા લેબરસેસ વસુલ કરવા અંગે. | ૯૯ |
| ૬.૯ | આઉટર રીંગ રોડ ઘોઘા રોડથી તળાજા રોડ વચ્ચેનાં ભાગમાં ડામર રોડ બનાવવાનાં કામની અનિયમિતતા. | ૧૦૨ |
| ૬.૧૦ | કુંભારવાડા મોક્ષ મંદિર પાસે ગઢેચી નાળા પરનો હયાત પુલ ડીસ્મેન્ટલ કરી પુલનું વાઇડનીંગ કરવા સાથે નવો પુલ બનાવવાનાં કામની અનિયમિતતા. | ૧૦૩ |
| ૬.૧૧ | તિલકનગર ડીસ્પોઝલ પાસે કંસારાનાળા પર બેઠેલા નાળાની જગ્યાએ પુલ બનાવવાનાં કામની અનિયનિયમિતતા. | ૧૦૫ |

| ક્રમ | ફકરાની વિગત | પાન નં. |
|---|---|---|
| ૬.૧૨ | નિલમબાગ ફિલ્ટરથી કુંભારવાડા સુધી એકસ્પ્રેસ પાણીની ફીડર લાઇન નાખવાનાં કામની અનિયમિતતા. | ૧૦૭ |
| ૬.૧૩ | મહિલા કોલેજથી શિશુવિહાર સર્કલ થઇ ભિલવાડા સર્કલ સુધી ૪૦૦ એમ.એમ. ડાયાની ડી.આઇ.પાઇપ લાઇન નાખવાનાં કામની અનિયમિતતા. | ૧૦૯ |
| ૬.૧૪ | કુલસર બારૈયાનાં ચોકથી મધુવન સોસાયટી સુધી ૪૦૦ એમ.એમ.ડાયાની ડી.આઇ.પાઇપ લાઇન નાખવાનાં કામની અનિયમિતતા. | ૧૧૧ |
| ૬.૧૫ | પાણી પુરવઠા યોજના સ્વનિર્ભર બનાવવા અંગે. | ૧૧૩ |
| ૬.૧૬ | નિર્મળ ગુજરાત શૌચાલય સહાય યોજનામાં જણાયેલ અનિયમિતતા બાબત. | ૧૧૪ |
| ૬.૧૭ | ખાદ્ય સામગ્રી પુરવઠાનાં અભાવે પુરક પોષણમાં વિક્ષેપ બાબત. | ૧૧૫ |
| ૬.૧૮ | મેન્યુઅલ કેશબુક અને જનરલ કેશબુક કોમ્પ્યુટરાઇઝની ખુલતી તથા બંધ સિલકમાં તફાવત બાબતે તથા કેશબુકમાં અનિયમિતતા. | ૧૧૬ |
| | **પ્રકરણ-૭ : જૂનાગઢ મહાનગરપાલિકા** | |
| ૭.૧ | મહાનગરપાલિકા જૂનાગઢના સને ૨૦૧૩-૧૪ના અન્વેષણ દરમ્યાન વાઉચરો રજુ ન થવા બાબત. | ૧૧૮ |
| ૭.૨ | ફાયર ફાઈટર શાખાનું રેકર્ડ રજુ કરવા બાબત. | ૧૧૯ |
| ૭.3 | પાણીકરની નબળી વસુલાત બાબત. | ૧૧૯ |
| ૭.૪ | હિસાબી શાખા દ્વારા કરવેરાની આવક ઘણી ઓછી જમા લેવાની ગંભીર અનિયમિતતા અંગે. | ૧૨૦ |
| ૭.૫ | મહાશિવરાત્રી મેળા-૨૦૧૪ અને ગિરનાર પરિક્રમા અન્વયે પ્લોટની હરાજીની અનિયમિતતા બાબત. | ૧૨૦ |
| ૭.૬ | જમીન ભાડાની મોટી રકમોની બાકી વસુલાત અંગે. | ૧૨૧ |
| ૭.૭ | મહાનગરપાલિકાની મુખ્ય આવકના સ્ત્રોત એવા સામાન્ય કરની નબળી વસુલાતની કામગીરી બાબત. | ૧૨૧ |
| ૭.૮ | શિક્ષણ ઉપકરની બાકી વસુલાતમાં શિથિલતા અંગે. | ૧૨૨ |
| ૭.૯ | ઘન કચરાના નિકાલની આવક ન મેળવવા અંગે. | ૧૨૩ |
| ૭.૧૦ | પ્રોવાઈડીંગ, લોઅરીંગ, લેઈંગ એન્ડ જોઈન્ટીંગ એમ.એસ./એ.સી./એમ.ડી.પી.ઈ પાઈપલાઈન ઈન સીટી અન્ડર અર્બન-૨૦૦૫ના કામમાં જણાયેલ અનિયમિતતાઓ અંગે. | ૧૨૫ |
| ૭.૧૧ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ત્રીવેણી ઘાટથી ધારાગઢ થઈ ગીરનાર ગેઈટ સુધીના રસ્તાને પેવર રોડ બનાવવાના કામમાં થયેલ અનિયમિતતા બાબત. | ૧૨૬ |
| ૭.૧૨ | સ્વર્ણિમ ગુજરાત મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મંજુર થયેલ એડીસન એન્ડ અલ્ટરેશન એન્ડ રીપેરીંગ ઓફ શામળદાસ ગાંધી ટાઉન હોલના કામમાં જણાયેલ અનિયમિતતા બાબત. | ૧૨૭ |
| ૭.૧૩ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ખાનગી સોસાયટીમાં જનભાગીદારીથી રસ્તા અને સ્ટ્રીટલાઈટના કામોની અમલવારી ન કરવા બાબત. | ૧૨૭ |
| ૭.૧૪ | જી.આઇ.પાઇપલાઇન ફીટીંગ તથા અન્ય પરચુરણ મટીરીયલ્સની ખરીદીમાં જણાયેલ અનિયમિતતાઓ બાબત. | ૧૨૮ |
| ૭.૧૫ | ૫૦૦૦ લીટરની વોટર સ્ટોરેજ ટેન્ક નંગ-૯૯ ની ખરીદીમાં જણાયેલ અનિયમિતતા અંગે. | ૧૨૯ |
| ૭.૧૬ | બેંક ખાતા અન-ઓપરેટ રહેવા અંગે. | ૧૩૦ |
| ૭.૧૭ | રોજમેળની સિલકોનું બેંક પાસબુક સાથે મેળવણું કરવા અંગેની અનિયમિતતા બાબત. | ૧૩૦ |
| ૭.૧૮ | યુ.ડી.પી-૭૮ આંગણવાડી કેન્દ્રોની ગ્રાન્ટ ફાળવણીની અનિયમિતતા બાબત. | ૧૩૧ |

| ક્રમ | ફકરાની વિગત | પાન નં. |
|---|---|---|
| ૭.૧૯ | યુ.ડી.પી-૭૮ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગ્રાન્ટના ઉપયોગ ન કરવા બાબત. | ૧૩૧ |
| ૭.૨૦ | સીટીબસના સંચાલનના ઇજારામાં જણાયેલ અનિયમિતતા બાબત. | ૧૩૧ |
| **પ્રકરણ-૮ : ગાંધીનગર મહાનગરપાલિકા** | | |
| ૮.૧ | ઓડિટમાં રેકર્ડ રજુ ન કરવા બાબત. | ૧૩૩ |
| ૮.૨ | અગત્યના હિસાબી રજીસ્ટરો રજુ ન થવા બાબત. | ૧૩૫ |
| ૮.3 | મહાનગરપાલિકા, ગાંધીનગરની કચેરી માટે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અંગેની કામગીરી માટેના સાધનો-વાહનોની ખરીદી તથા તેના ઓપરેશન અને મેન્ટેનન્સ અંગેની કામગીરી બાબત. | ૧૩૬ |
| ૮.૪ | સને ૨૦૧૩-૧૪ના વર્ષના માર્ચ-૧૪ના વાઉચરો રજુ કરવા બાબત. | ૧૩૬ |
| ૮.૫ | કરવેરાની બાકી વસુલાત કરવામાં શિથિલ રહેવા બાબત. | ૧૩૭ |
| ૮.૬ | મહાનગરપાલિકા વિસ્તારમાં મોબાઇલ ટેલીકોમ્યુનિકેશન ટાવરના ઇસ્ટોલેશન ચાર્જ અને વાર્ષિક ફી વસુલવા બાબત. | ૧૩૮ |
| ૮.૭ | વાહનવેરા તથા અન્ય કરવેરા નાખી સ્વભંડોળની આવક ઉભી કરવા બાબત. | ૧૩૮ |
| ૮.૮ | મહાનગરપાલિકા, ગાંધીનગર કચેરી માટે જરૂરી રજીસ્ટરોની ખરીદી, છાપકામ અને સ્ટેશનરી પુરી પાડવા બાબત. | ૧૩૮ |
| ૮.૯ | સોલાર લાઇટ વીથ માઉંટીંગ સ્ટ્રક્ચર એન્ડ પોલની ખરીદી બાબત. | ૧૩૯ |
| ૮.૧૦ | ડીપોઝીટ અંગેના હિસાબો રજુ કરવા બાબત. | ૧૪૦ |

# પ્રકરણ ૧ : અમદાવાદ મહાનગરપાલિકા

**૧.૧ અમદાવાદ મહાનગરપાલિકાના વર્ષ ૨૦૧૨-૧૩ અને૨૦૧૩-૧૪ના ઓડિટ અંગેનું રેકર્ડ રજુ કરવામાં સંસ્થા તરફથી દુર્લક્ષતા દાખવવા બાબત.**

ગુજરાત પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ-૧૯૪૯ની કલમ-૧૦૮-એ મુજબ તેમજ સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક એનએનએમ/૧૦૦૧/૫૫૩/ઝ(પાર્ટ.૧) તા.૨૩-૧૨-૨૦૧૧થી નિયત થયા મુજબ રાજયની મહાનગરપાલિકાનું ઓડીટ નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબ મારફતે ગુજરાત સ્થાનિક ભંડોળ ઓડિટ અધિનયમ-૧૯૬૩ હેઠળ કરવાપાત્ર છે. તેમજ ગુજરાત પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ-૧૯૪૯ની કલમ-૧૦૮-એ (૩) હેઠળ સુચવ્યા મુજબ રાજય સરકાર ધ્વારા લોકલ ફંડ ઓડિટ એકટથી નિયત થયા મુજબ મહાનગરપાલિકાનો ઓડીટ અહેવાલ વિધાનસભામાં રજુ કરવાની જોગવાઇ સને.૨૦૧૦-૧૧ થી નિયત થયેલ છે.

મહાનગરપાલિકા અમદાવાદના સને ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ની ઓડિટ કામગીરી તા.૦૧/૦૪/૨૦૧૭ અને તા.૦૧/૦૭/૨૦૧૮ના રોજ હાથ ધરવા અનુક્રમે તા.૧૬/૦૩/૨૦૧૭ અને તા.૧૮/૬/૨૦૧૮ના પત્રથી ઈન્ટીમેશન આપેલ હતી.

સને.૨૦૧૨-૧૩ અને સને.૨૦૧૩-૧૪નુ સંપૂર્ણ રેકર્ડ રજુ થતુ ન હોવાથી ઓડિટ અર્થે સંપૂર્ણ રેકર્ડ સમયસર મળી રહે અને ઓડિટ સમયસર પૂર્ણ કરી, વિધાનસભા અહેવાલ તૈયાર કરી વિધાનસભા ગૃહમાં સમયસર રજુ કરી શકાય જે અંગે વારંવાર અમદાવાદ મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ સાથે પત્રવ્યવહાર તથા મિટીંગ યોજવા પ્રયત્નો કરેલ છે. પરંતુ ઓડિટ માટે જરૂરી સંપૂર્ણ રેકર્ડ નહિ મળતા ઓડિટ કાર્યવાહી પૂર્ણ કરી શકાતી નથી.

સાબરમતી રીવરફ્રન્ટ, એ.એમ.ટી.એસ., મેડીકલ કોલેજ (MET), બી.આર.ટી.એસ., રોડ-બ્રીજ પ્રોજેક્ટઅને અમદાવાદ જનમાર્ગ વગેરે સંસ્થાઓ/શાખાઓનું રેકર્ડ રજુ કરાવવા બાબતે નીચેની વિગતે પત્રો પાઠવેલ હતા/મીટીંગ યોજેલ હતી.

**વિભાગીય નાયબ નિરીક્ષકશ્રીની કચેરી અમદાવાદ દ્વારા લખેલ પત્રોની વિગત**

| ક્રમ | પત્ર નં. | તારીખ | કોને ઉદ્દેશીને લખ્યો |
|---|---|---|---|
| ૧ | વિનાની/જા.નં./૭૧૪ | ૦૪/૧૨/૧૭ | ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર |
| ૨ | વિનાની/અમદાવાદઝોન/જા.નં.૨૮૫ થી ૨૮૭ | ૨૯/૦૫/૧૮ | કમિશ્નર, મહાનગરપાલિકા અમદાવાદ |
| ૩ | વિનાની/જા.નં./૮૭૦/૨૦૧૮ | ૦૩/૧૧/૧૮ | કમિશ્નર, મહાનગરપાલિકા અમદાવાદ |
| ૪ | વિનાની/અમદાવાદમ્યુ.કોર્પો.ઓડિટ/જા.નં./૨૪૧-૨૪૯ | ૧૦/૦૪/૧૯ | કમિશ્નર, મહાનગરપાલિકા અમદાવાદ |
| ૫ | વિનાની/અમદાવાદમ્યુ.કોર્પો.ઓડિટ/જા.નં./૩૫૨-૩૬૦ | ૩૦/૦૫/૧૯ | કમિશ્નર, મહાનગરપાલિકા અમદાવાદ |
| ૬ | વિનાનિ/જા.નં./૮૦૪-૮૦૮ | ૧૬/૧૦/૧૯ | ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર(નાણા) |
| ૭ | વિનાની/અમદાવાદમ્યુ.કોર્પો.ઓડિટ/જા.નં./ ૩૫૧-૩૬૦/૯૭૩-૯૮૨ | ૦૨/૧૨/૧૯ | કમિશ્નર, મહાનગરપાલિકા અમદાવાદ |
| ૮ | વિનાનિ/મનપાઓડિટ/જા.નં./૧૦૪૫-૧૦૪૯ | ૨૧/૧૨/૧૯ | ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર, બી.આર.ટી.એસ. |
| ૯ | વિનાનિ/મનપા ઓડિટ/જા.નં./૧૧૪૫-૧૧૪૯ | ૨૧/૧૨/૧૯ | ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર, એ.એમ.ટી.એસ. |
| ૧૦ | વિનાનિ/મનપા ઓડિટ/જા.નં./૧૧૫૦-૧૧૫૪ | ૨૧/૧૨/૧૯ | ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર, જનમાર્ગ લિમીટેડ અમદાવાદ. |
| ૧૧ | વિનાનિ/મનપાઓડિટ/જા.નં.અસપત્ર/૨૯૦-૯૧ | ૦૭/૦૭/૨૦ | કમિશ્નર,મહાનગરપાલિકા અમદાવાદ |

### નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર દ્વારા લખાયેલ પત્રોની વિગત

| ક્રમ | પત્ર નં. | તારીખ | કોને ઉદ્દેશીને લખ્યો |
|---|---|---|---|
| ૧ | એલ.એચ.ક્યુ/મનપા.અમદા.૨૦૧૨-૧૩/ ૨૦૧૮/૮૯૪ | ૦૭/૦૮/૧૮ | અગ્ર સચિવશ્રી,શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ |
| ૨ | એલ.એચ.ક્યુ/મનપા.અમદા.૨૦૧૨-૧૩/ ૨૦૧૮/૧૭૪૪ | ૨૫/૦૯/૧૮ | |
| ૩ | એલ./એચ.ક્યુ./મનપા/૨૦૨૯ | ૨૯/૧૧/૧૮ | કમિશ્નર, મહાનગરપાલિકાઅમદાવાદ |
| ૪ | એલ.એચ.ક્યુ/મનપા.ઓડિટ અમદાવાદ ૨૦૧૨-૧૩ થી ૨૦૧૫-૧૬/૧૫૨/૨૫૦૨ | ૦૭/૦૯/૧૯ | કમિશ્નર, મહાનગરપાલિકા અમદાવાદ |
| ૫ | એલ.એચ.ક્યુ/મનપા.ઓડિટ/૨૦૧૨-૧૩થી ૨૦૧૫-૧૬/૧૯૪/૩૦૫૬ | ૧૫/૧૧/૧૯ | કમિશ્નર, મહાનગરપાલિકા અમદાવાદ |
| ૬ | એલ.એચ.ક્યુ/મનપા.ઓડિટ/૨૦૧૨-૧૩થી ૨૦૧૫-૧૬/૧૯૮/૩૧૦૭ | ૨૧/૧૧/૧૯ | કમિશ્નર, મહાનગરપાલિકા અમદાવાદ |
| ૭ | અ.સ.પત્રનં/મનપા/અમદાવાદ ઓડિટ/રેકર્ડ /૯૩/૧૨૨૨ | ૨૮/૦૭/૨૦ | કમિશ્નર, મહાનગરપાલિકા અમદાવાદ |
| ૮ | અ.સ.પત્રનં/એલ./એચ.ક્યુ/મનપા ઓડિટ/ ૨૦૧૨-૧૩ થી ૨૦૧૫-૧૬/૫/૨૪૮ | ૧૧/૦૧/૨૧ | કમિશ્નર, મહાનગરપાલિકા અમદાવાદ |
| ૯ | એલ.એચ.ક્યુ/મનપા/અમદાવાદ/રેકર્ડ/૨૬ થી ૩૧/૧૦૦૩ થી ૧૦૦૮ | ૨૩/૦૨/૨૧ | ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર(નાણા) |

### શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા લખેલ પત્રોની વિગત

| | | | |
|---|---|---|---|
| ૧ | અમન/૮૦૨૦૧૮/૮૫૪૪/પી | તા.૦૮/૦૧/૧૯ | કમિશ્નર, મહાનગરપાલિકા અમદાવાદ |
| ૨ | અમન/૮૦૨૦૧૯/૧૪૦૯/પી | તા.૦૫/૦૩/૧૯ | કમિશ્નર, મહાનગરપાલિકા અમદાવાદ |
| ૩ | અમન/૮૦૨૦૧૯/૭૮૨૬/પી | તા.૩૦/૧૧/૧૯ | કમિશ્નર, મહાનગરપાલિકા અમદાવાદ |
| ૪ | પરચ/૮૦૨૦૧૯/૭૮૨૮/પી | તા.૩૦/૧૧/૧૯ | કમિશ્નર, મહાનગરપાલિકા અમદાવાદ |
| ૫ | અમન/૮૦૨૦૧૯/૭૮૨૭/પી | તા.૩૧/૧૨/૧૯ | કમિશ્નર, મહાનગરપાલિકા અમદાવાદ |
| ૬ | પરચ/૮૦૨૦૧૯/૬૬૨૫/પી | તા.૩૧/૧૨/૧૯ | કમિશ્નર, મહાનગરપાલિકા અમદાવાદ |
| ૭ | પરચ/૮૦૨૦૧૯/૬૬૨૬/પી | તા.૩૧/૧૨/૧૯ | કમિશ્નર, મહાનગરપાલિકા અમદાવાદ |
| ૮ | પરચ/૮૦૨૦૧૯/૭૮૨૩/પી | તા.૩૧/૧૨/૧૯ | કમિશ્નર, મહાનગરપાલિકા અમદાવાદ |

રેકર્ડ રજુ કરાવવા વારંવાર પત્રો પાઠવેલ છતાં રેકર્ડ રજુ ન કરતાં અત્રેની કચેરીના સંયુક્ત નિરીક્ષક (મહાનગરપાલિકા ઓડિટ) દ્વારા તા.૦૬/૦૮/૨૦૧૯ના રોજ રૂબરૂ મુલાકાત કરી ચીફ એકાઉટન્ટ, મહાનગરપાલિકા અમદાવાદને રેકર્ડ રજુ કરવા ઘટતી કાર્યવાહી કરવા જણાવેલ હતુ. જેનુ હકારાત્મક પરિણામ મળેલ ન હતુ.

**રેકર્ડ રજુ કરવા અમદાવાદ મહાનગરપાલિકા સાથે આયોજિત મિટિંગની વિગત નીચે મુજબ છે.**

| ક્રમ | મીટીંગ અંગે હાથ ધરેલ કાર્યવાહીની વિગત | પરીણામ |
|---|---|---|
| ૧ | તા.૧૪/૧૦/૧૯ના રોજ મિટીંગનુ આયોજન કરેલ | ડે.ચીફ એકાઉન્ટ હાજર રહેલ હતા. પરંતુ પરિણામ મળેલ નથી. |
| ૨ | તા.૨૩/૧૦/૧૯ના રોજ મિટીંગનુ આયોજન કરેલ | ડે.મ્યુનિ.કમિશ્નર (ફાઈનાન્સ), ચીફ એકાઉટન્ટ અને ડે. ચીફ એકાઉટન્ટ હાજર રહેલ નથી.પરંતુ આસીસ્ટન્ટ મેનેજર (નાણા ખાતુ, અમદાવાદ મહાનગરપાલિકા) હાજર રહેલ હતા. |
| ૩ | તા.૦૫/૧૧/૧૯ના રોજ મિટીંગનુ આયોજન કરેલ | મિંટીંગમાં હાજર રહેલ નથી. |
| ૪ | તા.૧૮/૦૮/૨૦ના રોજ મિટીંગનુ આયોજન કરેલ | મિંટીંગમાં હાજર રહેલ નથી. |
| ૫ | તા.૨૦/૦૮/૨૦ના રોજ મિટીંગનુ આયોજન કરેલ | અમદાવાદમહાનગરપાલિકાની ટેલીફોનીક રજુઆતને ધ્યાને લઈ મિટીંગ મોકુફ રાખી હતી. |
| ૬ | તા.૨૫/૦૮/૨૦ના રોજ મિટીંગનુ આયોજન કરેલ | ડે.મ્યુનિ. કમિશ્નર, (ફાઈનાન્સ) હાજર રહેલ નથી. ચીફ એકાઉટન્ટ અને ડેપ્યુટી ચીફ એકાઉટન્ટ હાજર રહેલ હતા. |

નાણા વિભાગના તા.૦૧/૦૩/૨૦૧૩ના પત્રથી મહાનગરપાલિકાઓ સાથે ઓડિટ આયોજન/ઓડિટ કામગીરી સમયસર/ચોક્કસાઈ પૂર્વક તેમજ યોગ્ય સંકલનથી થાય તે માટે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરની કન્વિનરશ્રી તરીકે નિમણુક કરી ઓડિટ કમિટીની રચના કરેલ છે. જે અન્વયે વખતોવખત તે સંદર્ભે બેઠકનુ આયોજન કરવાનુ ઠરાવેલ છે. જે અન્વયે તા.૦૭/૧૧/૨૦૧૩ના રોજ માત્ર એક બેઠકનુ આયોજન થયેલ છે.

રેકર્ડ રજુ કરવા બાબતે મહાનગરપાલિકા અમદાવાદ દ્વારા કોઈ હકારાત્મક પ્રત્યુત્તર મળેલ ન હોઈ. સને ૨૦૧૨-૧૩ અને સને ૨૦૧૩-૧૪ના મહાનગરપાલિકા ઓડિટ અહેવાલમાં મહાનગરપાલિકા અમદાવાદનો સમાવેશ કરી શકાયેલ નથી. જ્યારે સંપૂર્ણ રેકર્ડ ઓડિટને રજુ કરવામાં આવશે. ત્યારે મહાનગરપાલિકા અમદાવાદનો જે તે સમયે રજુ થનાર મહાનગરપાલિકા ઓડિટ અહેવાલમાં સમાવેશ કરવામાં આવશે.

# પ્રકરણ ૨ : સુરત મહાનગરપાલિકા

| ક્રમ | ફકરાની વિગત |
|---|---|
| ૨.૧ | ઓડિટ સમક્ષ રેકર્ડ રજુ ન કરવા બાબત. (ફકરા નં-૩૮) |
| ૨.૨ | અન્વેષણ વર્ષ દરમ્યાનનું રેકર્ડ રજુ ન કરવા બાબત. (ફકરા નં-૪૮) |
| ૨.૩ | વરાછા ઝોનનું સને ૨૦૧૩-૧૪ ના વર્ષનું રેકર્ડ ઓડિટ સમક્ષ ઓડિટ માટે રજુ ન કરવા બાબત (ફકરા નં-૬૦) |
| ૨.૪ | ખાસ ફંડ અને ઇઅર માર્ક ફંડસની માહિતી બાબત. (ફકરા નં-૬૯) |
| ૨.૫ | DGVCL ને વિજ કનેકશન પેટે આપેલ એડવાન્સનું રેકર્ડ રજુ કરવા બાબત. (ફકરા નં-૭૦) |
| ૨.૬ | રેકર્ડ રજુ ન કરવા બાબત. (ફકરા નં-૭૫) |
| ૨.૭ | સંસ્થા દ્વારા આપેલ વિકાસ પરવાનગી અંગે અને ફાયનલ થયેલ ટી.પી. સ્કીમોનાં ઇન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન (I.C.) નાં લેણાંની બાકી વસુલાત કરવા બાબત. (ફકરા નં-૧૧ અને ૩૧) |
| ૨.૮ | શહેરી વિકાસ શાખામાંથી અપાતા લાઇસન્સ રીન્યુઅલ વખતે વસુલવાની પેનલ્ટી બાબત. (ફકરા નં-૯) |
| ૨.૯ | JNNURM સ્કીમ અંતર્ગત BSUP પ્રોજેકટ હેઠળ બનાવેલ ઇ.ડબલ્યુ.એસ. આવાસોની ફાળવણી તથા બાકી લેણાંની વસુલાત.(ફકરા નં-૩૨) |
| ૨.૧૦ | આંજણા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પાસે રેલ્વે કલ્વર્ટ નં. ૪૪૦-એ પર રેલ્વે ઓવરબ્રીજ બનાવવાના કામે જણાયેલ અનિયમિતતા બાબત.(ફકરા નં-૫) |
| ૨.૧૧ | JNNURM યોજના અંતર્ગત હાયડ્રોલીક શાખાના સને ૨૦૧૩-૧૪ ના ઓડિટ વર્ષ દરમ્યાન હાથ ધરવામાં આવેલ વિવિધ કામોમાં જણાયેલ અનિયમિતતા બાબત. (ફકરા નં-૭) |
| ૨.૧૨ | વરાછા ઝોનમાં વિવિધ સ્થ ળોએ રોડ શાખા દ્વારા સને ૨૦૧૩-૧૪ ના ઓડિટ વર્ષ દરમ્યાઆન હાથ ધરવામાં આવેલ રસ્તાનાં કામોમાં જણાયેલ અનિયમિતતા બાબત. (ફકરા નં-૫૮) |
| ૨.૧૩ | સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ વિવિધ કામોમાં થયેલ વિલંબ મંજૂર કરવા બાબત.(ફકરા નં-૯૩) |
| ૨.૧૪ | બાંધકામ થયેલ આવાસો ફાળવવાના બાકી હોવા બાબત. (ફકરા નં-૭૨) |
| ૨.૧૫ | લાંબા સમયથી જનરલ એડવાન્સ સરભર ન કરવા બાબત. (ફકરા નં-૧૨) |
| ૨.૧૬ | લાંબા સમયથી સીધાવેરાની બાકી વસુલાત બાબત. (ફકરા નં-૨૮) |
| ૨.૧૭ | આઇ.સી.ડી.એસ. શાખાને મળેલ ખાદ્ય સામગ્રી (અનાજ) ના સ્ટોક રજીસ્ટર નહીં નિભાવી હિસાબો નહીં નિભાવવા બાબત (ફકરા નં-૮૨) |
| ૨.૧૮ | લાલ કેસના ધારકોને ઇજારદાર બંસી મેડીકલ સ્ટોર દ્વારા એક્ષપાયરી ડેટ દવા આપવા બાબત (ફકરા નં-૭૯) |

## ૨.૧ થી ૨.૬ રેકર્ડ રજુ ન કરવા બાબત

ગુજરાત સ્થાનિક ભંડોળ ઓડિટ અધિનિયમ- ૧૯૬૩ની કલમ ૪ તથા ૫ અને ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ- ૧૯૪૯ની કલમ- ૧૦૫ થી ૧૦૮ની જોગવાઈ મુજબ તપાસણીને પાત્ર તમામ રેકર્ડ ઓડિટ સમક્ષ રજુ કરવાની વૈધાનિક જવાબદારી છે.

## ૨.૧ ઓડિટ સમક્ષ રેકર્ડ રજુ ન કરવા બાબત. ( ફકરા નં. ૩૮)

મહાનગરપાલિકા સુરતના તાબા હેઠળ આવેલ ઉધના ઝોનના સને ૨૦૧૩-૧૪ના ઓડિટ દરમ્યાનનુ આવક તથા ખર્ચ સંબંધિત તમામ રેકર્ડ ઓડિટ સમક્ષ રજુ કરવા જણાવેલ.પરંતુ ઓડિટ પૂર્ણ થયેલ ત્યાં સુધી નીચે જણાવેલ વિગતો મુજબનું ઓડિટ વર્ષનું રેકર્ડ રજુ કરેલ નથી.

| ક્રમ | શાખાનું નામ |
|---|---|
| (૧) | **આરોગ્ય શાખા :-** |
| | -ભેસ્તાન વી.બી.ડી.સી. સેન્ટરની આવકોનું ભરણા રજીસ્ટર અને સલંગ્ન પહોંચબુકો. |
| | પાંડેસરા હાઉસિંગ વોર્ડ ઓફિસની આવકોનું ભરણા રજીસ્ટર અને સલંગ્ન પહોંચબુકો.. |
| | -ઉન-ગભેણી વોર્ડ ઓફિસની આવકોનું ભરણા રજીસ્ટર અને સલંગ્ન પહોંચબુકો |
| | -જુનુ-નવુ બમરોલી વોર્ડ ઓફિસની આવકોનું ભરણા રજીસ્ટર અને સલંગ્ન પહોંચબુકો.. |
| | -સોલીડ વેસ્ટ અને સેનીટેશન લગતની કામગીરી માટે કરેલ વિવિધ ચુકવણા અંગેનું રેકર્ડ. |
| (૨) | **જમીન – મિલકત શાખા :-** |
| | -આવાસ (JnNURM) અંગેના લાભાર્થી ફાળાની રસીદો. |
| (૩) | **શહેરી વિકાસ શાખા** : ઇમ્પેકટ ફીની મેન્યુઅલ રસીદો. |
| (૪) | **હાઇડ્રોલીક શાખા** : ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વિસ્તાર માટે પાણીની સુવિધા ઉપ્લબ્ધ કરાવવાના હેતુસર કરેલ રેવન્યુ/કેપીટલ ખર્ચના ચુકવણાઓની ફાઇલો પૈકી ૫ ફાઇલો સિવાયનું રેકર્ડ રજુ કરેલ નથી. |
| (૫) | **ડ્રેનેજ શાખા** : ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વિસ્તાર માટે પાણીની સુવિધા ઉપ્લબ્ધ કરાવવાના હેતુસર કરેલ રેવન્યુ/કેપીટલ ખર્ચના ચુકવણાઓની ફાઇલો પૈકી ૫ ફાઇલો સિવાયનું રેકર્ડ રજુ કરેલ નથી. |

**૨.૨ અન્વેષણ વર્ષ દરમ્યાનનું રેકર્ડ રજુ ન કરવા બાબત. (ફકરા નં. ૪૮)**

હિસાબોની તપાસણી દરમ્યાન હેડકેશીયર સ્લીપ (મેન્યુઅલ) ચકાસતા જમીન મિલકત શાખાની આવકો નીચે સામેલ પત્રક મુજબ જમા લેવામાં આવેલ હતી. પરંતુ જમીન મિલકત શાખા દ્વારા હિસાબી શાખામાં નાણા જમા કરાવ્યા અંગેનું ભરણા રજીસ્ટર તથા તેને આનુષંગિક પહોંચબુકો ઓડિટ સમક્ષ રજુ થયેલ ન હતી. જેથી હેડ કેશીયર સ્લીપ મુજબ જમા થયેલ આવક અને પહોંચ બુકો મુજબ થયેલ આવકની ઓડિટ ચકાસણી શકય બનેલ ન હતી.

**જમીન મિલકત શાખા દ્વારા રજુ ન કરેલ પહોંચની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | તારીખ | રસીદની સંખ્યા | જમાં લેવામાં આવેલ રકમ રૂા. | તારીખ | રસીદની સંખ્યા | જમાં લેવામાં આવેલ રકમ રૂા. |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૧ | ડીસેમ્બર-૧૩ | | | માર્ચ-૧૪ | | |
| ૨ | ૦૨/૧૨/૧૩ | ૬૪+૦૭ (૭૧) | ૨,૪૭,૯૭૪/- | ૦૧/૦૩/૧૪ | ૨૦+૦૦ (૨૦) | ૫૫,૨૫૦/- |
| ૩ | ૦૩/૧૨/૧૩ | ૬૦+૦૮ (૬૮) | ૧,૭૯,૮૭૪/- | ૦૩/૦૩/૧૪ | ૩૮+૧૬ (૫૪) | ૧,૫૨,૬૪૨/- |
| ૪ | ૦૪/૧૨/૧૩ | ૦૫+૦૦ (૦૫) | ૧૦,૦૦૦/- | ૦૪/૦૩/૧૪ | ૧૬+૦૦ (૧૬) | ૬૧,૫૨૫/- |
| ૫ | ૦૫/૨/૧૩ | ૧૬+૦૦ (૧૬) | ૨૫,૧૦૦/- | ૦૫/૦૩/૧૪ | ૧૧+૦૦ (૧૧) | ૪૬,૦૫૦/- |
| ૬ | ૦૭/૧૨/૧૩ | ૨૦+૫૨ (૭૨) | ૧૩,૪૬,૪૮૨/- | ૦૬/૦૩/૧૪ | ૩૮+૦૬ (૪૪) | ૩,૨૯,૩૩૭/- |
| ૭ | ૦૯/૧૨/૧૩ | ૭૩+૦૩ (૭૬) | ૧,૯૬,૬૫૫/- | ૦૭/૦૩/૧૪ | ૧૦+૦૦ (૧૦) | ૧૬,૩૦૦/- |
| ૮ | ૧૦/૧૨/૧૩ | ૦૭+૦૧ (૦૮) | ૧૦,૨૦૬/- | ૧૦/૦૩/૧૪ | ૦૯+૦૦ (૦૯) | ૩૨,૨૦૦/- |
| ૯ | ૧૧/૧૨/૧૩ | ૭૭+૦૭ (૮૪) | ૨,૭૦,૬૮૫/- | ૧૧/૦૩/૧૪ | ૧૭+૦૦ (૧૭) | ૪૫,૪૫૦/- |
| ૧૦ | ૧૨/૧૨/૧૩ | ૬૬+૦૩ (૬૯) | ૨,૩૯,૦૭૪/- | ૧૩/૦૩/૧૪ | ૧૦+૦૦ (૧૦) | ૪૧,૧૦૪/- |
| ૧૧ | ૧૩//૧૨/૧૩ | ૦૧+૦૧ (૦૨) | ૩૯,૬૫૦/- | ૧૪/૦૩/૧૪ | ૧૦+૦૦ (૧૦) | ૧૧,૦૦૦/- |
| ૧૨ | ૧૬/૧૨/૧૩ | ૧૫+૦૦ (૧૫) | ૪૩,૭૫૦/- | ૧૫/૦૩/૧૪ | ૦૯+૦૦ (૦૯) | ૨૬,૬૦૦/- |
| ૧૩ | ૧૭/૧૨/૧૩ | ૨૯+૦૩ (૩૨) | ૪૩,૩૨૮/- | ૧૮/૦૩/૧૪ | ૦૬+૦૦ (૦૬) | ૧૬,૭૦૦/- |
| ૧૪ | ૧૮/૧૨/૧૩ | ૧૦૭+૦૯ (૧૧૬) | ૪,૬૪,૧૪૧/- | ૧૯/૦૩/૧૪ | ૦૮+૦૦ (૦૮) | ૯૧,૫૪૦/- |
| ૧૫ | ૧૯/૧૨/૧૩ | ૫૪+૧૨ (૬૬) | ૭,૬૦,૪૨૨/- | ૨૦/૦૩/૧૪ | ૦૯+૦૦ (૦૯) | ૩૪,૫૨૫/- |
| ૧૬ | ૨૦/૧૨/૧૩ | ૬૭+૦૪ (૭૧) | ૩,૨૪,૪૬૩/- | ૨૧/૦૩/૧૪ | ૦૮+૦૦ (૦૮) | ૪૩,૫૦૦/- |
| ૧૭ | ૨૧/૧૨/૧૩ | ૩૮+૦૬ (૪૪) | ૧,૫૬,૬૫૬/- | ૨૪/૦૩/૧૪ | ૧૩+૦૦ (૧૩) | ૫૧,૩૫૦/- |
| ૧૮ | ૨૩/૧૨/૧૩ | ૭૬+૦૮ (૮૪) | ૯,૬૩,૨૨૪/- | ૨૫/૦૩/૧૪ | ૧૦+૦૦ (૧૦) | ૪૪,૩૮૫/- |
| ૧૯ | ૨૪/૧૨/૧૩ | ૦૭+૦૦ (૦૭) | ૫૩,૯૭૫/- | ૨૬/૦૩/૧૪ | ૧૧+૦૦ (૧૧) | ૫૬,૫૫૦/- |
| ૨૦ | ૨૬/૧૨/૧૩ | ૮૨+૦૦ (૮૨) | ૨,૫૯,૦૪૩/- | ૨૭/૦૩/૧૪ | ૧૦+૦૦ (૧૦) | ૧૫,૪૫૦/- |
| ૨૧ | ૨૭/૧૨/૧૩ | ૬૬+૦૬ (૭૨) | ૨,૮૩,૯૩૨/- | ૨૯/૦૩/૧૪ | ૦૩+૦૦ (૦૩) | ૮૭,૨૫૦/- |
| ૨૨ | ૩૦/૧૨/૧૩ | ૯૬+૦૬ (૧૦૨) | ૬,૫૫,૦૯૭/- | ૩૧/૦૩/૧૪ | ૧૯+૦૦ (૧૯) | ૬૭,૧૦૦/- |
| ૨૩ | ૩૧/૧૨/૧૩ | ૮૯+૦૦ (૮૯) | ૩,૨૮,૩૦૯/- | | | |
| | | | ૬૯,૧૨,૦૪૦/- | | કુલ | **૧૩,૨૫,૮૦૮/-** |

**૨.૩ વરાછા ઝોનનું સને ૨૦૧૩-૧૪ ના વર્ષનું રેકર્ડ ઓડિટ સમક્ષ ઓડિટ માટે રજુ ન કરવા બાબત. (ફકરા નં. ૬૦)**

વરાછા ઝોનની ખર્ચ બાબતેની નીચે દર્શાવ્યા મુજબની કુલ-૪૫ ફાઇલોનું રેકર્ડ રજૂ થયેલ નથી.

| અ.નં. | ખાતાનું નામ | માંગેલ બીલ ફાઇલ | રજુ કરેલ બીલ ફાઇલ | રજુ ન કરેલ બીલ ફાઇલ |
|---|---|---|---|---|
| ૧ | સ્ટ્રોમ વોટર ડ્રેનેજ | ૩ | ૨ | ૧ |
| ૨ | રોશની | ૯ | ૭ | ૨ |
| ૩ | બિલ્ડીંગ | ૧૦ | ૪ | ૬ |
| ૪ | રસ્તા વિકાસ | ૩૬ | - | ૩૬ |
| | કુલ | ૫૮ | ૧૩ | ૪૫ |

**૨.૪ ખાસ ફંડ અને ઇઅર માર્ક ફંડસની માહિતી બાબત. (ફકરા નં. ૬૯)**

સુરત મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરવામાં આવેલ વાર્ષિક હિસાબોના નાણાંકીય પત્રકો (શીડયુલ-૧) માં દર્શાવ્યા મુજબ વિવિધ ફંડો નીચે મુજબ ઉભા કરવામાં આવેલ છે. જે ફંડમાં રકમ જમા થયાનું રેકર્ડ રજુ થયેલ નથી.

| | |
|---|---|
| ૧ | ઇઅર માર્ક ફંડ. |
| ૨ | સીન્કીંગ ફંડ |
| ૩ | પેન્શન અને ગ્રેજયુઇટી ફંડ |
| ૪ | હોઝાર્ડસ સર્વિસ વળતર ફંડ |
| ૫ | મેયરનું ફંડ |
| ૬ | કાઉન્સીલર્સ ફંડ |
| ૭ | લેન્ડસ એકવીયુશન ફંડ |
| ૮ | હોસ્પીટલ ડેવલોપમેન્ટન ફંડ |
| ૯ | બેકવર્ડ એરીયા ડેવલોપમેન્ટ ફંડ |
| ૧૦ | એન્ટરટેઇનમેન્ટ ગ્રાન્ટ ફંડ |
| ૧૧ | ડીસ્ટ્રીકટ પ્લાનીંગ બોર્ડ ફંડ |
| ૧૨ | અર્બન પુઅર ડેવ. ગ્રાન્ટ ફંડ |
| ૧૩ | એમ.એલ.એ.નું ડીસ્ક્રીએશનરી ગ્રાન્ટ ફંડ |
| ૧૪ | ફેમેલી પ્લાનીંગ ઇન્સેન્ટીવ ગ્રાન્ટ ફંડ |
| ૧૫ | એમ.પી. ડીસ્ક્રીએશનરી ગ્રાન્ટ ફંડ |
| ૧૬ | અન્ય ગ્રાન્ટ ફંડ |
| ૧૭ | અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ |
| ૧૮ | એન.ડી.સી.પી.એસ. ફંડ |
| ૧૯ | ડેપ્રીસીએશન ફંડ પર વ્યાજ |
| ૨૦ | અધર ઇઅર માર્ક/કમીટેડ ફંડ |

**૨.૫ DGVCL ને વિજ કનેકશન પેટે આપેલ એડવાન્સનું રેકર્ડ રજુ કરવા બાબત. (ફકરા નં. ૭૦)**

શાખા દ્વારા દક્ષિણ ગુજરાત વિજ કંપની લિ. ને વિજ કનેકશન મેળવવા માટે આપેલ એડવાન્સ, આપેલ એડવાન્સ પૈકી ચાલુ નાણાંકીય વર્ષમાં સરભર કરેલ એડવાન્સ અને આપેલ એડવાન્સ પૈકી સરભર કરવાના બાકી વગેરે વિગતો અંગેની રેકર્ડ ઓડિટ સમક્ષ રજુ કરેલ નથી.

**૨.૬ રેકર્ડ રજુ ન કરવા બાબત. (ફકરા નં. ૭૫)**

વર્ક શોપ શાખાના વર્ષ દરમ્યાનનાં વાહનોની માહિતી નિયત પત્રકમાં રજુ કરવા જણાવેલ હતું. જેના પ્રત્યુત્તરમાં રજુ થયેલ પત્રકમાં ઓડિટ વર્ષ દરમ્યાન કૂલ-૪૩ વાહનોની ખરીદી દર્શાવેલ હતી. પરંતુ ઓડિટ પૂર્ણ થયા સુધીમાં સદર ખરીદી અંગેની કોઇ ફાઇલ ઓડિટ સમક્ષ રજુ થયેલ ન હતી.

## ૨.૭ સંસ્થાં દ્વારા આપેલ વિકાસ પરવાનગી અંગે અને ફાયનલ થયેલ ટી.પી. સ્કીમોનાં ઇન્ક્રીમેન્ટલ ક્રોન્ટ્રીબ્યુશન (I.C.) નાં લેણાંની બાકી વસુલાત કરવા બાબત. (ફકરા નં. ૧૧ અને ૩૧)

**(૧) શહેરી વિકાસ શાખા**

સંસ્થાંની શહેરી વિકાસ શાખા દ્વારા રહેણાંક વેપારી તેમજ ઔદ્યોગિક પ્રકારના બાંધકામ માટે વિકાસ પરવાનગી GDCR ની જોગવાઇને આધિન આપવામાં આવે છે. જે અંગેની અનિયમિતતાઓ નીચે મુજબ છે.

(૧) શહેરી વિકાસ શાખા દ્વારા કયા કયા હેતુ માટે વિકાસ પરવાનગી આપવામાં આવેલ જે અંગે રેકર્ડ રજુ કરેલ નથી.

(૨) સ.ને.-૨૦૧૩-૧૪માં GDCR ના રેગ્યુલેશન ૩.૮ મુજબ કોઇ અરજદારે ખોટા પુરાવા, આધાર રજુ કરી વિકાસ પરવાનગી મેળવેલ હોય અને વિકાસ પરવાનગી રદ કરી હોય તે બાબતનું રેકર્ડ રજુ કરેલ નથી.

(૩) શાખા દ્વારા જણાવ્યા મુજબ કોઇપણ પ્રકારના બાકી લેણા નીકળતા હોય તે વસુલ લીધા બાદ BUC આપવામાં આવે છે.નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં અરજદારો પાસેથી ફાયનલ થયેલ કુલ-૩૬ T.P.ના ઇન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશનના નીચે દર્શાવ્યા મુજબ કુલ રૂા. ૧,૩૧,૪૮,૩૭,૫૨૬/- લેણા બાકી હતા. તો બાકી લેણાના અરજદારોને વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે કે નહીં અને બાકી વસુલાતની રકમ વસુલ કરવા કરેલ કાર્યવાહી બાબતે રેકર્ડ આધારીત ખાત્રી કરાવેલ નથી.

**સને ૨૦૧૩-૧૪ ઇન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશનના બાકી લેણાની માહિતી દર્શાવતુ પત્રક**

| અ. નં. | ઝોનનું નામ | ફાયનલ ટી.પી.ની સંખ્યા | વર્ષની શરૂઆતની બાકી રૂા. | ઓડિટ વર્ષમાં કરેલ વસુલાત રૂા. | વસુલાત ની ટકાવારી | ઓડિટ વર્ષને અંતે બાકી વસુલાત રૂા. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ઉધના ઝોન | ૦૫ | ૨૫,૧૧,૨૮,૩૫૦ | ૧,૯૦,૮૪૪ | ૦.૦૭૬ | ૨૫,૦૯,૩૭,૫૦૬ |
| ૨ | વરાછા ઝોન | ૦૮ | ૨૫,૦૫,૦૫,૩૯૦ | ૮૨,૫૫,૩૨૧ | ૩.૨૯ | ૨૪,૨૨,૫૦,૦૬૯ |
| ૩ | કતારગામ ઝોન | ૦૩ | ૫,૬૩,૧૧,૦૩૮ | ૨૨,૫૫,૩૨૦ | ૪.૦૦ | ૫,૪૦,૫૫,૭૧૮ |
| ૪ | લિંબાયત ઝોન | ૦૩ | ૨,૨૨,૫૦,૬૩૫ | ૧૮,૭૭,૨૮૫ | ૮.૪૩ | ૨,૦૩,૭૩,૩૫૦ |
| ૫ | રાદેર ઝોન | ૧૧ | ૬૫,૯૭,૪૩,૬૮૪ | ૫,૬૬,૭૫,૯૦૪ | ૮.૫૯ | ૬૦,૩૦,૬૭,૭૮૦ |
| ૬ | અઠવા ઝોન | ૦૬ | ૨૩,૮૩,૫૬,૩૯૪ | ૯,૪૨,૦૩,૨૫૫ | ૩૯.૫૨ | ૧૪,૪૧,૫૩,૧૩૯ |
|  | **કુલ** | **૩૬** | **૧,૪૭,૮૨,૯૫,૪૯૧** | **૧૬,૩૪,૫૭,૯૨૯** | **૧૧.૦૫** | **૧,૩૧,૪૮,૩૭,૫૬૨** |

**(૨) ટાઉન પ્લાનીંગ શાખા**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૭૭ અન્વયે ફાયનલ ટી.પી.ના પ્લોટ ધારણ કર્તાઓ પાસેથી ઇન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન હેઠળ આખરી નગર રચના યોજનાને મંજૂરી મળ્યેથી ઇન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન (I.C.) નાણાંની વસુલાત કરવાની રહે છે.

ટાઉન પ્લાનીંગ શાખા તરફથી ફાયનલ થયેલ ટી.પી.ની યોજનાઓમાં ઝોનમાં નિભાવેલ રજીસ્ટરો તથા સાધનિક રેકર્ડની ચકાસણી કરતાં ફાયનલ થયેલ ટી.પી.ની સંખ્યા તથા બાકી માગણાની વિગત નીચે મુજબ છે.

| ઝોનનું નામ | ફાયનલ થયેલ ટી.પી.ની સંખ્યા | વર્ષ દરમ્યાન વસુલ કરવાપાત્ર રકમ રૂા. | વર્ષ દરમ્યાન થયેલ વસુલાત રૂા. | ઓડિટ અંતિત બાકી વસુલાત રૂા. |
|---|---|---|---|---|
| અઠવા ઝોન | ૧૦ | ૫૪૮૯૩૭૪૨૫.૬૧ | ૧૦૯૬૩૫૭૨૬.૦૦ | ૪૩૯૩૦૧૬૯૯.૬૧ |
| લિંબાયત ઝોન | ૪૯ | ૨૨૨૫૦૬૩૫.૪૭ | ૧૩૦૦૭૭.૦૦ | ૨૨૧૨૦૫૫૮.૪૭ |
| ઉધના ઝોન | ૫૨ | ૧૮૩૪૧૮૬૮૩.૯૦ | ૪૩૨૮૪૮૧૨.૫૦ | ૧૪૦૧૩૩૮૭૧.૪૦ |
| કતારગામ ઝોન | ૨૨ | ૫૬૩૧૧૦૩૮.૦૦ | ૨૭૩૯૩૫૧.૬૧ | ૫૩૫૭૧૬૮૬.૩૯ |
| રાંદેર ઝોન | ૧૦ | ૫૪૮૯૩૭૪૨૫.૬૧ | ૧૦૯૬૩૫૭૨૬.૦૦ | ૪૩૯૩૦૧૬૯૯.૬૧ |
| કુલ | ૧૪૩ | ૧૩૫૯૮૫૫૨૦૮.૫૯ | ૨૬૫૪૨૫૬૯૩.૧૧ | ૧૦૯૪૪૨૯૫૧૫.૪૮ |

ઉકત પત્રકમાં દર્શાવ્યા મુજબ કુલ ૧૪૩ ટી.પી. સ્કીમો ફાયનલ થયેલ હતી. જે અન્વયે પ્લોટના ધારણકર્તાઓ પાસેથી રૂા. ૧,૩૫,૯૮,૫૫,૨૦૮=૫૯ ની વસુલાત કરવાની થતી હતી. જે પૈકી રૂા.૨૬,૫૪,૨૫,૬૯૩=૧૧ ની વસુલાત થયેલ હતી. વર્ષના અંતે રૂા.૧,૦૯,૪૪,૨૯,૫૧૫=૪૮ની વસુલાત કરવાની બાકી રહેલ છે. જે વસુલાત કરવી રહે.

**૨.૮ શહેરી વિકાસ શાખામાંથી અપાતા લાઇસન્સ રીન્યુઅલ વખતે વસુલવાની પેનલ્ટી બાબત. (ફકરા નં. ૯)**

સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ શહેરી વિકાસ ખાતા તરફથી આર્કીટેક/એંજીનીયર/સર્વેયર/સ્ટ્રકચરલ/ડીઝાઇનર/સાઇટ સુપરવાઇઝર/ડેવલોપર વગેરેને નિર્ધારીત ફી લઇ લાઇસન્સ્ ઇસ્યુ કરવામાં આવે છે. તે અંગેની ફી તથા લાઇસન્સ મોડા રીન્યુ કરાવવા બદલ લાઇસન્સ્ ધારક પાસેથી વસુલવાની થતી પેનલ્ટી નિર્ધારીત કરવામાં આવેલ છે.

મધ્યસ્થ શહેરી વિકાસ શાખા દ્વારા ઓડિટ વર્ષ દરમ્યાન રીન્યુ કરવામાં આવેલ વિવિધ લાઇસન્સો ઉપર નિર્ધારીત પેનલ્ટી કરતા ઓછી પેનલ્ટીની વસુલાત કરવામાં આવેલ હતી. મુળ ફકરાના સામેલ પત્રકમાં દર્શાવેલ નમૂનારૂપ ૩૦ કિસ્સાઓમાં લાઇસન્સ રીન્યુઅલ ફી રૂા.૧,૯૦,૯૫૦/- ઓછી વસુલાત કરેલ. સબંધિત લાઈસન્સ ધારકો પાસેથી વસુલાત કરવી રહે.

**૨.૯ JNNURM સ્કીમ અંતર્ગત BSUP પ્રોજેકટ હેઠળ બનાવેલ ઇ.ડબલ્યુ.એસ. આવાસોની ફાળવણી તથા બાકી લેણાંની વસુલાત.( ફકરા નં. ૩૨)**

ધી બોમ્બે (ગુજરાત) પ્રોવિ. મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ-૧૯૪૯ ની કલમ-૨૮૪-ટ માં જણાવ્યા મુજબ કોર્પોરેશન હદ વિસ્તારમાં આવેલ શહેરી ગરીબો માટે રહેઠાણની સગવડ પુરી પાડવાની જોગવાઇ કરવામાં આવેલ છે. જે અનુસંધાને JNNURM સ્કીમ અંતર્ગત BSUP (બેઝીક સર્વિસ ટુ અર્બન પુઅર) પ્રોજેકટ હેઠળ આવાસો બનાવવામાં આવેલ છે. જે સ્થાયી સમિતિના ઠરાવ નં. ૧૮૩૮/૦૭ તા.૨૮/૧૨/૨૦૦૭ થી નકકી થયેલ નીતી મુજબ પાત્રતા ધરાવતા લાભાર્થી કુટુંબોને આવાસોની ફાળવણી કરવામાં આવેલ હતી. જેની ઝોન કક્ષાએથી ફાળવણી, આવાસોનાં હપ્તા તથા કુલ માંગણાં અને વસુલાતની વિગતો નીચે મુજબ છે.

| ઝોનનું નામ | ફાળવેલ આવાસો (૩૧/૦૩/૧૪ સુધી) | કુલ માંગણું રૂા. | થયેલ વસુલાત રૂા. | બાકી વસુલાત રૂા. | વસુલાતની ટકાવારી |
|---|---|---|---|---|---|
| અઠવા ઝોન | ૨૪૪૧ | ૩૮૪૪૦૪૫૯ | ૪૫૮૪૭૫૮ | ૩૩૮૫૫૭૦૧ | ૧૧.૯૨% |
| લિંબાયત ઝોન | ૧૯૭૧ | ૪૮૭૮૩૬૦૬ | ૫૯૬૮૨૦૯ | ૪૨૮૧૫૩૯૭ | ૧૨.૨૩% |
| રાંદેર ઝોન | ૩૦૦૦ | ૨૧૭૭૦૫૧ | ૧૨૪૮૦૬ | ૨૦૫૨૨૪૫ | ૫.૭૩% |
| કુલ | ૭૪૧૨ | ૮૯૪૦૧૧૧૬ | ૧૦૬૭૭૭૭૩ | ૭૮૭૨૩૩૪૩ | ૧૧.૯૪% |

(૧) અઠવા ઝોન:-

કુલ માંગણાં રૂા. ૩,૮૪,૪૦,૪૫૯/- પૈકી રૂા. ૪૫,૮૪,૭૫૮/- એટલે કે ૧૧.૯૨%ની વસુલાત થયેલ વર્ષના અંતે રૂા. ૩,૩૮,૫૫,૭૦૧/- એટલે કે ૮૮.૦૮%ની વસુલાત બાકી રહેલ તથા ૩ આવાસો ઓડિટ વર્ષ સુધીમાં ફાળવવાના બાકી રહેલ હતાં. ફાળવવાનાં બાકી આવાસો અંગે રેકર્ડ આધરિત ખાત્રી કરાવેલ નથી.

(૨) લિંબાયત ઝોન:-

કુલ માંગણાં રૂા. ૪,૮૭,૮૩,૬૦૬/- પૈકી રૂા. ૫૯,૬૮,૨૦૯/- એટલે કે ૧૨.૨૩% ની વસુલાત થયેલ વર્ષના અંતે રકમ રૂા. ૪,૨૮,૧૫,૩૯૭/- એટલે કે ૮૭.૭૭%ની વસુલાત બાકી રહેલ જેની વસુલાત કરી આધારસહ ખાત્રી કરાવવી રહે.

(૩) રાંદેર ઝોન:-

કુલ માંગણાં રૂા. ૨૧,૭૭,૦૫૧/- પૈકી રૂા. ૧,૨૪,૮૦૬/- એટલે કે ૫.૭૩% ની વસુલાત થયેલ વર્ષના અંતે રકમ રૂા. ૨૦,૫૨,૨૪૫/- એટલે કે ૯૪.૨૭% ની વસુલાત બાકી રહેલ જેની વસુલાત કરી આધારસહ ખાત્રી કરાવવી રહે.

(૪) લિંબાયત ઝોન, વરાછા ઝોન, કતારગામ ઝોન અને રાંદેર ઝોનમાં લાભાર્થીઓને ફાળવેલ આવાસો અંગે ઉક્ત ઠરાવના એનેક્ષર-૨ ની શરત નંબર-૪ મુજબ કાર્યવાહી થયેલ હોવાનું જણાતું નથી તેમજ સંસ્થાએ લાભાર્થીઓને ફાળવેલ આવાસોની વિગત ધરાવતું નિયત કરેલ મિલકત રજીસ્ટર નિભાવેલ ન હતુ, આવાસની ફાળવણીની વિગત, લાભાર્થીનું નામ, આવાસનું સ્થળ તથા સરનામુ, ફાળાની રકમ, હપ્તાની રકમ, બાકી વસુલાતની વિગત વિગેરે અદ્યતન માહિતી રજુ કરેલ નથી.

ઉપરોકત વિગતે જોતાં મહાનગરપાલિકાનાં કુલ -૭ ઝોન પૈકી ૫ ઝોનમાં આવાસો લાભાર્થીઓને ફાળવવામાં આવેલ છે. તા.૩૧/૦૩/૨૦૧૪ સુધીમાં આ ૫ ઝોન વિસ્તારમાં કુલ ૧૨૮૫૨ આવાસો લાભાર્થીઓને ફાળવવામાં આવેલ છે. ઉપરોક્ત પત્રકની વિગતે ૩ ઝોનના ફાળવવામાં આવેલ આવાસોનાં લાભાર્થીઓ પાસેથી કુલ માંગણાની રકમ રૂા.૮,૯૪,૦૧,૧૧૬/- પૈકી રૂા.૧,૦૬,૭૭,૭૭૩/- એટલે કે ૧૧.૯૪% ની વસુલાત થયેલ અને રૂા.૭,૮૭,૨૩,૩૪૩/- વસુલ લેવાની બાકી રહેલ છે.

## ૨.૧૦ થી ૨.૧૨ સુરત મહાનગરપાલિકાના નમૂનારૂપ યોજનાકીય કામો/વર્ક્સમાં જણાયેલ તાંત્રિક, નાણાંકીય તથા અમલીકરણને લગતી અનિયમિતતાઓ બાબત.

૧. ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ પુસ્તક-૧ના પેરા-૨૦૦ મુજબ રૂા.૨૦/- લાખ ઉપરની કિંમતના કામની ટેન્ડર નોટીસ જિલ્લાના મુખ્ય સ્તરેથી પ્રસિધ્ધ થતા એક દૈનિક ઉપરાંત અમદાવાદથી પ્રસિધ્ધ થતા બે દૈનિક પૈકી એક અંગ્રેજી વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવાની જોગવાઇ થયેલ છે.

૨. ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ પુસ્તક ભાગ-૧ના પેરા-૨૦૦ તથા માર્ગ અને મકાન વિભાગના તા.૦૬/૦૮/૨૦૧૦ના પરીપત્ર ક્રમાંક:ટી.એન.સી./૧૦૨૦૦૭/૧/ભાગ-૨/સ મુજબ રૂા.૪/- કરોડથી વધુ અંદાજીત રકમના કામો માટે ટેન્ડર ઇસ્યુ કરવા અને પરત મેળવવાનો સમયગાળો ૨૧ દિવસ રાખવાનો થાય છે.

૩. ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ ભાગ-૧ના ફકરા નં.૧૫૧, ૨૮૩ અન્વયે અંદાજીત રકમ કરતા દસ ટકા (૧૦%) ઉંચા કે નીચા ભાવથી ટેન્ડર મંજુર કરેલ હોય તો રીવાઇઝ અંદાજો તૈયાર કરી સુધારેલ વહીવટી/તાંત્રિક મંજુરી મેળવવાની થાય છે. અને કામમાં થયેલ એક્સેસ/સેવિંગ માટે સક્ષમ સત્તા સોંપણીની મંજુરી મેળવવાની થાય છે.

૪. માર્ગ અને મકાન વિભાગના તા.૩૧/૧૨/૨૦૦૯ના પરીપત્ર નં.પરચ/૧૦૨૦૦૭/૨૮-સ તથા ટેન્ડર બી-૧ની ક્લોઝ –૭૭ મુજબ બાંધકામના માલસામાનની ગુણવત્તા માટેના પરીક્ષણ પૈકી ૮૦% પરીક્ષણ સ્થળ ઉપર, ૧૦% પરીક્ષણ સરકાર માન્ય લેબોરેટરીમાં અને૧૦% પરીક્ષણ ગેરી લેબોરેટરીમાં કરવાનાના રહે છે.

૫. મુંબઇ સ્ટેમ્પ એક્ટ-૧૯૫૮ અનુસુચી-૧, આર્ટીકલ- ૩૬(ક) અને આર્ટીકલ-૨૦(ક) તથા સુપ્રીટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: સ્ટેમ્પ/અશન/૧૪/૨૦૦૭/૯૩૯, તા.૦૧/૦૪/૨૦૦૭થી ટેન્ડર અન્વયે અનામતની જે રકમ ફિક્સ ડિપોઝીટ રીસીપ્ટ, એન.એસ.સી. અથવા અન્ય કોઇ બચતપત્રના માધ્યમથી મુકવામાં આવે તો તે રકમના પ્રત્યેક રૂા.૧૦૦/- અથવા તેના ભાગ માટે ૪.૯૦% સ્ટેમ્પ ડ્યુટી વસુલ કરવાની રહે છે.

૬. ટેન્ડરની ક્લોઝ–૩૬ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એમ.એમ.આર./૧૧૨૦૦૦/૨૦૧૩/છ, તા.૦૧/૦૯/૨૦૦૪ અનુસાર કામમાં સાદી માટી-મુરમ વાપરવામાં આવે તો પરમીટ લેવાની તથા રોયલ્ટી ભરવાની રહેશે. જ્યારે માર્ગ અને મકાન વિભાગના તા. ૨૮/૦૪/૨૦૦૩ના પરિપત્ર મુજબ રોયલ્ટી ભર્યાની ખાત્રી માટે ફાઇનલ બીલની કોપી ભુસ્તરશાસ્ત્રીશ્રીને મોકલવાની હોય છે અને જો ઇજારદાર આ રોયલ્ટી ભરવાપાત્ર ન હોય તો ઉદ્યોગ અને ખાણ વિભાગનુ "નો ડ્યુ સર્ટીફીકેટ" ઇજારદાર પાસેથી મેળવી વર્ક ફાઇલે રાખવાનુ રહે છે.

૭. માર્ગ અને મકાન વિભાગના તા.૨૯/૦૬/૧૯૯૨ ઠરાવ તથા ટેન્ડર ક્લોઝ મુજબ જો ઇજારદાર કામ નિયત સમય મર્યાદા કરતા મોડુ પુર્ણ કરે તો વિલંબીત દિવસોના પ્રતિ દિન ૦.૧% લેખે વધુમા વધુ અંદાજીત કિંમતના ૧૦% લેખે વિલંબીત વળતર વસુલ કરવાનુ છે.

૮. ગુજરાત સ્થાનિક ભંડોળ ઓડિટ અધિનિયમ -૧૯૬૩ની કલમ-૪ તથા કલમ-૫ અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૭૭ અન્વયે તપાસણીપાત્ર તમામ રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ કરવાની સંસ્થાની વૈધાનિક જવાબદારી છે.

૯. માર્ગ અને મકાન વિભાગના ઠરાવ નં.ટી.એન.સી./૧૦/૨૦૧૩/૩/ભાગ-૧/સ, તા.૧૯/૧૧/૨૦૧૩થી બાંધમના કોન્ટ્રાક્ટર પાસેથી અંદાજીત રકમના રૂ.૩૦/- લાખ સુધી ૫% અને રૂા.૩૦/- લાખથી વધુના કિસ્સામાં ૧૦% સિક્યોરીટી ડીપોઝીટ લેવાની થાય છે.જેમા ૫% પર્ફોમન્સ બોન્ડ બેંક ગેરંટી તરીકે, ૨.૫% જામીન અનામત એફ.ડી.આર.તરીકે અને ૨.૫% રનીંગ બીલેથી કપાત કરવાના રહેશે.

૧૦. માર્ગ અને મકાન વિભાગના ઠરાવ નં. આર.જી.એન./૬૦૨૦૦૬/૩૫-સ, તા.૩૧/૦૫/૨૦૦૭ મુજબ રૂા.૧ કરોડથી વધુ રકમના કામમાં ક્વોલીફાઈડ ઈજનેરની નિમણુક કરવાની રહે છે.

૧૧. માર્ગ અને મકાન વિભાગના ઠરાવ નં. પરચ-૧૦૨૦૦૦/આઈબી/૨૨૧(૫૯)/સ, તા.૨૪/૦૧/૨૦૦૭ મુજબ ટેન્ડર ફી ના દરો નક્કી કરવામાં આવેલ છે.

૧૨. માર્ગ અને મકાન વિભાગના પરીપત્રનં.ટીએનસી/૧૦૮૭/૨૫૦(૩)સી તા.૨૧/૧૨/૧૯૮૭ અનુસાર ટેન્ડરો અંદાજીત રકમથી ઘણા આવે છે અને ભાવો ભર્યા કામની ગુણવત્તા પ્રતે દુર્લક્ષ સેવે છે. તથા ઘણી વખત પાછળથી કામ અધુરૂ છોડી દે છે. જેથી કામો સમયસર પૂર્ણ થઈ શકતાં નથી. જે ધ્યાને લઈ ૧૦ % કરતા ઓછા ભાવો હોય ત્યારે ભાવોની વર્કેબીલીટી ચકાસવી અને પોષણક્ષમ ભાવ કરતાં પણ નીચા ભાવો લાગતા હોય તો સૌથી ઓછા ભાવો ભરનાર સંબધિત ઇજારદાર કામ પુરૂ કરવા શક્તિમાન થશે કે કેમ? તેની સપુર્ણ ચકાસણી કરીને તેઓએ અગાઉ કરેલ કામો તથા હાથ ઉપરના કામોની પ્રગતિ વગેરે ધ્યાને લઇ કામગીરી સંતોષકારક જણાય તો જ ઓછા ભાવના ટેન્ડરો સ્વીકારવા ભલામણ કરવાની રહે છે.

૧૩. શ્રમ અને રોજગાર વિભાગના ઠરાવ નં.સી.ડબ્લ્યુ.એ./૧૩૨૦૧૩/૨૭૭૨૭/મ(૩), તા.૨૬/૦૯/૨૦૧૩ મુજબ કુલ બાંધકામ ખર્ચના ૧% લેખે ઇજારદાર પાસેથી લેબર શેષ વસુલ કરી સરકારશ્રીમાં જમા કરવાનુ ઠરાવવામાં આવેલ છે.

૧૪. આવકવેરા નિયમ-૧૯૬૧ની કલમ-૧૯૪ સી મુજબ કામના બિલોમાંથી ૨% TDS ની કપાત કરવાની જોગવાઈ છે.

૧૫. સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના તા.૧૫/૧૦/૧૯૯૬ ના પરિપત્ર નં. એસ.એસ.આર./ ૧૦૯૬/આઇ.બી./૫૩/૦૧/સ અન્વયે રસ્તાના કામો માટે જેવા કે મેટલ સપાટીના/રોલીંગ/ વોટરીંગ તથા ડામરના રોલીંગના કામો માટે ઉપયોગમાં લેવાતા વાહનોની લોગબુક તથા નિયત કરેલ નમુના રજીસ્ટરો નિભાવવાના રહે છે.

૧૬. માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર નં.જી.સી.એ/એમ-૪૬૩૧/૮૦/સી તા.૨૫/૦૬/૮૨ મુજબ કામ પુર્ણ થયા તારીખથી ત્રણ માસમાં બિલના નાણા ચુકવવાની જોગવાઈ થયેલ છે.

૧૭. ઉદ્યોગ અને ખનીજ વિભાગના ઠરાવ નં. એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ તા.૨૨/૧૧/૨૦૦૬ જોગવાઇ મુજબ તા.૦૧/૦૬/૨૦૦૭ થી રૂા. ૧૦/- લાખથી વધુ અંદાજીત રકમના કામોના ટેન્ડરો ઇ-પ્રોકયુરમેન્ટ સીસ્ટમ મુજબ ઇ-ટેન્ડરીંગ કરી ટેન્ડરો મંગાવવાના રહે છે.

૧૮. માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર ક્રમાંક : ટીએનસી/૧૦૮૨/એન/૨૪૦૨/૧/સ, તા.૧૮/૦૧/૧૯૮૩ મુજબ શરતી ટેન્ડરને સંપૂર્ણ પણે અસ્વીકાર કરવાનો હોય છે.

૧૯. ઉદ્યોગ અને ખાણ ઊર્જા વિભાગના તા:૦૧/૦૧/૧૯૮૭ના ઠરાવ ક્રમાંક: એમ.સી.આર./૨૧૬૮/૮/૬૬૮૫/છ અન્વયે રૂા. ૨/- લાખથી વધુ રકમના વર્ક ઓર્ડર આપતી વખતે કામના શીડ્યુલ-'બી' ની નકલ ખાણ અને ખનીજ વિભાગના અધિકારીને મોકલવાની રહે છે. જેથી ઈજરદારે ખરીદેલ ખનીજ પેદશની રોયલ્ટીની સંપુર્ણ વસુલાત અંગે ચકાસણી કરી શકાય.

વર્ષ ૨૦૧૩-૧૪ના મહાનગરપાલિકાના ઓડિટ દરમ્યાન મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ યોજનાકીય કામો/વિકાસના કામો/વર્કસમાં આ સાથેના પત્રકમાં જણાવ્યા મુજબની તાંત્રિક, નાણાંકિય તથા અમલીકરણને લગતી અનિયમિતતાઓ જણાયેલ હતી. યોજનાકીય કામો/વિકાસના કામો/વર્કસ નિયમોનુસાર હાથ ધરી નગરજનોને સુવિધાનો લાભ મળી રહે તથા સરકારશ્રી દ્વારા ફાળવાયેલ નાણાંનો યોગ્ય રીતે અને નિયમાનુસાર ઉપયોગ થાય અને જરૂરી તમામ વૈધાનિક કપાતો કરી સમયસર સરકારશ્રીમાં જમા થાય અને કામો પૂર્ણ થાય તે માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા સુચન છે.

| વિ.અ. ફકરા નં. | ફકરાની વિગત તથા ઓડિટ નોંધ | વસુલાત પાત્ર રકમ રૂા.(લાખમાં) |
|---|---|---|
| ૨.૧૦ | **આંજણા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પાસે રેલ્વે કલ્વર્ટ નં. ૪૪૦-એ પર રેલ્વે ઓવરબ્રીજ બનાવવાના કામે જણાયેલ અનિયમિતતા બાબત.(ફકરા નં. ૫)** | ૬૧૬.૪૮ |

| | |
|---|---|
| અંદાજીત રકમ | રૂા.૧૯,૯૨,૩૫,૫૦૭/- |
| ટેન્ડર રકમ | (રૂા.૫૧,૭૦,૩૬,૦૬૪/- ૧૫૯.૫૧%ઉંચુ જેનો ઇજારદારે અસ્વીકાર કરેલ)<br>રૂા.૫૫,૦૦,૦૦,૦૦૦/-(લમ-સમ કોન્ટ્રાકટથી) |
| થયેલ કુલખર્ચ | રૂા.૬૧,૦૭,૧૦,૬૬૨/- |

**ઓડિટ નોંધ:-**

- ટેન્ડર પ્રસિધ્ધ કર્યા બાદ તે સ્વીકાર્યાનો સમય ૩૦ દિવસને બદલે ૧૯ દિવસનો રાખેલ હતો.
- કામની મુદ્દત ૨૪ માસની હતી. જે કામ ૩૩ માસ વિલંબથી પૂર્ણ કરેલ છે. જેથી નિયમોનુસાર બાકી રહેલ રૂા.૫,૫૦,૦૦,૦૦૦/- વિલંબ વળતરની વસુલાત કરવાની રહે.
- રૂા.૬૧,૦૭,૧૦૭/-લેબરશેષની વસુલાત કરી સરકારશ્રીમાં જમા કરાવવી રહે.
- સ્ટેમ્પ ફી પેટે રૂા.૫,૩૯,૦૦૦/-ની વસુલાત કરી સરકારી સદરે જમા કરવાની રહે.
- ટેન્ડર ફી પેટે રૂા.૧,૫૦૦/-ની વસુલાત કરી સરકારી સદરે જમા કરવાની રહે.
- ઉદ્યોગ અને ખાણ વિભાગનુ ખનિજ માલસામાનની રોયલ્ટી ભર્યા અંગેના આધારો રજુ થયેલ નથી.
- ફાયનલ બીલનુ ચુકવણુ કામ પૂર્ણ થયા તારીખથી ૩ માસમાં ચુકવવાના રહે છે. જ્યારે આ કામ તા.૩૧/૮/૧૩ના રોજ પૂર્ણ થયેલ છે. અને ફાઈનલ બિલ તા.૨૯/૩/૧૪ના રોજ ચુકવવામાં આવેલ છે.
- ઉક્ત કામે અંદાજીત રકમ રૂા. ૧૯,૯૨,૩૫,૫૦૭/- માટે Percentage rate based ટેન્ડર મંગાવેલ જેમા (૧) રણજીત બિલ્કોન લી.,અમદાવાદના ૯૫.૬૧% ઉંચા રૂા.૩૮,૯૭,૨૪,૫૭૫/- અને (૨) વિજય એમ. મિસ્ત્રી એન્ડ સન્સ પ્રા.લી., અમદાવાદના ૧૦૦% ઉંચા રૂા. ૩૯,૮૪,૭૧,૦૧૪/- આવેલ હતા.

  ઉપરોકત આવેલ Percentage rate ટેન્ડરો સંસ્થાની ટી.એસ.સી. (ટેન્ડર સ્કુટીની કમીટી)એ ઇજારદારોએ ભરેલ ભાવો ખુબ ઉંચા હોય, આ કામે ટેન્ડર ભરનાર બન્ને ઇજારદારો પાસેથી રીવાઇઝ ઓફર મંગાવવાનું નકકી કરવામાં આવેલ હતુ. જે મંગાવતા (૧) રણજીત બિલ્કોન લી., અમદાવાદના ૧૫૯.૫૧% ઉંચા રૂા.૫૧,૭૦,૩૬,૦૬૪/-. અને (૨) વિજય એમ. મિસ્ત્રી એન્ડ સન્સ પ્રા.લી., અમદાવાદના ૧૪૯% ઉંચા રૂા. ૪૯,૬૦,૯૬,૪૧૩/-ભાવે ટેન્ડર મળતા સ્કુટીની કમિટીએ રીવાઇઝ ઓફરનાં ભાવો ખુબ ઉંચા હોય ઓફર અમાન્ય કરી હતી.

(૩) જે તે હેતુ માટે ફાઇનલ થયેલ ટી.પી. પ્લોટનો ઉપયોગ ન થવાથી નાગરિકો સંબંધિત સુવિધાથી વંચિત રહેલ છે.

**૩.૫ રેવન્યુ કેપીટલ બજેટ તથા ગુજરાત સ્વર્ણિમ યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટ હેઠળ ઓડિટ વર્ષમાં પૂર્ણ થયેલ રૂા. ૫.૪૩ કરોડના કામો અંગેની મૂળ ફાઇલોનું રેકર્ડ તેમજ સ્વર્ણીમ યોજના RCB હેઠળની ગ્રાન્ટમાં રૂા. ૫૧.૩૭ કરોડ તબદીલ કર્યાની વિગતો ઓડિટમાં રજુ ન કરવા બાબત. (ફકરા નં. ૧૦)**

રોડ પ્રોજેક્ટ શાખા દ્વારા રેવન્યુ કેપીટલ બજેટ તથા સ્વર્ણિમ યોજના હેઠળ ફાળવેલ ગ્રાંટ અન્વયે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં મંજૂર થયેલ કામો પૈકી હાથ ધરાયેલ કામો અને પૂર્ણ/અપૂર્ણ રહેલ કામો અને તે અંગે થયેલ ખર્ચની વિગતવાર માહિતી તથા સાધનિક રેકર્ડ ઓડિટમાં રજુ કરવા જણાવવામાં આવેલ હતું. શાખા દ્વારા નિભાવેલ બજેટ ખતવણી રજીસ્ટરની પ્રતિક ચકાસણી કરતાં સામેલ પત્રક રેવન્યુ કેપીટલ બજેટ હેઠળ ઓડિટ વર્ષ ૨૦૧૩-૧૪ નાં પૂર્ણ થયેલ કામો અંગેની મૂળ ફાઈલ સાધનિક રેકર્ડ ઓડિટ ચકાસણી અર્થે રજુ કરવામાં આવેલ નથી. જે અન્વયે કુલ રૂા. ૫,૪૩,૦૨,૨૯૦/- ના થયેલ ખર્ચનું મૂળ રેકર્ડ રજુ ન થતાં ઓડિટ શક્ય બનેલ નથી.

ઓડિટ વર્ષ દરમ્યાન રેવન્યુ કેપીટલ બજેટ હેઠળ મંજૂર કામોના થયેલ ખર્ચ સ્વર્ણિમ યોજના હેઠળની ગ્રાંટમાં તબદીલ કર્યાની વિગત દર્શાવતું પત્રક-૨ ની વિગતે ૩ કામનો ખર્ચ રૂા.૫૧,૩૭,૦૪,૮૪૮/- જે રેવન્યુ કેપીટલ બજેટ સદરે નોંધવાનો હતો તે સરકારશ્રી તરફથી મળેલ

સ્વર્ણિમ યોજના હેઠળની ગ્રાન્ટ ખાતે તબદીલ કરેલ છે. જે અંગેની સ્પષ્ટતા કરેલ નથી અને સદરહું ૧૮ કામોની જોગવાઇ સ્વર્ણિમ યોજના હેઠળની ગ્રાન્ટમાં થયેલ હોવાની સ્પષ્ટતા કરવી રહે.

(૧) રેવન્યુ કેપીટલ બજેટ હેઠળ ઓડિટ વર્ષ ૨૦૧૩-૧૪ નાં પૂર્ણ થયેલ કામોની યાદી દર્શાવતું પત્રક

(બજેટ કોડ ડી.૧૩૦૧૬૩૩) રોડ પ્રોજેક્ટ

| અ. નં. | કામનું નામ | ઈજારદારનું નામ | ફાઈનલ બીલની વિગત | |
|---|---|---|---|---|
| | | | રકમ | તારીખ |
| ૧ | ઓડનગરનાં નાણાં પાસે પંચશીલ એપાર્ટમેન્ટથી આઉટર અને ઈનર રીંગ રોડ ને જોડતો રસ્તો | મે. શીવમ કંસ્ટ્રકશન કું. | ૩૩૬૮૪૪ | ૦૧/૦૭/૨૦૧૩ |
| ૨ | ધનેસ્ટ કોમ્પલેક્ષથી ગોત્રી મેઈન રોડ સુધીનો રસ્તો બનાવવાનું કામ | મે. શીવમ કંસ્ટ્રકશન કું. | ૨૧૯૪૩૭૪ | ૨૦/૦૭/૨૦૧૩ |
| ૩ | પ્રતાપનગર ત્રણ રસ્તાથી કપુરાઈ ચાર રસ્તા સુધીનો ડભોઈ રોડ | મે. આર.કે.સી. ઈન્ફ્રા બીલ્ડ પ્રા.લી. | ૯૭૪૭૫૯૦ | ૨૫/૦૭/૨૦૧૩ |
| ૪ | કુબેરનાથ સ્મશાન થી શિંગોડા તળાવ ચાર રસ્તા સુધીનો ૨૭.૦ મીટરનો રસ્તો | મે.સીમંધર કંસ્ટ્રકશન. | ૩૫૧૮૮૯ | ૨૯/૦૭/૨૦૧૩ |
| ૫ | મનીષા ચાર રસ્તાથી રાણેશ્વર મહાદેવ થઈ વાસણા પંપીંગ સ્ટેશન સુધીનો રસ્તો | મે.સીમંધર કંસ્ટ્રકશન | ૩૬૧૬૭૮૮ | ૨૯/૦૭/૨૦૧૩ |
| ૬ | એલેમ્બીક સ્ટોર થી સુભાનપુરા ગામ થઈ ગોલ્ડન સિલ્વર એપાર્ટમેન્ટ સુધીનો રસ્તો | મે.સીમંધર કંસ્ટ્રકશન | ૧૪૮૩૨૦૩ | ૯/૦૮/૨૦૧૩ |
| ૭ | લાલબાગ બ્રીજ એન્ડથી મૂજમહુડા થઈ અક્ષરચોક થઈ અટલાદરા રેલ્વે થઈ મ્યુનિ. હદ સુધીનો રસ્તો | મે. આર.કે.સી. ઈન્ફ્રા બીલ્ડ પ્રા.લી. | ૧૭૦૧૪૪૪૬ | ૧/૦૮/૨૦૧૩ |
| ૮ | ગાજરા વાળી ટાંકીથી બાચ પાસ સુધીનો ૨૦ મીટરનો રસ્તો | મે. આર.કે.સી. ઈન્ફ્રા બીલ્ડ પ્રા.લી. | ૩૯૪૪૪૨૭ | ૧૩/૧૧/૨૦૧૩ |
| ૯ | ગેંડા સર્કલ થી ગોરવા પંપીંગ સ્ટેશન સુધી નો રસ્તો | મે. ડાહ્યાભાઈ બી પટેલ | ૧૮૦૨૦૧ | ૦/૧૦/૨૦૧૩ |
| ૧૦ | છાણી જકાતનાકા ઈન્દુચાચા હોલ થઈ અલંકાર ટેનામેંટ થી કેનાલ ને જોડતો રસ્તો | મે. શીવમ કંસ્ટ્રકશન કું. | ૪૮૯૦૪૩૩ | ૧/૧૨/૨૦૧૩ |
| ૧૧ | માંજલપુર ગૌતમનગર રેલ્વે ટ્રેક સુધીનો ૨૮ મી. ની ટ્રેમેટી રોડ કાર્પેટ કરવાનું કામ | મે. રાજ કંસ્ટ્રકશન કું. | ૫૦૪૧૮૨ | ૯/૦૧/૨૦૧૪ |
| | સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના-૧ -૨ હેઠળ મંજૂર થયેલ અને પૂર્ણ થયેલ કામોની યાદી | | | |
| ૧૨ | સ્ટેશન નાળાથી જેતલપુર નાળાથી અકોટા થઈ મુછમહુડા સુધીનો રસ્તો | મે. શીવમ કંસ્ટ્રકશન કું. | ૨૨૨૦૬૮૯ | ૨૮/૦૬/૨૦૧૩ |
| ૧૩ | ૩૬ મી. જંકશન થી ૪૦ મી. જંકશન સુધીનો પરાગરજ સોસાયટી થી વાળો ૧૮ મી. નો રસ્તો | મે. રાજ કંસ્ટ્રકશન કું. | ૧૭૧૩૩૧૨ | ૨૦/૦૭/૨૦૧૩ |
| ૧૪ | બહુચરાજી ડાબા રસ્તાથી જીવનભારતી સ્કુલ સુધીનો વોલ ટુ વોલ રસ્તો | મે. રાજ કંસ્ટ્રકશન કું. | ૭૯૮૭૯૧ | ૧૮/૧૦/૨૦૧૩ |
| ૧૫ | પાણીગેટ ટાંકીથી ઉમા ચાર રસ્તા થઈ વૃંદાવન ચાર રસ્તા સુધીનો રસ્તો | મે. શીવમ કંસ્ટ્રકશન. | ૫૩૦૫૧૨૧ | ૨૫/૧૧/૨૦૧૩ |
| | | કુલ રૂા. | ૫,૪૩,૦૨,૨૯૦/- | |

(૨) રેવન્યુ કેપીટલ બજેટ હેઠળ મંજૂર કામોના થયેલ ખર્ચ સ્વર્ણિમ યોજના હેઠળની ગ્રાંટમાં તબદીલ કર્યાની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | વિગત | રકમ રૂા. |
|---|---|---|
| ૧ | રોડ શાખાના ઠરાવ નં. ૩૨૩/૧૩-૧૪ તા. ૧૨-૦૩-૧૪ અન્વયે RCB હેઠળ ડી-૧૩૦૧૬૩૩ માં મંજૂર થયેલ કુલ ૧૧ કામોના ખર્ચ ની રકમ સ્વર્ણિમ જયંતી હેઠળ તબદીલ કરેલ ખર્ચ | ૩૧૯૦૦૯૩૦૪ |
| ૨ | રોડ શાખાના ઠરાવ નં. ૩૨૨/૧૩-૧૪ તા. ૧૨-૦૩-૧૪ અન્વયે RCB હેઠળ ડી-૧૩૦૧૬૩૩ માં ખર્ચ પાડેલ કુલ ૬ કામોના ખર્ચ ની રકમ સ્વર્ણિમ જયંતી હેઠળ તબદીલ કરેલ ખર્ચ | ૧૬૫૯૬૮૦૯૦ |
| ૩ | રોડ શાખાના ઠરાવ નં. ૩૨૪/૧૩-૧૪ તા. ૧૨-૦૩-૧૪ અન્વયે ૧ કામના થયેલ ખર્ચ સ્વર્ણિમ જયંતી હેઠળ તબદીલ કરેલ ખર્ચ | ૨૮૭૨૭૪૫૪ |
| | કુલ રૂા. | ૫૧,૩૭,૦૪,૮૪૮/- |

### ૩.૬ હાઈડ્રોલીક એલીવેટેડ પ્લેટફોર્મ (સ્નોરકેલ) ની રૂા. ૭૩૨.૮૦ લાખની ખરીદીની ફાઈલ ઓડિટમાં રજુ ન કરવા બાબત. (ફકરા નં. ૫૨)

ચીફ ઓફીસરશ્રી (ફાયર)નાં ઠરાવ નં. ૩૭૧ તા.૧૭.૭.૨૦૧૩ તેમજ સ્થાયી સમિતિનાં ઠરાવ નં. ૨૬૦ તા.૬-૭-૨૦૧૨થી શ્રી બ્રિજવાસી હાઈટેક ઉદ્યોગ લિ. નું રૂા. ૭૩૨.૮૦ લાખનું ભાવપત્રક મંજુર કરવામાં આવેલ જે અન્વયે ૪૪ મીટરની ઉંચાઈવાળી સ્નોરકેલ અગ્નિશમન અને તાત્કાલિક સેવાઓનાં વર્ક ઓર્ડર નં. VFES/નં. ૧૭૮/૧૨-૧૩ તા.૧૯-૭-૨૦૧૭ અન્વયે ખરીદવામાં આવેલ છે. તેમજ ડે.મ્યુનિસિપલ કમિશ્નરશ્રી(વ) વડોદરાના ઠરાવ નં. ૧૬૩૭/૧૩-૧૪ તા.૧૪-૩-૨૦૧૪ અન્વયે સ્વર્ણિમ ગ્રાંટ પેટે મંજુર થયેલ રકમમાંથી નીચે જણાવેલ ખર્ચ રેવન્યુ કેપીટલ બજેટ ફંડ ખાતે કરવામાં આવેલ છે જેની મુખ્ય હિસાબી શાખામાં મુળ દેણેયાદી (વાઉચર્સ) પરથી જણાયેલ છે જેથી ઓડિટ ચકાસણી અર્થે "હાઈડ્રોલિક એલીવેટેડ પ્લેટફોર્મ (સ્નોરકેલ) ખરીદીની મુળ ફાઈલ ચકાસણી અર્થે રજુ કરવા જણાવેલ હતું.

| અ.નં. | B.P.V.NO./તા. | રકમ |
|---|---|---|
| ૧ | ૭૯/૨૪-૫-૨૦૧૩ | રૂા. ૪,૯૬,૦૮,૦૨૫/- |
| ૨ | ૧૧૨/૧-૬-૨૦૧૩ | રૂા. ૧,૫૩,૨૧,૮૪૩/- |
| ૩ | ૪૯૫/૧૦-૧૦-૨૦૧૩ | રૂા. ૨૨,૫૦,૦૦૦/- |
| ૪ | ૭૦૫/૬-૧૨-૨૦૧૩ | રૂા. ૬૧,૦૦,૦૦૦/- |
| | કુલ | રૂા. ૭,૩૨,૭૯,૮૬૮/- |

ડે.ચીફ ઓફીસરશ્રી (ફાયર) અગ્નિ અને તાત્કાલિક સેવા વિભાગ, વડોદરા મહાનગરપાલિકાએ તેઓનાં તા.૦૬/૧૧/૨૦૧૭ના પત્રથી પ્રાથમિક વાંધાના જવાબમાં "સદર ફાઈલ વીજીલન્સ ઓફિસમાં સા.વ.વી.જા.નં. ૩૩૧૮/૨૦૧૫-૧૬ તા.૧૧-૧૦-૨૦૧૫ નાં પત્ર આધારે કુલ ૩૯ ફાઈલ ખાતાકીય તપાસ એકમને મોકલવામાં આવેલ છે." તેમજ "સને-૨૦૧૩-૧૪નાં સમયગાળાનાં ચીફ ઓફીસરશ્રી(ફાયર) હાલ સા.વ.વી ખા એકમ અંક ૭૩/૨૦૧૫-૧૬ તા.૦૫/૧૦/૨૦૧૫થી ફરજ મોકુફ થયેલ છે" તેમ જણાવી રેકર્ડ રજુ નહિં કરતાં ઓડિટ ચકાસણી શક્ય બનેલ નથી. સદર બાબતની વિજીલન્સ ઓફીસને રેકર્ડ આપ્યા બાબતની પહોંચ રજુ કરેલ નથી. જે રજુ કરવી ઘટે. ઓડિટ તારીખ સુધી આ અંગે થયેલ કાર્યવાહીની વિગતો ઓડિટને મળેલ નથી. ઉક્ત ખરીદીની મુળ ફાઈલો ખાતાકીય તપાસ પૂર્ણ થતા અગ્નિશમન અને તાત્કાલિક સેવાની કચેરીને ક્યારે પરત મળેલ છે, ગેરરીતિની વિગતો તેમજ તે અંગે લેવાયેલ સંસ્થાના નિર્ણયની તેમજ સક્ષમ અધિકારીશ્રી દ્વારા કરેલ કાર્યવાહીના આધારો ઓડિટમાં રજુ કરેલ નથી.

### ૩.૭ ઝુ શાખામાં થયેલ રૂા. ૨૪.૯૫ લાખની ઉચાપતનું રેકર્ડ ઓડિટમાં રજુ ન થવા બાબત. (ફકરા નં. ૫૫)

વડોદરા મહાનગરપાલિકા હસ્તકની ઝુ શાખાનું ઓડિટ માટે હિસાબી રેકર્ડ ચકાસણી અર્થે રજુ કરવા જણાવતા તા.૬/૧૦/૨૦૧૭નાં પત્રનં. સ.ઝુ.જા.નં. -૪૬૦/૧થી ડેપ્યુટી કમિશ્નરશ્રી (વહિવટ) વડોદરા મહાનગરપાલિકાએ ઝૂ શાખાનાં કર્મચારી શ્રી લાલાભાઈ આર.દલાલ જુનીયર ક્લાર્કે સને

૨૦૧૧-૧૨ થી ૨૦૧૪-૧૫ના નાણાંકીય વર્ષમાં રૂા. ૨૪,૯૫,૧૭૮/- ની ઉચાપત કરેલ હોય, ઝુ શાખાનાં પત્ર નં ૬૩૨ તા.-૨૭/૨/૨૦૧૫ થી તપાસ અર્થે તમામ રેકર્ડ વીજીલન્સ શાખાને મોકલેલ હોય ઓડિટ માટે રેકર્ડ રજુ કરેલ નથી.રેકર્ડ રજુ નહિં કરતાં ઓડિટ ચકાસણી શક્ય બનેલ નથી. સદર બાબતની વિજીલન્સ ઓફીસને રેકર્ડ આપ્યા બાબતની પહોંચ રજુ કરેલ નથી તેમજ ગેરરીતિ અંગે કરેલ કાર્યવાહી અંગે આધારસહ ખાત્રી કરાવેલ નથી.

**૩.૮ સેન્ટ્રલ મેડીકલ સ્ટોરની તમામ ખરીદી સંલગ્ન રેકર્ડ રજુ ન કરવા બાબત. (ફકરા નં. ૬૧)**

આરોગ્ય શાખાના ઓડિટ દરમ્યાન ઓડિટ અર્થે રેકર્ડ રજુ કરવા જણાવેલ હતું જે અનુસંધાને રેકર્ડ રજુ ન કરતા આરોગ્ય શાખા દ્વારા જણાવવામાં આવેલ કે વર્ષ ૨૦૧૩-૧૪ થી ૨૦૧૫-૧૬ સુધીનું તમામ ખરીદી સંલગ્ન રેકર્ડ વીજીલન્સ શાખાને તપાસ અર્થે સુપ્રત કરવામાં આવેલ છે. કઈ વિષયની અને કઈ વસ્તુની ખરીદીમાં ગેરરિતી થયેલ છે તેમજ કેટલી રકમની ખરીદીમાં ગેરરિતિ થયેલ છે તે અંગે કોઇ માહિતી રજુ કરેલ નથી.

ઉક્ત ગેરરીતિ અંગે કરેલ કાર્યવાહી અંગે વિગતવારનો અહેવાલ આધારસહ રજુ કરવો રહે. સદર બાબતની વિજીલન્સ ઓફીસને રેકર્ડ આપ્યા બાબતની પહોંચ રજુ કરેલ નથી.

**૩.૯ ડીઝલ પંપો ચલાવવા માટે થયેલ ખર્ચ અંગેનું સાધનિક રેકર્ડ રજુ ન કરવા બાબત. (ફકરા નં. ૭૭)**

પશ્ચિમ ઝોન કચેરીના સને ૨૦૧૩-૧૪ ના વર્ષના ઓડિટ દરમ્યાન હિસાબી શાખા દ્વારા રજુ કરેલ ખર્ચના વાઉચરોની ચકાસણી કરતા ઝોન કચેરીની તાબા હેઠળ ની વોર્ડ કચેરીની એન્જીનીયરીંગ શાખા દ્વારા વોર્ડ વિસ્તારમાં ડીઝલ પંપો ચલાવવા માટે જુદા જુદા ઈજનેરને વાર્ષિક રેટથી ઈજારો આપવામાં આવેલ હતો. જેના અનુસંધાને પશ્ચિમ ઝોન કચેરીની હિસાબી શાખા દ્વારા ઓડિટ વર્ષમાં ઈજારદારોને નીચેની વિગતે કુલ રૂા.૧૦,૬૪,૪૪૩/-નો ડીઝલ પંપ ચલાવવાના ખર્ચ પેટે બજેટકોડ-B-૦૫૦૩૩૦૯/૩૮૫૦૧ હેઠળ ચૂકવણી કરી ખર્ચ કરવામાં આવેલ હતો. ઓડિટ દરમ્યાન નીચે જણાવેલ સાધનિક રેકર્ડ ઓડિટને ચકાસણી અર્થે રજુ કરેલ ન હોઈ થયેલ ખર્ચની વાજબીપણાની ખાતરી થઈ શકેલ નથી.

(૧) સક્ષમ અધિકારીશ્રી દ્વારા ઓડિટ વર્ષમાં ઈજારદારને આપવામાં આવેલ વાર્ષિક રેટથી ઈજારો મંજૂર કર્યાના હુકમો તેમજ એગ્રીમેન્ટ

(૨) સક્ષમ અધિકારીશ્રી દ્વારા કરારની શરતો મુજબ ઈજારદારને આપવામાં આવેલ વર્ક ઓર્ડર તથા વર્ક ઓર્ડરની શરતો

(૩) મૂળ થયેલ કામોની ફાઈલ ટેન્ડર ફાઈલ, વસુલ કરેલ ટેન્ડર ફી, સિક્યુરીટી ડીપોઝિટ, બેંક ગેરંટી વગેરે

પશ્ચિમ ઝોન કચેરી દ્વારા ડીઝલ પંપો ચલાવવા માટે વાર્ષિક રેટથી
ઈજારો આપી થયેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક

| અનુ.નં | વોર્ડ કચેરી નં | કુલ ખર્ચની રકમ |
|---|---|---|
| ૧ | વોર્ડ નં. ૬ | રૂા. ૧,૫૩,૮૧૬/- |
| ૨ | વોર્ડ નં. ૧૦ | રૂા. ૮,૨૩,૭૨૦/- |
| ૩ | વોર્ડ નં. ૧૧ | રૂા. ૮૬, ૯૦૭/- |
| કુલ | | રૂા. ૧૦,૬૪,૪૪૩/- |

**૩.૧૦ શહેરી બસ સેવાનાં પીકઅપ સ્ટેન્ડસની લાયસન્સ ફીની બાકી વસુલાતની અનિયમિતતા બાબત. (ફકરા નં. ૨૦)**

શહેરી બસ સેવાના પીકઅપ સ્ટેન્ડ/ ક્યુ શેડનું બાંધકામ/મેઇનટેનન્સ/પીકઅપ સટેન્ડનાં ક્યુ શેડો પર જાહેરાત પ્રસિધ્ધિ માટેના ઇજારા અંગે ટેન્ડર નોટીસ આપેલ હતી. જે અન્વયે વાર્ષિક રૂા.૬૬,૬૦૦/- લાયસન્સ ફી ત્રિમાસિક ધોરણે એડવાન્સમાં ભરવાની હતી. જેની મુદત તા.૩૧-૧૨-૨૦૧૩ ના રોજ પૂર્ણ થયેલ છે. ઉક્ત બાબતે રજુ કરેલ પત્રક તથા ફાઇલની ચકાસણી કરતા નીચે મુજબ અનિયમિતતા ધ્યાને આવેલ છે.

1. એજન્સીએ ટેન્ડરની શરત (બી)(૭) તથા વર્ક ઓર્ડરની શરત નં (ડી)(૧૦)(બ)ની શરત અન્વયે ત્રિમાસિક ધોરણે એડવાન્સમાં ફી જમા કરાવવાની શરત નો ભંગ કરી તા. ૧-૪-૨૦૧૩ થી તા.૩૧-૩-૨૦૧૪ ની ઓડિટ તારીખ ૩૧-૭-૧૭ સુધીની ૧૮% વ્યાજ સહિતની ચડત રકમ રૂા. ૨,૧૭,૩૩,૮૦૦/- નીચેની વિગતે જમા કરાવેલ નથી. જેની વસુલાત કરવી રહે.

૧૧૦ પીકઅપ સ્ટેન્ડસની લાયસન્સ ફી વસુલાતનુ તા.૩૧-૭-૨૦૧૭ની સ્થિતિનુ પત્રક

| અ.નં | ઇજારદાર | પીક અપ સ્ટેન્ડની સંખ્યા | તા.૦૧/૦૪/૨૦૧૩ ના રોજની વસુલાત | સને ૨૦૧૩-૧૪ ની ડિમાન્ડ | સને ૨૦૧૩-૧૪ માં આવેલ વસુલાત | તા.૩૧/૦૩/૨૦૧૪ ના રોજ બાકી વસુલાત | ૧૮% લેખે વિલંબ ચાર્જ તા.૩૧/૦૭/૨૦૧૭ સુધીનો (૪.૪ વર્ષ) | તા.૩૧/૦૭/૨૦૧૭ સુધીની કુલ બાકી વસુલાત (૭+૮) |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | પ્રો એક્ટિવ ઇન એન્ડ આઉટ એડ પ્રા.લિ. મુંબઇ | ૧૧૦ | ૬૭,૧૫,૫૦૦/- | ૫૪,૯૪,૫૦૦/- | ૦૦.૦૦ | ૧,૨૨,૧૦,૦૦૦/- | ૯૫,૨૩,૮૦૦/- | ૨,૧૭,૩૩,૮૦૦/- |

2. રજુ કરેલ ફાઇલ તથા પત્રકની ચકાસણી કરતા એજન્સીને કુલ ૧૨૪ પીકઅપ સ્ટેન્ડ બનાવવાનો ઇજારો આપેલ હતો. જે પૈકી કુલ ૧૧૦ પીકઅપ સ્ટેન્ડની લાયસન્સ ફી જમા કરાવવામાં આવેલ છે. જેથી ૧૪ પીકઅપ સ્ટેન્ડના તફાવતની પાંચ વર્ષની કુલ રૂા. ૪૬,૬૨,૦૦૦/-ની વસુલાત બાબતે સર્વે રીપોર્ટ તેમજ વસુલાત રજિસ્ટર ઓડિટ ચકાસણી અર્થે રજુ થયેલ ન હોઇ ખરેખર વસુલાતની ચકાસણી શક્ય બનેલ નથી. જેથી સર્વે રીપોર્ટ સહ વસુલાત રજીસ્ટર અદ્યતન કરવું રહે.
3. એજન્સીએ તા.૧-૫-૨૦૧૨થી તા.૩૧-૩-૨૦૧૩ સુધીનો સર્વિસ ટેક્ષ રૂા. ૧૭,૦૯,૪૦૦/-ઓડિટ વર્ષ દરમ્યાન સરકારશ્રીમા જમા કરાવેલ નથી જે એજન્સી પાસેથી વસુલ કરીને તે સરકારશ્રીમાં જમા કરાવવો રહે.
4. એજન્સી પાસેથી એડવાન્સ લાયસન્સ ફીની વસુલાત બાબતે એડવાન્સ લાઇનન્સ ફી વસુલાત રજીસ્ટર તથા પાવતી રજીસ્ટર નિભાવવુ રહે.

### ૩.૧૧ ઓ.એફ.સી.કેબલના વાર્ષિક ભાડાની નબળી વસુલાત બાબત. (ફકરા નં. ૩૭)

ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ અન્વયે મહાનગરપાલિકા હદની અંદર રસ્તાઓ બાંધવાની નિભાવવાની ફરજ મહાનગરપાલિકાની રહે છે. સદર રસ્તાઓ પર વિકાસની પ્રક્રિયાના ભાગ રૂપે મહાનગરપાલિકામાં ટેલિફોન/ગેસ પાઇપ લાઇન/ઓ.એફ.સી કેબલ કંપની તેમજ પાઇપ મારફતે ગેસ વિતરણ અંગે નેટવર્ક સ્થાપવા ઇચ્છતી કંપનીઓને રસ્તાઓના ખોદકામ કરવાની જરૂરીયાત રહે છે. જે અંગે થયેલ ખોદકામ બાદ રસ્તાઓ મહાનગરપાલિકાએ પુન: તૈયાર કરવાના રહે છે. જે અંગેનો ખર્ચ સરભર કરવા આ કંપનીઓ પાસેથી રીસ્ટોરેશન ચાર્જ વસુલવાનો રહે તથા વાર્ષિક ભાડું લેવાનું રહે છે. સદર બાબતે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગરના તા.૨૫-૦૪-૨૦૦૮ના ઠરાવ નં. નપલ/૧૦૦૭/૨૦૨૫/ચ અન્વયે દર નિયત કરી એકસુત્રતા જાળવવામાં આવેલ છે. જે મુજબ ઓ.એફ.સી. કેબલ નાંખવા બાબતે વનટાઇમ રીસ્ટોરેશન ચાર્જ, વાર્ષિક ભાડું અને સીક્યુરીટી ડીપોઝીટ લેવાનું ઠરાવવામાં આવેલ.

મહાનગરપાલિકા વડોદરા હસ્તકની વોર્ડ કચેરી નં.૧ થી ૧૩માં સને ૨૦૧૩-૧૪ માં ઓ.એફ.સી.કેબલ નાખવાની આપેલ મંજુરીની ફાઇલો ચકાસતાં કંપની દીઠ વર્ષ પ્રમાણે મંજુરીની ફાઇલો તેમજ નિયત નમુનામાં વસુલાત રજિસ્ટર અદ્યતન નિભાવવામાં આવેલ નથી.

ઉક્ત ઠરાવની શરત મુજબ નિયત કરેલ વાર્ષિક ભાડા પર દર ત્રણ વર્ષે ઉતરોત્તર ૧૦% નો વધારો આપો આપ ગણવાનો રહે છે. તેમજ બાકી વસુલાત પર ૧૮% વ્યાજની જોગવાઇઓ પણ નિયત થયેલ છે. મહાનગરપાલિકા દ્વારા ઉક્ત જોગવાઇનું પાલન ન કરેલ હોવાનું ધ્યાને આવેલ છે.

ઓ.એફ.સી.કેબલના વાર્ષિક ભાડાની બાકી વસુલાતની વિગત દર્શાવતુ પત્રક

| વોર્ડ નં. | પ્રા.વાંધા નંબર | કુલ માંગણુ રૂા. | કુલ વસુલાત રૂા. | વર્ષ૨૦૧૩-૧૪ ના અંતે બાકી રૂા. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨ | ૮ | ૧૦૬૭૫૯૮ | ૦ | ૧૦૬૭૫૯૮ |
| ૫ | ૧ | માહિતી મળેલ નથી | | |
| ૬ | ૪ | ૯૫૩૯૯૫૪ | ૦ | ૯૫૩૯૯૫૪ |
| ૭ | ૮ | વસુલાત રજીસ્ટર અદ્યતન ન હોઈ વિગત જાણી શકાયેલ નથી | | |
| ૮ | ૧ | માહિતી મળેલ નથી | | |
| ૯ | ૬ | ૩૨૮૮૬૮૩ | ૭૮૭૫ | ૩૨૮૦૮૦૮ |
| ૧૦ | ૧૦ | ૯૩૧૦૬૫ | ૧૧૨૨૯૦ | ૮૧૮૭૭૫ |
| ૧૧ | ૧૧ | ૩૬૭૧૯૩૯ | ૯૯૮૧૬૫ | ૨૬૭૩૭૭૪ |
| ૧૨ | ૧ | માહિતી મળેલ નથી | | |
| ૧૩ | ૧ | | | |
| | કુલ રૂા. | ૧,૮૪,૯૯,૨૩૯/- | ૧૧,૧૮,૩૩૦/- | ૧,૭૩,૮૦,૯૦૯/- |

ઉક્ત બાબતે ઉપર જણાવ્યા મુજબની વિગતે કુલ રૂા. ૧,૭૩,૮૦,૯૦૯/- ની વસુલાત દંડનીય વ્યાજ સહિત કરવાની રહે. તેમજ તમામ વોર્ડ કચેરીનાં ઓ.એફ.સી.કેબલનાં વાર્ષિક ભાડા વસુલાતના કિસ્સા રીવ્યુ કરી વસુલાત કરવા તેમજ વસુલાત રજિસ્ટર અદ્યતન કરવું રહે. (ઉક્ત બાકી વસુલાતમાં વોર્ડ નં- ૫,૭,૮,૧૨ અને ૧૩ ની માહિતીનો મળેલ નથી તેથી ગણત્રી થઇ શકેલ નથી.)

**૩.૧૨ આજવા પ્રતાપપુરા ફીડર કેનાલનો સર્વિસરોડ (કોદરવાયા બ્રિજથી આજવા ૬૨ દરવાજા સુધીનાં) વપરાશ પેટે જેટકો (ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન લિમિટેડ) કંપની પાસેથી લાગત વસુલ ન કરવા બાબત. (ફકરા નં. ૪૧)**

ગુજરાત સરકારશ્રીના નર્મદા જળસંપતિ પાણી-પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંકઃ સીએમઈ/૨૦03/૪૮૮/૧૦/પી,તા.૨૪/૬/૧૦ ની શરતો અને જોગવાઈ મુજબ સરકારશ્રી હસ્તકની નહેરો, નોટીફાઈડ નદીઓ-નાળાઓ, ડ્રેઈન્સની ક્રોસીંગ માટે સબંધિતને સરકારશ્રી સાથે જરૂરી કરાર તેમજ સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ દર (ક્ષેત્રફળ આધારીત ૯૫૦મી X૫મી.= ૪૭૫૦ ચો.મી. પ્રમાણે) સિક્યુરીટી ડિપોઝીટ, ભાડુ, મેઈન્ટેન્સ ચાર્જ તેમજ બિનપરવાનગી કરેલ વપરાશ અંગેના દંડની જોગવાઇ અને શરતો નીચે મુજબ નક્કી કરી તેમજ મંજુરી આપી વસુલ કરવાનું ઠરાવવામાં આવેલ છે.

| અ.નં. | વિગત | રકમ(રૂ) |
|---|---|---|
| ૧ | સિક્યુરીટી ડિપોઝીટની રકમ(રીફંડેબલ) | ૪૪,૨૯૦/- |
| ૨ | કરારનામા કરતી વખતે સિક્યુરીટી ડિપોઝીટની રકમ (નોન રીફંડેબલ) | ૪૪,૨૯૦/- |
| 3 | ભાડા પેટે (દર વર્ષે એપ્રિલ માસનાં પ્રથમ અઠવાડીયામાં જમા કરાવવાનાં રહેશે.) | ૯૧ (પ્રતિ મીટર પ્રતિ વર્ષે ઉત્તરોત્તર ૧૦% લેખે વધારો) |
| ૪ | મરામત અને જાળવણી ખર્ચ | ૯૧ (પ્રતિ મીટર પ્રતિ વર્ષે ઉત્તરોત્તર ૧૦% લેખે વધારો) |
| ૫ | મંજુરી વગર કરેલ કામ માટે દંડ | ૧૨૧૦૦ પ્રતિ ક્રોસીંગ |

સદરહું દરોમાં વર્ષ ૨૦૧૧-૧૨ (તા. ૧-૪-૧૧) થી પ્રતિ વર્ષ ૧૦% લેખે ઉત્તરોત્તર વધારો કરવાનો રહેશે.

ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિમિટેડ, જાંબુઆ દ્વારા આજવા ડેમના ૬૨ દરવાજા નજીક સબસ્ટેશન બાંધવાના કામ અંગે કોદરવાયા બ્રિજથી આજવા ડેમના ૬૨ દરવાજા તરફ આવતી ફીડર કેનાલની ૯૫૦ મીટરનો સર્વિસ રોડનો વપરાશની પરવાનગીનાં મુદ્દે પાણી પુરવઠા પ્રોજેક્ટસ, મહાનગરપાલિકા વડોદરાનો તા.૧૧-૧૨-૨૦૧૨ના પત્રનં. મુક/સંકલન/પા.પુ/એસ/ગીબી/૫૩૪/૧૨-૧૩ ની દરખાસ્ત સ્થાયી કમિટિમાં કરવામાં આવેલ જેના અનુંસંધાને કોર્પોરેશનની સામાન્ય સભાનાં ઠરાવ ક્રમાંક ૨૫૬/ તા.0૪-03-૨૦૧૩ દ્વારા સરકારનાં ઉક્ત તા.૨૪/૬/૨૦૧૦ નાં ઠરાવની

જોગવાઇ અને શરતો મુજબ જરૂરી કરાર કર્યા પછી કાર્યપાલક ઈજનેર પાણી પુરવઠા પ્રોજેક્ટનાં પત્રનં -૯૦૧૫, તા.૮/૩/૨૦૧૩ થી સદર સર્વિસ રોડના ભાડાની ગણતરી કરી ભાડુ જમા કરાવવા તેમજ કોર્પોરેશનની સાથે જરૂરી કરાર કરવા જેટકોને મંજુરી આપવામાં આવેલ હતી.

ઉપરોક્ત બાબતે પાણી પુરવઠા પ્રોજેક્ટ શાખાને સને ૨૦૧૨-૧૩ ના પ્રા.વા.નં૧૧૯ તથા ફકરા નં ૬ થી સને ૨૦૧૦-૧૧ થી ૨૦૧૨-૧૩ના સમયગાળાના કુલ રૂા. ! ૨૯,૭૮,૬૯૫/- ની લાગત વસુલ કરવા જણાવેલ હતુ જે અન્વયે સને ૨૦૧૩-૧૪ ના વર્ષના ઓડિટ દરમિયાન ૨૦૧૦-૧૧ થી ૨૦૧૨-૧૩ની કરેલ વસુલાત તથા ૨૦૧૩-૧૪ની વસુલાતની ઓડિટ ચકાસણી અંગે ફાઇલ તથા સાધનિક રેકર્ડ રજુ કરવા જણાવતા રજુ કરેલ નથી. જેથી ચકાસણી દરમિયાન તા.૧-૪-૨૦૧૦થી તા.૩૧-૩-૨૦૧૪ સુધીના સમયગાળાની રૂા. ૪૦,૨૪,૭૪૦/- જેટકો કંપની પાસેથી વસુલાત થયેલ નથી. જેથી કોર્પોરેશન દ્વારા સદરહુ લાગતોની વસુલાત મેળવવી રહે.

**૩.૧૩ ટાઉનપ્લાનીંગ સ્કીમના ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશનની નબળી વસુલાત બાબત. (ફકરા નં. ૬૬)**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ ની કલમ – ૮૭ અને ૮૯ ની જોગવાઈઓ મુજબ રાજ્ય સરકારશ્રી એ મંજૂર કરેલ ટાઉન પ્લાનીંગ સ્કીમો માટે પ્લોટ ધારકો પાસેથી ઠરાવેલ દરે વ્યાજ સહિત ઈન્ક્રીમેન્ટ કોન્ટ્રીબ્યુશનની વસુલાત કરવાની રહે છે.

જમીન મિલ્કત શાખાના કુલ ૧૭ ટી.પી.સ્કીમોની ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશનની વસુલાત ગુજરાત ટાઉનપ્લાનીંગ અને અર્બન ડેવલોપમેન્ટ એક્ટ ૧૯૭૬ ની કલમ-૭૭ મુજબ જમીન માલિકોને હિસ્સા ફોર્મ-ક આપતી વખતે અથવા બાંધકામની પ્રથમ વખત પરવાનગી આપતા સમયે વસુલ લેવાની હોવા છતાં પણ ઓડિટ વર્ષના અંતે નીચે મુજબ ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશનની વસુલાત કરવાની બાકી હતી.

| વર્ષ ૨૦૧૩-૧૪ ની શરૂઆતની બાકી રકમ. રૂા. | વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન વસુલ કરેલ રકમ રૂા. | વર્ષ ૨૦૧૩-૧૪ અંતે વસૂલાતની બાકી રકમ રૂા. | વસૂલાતની ટકાવારી |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| રૂા. ૨૦,૧૬,૫૯,૭૮૩/- | રૂા. ૭૨,૪૫,૯૬૭/- | રૂા. ૧૯,૪૪,૧૩,૮૧૬/- | ૨.૨૯% |

વસૂલાતની વિગત જોતા વસુલાત ઘણી જ નબળી હોઈ સઘન કાર્યવાહી કરી ૧૦૦% વસુલાત કરવી રહે.

**૩.૧૪ ડીફોલ્ટર્સ કોમર્શીયલ કનેક્શનની બાકી નાણાંની વસુલાત ન કરવા બાબત. (ફકરા નં. ૮૧)**

ગેસ કનેક્શન ગ્રાહક દ્વારા ગેસ વપરાશ બિલનાં નાણાં બે માસ સુધીમાં ભરપાઈ કરવામાં ન આવે તેવા ગ્રાહકોનો ગેસ સપ્લાય બંધ કરી બિલનાં નાણાં જમા કરાવેથી ગેસ સપ્લાય ચાલુ કરવામાં આવે છે. બે માસ પછી પણ ગ્રાહકો બાકી બિલનાં નાણાં જમા ન કરાવે તો તેઓને ડીફોલ્ટર્સ તરીકે ગણવામાં આવે છે. તેવી પ્રથા હાલમાં અમલમાં છે.

ગેસ શાખાએ રજુ કરેલ માહિતી અન્વયે ઓડીટ વર્ષમાં ગેસ વપરાશનાં બીલનાં નાણાં ગ્રાહકો દ્વારા ગેસ ખાતામાં જમા નહી કરાવતા તા.૩૧-૦૩-૧૪ સુધી કુલ ૧૬૧ કોમર્શીયલ ગેસ કનેક્શનો વર્ષ દરમ્યાન ડીફોલ્ટર્સ તરીકે ગણી ગેસ સપ્લાય બંધ કરવામાં આવેલ હતો.

વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન કુલ ૧૬૧ ડીફોલ્ટર્સની બાકી રહેલ રૂા.૫૫,૦૭,૩૯૯/-ની વસુલાત મેળવવા માટે શાખાએ સાદા પત્રથી ગ્રાહકોને જાણ કર્યા સિવાય અન્ય કરેલ કાર્યવાહી બાબતે આધારો રજુ કરેલ નથી.

રૂા.૫૫,૦૭,૩૯૯/-ની ડોમેસ્ટીક ડિફોલ્ટર્સની વસુલાત બાકી હોઇ ૧૦૦% વસુલાત કરવી રહે.

**૩.૧૫ કોર્પોરેશન હસ્તકના વિવિધ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી છોડવામાં આવેલ ટ્રીટેડ વોટરનો ઉપયોગ ન કરવા બાબત. (ફકરા નં. ૩૪)**

ઇલે.મિકે. સુએઝ ડી શાખાના સને ૨૦૧૩-૧૪ના વર્ષના ઓડિટ દરમ્યાન રજૂ થયેલ રેકર્ડ ચકાસતાં વડોદરા મહાનગર સેવાસદન દ્વારા કુલ ૭ સુએઝ ટ્રિટમેંટ પ્લાન્ટ (STPs)ની ઈજારદાર દ્વારા ઓપરેટીંગ એન્ડ મેન્ટેનન્સ (O&M)ની કામગીરી આ શાખાના સુપરવીઝન હેઠળ કરવામાં આવે છે. ઉક્ત ૭ સુએઝ પ્લાન્ટ (STPs) ની દૈનિક ૨૭૬.૫ MLD સુએઝ જનરેટ કરવાની ક્ષમતા છે જ્યારે

કોર્પોરેશન દૈનિક ૩૬૦ MLD સુએઝ જનરેટ કરે છે. સને ૨૦૧૧-૧૨ થી ૨૦૧૬-૧૭ દરમ્યાન આ પ્લાન્ટસનાં ઓપરેટીંગ અને મેઇન્ટેનન્સ પેટે રૂા. ૨૧,૫૯,૧૬,૭૮૩/- ખર્ચ કરેલ હોવાનુ સાધનિક રેકર્ડ પરથી જણાયેલ છે. સુએઝના ટ્રીટ્મેન્ટ કરેલ પાણીનો ઓછામાં ઓછો ૨૦% હિસ્સો બાગબગીચા, સિંચાઈ અથવા અન્ય બીજા યોગ્ય હેતુ માટે ફરીથી ઉપયોગમાં લેવાની સેન્ટ્રલ ફાયનાન્સ કમિશનની ગાઈડલાઈન છે.

કોર્પોરેશનને રજુ કરેલ રેકર્ડ અન્વયે સયાજીગાર્ડનનો ૮.૫ MLD (STP) સુએઝ પ્લાન્ટ સિવાય અન્ય ૬ પ્લાન્ટસ સુએઝ ટ્રીટમેન્ટ કરેલ પાણીનો ફરીથી ઉપયોગ કરતા ન હોવાનું જણાયેલ છે. તેમજ ૨૭૬.૫ MLD (૭૭%) ની કેપેસીટી સામે દૈનિક ૩૬૦ MLD સુએઝ જનરેટ કરતાં ૮૩.૫ MLD સુએઝ ટ્રીટમેન્ટ કર્યા સિવાય સીધુ રૂપારેલ તેમજ ભૂખીકાંસ તેમજ વિશ્વામિત્રી નદીમાં છોડવામાં આવે છે જે અંગે નીચે મુજબ ઓડિટ અનિયમિતતા ધ્યાને આવેલ છે.

1. કોર્પોરેશન દ્વારા ટ્રીટમેન્ટ કરેલ સુએઝના પાણીનો ઓછામાં ઓછો ૨૦% ઉપયોગ બાગબગીચા તથા સિંચાઈ તેમજ અન્ય બીજા યોગ્ય હેતુ માટે કરવામાં આવતો નથી.
2. ટ્રીટમેન્ટ કર્યા સિવાયનુ ૮૩.૫ MLD મલીન જળ સીધેસીધુ નદી/કાંસમાં છોડવાનાં કારણે પાણી પ્રદુષિત થતા પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ અંગેના ૧૯૮૧ના કાયદાનો ભંગ થાય છે.
3. GPCB (ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ)ના નક્કી કરેલ નોર્મ્સનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના ઓપરેટીંગ એન્ડ મેન્ટેનન્સની કાર્યવાહીમાં ઇજારદાર દ્વારા અમલ થતો નથી.
4. સને ૨૦૧૩-૧૪નાં વર્ષમાં રજુ થયેલ રેકર્ડની ચકાસણી કરતાં પબ્લિક હેલ્થ લેબોરેટરી મહાનગર સેવાસદન વડોદરાનાં પત્ર જા.નં. એચ.ઈ.એલ- ૨૨૦-૧૪-૧૫ તા.-30/3/૨૦૧૫ અન્વયે નીચે જણાવેલ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરીનાં રીઝલ્ટ જીપીસીબી (GPCB) નાં ધારાધોરણ મુજબ ન હોવાના કારણે સને ૨૦૧૩-૧૪ના વર્ષ માટે નીચે મુજબની પાણી ઉપકરની રકમ વડોદરા મહાનગર સેવાસદનને દંડ પેટે ભરવા જણાવેલ છે.

| અ. નં. | સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ | ભરવાપાત્ર રકમ રૂા. | ભરેલ રકમ રૂા. | વસુલાત રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | અટલાદરા (૪૩ એમ.એલ ડી) નવો | ૪,૧૦,૬૨૫/- | ---- | ૪,૧૦,૬૨૫/- |
| ૨ | અટલાદરા (૪૩ એમ.એલ ડી) જુનો | ૪,૧૦,૬૨૫/- | ---- | ૪,૧૦,૬૨૫/- |
| ૩ | ગાજરવાડી (૬૬ એમ.એલ ડી) | ૫,૭૪,૮૭૫/- | ---- | ૫,૭૪,૮૭૫/- |
| ૪ | તરસાલી (૫૨ એમ.એલ ડી) | ૪,૨૭,૨૧૪/- | ---- | ૪,૨૭,૨૧૪/- |
| | કુલ રૂા. | ૧૮,૨૩,૩૩૯/- | ---- | ૧૮,૨૩,૩૩૯/- |

GPCB ના નોર્મ્સ મુજબ ઈજારદારશ્રીએ ઓપરેટીંગ એન્ડ મેન્ટેનન્સની કામગીરી ન કરેલ હોય તો કયા કારણસર ઈજારદારશ્રીના બીલમાંથી દંડની કપાત કરવામાં આવેલ નથી. પાણી ઉપકરની રકમમાં GPCB નાં નોર્મ્સ જળવાતા ન હોઈ રીબેટ ન મળવાના કારણે કોર્પોરેશન પર આર્થિક ભારણ વધે છે "મ્યુનિસિપલ વેસ્ટ વોટર મેનેજમેન્ટ અંતર્ગત GPCB નાં પેરામીટર્સ" મુજબ કાર્યવાહી થયેલ નથી.

### ૩.૧૬ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા વાહન ભાડે રાખવા માટેનાં ખર્ચ અંગેનું રેકર્ડ ન નિભાવવા અંગેની અનિયમિતતા બાબત. (ફકરા નં. ૫૪)

વડોદરા મહાનગરપાલિકાનાં સને ૨૦૧૩-૧૪નાં અંદાજપત્રમાં બજેટ કોડ B-૦૭૦૨૩૧૨માં વાહનો ભાડે રાખવા માટે રૂા. ૧,૦૦,૦૦,૦૦૦ (રૂા. એક કરોડ)ની જોગવાઈ કરવામાં આવેલ છે.

શાખા દ્વારા રજુ કરેલ બજેટ ખતવણી રજીસ્ટરની ચકાસણી કરતા બીલ નં.૨૭ થી ૩૦ થી રૂા.૧૭,૫૧,૫૨૦/-નો ખર્ચ કરેલ છે જેના સમર્થનમાં ખર્ચના વાઉચર ઓડિટ અર્થે રજુ કરેલ નથી. વધુમાં, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાને વાહનો ભાડે રાખવા આનુષંગિક રેકર્ડ પણ રજુ કરેલ નથી.

| બીલ નં. | તારીખ | વિગત | મંજુર થયેલ ગ્રાંટ | ખર્ચની રકમ રૂા. | બચત રૂા. |
|---|---|---|---|---|---|
| ૨૭ થી ૩૦ | ૭/૫/૨૦૧૩ | વાહન ભાડે રાખવા માટે | ૧,૦૦,૦૦,૦૦૦/- | ૧૭,૫૧,૫૨૦/- | ૮૨,૪૮,૪૮૦/- |

જેથી રેકર્ડ નહિં નિભાવવાનાં કારણે થયેલ ઉચાપત, નાણાકીય અનિયમિતતા નહી થવાની ઓડિટને ખાત્રી થયેલ નથી.

**૩.૧૭ ડામરના સ્ટારરેટની ચુકવણીના તથા તેના ટેસ્ટ રીપોર્ટના આધારો રજુ ન કરવા બાબત. (ફકરા નં. ૬૨)**

સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના તા.૩૧/૮/૮૧ ના ઠરાવ ક્રમાંક- ટીએનસી-૧૦૮૯-(૪)-સ થી ટેન્ડર ફોર્મના ક્લોઝ ૫૯-એ (બી-૨) મુજબ ડામર રોડના કામોમાં ઈજારદાર દ્વારા ખરીદ કરેલ ડામરનો દર અને એક્સ રીફાઈનરી (કોયલી)ના પાયાના ભાવમાં જો તફાવત હોય તો કરારની શરતો મુજબ ભાવ તફાવત આપવાનો રહે છે. આ ઉપરાંત ગુજરાત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગનાં તા. ૦૨/૦૯/૨૦૦૮ નાં અને તા. ૦૮/૧૨/૨૦૦૮ નાં પરિપત્રમાં કરેલ જોગવાઈ મુજબ જો ઈજારદાર આયાતી ડામર ખરીદી વર્કઓર્ડર આપેલ કામમાં વપરાશ કરે તો ડામર ભાવ તફાવત માટે આયાતી ડામર ખરીદીનાં સમયે ભારત સરકારની રીફાઈનરીનો ભાવ અને આયાતી ડામર ખરીદીનાં ભાવ પૈકી જે ભાવ ઓછો હોય તે મુજબ ભાવ તફાવત ચૂકવવા/વસુલ લેવાનાં રહે છે.

(૧) સરકારશ્રીના ઉક્ત પરીપત્ર ની જોગવાઈ મુજબ ડામરની ખરીદીની તારીખે IOCL અથવા HPCL માંથી જેનાં ભાવ ઓછા હોય તે ભાવ ધ્યાને લઈ ડામરના સ્ટારરેટ તફાવતની ચૂકવણી કરવાની હોવા છતાં HPCL ના ડામરના ભાવ સામે ટેન્ડરના એનેક્ષર સી અને ડી મુજબ નક્કી કરેલ સ્ટારરેટ મુજબ ભાવ તફાવતની ચૂકવણી કરેલ હોવાનું જણાયેલ છે. ડી.ટી.પી. મંજૂર કર્યા સમયે એનેક્ષર સી અને ડી માં SOR મુજબ નક્કી કરેલ ડામરનો સ્ટારરેટ અંગેના આધાર પુરાવા વર્ક ફાઈલ, ટેન્ડર પેપર સાથે સામેલ રાખવામાં આવેલ નથી, જેથી મૂળ ફકરામાં સામેલ સ્ટારરેટ તફાવતના પત્રકની વિગતે ઈજારદારને રકમ રૂા.૭૨,૮૧,૧૪૪=૮૮નો સ્ટારરેટ તફાવત ચૂકવેલ. જેથી ડ્રાફ્ટ ટેન્ડર પેપર મંજૂરી સમયે આર. એન્ડ બી વિભાગના તા.૨૧/૧૧/૯૮ અને નાણાં વિભાગનાં તા.૦૪/૧૦/૦૫ નાં ઠરાવ મુજબ કોયલી રિફાઈનરીનાં સ્ટારરેટ મંજૂર કર્યા અંગેના સક્ષમ અધિકારીશ્રીનાં હુકમ / SOR મુજબ સ્ટારરેટ મંજૂર કર્યાનાં આધાર વર્ક ફાઈલે સામેલ ન હોવાથી સ્ટારરેટ તફાવતની ચુકવણીની વ્યાજબીપણાની ખાત્રી થઈ શકેલ નથી.

(૨) માર્ગ અને મકાન વિભાગનાં ઠરાવ ક્ર. ટી.એન.સી/ ૧૦૮૫ (૪)/અ તા. ૧૦-૦૫-૧૯૮૫ તથા તા. ૨૦-૧૨-૧૯૯૧ તેમજ ટેન્ડર બુકલેટ બી-૧ (ક્લોઝ નં. ૭૭) તથા ટેન્ડર બી-૨ (ક્લોઝ નં. ૭૬) હેઠળની જોગવાઈ મુજબ કામોમાં વાપરવામાં આવતાં માલસામાન નું ટેસ્ટીંગ ગુજરાત ઈજનેરી અને સંશોધન સંસ્થા (ગેરી) પાસે કરાવીને વાપરવાનો રહે છે. અને ઈજારદાર પોતે મટીરીયલ ટેસ્ટીંગ કરાવે તો ટેસ્ટીંગ રીપોર્ટ ઈજારદાર પાસેથી મેળવી યોગ્ય ગુણવત્તાની ચકાસણી સહ ફાઈલે રાખવાનાં રહે છે અને જો સંસ્થા મટીરીયલનું ટેસ્ટીંગ કરાવે તો ઈજારદારના ચૂકવણીના બીલોનાં ૧% મુજબ ટેસ્ટીંગ ચાર્જની કપાત કરવાની રહે છે. જે કરેલ નથી.

(૩) ટેન્ડરની ચકાસણી કરતાં ઇજારદારે સરકાર માન્ય સંસ્થામાં મટીરીયલ ટેસ્ટીંગ કરાવીને વાપરવાનો તેમજ ટેસ્ટીંગ રીપોર્ટ રજુ કરવા અંગેનો ક્લોઝ રાખેલ છે. જે અંગે વર્ક ફાઈલ અંગેની ચકાસણી કરતાં ઈજારદાર દ્વારા ખાનગી લેબોરેટરી સંસ્થામાં મટીરીયલ ટેસ્ટીંગ કરાવેલ હોવાનું જણાયેલ છે પરંતુ ઈજારદાર પાસેથી તબક્કાવાર ટેસ્ટીંગ કરાવેલ મટીરીયલની ગુણવત્તા ચકાસણી કર્યા અંગેના રીપોર્ટ મેળવી ફાઈલે સામેલ રાખેલ નથી. જેથી ટેન્ડર સ્પેશિફીકેશન મુજબ યોગ્ય ગુણવત્તાયુકત માલ સામાનનો વપરાશ થયા બાબતે ખાત્રી થઇ શકેલ નથી. આમ, ઉપરોક્ત જણાયેલ વિગતે મુદ્દા નં: (૧) અને (૨)ની વિગતવાર સ્પષ્ટતા તેમજ આધાર સહ થયેલ ખર્ચના વ્યાજબીપણાની ઓડીટને ખાતરી થયેલ નથી.

**૩.૧૮ ડામર રોડનાં કામે સ્ટારરેટ તફાવતની અનિયમિત ચૂકવણી કરવા બાબત. (ફકરા નં. ૬૩)**

ગુજરાત સરકાર, માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક: એસટીઆર/૧૦૯૭/ ૮૨/હ, તા. ૨૧/૧૧/૯૮ માં જણાવ્યા મુજબ રૂા.. ૧૫.૦૦ લાખથી વધુ અંદાજીત કિંમતનાં ડામરનાં કામોમાં ડામરનાં ભાવ તફાવતની જોગવાઈનો અમલ નીચે મુજબ કરવાનું ઠરાવેલ છે.

(૧) ડામરનો જરૂરી સ્ટારરેટ જે માસમાં ડી.ટી.પી. મંજૂર થાય તે માસનાં રિફાઈનરીનાં ભાવ ટેન્ડરમાં જથ્થા સાથે દર્શાવવાનો રહેશે.

(૨) ઈજારદારને વર્ક ઓર્ડર આપ્યા બાદ જે ડામર ખરીદે તે રિફાઈનરીનાં મૂળ બીલો રજુ કરી અને ખરીદેલ જથ્થો વર્ક ઓર્ડર મુજબનાં કામમાં વાપરે ત્યારે અને ટેન્ડર મુજબની મુળ સમય મર્યાદામાં કામ પૂર્ણ કરે ત્યારે બીલોનાં ખરીદભાવ સાથે ડી.ટી.પી જે માસમાં મંજૂર થાય તે માસનાં જણાવેલ સ્ટારરેટ વચ્ચે તફાવત જણાય તો ચુકવણી/રીકવરી કરવાની રહેશે.

રોડ પ્રોજેક્ટ શાખાનાં સને ૨૦૧૩-૧૪ નાં ઓડિટ દરમ્યાન રોડ શાખા દ્વારા રજુ કરેલ પૂર્ણ થયેલ કામોની સાધનિક રેકર્ડથી ચકાસણી કરતાં, પ્રતાપનગર ત્રણ રસ્તાથી કપુરાઈ ચાર રસ્તા સુધીનાં ડભોઈ રોડનું કામ સ્થાયી કમિટિનાં ઠરાવનં. – ૪૫૯, તા. ૨૩/૧૧/૨૦૦૬ થી અંદાજીત રકમ રૂા. ૬,૬૯,૨૯,૦૦૦/- થી ૮.૪૯% વધુ ટેન્ડર ભાવપત્રક રૂા. ૭,૨૬,૧૧,૨૭૨/- નું મંજૂર કરી ઈજારદારશ્રી આર.કે. કન્સ્ટ્રકશન પ્રા. લિ. ને સદરહું કામનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો. સદરહું કામની મુદ્દત-૨૭૫ દિવસની નિયત કરવામાં આવેલ હતી. ઈજારદારે સદરહું કામ તા. ૩૦/૯/૨૦૦૮ સુધીમાં કે તે પહેલાં પૂર્ણ કરવાનું થતું હતું. પરંતુ ઈજારદારે તા. ૨૦/૫/૧૩ નાં રોજ પૂર્ણ કરેલ હતું. રોડ શાખા દ્વારા સદરહું કામે ઈજારદારને જુદા જુદા સમયાંતરે કુલ ૧૨૫૧ દિવસનો વિલંબ મંજૂર કરવામાં આવેલ હતો. વર્ક ફાઈલ સાથે સામેલ ઈજારદારનાં રનીંગ બીલ તથા ફાયનલ ચૂકવણાનાં બીલની સાધનિક રેકર્ડથી ચકાસણી કરતાં રોડશાખા દ્વારા સદરહું કામ પેટે ઈજારદારને રૂા. ૬,૦૮,૮૩,૨૬૧/- + રૂા. ૧,૬૩,૪૯,૮૭૨/- સ્ટારરેટ તફાવત સાથે કુલ રૂા. ૭,૭૨,૩૩,૧૩૩/- નાં ખર્ચની ચુકવણી કરવામાં આવેલ હતી. જે અંગે નીચે મુજબની અનિયમિતતા જણાયેલ હતી.

સદરહું કામનું ડ્રાફ્ટ ટેન્ડર પેપર સક્ષમ અધિકારીશ્રી દ્વારા તા. ૦૩-૧૦-૨૦૦૬ નાં રોજ મંજૂર કરવામાં આવેલ હતું. તે મુજબ શાખા દ્વારા સદરહું તારીખનાં રિફાઈનરીનાં ભાવ ટેન્ડરમાં એનેક્ષર સી અને ડી માં અનુક્રમે VG-10 અને VG-30 ડામરગ્રેડનાં જથ્થા સાથે સ્ટારરેટ નીચેની વિગતે નકકી કરવામાં આવેલ હતો.

| અ. નં | ડામરનો ગ્રેડ | જથ્થો મેટ્રીક ટન | ડી.ટી.પી મંજૂર કર્યા તા. ૦૩/૧૦/૦૬ (મે.ટન) નાં રોજ મંજૂર કરવા પાત્ર ભાવ | અંદાજ તૈયાર કર્યા તા. ૧૬/૦૪/૦૬ નાં રોજ નક્કી કરેલ ભાવ (મે.ટન) | સ્ટારરેટ તફાવત (મે.ટન) | વસુલાતપાત્ર રકમ |
|---|---|---|---|---|---|---|
| ૧ | VG-10 | ૫૧૨.૯૪૪ | રૂા. ૨૧૦૧૨.૯૭ | રૂા. ૧૯૪૫૮.૮૮ | (-) ૧૫૫૪.૦૯ | ૭,૯૭,૧૬૧/- |
| ૨ | VG-30 | ૫૭૧.૦૫૮ | રૂા. ૨૩૨૨૬.૭૮ | રૂા. ૨૧૩૪૩.૨૬ | (-) ૧૮૮૩.૫૨ | ૧૦,૭૫,૫૯૯/- |

ઉપરોક્ત જણાવેલ વિગતે રોડ શાખા દ્વારા ટેન્ડરમાં એનેક્ષચર "સી" અને "ડી" માં ડી.ટી.પી. મંજૂર કર્યા તારીખનો રિફાઈનરીનો ભાવ સ્ટારરેટ તરીકે ધ્યાને ન લેતાં કામનાં અંદાજ તૈયાર કર્યા તારીખ ૧૬/૦૪/૨૦૦૬ નાં રોજનો રિફાઈનરીનો ભાવ સ્ટારરેટ તરીકે મંજૂર કરતાં અનુક્રમે (૧) VG-10માં રૂા.(-)૧૫૫૪.૦૯ અને (૨) VG-30 માં રૂા. (-)૧૮૮૩.૫૨ મુજબ ઈજારદારને સદર કામે વપરાશમાં લીધેલ ડામરનાં જથ્થામાં સ્ટારરેટ તફાવતની વધુ અનિયમિત રીતે ચુકવણી કરેલ હોવાનું જણાયેલ છે. ઈજારદારે સદરહું કામે ડામરગ્રેડ VG-10 નો કુલ ૫૧૨.૯૪૪ મે.ટન અને VG-30 નો કુલ ૫૭૧.૦૫૮ મેટ્રિક ટનનો જથ્થો વપરાશ લીધેલ હોવાનું જણાયેલ છે. તે મુજબ રૂા. ૧૮,૭૨,૭૬૦/- વધુ ચુકવાયેલ સ્ટારરેટ તફાવત અંગે આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે. અન્યથા ઈજારદાર પાસેથી વસુલાત કરવી રહે.

### ૩.૧૯ "ચિરંજીવી યોજના" ના અમલમાં થયેલ અનિયમિતતા તથા તેનું રેકર્ડ રજૂ ન થવા બાબત. (ફકરા નં. ૨૭)

રાજ્યમાં માતા અને બાળ મૃત્યદર ઘટાડવા "ચિરંજીવી યોજના" સુદઢ કરવાના અભિગમ સાથે રાજ્ય સરકારે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ નં-એફ.પી.ડબલ્યુ./૧૦૨૦૧૩/૭૩/બ-૧, તા.૨૯/૦૭/૨૦૧૩ અન્વયે રાજ્યના તમામ જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર, નગરપાલિકા વિસ્તાર, મહાનગરપાલિકા વિસ્તાર અને નોટિફાઈડ એરિયામાં "ચિરંજીવી યોજના" અમલમાં મુકેલ છે.

આ યોજનાનો લાભ રાજ્યના ફક્ત ગરીબી રેખા (B.P.L.- Below Poverty Line) હેઠળના કુટુંબની માતાઓને તેમજ રાજ્યના ગરીબી રેખા ઉપરના (A.P.L.-Above Poverty Line) પરંતુ આવકવેરો ન ભરતા હોય તેવા અનુસુચિતજનજાતી કુટુંબની માતાઓને લાગુ પાડવામાં આવેલ છે.આ ઠરાવની શરત નં-૨ મુજબ ખાનગી સ્ત્રીરોગ નિષ્ણાંત ડૉક્ટરોને કુલ-૧૦૦ પ્રસુતિના રૂા. ૩,૮૦,૦૦૦/- (એટલે કે પ્રસૂતિ દીઠ રૂા. ૩,૮૦૦/- લેખે) ઠરાવની તારીખથી ચુકવવાનાં હતા. જેમાં, પ્રસૂતિદીઠ ટ્રાન્સપોર્ટેશન ચાર્જિસ રૂા. ૨૦૦/- નો સમાવેશ થતો હતો જે અન્વયે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકની આરોગ્ય શાખાને "ચિરંજીવી યોજના" અંતર્ગત નીચે મુજબ ગ્રાંટ મળેલ છે.જે આરોગ્ય શાખાએ રજુ કરેલ પત્રક તથા લેજર મુજબ અર્બન હેલ્થ સોસાયટીના અધર ફંડના બેંક ઓફ બરોડા, ખંડેરાવ માર્કેટ A/C No.૦૧૯૧૦૧૦૦૦૧૩૫૮૫ માં જમા કરાવેલ છે.

| અનં | ગ્રાંટનું સદર | અગાઉ નાં વર્ષની બચત ગ્રાંટ રૂા. | સને ૨૦૧૩-૧૪ માં મળેલ કુલ ગ્રાંટ રૂા. | સને ૨૦૧૩-૧૪ માં મળેલ કુલ ગ્રાંટ | સને ૨૦૧૩-૧૪ માં થયેલ ખર્ચ રૂા. | તા.૩૧/૦૩/૧૪ ના રોજ બચત ગ્રાંટ રૂા. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૨૧૧ પરિવાર કલ્યાણ | --- | ૫,૦૦,૦૦૦/- | ૧૭,૦૦,૦૦૦/- | ૪,૨૫,૬૭૧/- | ૧૨,૭૪,૩૨૯/- |
| ૨ | ૨૨૧૧ પરિવાર કલ્યાણ | --- | ૨,૦૦,૦૦૦/- | | | |
| ૩ | ૨૨૧૧ પરિવાર કલ્યાણ | --- | ૧૦,૦૦,૦૦૦/- | | | |

(૧) તા.૨૯-૦૭-૨૦૧૩ના ઠરાવની શરત નં. ૫ અન્વયે કોર્પોરેશન કક્ષાએ "ચિરંજીવી યોજના" માં ડૉક્ટરો/નર્સીંગહોમ ને એક્રેડીટેશન આપવા માટે નિયત થયેલ સમિતિની રચના કરેલ નથી તેમજ તેઓ દ્વારા ઠરાવ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબના ચેકલીસ્ટ અન્વયે ખાનગી સ્ત્રીરોગ નિષ્ણાંતને યોજનામાં સામેલ કરી એમઓયુ કરેલ હોવાના આધાર ઓડિટ દરમ્યાન રજુ કરેલ નથી.

(૨) તા.-૨૯/૦૭/૨૦૧૩ ના ઠરાવની શરત નં. ૪ મુજબ કોર્પોરેશનમાં મેડિકલ ઓફીસર ઓફ હેલ્થ આ યોજના વિશે કોર્પોરેશન વિસ્તારના સ્ત્રીરોગ નિષ્ણાંત ડૉક્ટરોની મીટીંગ બોલાવી વિસ્તૃત માહિતી આપેલ હોવાના આધારો ઓડિટ દરમ્યાન રજુ કરેલ નથી.

(૩) તા.૨૯/૦૭/૨૦૧૩ ના ઠરાવની શરત નં. ૬ મુજબ આ યોજનામાં જોડાવા ઈચ્છતા ખાનગી સ્ત્રીરોગ નિષ્ણાંત સાથે કરેલ કરાર ઓડિટ દરમ્યાન રજુ કરેલ નથી જેથી કેટલા ડૉક્ટર આ યોજનામાં જોડાયેલ છે તેની ઓડિટ ચકાસણી શક્ય બનેલ નથી.

(૪) તા.૨૯/૦૭/૨૦૧૩ ના ઠરાવની શરત નં. ૭ મુજબ સમજુતી કરાર મુજબ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની પ્રસુતિ અંગે નિ;શુલ્ક અને તાત્કાલિક પ્રસુતિ સારવાર પુરી પાડવામાં આવશે તેમજ દવાઓ અથવા અન્ય ચીજવસ્તુઓ માટે કોઇ પ્રીસ્ક્રીપ્શન લખી આપશે નહિં અને પ્રસુતાને રૂા.૨૦૦/- ની મર્યાદામાં ટ્રાન્સપોર્ટ ચાર્જ ચુકવવામાં આવશે અને કોઈ ફરીયાદ હોય તો " મેડિકલ ઓફીસર ઓફ હેલ્થ કોર્પોરેશન, ફોન નં. .... નો સંપર્ક કરી શકશે " ના લખાણવાળું ૨ ફુટ*૩ ફુટનાં માપનું સાઈનબોર્ડ લગાડવાનું હતું.પરંતુ બોર્ડ લગાડ્યા અંગેના કોઈ આધાર ઓડિટમાં રજુ કરેલ નથી.

(૫) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૯/૦૭/૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક એફપીડબલ્યુ/૧૦૨૦૧૩/૭૩/બ-૧ સાથેનું જોડાણ પરિશિષ્ટ-૨ "ચિરંજીવી કરારનામુ" શરતો અને બોલીઓ ની શરત નં-૮ મુજબ કરાર કરનાર ખાનગી સ્ત્રીરોગ નિષ્ણાંત ડૉક્ટરને આરોગ્ય શાખાએ રૂા. ૨૫,૦૦૦/- પેશગી તરીકે ચૂકવવાની જોગવાઈ છે. તેમજ શરત નં ૧૪ મુજબ પેશગીમાંથી વણવપરાયેલ તમામ ભંડોળ તબીબે કોન્ટ્રાક્ટનો સમયગાળો પુરો થાય તેના ૩૦ દિવસની અંદર ક્રોસ્ડ ચેક/ડીમાન્ડડ્રાફ્ટ દ્વારા આરોગ્ય શાખાને પરત કરવાના કરાર કરેલ છે. આરોગ્યશાખાએ સને ૨૦૧૩-૧૪ ના વર્ષનાં નિભાવેલ લેજરની પ્રતિક ચકાસણી કરતા કુલ ૮ ખાનગી સ્ત્રીરોગ નિષ્ણાંત ડૉક્ટર ને "ચિરંજીવી યોજના" અંતર્ગત પેશગી રૂા. ૨,૦૦,૦૦૦/- ચૂકવાયેલ છે અને સરભર કરાયેલ નથી. જે ખર્ચ તરીકે ઉધારવામાં આવેલ છે જે સુસંગત નથી સબંધિત તબીબોને પુન: મંજૂરી આપેલ ન હોય તો ચૂકવેલ પેશગી સરભર કરવી રહે.

(૬) સને ૨૦૧૩-૧૪ની "ચિરંજીવી યોજના"ની કુલ રૂા. ૧૭,૦૦,૦૦૦/- ની ગ્રાંટ પૈકી રૂા. ૧૨,૭૪,૩૨૯/- ની ગ્રાંટ ઓડિટ તારીખ સુધી વણવપરાયેલ છે, જેથી લાભાર્થી સહાયથી વંચિત રહેલ છે. યોજનાનાં અમલીકરણમાં યોગ્ય આયોજનના અભાવે યોજનાનો હેતુ સિધ્ધ થયેલ નથી. ઘણા લાંબા સમયથી અર્બન હેલ્થ સોસાયટી અધર ફંડનાં એકાઉન્ટમાં ગ્રાંટ રાખવાથી સરકારી નાણાંની ઉચાપત થવાની શક્યતા નકારી શકાય નહિ. જેથી લાંબા સમયથી વણવપરાયેલ ગ્રાંટ સરકારશ્રીમાં પરત જમા કરાવવી રહે.

(૭) "ચિરંજીવી યોજના" અંતર્ગત સંસ્થાએ અલગથી હિસાબો નિભાવેલ સંલગ્ન રેકર્ડ તથા થયેલ ખર્ચનાં વાઉચર, પાવતી તથા કેશબુક ઓડિટમાં રજુ કરેલ નથી.

## ૩.૨૦ બીએસયુપી (JnNurm) યોજના હેઠળ શહેરી ગરીબો માટેના આવાસો બાંધકામની ફેઝ-૩ હેઠળ પેકેજ-૫ ની કામગીરી બાબત. (ફકરા નં. ૪૬)

રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને કોર્પોરેશન (ULB) અનુક્રમે ૫૦%, ૨૦% અને ૩૦% ફાળો ભેગો કરીને જે.એન.એન.યુ.આર.એમ. યોજના હેઠળ શહેરી ગરીબો માટે આવાસ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. જેથી તમામ નાગરિકોને પાયાની ઘર, પાણી, ગટર, આરોગ્ય, શિક્ષણની સુવિધા મળી રહે.

સ્થાયી સમિતિના ઠરાવ નં- ૪૧૮ તા.૨૬/૧૦/૦૬ હેઠળ પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ તરીકે "મલ્ટિમેનટેક ઈન્ટરનેશનલ પ્રા.લી." ને આવાસની સમગ્ર કામગીરીની દેખરેખ માટે નિમણૂંક કરવામાં આવેલ. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના પત્ર ક્રમાંક ૩૪૮૨ તા.૦૬/૦૩/૧૦ થી "મલ્ટીમેનટેક ઈન્ટરનેશનલ પ્રા.લી." ને વર્કઓર્ડર આપી કરાર કરવામાં આવેલ, કરારમાં કરાર કર્યા તારીખ દર્શાવેલ નથી. વર્કઓર્ડરમાં સ્કોપ ઓફ વર્ક અને શરતો અને ફીનું ધોરણ નક્કી કરવામાં આવેલ છે. જે.એન.એન.યુ.આર.એમ. યોજના હેઠળ ફેઝ-૩ માં ૬૦૯૬ કુલ આવાસ બાંધવાનું નક્કી કરવા આવ્યુ તે પૈકી પેકેજ– ૫ હેઠળ ૯૧૨ આવાસ બાંધવાના થતા હતા.

(૧) પ્રથમ વખતના ટેન્ડરમાં રણજીત બિલ્ડકોન દ્વારા લોએસ્ટ ભાવ ભરવામાં આવેલા જે અંદાજીત ભાવથી ૨૩.૫૦% જેટલા ઊંચા હતાં. (વાટાઘાટ બાદ) તેમ છતા રીવાઇઝ ટેન્ડર મંગાવેલ તથા બીજી વખતનું માંગેલ ટેન્ડર માન્ય ન રાખી ત્રીજી વખત રીવાઇઝ ટેન્ડર PRO No.૮૧૭/૧૧-૧૨ નવેમ્બર-૧૧ થી બહાર પાડેલ જેમાં ચેતન વ્યાસ એન્ડ એસોસિએટસને ફેઝ–૩ પેકેજ–૫ની કામગીરી વર્ક ઓર્ડર નં. ૨૫૮૯ તા.૧૯/૦૩/૨૦૧૨ થી સુપ્રત કરવામાં આવેલ છે. તો ઉક્ત બે વાર રીવાઇઝ ટેન્ડર મંગાવવા બાબતે આધારસહ ખાત્રી કરાવવી રહે.

(૨) પ્રથમ, બીજા અને ત્રીજા ટેન્ડરનાં DPR ના એસ્ટીમેટમાં (GWSSB) SOR ૨૦૦૮-૦૯ અને વડોદરા આરએન્ડબી નાં (૨૦૦૭-૦૮) ધ્યાને લીધેલ છે. એસ્ટીમેટ ૨૦૧૧-૧૨ ના SOR મુજબ ન બનાવવા તથા અવાસ્તવિક અંદાજો તૈયાર કરવા બાબતે ઓડીટણે ખાત્રી કરાવવી રહે.

(૩) મકાન અને માર્ગ વિભાગના તા.૧૫/૦૬/૨૦૧૧ ના ઠરાવથી રૂા. ૫૦ કરોડ કે તેથી વધુ રકમના ટેન્ડરો માંગવા માટે પૂર્વ લાયકાત આવશ્યક ગણવામાં આવી છે અને પૂર્વ લાયકાતના ધોરણોમાં બીડ કેપેસીટીનો સમાવેશ કરેલ છે, ફેઝ–૩ની અંદાજીત રકમ રૂા. ૧૪૯૨૯.૬૫૫ (લાખમાં) અંગે નોંધના પેજ નં- ૨૨ પરની નોંધમાં બીડ કેપેસીટીનો ક્લોઝ દૂર કરવાનો નિર્ણય લેવામાં આવેલ. આમ બીડ કેપેસીટીનો ક્લોઝ દૂર કરવા બાબતે આધારસહ ખાત્રી કરાવવી રહે.

(૪) ત્રીજી વખત ટેન્ડર ઈન્વાઈટ કરીને ચેતન વ્યાસ એન્ડ એસોસીએટ્સને સૌથી ઓછા ભાવ હોઈ વર્કઓર્ડર આપેલ.

(૫) જમીન સંપાદન સમયસર થયેલ ન થવાથી કામગીરી તા. ૧૮/૯/૧૫ ના બદલે તા. ૨૭/૪/૧૬ ના રોજ વિલંબ પૂર્ણ થયેલ છે. જે મલ્ટીમેનટેક ઈન્ટરનેશનલ પ્રા.લી.ના સ્કોપ ઓફ વર્કમાં દર્શાવેલ "Prepration Of Detailed Project Report Including Survey Investigation & Design" ની કામગીરીમાં કાળજી ન રાખવા બાબતે આધારસહ ખાત્રી કરાવવી રહે.વિલંબના કારણે યોજનાના અંદાજીત ખર્ચ રૂા. ૨૧૯૧.૯૧ લાખ કરતાં રૂા. ૨૬૬૦.૩૫ લાખ વધુ ખર્ચ થવાને કારણે વધારાની ખર્ચની રકમ મહાનગરપાલિકા વડોદરા દ્વારા લાભાર્થી પાસેથી (વરાડે પડતી રકમ મુજબ) વસુલ કરવાનો નિર્ણય લેવાયેલ, આમ સમયસર કામગીરી પૂર્ણ ન કરવાને કારણે યોજનાનો મૂળ આશય સિધ્ધ થતો નથી.

(૬) ઈજારદારશ્રી ચેતન વ્યાસ એન્ડ એસોસીએટસને ભાવ તફાવત રૂા. ૪૧,૫૫,૪૩૦/- નું ચુકવણુ કરેલ છે. ઈજારદારશ્રી દ્વારા અસલમાં સ્ટીલ, સિમેન્ટનાં ખરીદીનાં બીલો રેકર્ડ પર રજુ થયેલ નથી ગુણવત્તા ચકાસણી પ્રમાણપત્ર તેમજ સિમેન્ટ વપરાશનું પત્રક રેકર્ડ પર જણાયેલ ન હોવાથી ચૂકવેલ સીમેન્ટ/સ્ટીલ ભાવ તફાવતની ચકાસણી થઈ શકેલ નથી.

(૭) કંપ્લીશન સર્ટિફિકેટમાં કામ નામ અલગ-અલગ દર્શાવવા બાબતે સ્પષ્ટતા કરવી રહે.

(૮) GF+3 Tender મુજબ બાંધકામ ન કરતાં G+4 મુજબ બાંધકામ થયેલ જે બાબતે રીવાઈઝ તાંત્રીક તથા વહીવટી મંજૂરી મેળવવા બાબતે તથા સ્ટ્રકચર સ્ટેબીલીટી, કેપેસીટી ચકાસણી અંગે આધારસહ ખાત્રી કરાવેલ નથી.

(૯) PMC દ્વારા ભૂસ્તરશાસ્ત્રીની કક્ષાએ જમીન ચકાસણી કરાવેલ હોવાનો સર્વે રીપોર્ટ તથા સ્થળ ફેરફાર કરવા માટે સ્થાયી સમિતિની, કેન્દ્ર સરકારની કે રાજ્ય સરકારની તાંત્રીક, વહીવટી મંજૂરી મેળવેલ હોવાનું રેકર્ડ પર જણાયેલ નથી.

(૧૦) GF+3 ના બદલે G+4 નું બાંધકામ કરાયેલ છે, જેમાં યુનિટની સંખ્યામાં કોઈ ફેરફાર થયેલ નથી પરંતુ બ્લોકની સંખ્યામાં ઘટાડો થયેલ છે જેના કારણે ટેન્ડરમાં લખેલ આઈટમ અને ક્વોન્ટીટીમાં ફેરફાર થાય અને જેટલા ઓછા બ્લોક બન્યા તેનો ફાઉન્ડેશન ખર્ચ અને બે માળના ખર્ચની બચત થવી જોઇએ તે મુજબ સરભર કરી ચુકવણું કર્યાનું ગણતરી પત્રક રેકર્ડ પર રજુ થયેલ નથી.

(૧૧) ફેઝ-3 પેકેજ-૫ ની કામગીરીમાં થયેલ વિલંબ, રી-ટેન્ડરીંગ, સ્થળમાં ફેરફાર, ખર્ચમાં વધારો, પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્ટ તરીકે નિમાયેલ મલ્ટિ મેનટેક ઈન્ટરનેશનલ પ્રા.લિ. ને સુપ્રત કરાયેલ કામગીરીમાં સ્કોપ ઓફ વર્ક મુજબ કામ થયેલ નથી

**૩.૨૧ વાર્ષિક હિસાબો મંજુર ન કરવા બાબત. (ફકરા નં. ૪)**

ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ની કલમ-૯૩ અને કલમ-૯૪ મુજબ કોર્પોરેશનની ઉપજ અને ખર્ચના હિસાબો સ્થાયી સમિતિ વખતોવખત નિર્દેશ કરે તેવી રીતે અને તેવા નમુના પ્રમાણે તૈયાર કરવાની જોગવાઇ છે. મહાનગરપાલીકાના પાછલા વર્ષના વાર્ષિક હિસાબો એપ્રિલ માસની પહેલી તારીખ પછી શકય હોય તેટલા ત્વરીત તૈયાર કરી વર્ષ દરમ્યાન ઉપજ અને ખર્ચની જે જે રકમો મ્યુનિસિપલ ફંડ ખાતે જમા કરી હોય અથવા ઉધારી હોય તે અને સદરહુ વર્ષની આખરે તે ફંડ ખાતે જે સિલક હોય તે દર્શાવતા વાર્ષિક હિસાબો તૈયાર કરી સ્થાયી સમિતીમાં રજુ કરી મંજુર કરાવવાના રહે છે.

સંસ્થા દ્વારા સને ૨૦૧૩-૧૪ના સ્થાયી સમિતિ દ્વારા મંજુર કરેલ વાર્ષિક હિસાબો રજુ કરવા અત્રેની કચેરીનાં પત્ર નં. એલ/બીઆરડી/મનપા/ઓડિટ/૨૦૧૩-૧૪ તા.૨૪-૦૫-૨૦૧૭ તથા પ્રાથમિક વાંધા નં. ૧ તા.૦૧-૦૬-૨૦૧૭થી રજુ કરવા જણાવવામાં આવેલ હતું પરંતુ હિસાબી શાખાએ ઓડિટ પૂર્ણ થતા સુધી ઓડિટ ચકાસણી અર્થે વાર્ષિક હિસાબો રજુ કરવામાં આવેલ ન હતા.

સંસ્થા દ્વારા હાલ કોમ્પ્યુટર પ્રોગ્રામમાં કોમ્પ્યુટરાઇઝ હિસાબો નિભાવવામાં આવે છે. જેમાં હિસાબની ખરાઇ, અધિકૃતતા, ચોકસાઇ તથા અનઅધિકૃત સુધારા વધારાઓ રોકવા બાબતે કોઇ જોગવાઇઓ ન હોવાના પરિણામે સને ૨૦૧૩-૧૪નાં વાર્ષિક હિસાબ સંસ્થાએ નિભાવેલ ન હોવાથી ઓડિટ ચકાસણી થઇ શકેલ નથી. વાર્ષિક હિસાબ ન નિભાવવાના કારણે આવક અને ખર્ચની વિગતોની ઓડિટ ચકાસણી થઈ શકેલ નથી તેમજ હિસાબો ન નિભાવવાના કારણે મહાનગરપાલિકાની આર્થિક સ્થિતિનો વાસ્તવિક અંદાજ આવી શકે નહિ. સંસ્થાએ સને ૨૦૧૩-૧૪નાં વાર્ષિક હિસાબો અદ્યતન કરવા રહે.

**૩.૨૨ બેંક રીકન્સીલેશન ન કરવા બાબત. (ફકરા નં. ૫)**

મુંબઇના મ્યુનિસિપલ એકાઉન્ટ કોડના નિયમ-૪૪ મુજબ દર માસે ચુકવેલ બીલો તથા જમા કરેલ આવકની વિગતો બેન્કમાંથી મેળવી કચેરીના રોજમેળ સાથે મેળવવી રહે.

૧. હિસાબી શાખા

ઓડિટ દરમિયાન હિસાબી શાખા દ્વારા રજુ થયેલ કોમ્પ્યુટરાઈઝડ બેંક બુક (રોજમેળ) તથા બેંક પાસબુકની ચકાસણી કરતાં નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ ની અંતિત બંધ સિલકમાં મહાનગરપાલિકાએ નિભાવેલ બેંક ખાતાઓ પૈકી આ સાથે નીચેની વિગતે નાં નમુનારૂપ બેંકખાતાઓની બેંક પાસબુકની તથા બેંક બુક મુજબની તા. ૩૧-૦૩-૨૦૧૪ ની સિલકમાં રૂા. ૩૬,૫૮,૫૮,૬૧૮=૫૪/- નો તફાવત જણાયેલ છે.

રોજમેળ તથા બેંક પાસબુક સાથે મેળવણા પત્રક રજુ કરવા જણાવતા સંસ્થાએ બેંક રીકન્સીલેશન પત્રકો રજુ કરેલ ન હતા. નીચે મુજબના રોજમેળ તથા બેંક પાસબુકની બંધ સિલકમાં આવેલ તફાવતની ઓડિટ ચકાસણી શક્ય બનેલ નથી. રોજમેળ તથા બેંક પાસબુક વચ્ચે બંધ સિલકમાં આવતો તફાવત દુર કરવો રહે.

સક્ષમ અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરેલ નીચેની વિગતમાં દર્શાવ્યા સિવાયના તમામ બેંકના ઓપરેટીવ/ બિન ઓપરેટીવ ખાતાઓની બેંક પાસબુક ચકાસણી અર્થે ઓડિટે રજુ કરવા જણાવતા સંસ્થાએ રજુ કરેલ નથી. જેથી અન્ય બેંક એકાઉન્ટની સંખ્યા જાણી શકાયેલ નથી.

૨. અન્ય શાખા/વોર્ડ/ઝોન/ કચેરી

કમિશ્નરશ્રી વડોદરા મહાનગર સેવાસદનના તા. ૧૧-૦૫-૨૦૧૦ ના પરિપત્ર અંક ૯ / ૨૦૧૦-૧૧ તથા પુરવણી પરિપત્ર અંક ૧૫/૨૦૧૦-૧૧ અન્વયે શાખાઓને મળતી કેશ / ચેક / ડી.ડી ની

આવકની  રોજે રોજ misc. receipt module માં એન્ટ્રી કરી તેના રોજમેળની પ્રિન્ટ કાઢી ચકાસણી કરી હિસાબી શાખા સાથે આવક અને ખર્ચનું મેળવણું કરવાનું ફરજિયાત છે તેમજ બેંક સ્ટેટમેન્ટ મેળવી બેંક રીકન્સીલેશન કરવાની સૂચના આપેલ છે. વિવિધ શાખાઓ તથા ઝોન / વોર્ડ કચેરીઓના સને ૨૦૧૩-૧૪ ના ઓડિટ દરમિયાન નીચે જણાવેલ નમુનારૂપ શાખા/વોર્ડ/ઝોન કચેરીએ સને ૨૦૧૩-૧૪ માં મેળવેલ કુલ આવકની સંબંધિત બેંક અને મુખ્ય હિસાબી શાખા સાથે રીકન્સીલેશન કરેલ હોવાના આધારો ઓડિટ ચકાસણી અર્થે રજુ કરેલ ન હોઈ ઓડિટ ચકાસણી શક્ય બનેલ નથી.

| અ. નં. | પ્રા.વાંધા નંબર | શાખા / વોર્ડ/ ઝોન | BOB બેંક ખાતા નં. | સને ૨૦૧૩-૧૪ માં જમા કરાવેલ કુલ આવક રૂા. |
|---|---|---|---|---|
| ૧ | ૬ | બાંધકામ પરવાનગી શાખા | ૦૧૯૦૦૨૦૦૦૦૦૦૦૨<br>૦૧૯૦૦૨૦૦૦૦૦૧૮૫ | ૯૦,૭૦,૨૭,૭૦૮ |
| ૨ | ૧૦ | ખોરાક શાખા (આરોગ્ય શાખા) | ૦૧૯૦૦૨૦૦૦૦૦૧૮૫ | ૧,૮૨,૨૫,૯૨૧ |
| ૩ | ૪ | ઈલે-મીકે સુએઝ ડી શાખા | ૦૧૯૦૦૨૦૦૦૦૦૦૦૨<br>૦૧૯૦૦૨૦૦૦૦૦૧૮૫ | ૨૬,૧૫,૧૭૪ |
| ૪ | ૫ | જમીન મિલકત શાખા | ૦૧૯૦૦૨૦૦૦૦૦૦૦૨<br>૦૧૯૦૦૨૦૦૦૦૦૧૮૫ | ૧૫,૩૫,૫૯,૫૨૯ |
| ૫ | ૫ | પાણી પુરવઠા શાખા | ૦૧૯૦૦૨૦૦૦૦૦૦૦૨<br>૦૧૯૦૦૨૦૦૦૦૦૧૮૫ | ૨,૧૯,૨૬,૬૦૪ |
| ૬ | ૧૩ | દક્ષિણ ઝોન | ૦૧૯૬૦૨૦૦૦૦૦૧૯૦ | ૨૮,૯૦,૩૩૯ |
| ૭ | ૬ | ઉત્તર ઝોન | ૦૨૦૦૦૨૦૦૦૦૩૧૩ | ૨૪,૩૧,૯૩૯ |
| ૮ | ૭ | પશ્ચિમ ઝોન | ૧૮૭૦૦૨૦૦૦૦૦૪૪૭ | ૮,૬૪,૫૩૮ |
| ૯ | ૪ | વોર્ડ નં. ૯ (આઈ) | AXIS BANK A/C<br>૯૧૦૦૨૦૦૧૩૮૬૮૫૮૭<br>૦૧૩૦૧૦૨૦૦૦૫૮૧૭૭ | ૧૭,૫૪,૦૧,૯૯૫ |

બેંક રીકન્સીલેશન ન કરવાના કારણે થયેલ ઉચાપત કે છેતરપિંડી ધ્યાને આવી શકે નહિ જે ઘણી ગંભીર બાબત હોઈ સને ૨૦૧૩-૧૪ ના વર્ષની આવકોની મુખ્ય હિસાબી શાખા તેમજ બેંક સાથે રીકન્સીલેશન કરવું રહે.

તા. ૩૧-૦૩-૨૦૧૪ નાં રોજની બેંક બુક અને બેંક પાસબુકની બંધસિલકમાં આવતાં તફાવતની વિગત દર્શાવતું પત્રક

| અ. નં. | બેંકનું નામ | ખાતા નં. | તા. ૩૧-૦૩-૨૦૧૪ ની બંધસિલક | | તફાવત રૂા. |
|---|---|---|---|---|---|
| | | | બેંક બુક મુજબ રૂા. | બેંક પાસબુક મુજબ રૂા. | |
| ૧ | બી.ઓ.બી. | ૦૦૦૦૨ | ૫૯,૮૮,૪૭,૦૨૮=૮૬ | ૬૫,૯૯,૬૬,૮૦૮=૨૧ | ૬,૧૧,૧૯,૭૭૯=૩૫ |
| ૨ | બી.ઓ.બી. | ૦૦૨૧૩ | ૫,૯૭,૮૯,૪૯૮=૯૦ | ૮,૮૦,૯૯,૫૬૮=૭૨ | ૨,૮૩,૧૦,૦૬૯=૮૨ |
| ૩ | બી.ઓ.બી. | ૦૬૮૧૭ | ૧,૨૯,૨૧,૮૭૦=૦૦ | ૧,૮૬,૦૬,૮૩૭=૦૦ | ૫૬,૮૪,૯૬૭=૦૦ |
| ૪ | બી.ઓ.બી. | ૦૬૮૧૬ | ૩,૨૭,૬૭,૯૦૨=૭૫ | ૩,૬૮,૬૬,૨૮૧=૭૫ | ૪૦,૯૮,૩૭૯=૦૦ |
| ૫ | બી.ઓ.બી. | ૦૦૧૬૭ | ૨,૯૭,૫૯,૫૦૫=૨૫ | ૧૧,૧૩,૬૭,૫૪૨=૭૭ | ૮,૧૬,૦૮,૦૩૭=૫૨ |
| ૬ | બી.ઓ.બી. | ૧૩૫૯૩ | ૫,૦૧,૨૩,૩૦૭=૧૬ | ૧૧,૧૪,૨૭,૬૨૪=૧૮ | ૬,૧૩,૦૪,૩૧૭=૦૨ |
| ૭ | બી.ઓ.બી. | ૧૩૫૯૪ | ૧૯,૪૭,૬૪૪=૦૦ | ૪૦,૯૦,૨૩૧=૪૦ | ૨૧,૪૨,૫૮૭.=૪૦ |
| ૮ | બી.ઓ.બી. | ૦૦૧૯૧ | ૨,૪૦,૭૧,૪૩૪=૨૦ | ૨,૭૩,૧૨,૫૬૧=૨૦ | ૩૨,૪૧,૧૨૭=૦૦ |
| ૯ | બી.ઓ.બી. | ૦૦૧૮૫ | ૧૩,૯૩,૧૯,૩૦૪=૧૫ | ૨૫,૪૫,૩૨,૫૩૫=૫૮ | ૧૧,૫૨,૧૩,૨૩૧=૪૩ |
| ૧૦ | એક્સિસ બેંક | ૩૬૯૭૦૦૦૦ | ૮૬,૪૦,૦૪૦=૦૦ | ૯૭,૩૦,૬૩૦=૦૦ | ૧૦,૯૦,૫૯૦=૦૦ |
| ૧૧ | એક્સિસ બેંક | ૫૫૮૮૧૫૦૯ | ૭૭,૯૨,૦૦૦=૦૦ | ૯૭,૦૩,૮૫૦=૦૦ | ૧૯,૧૧,૮૫૦=૦૦ |
| ૧૨ | બી.ઓ.બી. | ૧૫૫૦૩ | ૩,૩૧,૮૮૫=૦૦ | ૪,૬૫,૫૬૮=૦૦ | ૧,૩૩,૬૮૩=૦૦ |
| | | | | કુલ રૂપિયા | ૩૬,૫૮,૫૮,૬૧૮=૫૪ |

મહાનગરપાલિકા વડોદરાના ઉક્ત ફકરાઓમાંથી એકપણ ફકરાનો સંસ્થા દ્વારા જવાબ થયેલ નથી.

# પ્રકરણ ૪ : રાજકોટ મહાનગરપાલિકા

| ક્રમ | ફકરાની વિગત |
|---|---|
| ૪.૧ | મહાનગરપાલિકા સંચાલિત ગ્રાન્ટ ઇન એઇડ શાળા શ્રી પી. એન્ડ ટી. વી. શેઠ હાઇસ્કુલ દ્વારા ઉઘરાવેલ ફી ની રકમ મ્યુનિસિપલ ફંડમાં જમા ન કરાવી ઉચાપત કરવા બાબત. (ફકરા નં-૧૦૭) |
| ૪.૨ | સંસ્થા દ્વારા અન્વેષણમાં વાઉચરો રજુ ન થવા અંગે. (ફકરા નં- ૧૫૫) |
| | સંસ્થા દ્વારા અન્વેષણ દરમ્યાન મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓ પાસેથી માંગવામાં આવેલ માહિતી તેમજ રેકર્ડ પુરૂ ન પાડવા બાબત. (ફકરા નં- ૧૫૪) |
| | સંસ્થા દ્વારા સંચાલિત સ્નાનાગરોનું હિસાબી રેકર્ડ રજુ ન  થવા બાબત. (ફકરા નં- ૧૫૩) |
| | સીક્યોરીટી એજન્સી સાથે થયેલ કરાર ની વિગત અન્વેષણ માં રજુ ન થવા અંગે. (ફકરા નં- ૧૦૬) |
| ૪.૩ | વાહનવેરાની મળવાપાત્ર આવક ગુમાવવા અંગે. (ફકરા નં- ૭૬) |
| ૪.૪ | મકાન વપરાશ પ્રમાણપત્ર ન લેવાયેલ કિસ્સાઓમાં લેબરસેસની રકમ વસુલ ન લેવા બાબત. (ફકરા નં- ૮૨) |
| ૪.૫ | પાણી પુરવઠાના વીજ વપરાશના એચ.ટી. કનેકશનમાં વિજળી વપરાશને ધ્યાને લઇ ડિમાન્ડ વધારા - ઘટાડાની કાર્યવાહી ન થવાથી સંસ્થાને થયેલ આર્થિક નુકશાન બાબત. (ફકરા નં- ૩૭) |
| ૪.૬ | આઇસીડીએસ વિભાગ માટે મોબાઇલ આંગણવાડીનાં ઉપયોગ માટે નવી મારૂતિ  ઇકો- સીએનજીની ખરીદી અંગે. (ફકરા નં- ૨૮) |
| ૪.૭ | રાજકોટ મ્યુનિ કોર્પો. ની જુદી-જુદી શાખાના ઉપયોગ માટે કોમ્પ્યુ. હાર્ડવેર - સોફટવેર - બેકઅપ ડિવાઇસ ખરીદીના કોન્ટ્રાકટ અંગે. (ફકરા નં- ૩૨) |
| ૪.૮ | નર્મદા ડેમનાં પીવાનાંપાણીનાં નિયત એગ્રીમેન્ટ કરતા વધુ ઉપાડેલ પાણીનાં જથ્થાનાં બે ગણા દરે ચાર્જ ચુકવવા બાબત. (ફકરા નં- ૪૧) |
| ૪.૯ | એસી પ્રેસર પાઇપ ખરીદી અંગેનાં વાર્ષિક રેઇટ કોન્ટ્રાકટ બાબત. (ફકરા નં- ૨૩) |
| ૪.૧૦ | વોર્ડ નં. ૭ માં ટીપી સ્કીમ નં. ૭ અને ૮માં ૨૪ મીટર પહોળાઇનાં ટી.પી. રોડ (સંતકબીર રોડ) પર વરસાદી પાણીની પાઇપ ગટર તથા પેવીંગ બ્લોક સર્વિસ રોડ કરવાનાં કામ બાબત. (ફકરા નં- ૪૩) |
| ૪.૧૧ | ડ્રેનેજ પ્રોજેકટ ફેજ-૨ પાર્ટ-૨ અંતર્ગત ચુનરાવાડ (એપીએસ-૦૭) ડ્રેનેજ પંપીંગ સ્ટેશન બનાવવાનું કામ બાબત. (ફકરા નં- ૪૫) |
| ૪.૧૨ | પૂર્વ ઝોન હેઠળનાં ઇ૧ ઝોન વોર્ડ નં. ૫ ૬ તથા ૭ માં પેવર એકશન પ્લાન સને ૨૦૧૨-૧૩નાં કામો કરાવવા અંગે. (ફકરા નં- ૬૨) |
| ૪.૧૩ | રાજકોટ અન્ડર ગ્રાઉન્ડ સીવરેજ પ્રોજેકટ ફેજ-૨ પાર્ટ-૨ અંતર્ગત ઝોન એચ-એમાં સુએજ કલેકટીવ સીસ્ટમ ફોર પ્રોવાઇડીંગ-લોઅરીંગ, લેઇંગ, જોઇનીંગ અને ટેસ્ટીંગનાં કામ અંગે. (ફકરા નં- ૬૩) |
| ૪.૧૪ | ડ્રેનેજ પ્રોજેકટ ફેઇઝ-૨ પાર્ટ-૨ અંતર્ગત ગ્રીનલેન્ડ ચોક પાસે લાલપરી ડ્રેનેજ પંપીંગ સ્ટેશન (એપીએ-૦૨) નાં બાંધકામ અંગે. (ફકરા નં- ૬૪) |
| ૪.૧૫ | વોર્ડ – ૧૬ માં ૮૦ ફુટ રોડ પર રિલાયન્સ પેટ્રોલ પંપ સામે કોમ્યુનિટી હોલ બનાવવાનું કામ (ફકરા નં- ૬૭) |
| ૪.૧૬ | વોર્ડ – ૫માં ગ્રીનલેન્ડ ચોકડીથી રાજકોટ મહાનગરપાલિકાની હદ સુધી મોરબી રોડ વાઇડનીંગ કરવાનું કામ. (ફકરા નં- ૭૧) |

| | |
|---|---|
| ૪.૧૭ | રાજકોટ બી.આર.ટી.એસ. પ્રોજેકટ અંતર્ગત ગોંડલ ચોકડીથી માધાપર ચોકડી સુધીના પાઈલોટ બ્લુ કોરીડોર પર બસ ઓપરેશન બાબતમાં જણાયેલ અનિયમિતતા અંગે. (ફકરા નં- ૧૪૪) |
| ૪.૧૮ | સરકારશ્રી દ્વારા મળેલ ગ્રાન્ટનો જે તે હેતુ સબબ વપરાશ ન કરી આંગણવાડી કેન્દ્રના લાભાર્થીઓને મળવાપાત્ર સુવિધાથી વંચિત રાખવા અંગે. (ફકરા નં- ૩૦) |
| ૪.૧૯ | ટેક્ષની જમા થયેલ રકમની ખરાઈ કરાવવા અંગે. (ફકરા નં- ૭૪) |
| ૪.૨૦ | વસૂલ થવા પાત્ર ફીની ગણતરીમાં ભૂલ અંગે. (ફકરા નં- ૮૪) |
| ૪.૨૧ | ગુમાનસિંહજી શોપીંગ સેન્ટરની દુકાનો જે તે ભાડુઆતને ઓનરશીપ/ મો બદલાથી આપવા બાબત. (ફકરા નં- ૧૩૭) |

**૪.૧ મહાનગરપાલિકા સંચાલિત ગ્રાન્ટ ઇન એઇડ શાળા શ્રી પી. એન્ડ ટી. વી. શેઠ હાઇસ્કુલ દ્વારા ઉઘરાવેલ ફી ની રકમ મ્યુનિસિપલ ફંડમાં જમા ન કરાવી ઉચાપત કરવા બાબત. (ફકરા નં-૧૦૭)**

ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ એકટ-૧૯૪૯ ના પ્રકરણ-૯ ની કલમ નં.૮૩ મુજબ મળેલા નાણા સત્વરે મહાનગરપાલિકાફંડમાં જમા કરાવી દેવાના રહે છે. શ્રી પી. એન્ડ ટી. વી. શેઠ હાઇસ્કુલના રોજમેળ ચકાસતા ઉકત કલમની જોગવાઇ વિરુધ્ધ ખૂબ જ મોટી રકમ હાથ પરની રોકડ સિલક ઇન ચાર્જ આચાર્ય દ્વારા રાખવામાં આવેલ હતી.

(૧) શ્રી સોલંકીએ સંસ્થાની રકમ નીચે મુજબના સમય દરમ્યાન હાથ ઉપર રાખી બેંકમા જમા ન કરાવીને હંગામી ઉચાપત કરેલ છે.

| ક્રમ | સંસ્થાની રકમનો અંગત ઉપયોગ કર્યાનો સમય | રકમ | કુલ સમય ગાળો | | |
|---|---|---|---|---|---|
| | | | વર્ષ | માસ | દિવસ |
| (૧) | (૨) | (૩) | (૪) | | |
| ૧ | તા.૩૧/૩/૧૦ થી તા.૯/૨/૧૩ | ૧૦,૧૪૫/- | ૨ | ૧૦ | ૧૦ |
| ૨ | તા.૩૧/૩/૧૧ થી તા.૧૩/૨/૧૩ | ૧,૫૮,૮૪૫/- | ૧ | ૧૦ | ૧૪ |
| ૩ | તા.૩૧/૩/૧૨ થી તા.૧૩/૨/૧૩ | ૨૧,૦૧૦/- | ૦ | ૧૦ | ૧૪ |
| ૪ | તા.૩૧/૩/૧૨ થી રકમ બેંકમાં જમા કર્યાના આધારો રજુ કરેલ નથી. | ૧,૪૦,૯૮૦/- | ૩ | ૩ | ૨૩ |

(૨) શ્રી સોલંકીએ તા.૩૧/૩/૧૦ થી તા.૩૧/૩/૧૨ સુધી ઉચાપત કરેલ સંસ્થાની રોકડ રૂા.૩,૩૦,૯૮૦/- પૈકી રૂા.૧,૯૦,૦૦૦/- હંગામી ઉચાપત તેમજ રૂા.૧,૪૦,૯૮૦/- ની કાયમી ઉચાપતની રકમ અંગે ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧ ના નિયમ-૨૫ તથા તેની નોંધ ૧ ના પરિશિષ્ટ -૧ મુજબની કાર્યવાહી કરવી ઘટે.

(૩) પી.એન્ડ ટી.વી. શેઠ હાઇસ્કુલ તરફથી રજુ થયેલ રેકર્ડ પૈકી સને ૨૦૧૩-૧૪ નું સમગ્ર રેકર્ડ તથા વપરાયેલ પહોંચબુકો, મળેલ ફી ની રકમનું પહોંચ વાઇઝકલેકશન રજિસ્ટર તથા પહોંચ બુકના હિસાબનું રજિસ્ટર સને ૨૦૧૩-૧૪ નો ચાલુ રોજમેળ નિયત નમૂનામાં રજુ કરેલ નથી. ગુજરાત લોકલફંડ ઓડિટ અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૪ અને ૫ મુજબ તપાસણીને પાત્ર સમગ્ર રેકર્ડ ઓડિટ સમક્ષ રજુ કરવાની ઓડિટ કરાવનાર સંસ્થાની વૈધાનિક જવાબદારી છે તેમ છતાં ઉકતવિગતનું રેકર્ડ રજુ થયેલ ન હોય જરૂરી ચકાસણી શકય બનેલ ન હતી.

## ૪.૨ રેકર્ડ રજુ ન કરવા બાબત. (ફકરા નં.૧૫૫,૧૫૪,૧૫૩,૧૦૬)

ગુજરાત સ્થાનિક ભંડોળ ઓડિટ અધિનિયમ- ૧૯૬૩ની કલમ ૪ તથા ૫ અને ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ- ૧૯૪૯ની કલમ- ૧૦૫ થી ૧૦૮ની જોગવાઈ મુજબ તપાસણીને પાત્ર તમામ રેકર્ડ ઓડિટ સમક્ષ રજુ કરવાની વૈધાનિક જવાબદારી છે.

**(૧) સંસ્થા દ્વારા અન્વેષણમાં વાઉચરો રજુ ન થવા અંગે (જનરલ શાખા) (ફકરા નં-૧૫૫)**

મહાનગરપાલિકા રાજકોટના સને ૨૦૧૩-૧૪ ના અન્વેષણ દરમ્યાન પસંદગીના માસ માહે જાન્યુઆરી-૨૦૧૪ તથા માર્ચ-૨૦૧૪ વાઉચરો રજુ કરવા હિસાબી શાખા તથા અન્ય તમામ શાખાને પ્રાથમિક વાંધા નં. ૬૮ થી ૮૦ તા.૨૦/૦૧/૧૭ તથા પ્રાથમિક વાંધા નં.૧૦૩ થી ૧૩૩ તા.૨૪/૦૧/૧૭નાં રજુ કરવા જણાવેલ હતુ શાખા દ્વારા રજુ થયેલ વાઉચરોનું ડ્રોઇંગ શીટ સાથે મેળવણુ કરતા સામેલ પરિશિષ્ટની વિગતનાં વાઉચર અન્વેષણમાં રજુ થયેલ નથી.

| ક્રમ | માસ | વાઉચરોની સંખ્યા | રકમ |
|---|---|---|---|
| ૧ | જાન્યુઆરી-૨૦૧૪ | ૯૨૪ | ૨૭૩૦૩૬૫૩૦ |
| ૨ | માર્ચ-૨૦૧૪ | ૯૩૯ | ૫૪૮૨૬૩૧૨૪.૯ |
| કુલ | | ૧૮૬૩ | ૮૨૧૨૯૯૬૫૪.૯ |

આ ઉપરાત સંસ્થાની દરેક શાખાઓને ૨૦૧૩-૧૪ નાં વર્ષ દરમ્યાન થયેલ રૂ ૧૦ લાખ થી વધુની રકમનાં ખર્ચના વાઉચરોનું લિસ્ટ પ્રાથમિક વાંધા નં. ૧૮૬ થી ૨૧૦ તા.૦૩/૦૨/૧૭નાં રજુ કરવા જણાવેલ હતુ શાખા દ્વારા રજુ થયેલ વાઉચરોનું લિસ્ટ સાથે મેળવણું કરતા સામેલ પરિશિષ્ટની વિગતનાં વાઉચર અન્વેષણમાં રજુ થયેલ નથી.

| ક્રમ | વર્ષ | રૂ ૧૦ લાખ થી વધુની રકમનાં ખર્ચના વાઉચરોની સંખ્યા | રકમ |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૩-૧૪ | ૯૪૨ | ૩૧૦૩૩૦૭૦૧૨ |

**(૨) સંસ્થા દ્વારા અન્વેષણ દરમ્યાન મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓ પાસેથી માંગવામાં આવેલ માહિતી તેમજ રેકર્ડ પુરૂ ન પાડવા બાબત (ફકરા નં-૧૫૪)**

મહાનગરપાલિકા રાજકોટના સને ૨૦૧૩-૧૪ના અન્વેષણ દરમ્યાન ઓડીટ માટે મહાનગરપાલિકાની તમામ શાખાઓ પાસેથી જરૂરી માહિતી તથા રેકર્ડ મેળવવા માટે ક્રમાનુસાર પ્રાથમિક વાંધાઓ રવાના કરવામાં આવેલ હતા. નીચે દર્શાવેલ વિગતેનું જણાવેલ રેકર્ડ/માહિતી સંબંધીત શાખાઓને અવાર-નવાર પ્રાથમિક વાંધાઓ તથા સ્મૃતિપત્રો પાઠવવા છતા અન્વેષણનો સમય પૂર્ણ થતા સુધી ઓડીટ સમક્ષ રજુ કરેલ નથી. પરિણામે પરિશિષ્ટ-૪૮ની વિગતની માહિતી તથા રેકર્ડની ચકાસણી થઇ શકેલ નથી.

| ક્રમ | પ્રાથમિક વાંધા નં. | તારીખ | શાખાનું નામ | રકમની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨૯૯ | ૩૧/૦૩/૧૭ | હિસાબી | આવક્ની પહોચોં, ચલણો, પેશગી રજિસ્ટર, ટી.સી. રજિસ્ટર, બીલેથી કપાત કરેલ રકમોનું સાહિત્ય, તમામ બેંકોનાં રીકન્સીલેશન પત્રકો, પ્રમાણિત કરેલ કેશબૂક વગેરે. |
| ૨ | ૯ | ૧૦/૦૧/૧૭ | આઇ.સી.ડી.એસ. | - માસિક પ્રગતિ અહેવાલ ફાઇલ(પત્રકો)<br>- આંગણવાડી કેન્દ્રોને સપ્લાય થતા પોષક આહાર સંબંધી ઈન્ડેન્ટ, ફાઇલ, સ્ટોક ઇસ્યુ રજિસ્ટર પહોંચબૂક વગેરે |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | - ડેડ સ્ટોક રજિસ્ટર<br>- ખાલી ટીન/બારદાન રજિસ્ટર<br>- વપરાયેલ માલસમાનનાં નિકાલ અંગે કરેલ કાર્યવાહીની ફાઇલ/રજિસ્ટર<br>- દવા/સાધનોની થયેલ ખરીદી, વપરાશની માહિતી. |
| 3 | ૩૧૧ | ૧૧/૦૪/૧૭ | બાંધકામ(C/Z) | (૧) વોર્ડ નં-૭ માં પેડક રોડ પર ટીપી-૮ એફપી-૧૮૬માં ઓડિટેરીયમ અને કોમ્યુનિટી હોલ બનાવવાનુ કામ અંગેનુ રેકર્ડ<br>(૨) વોર્ડ નં-3 માં રેલનગર સોસાયટી પાસે રેલ્વે અન્ડર બ્રીજ બનાવવાના કામ અંગેના રીવાઇઝ એસ્ટીમેટ અંગેનું રેકર્ડ<br>(૩) વોર્ડ નં-3 માં રેલનગર સોસાયટી પાસે રેલ્વે અન્ડર બ્રીજ બનાવવાના કામ અંગે વધારાનું ખર્ચ મંજુર કરવા તથા આ રકમ રેલ્વે વિભાગમાં જમા કરાવવા અંગેનું રેકર્ડ |
| | ૩૩૩ | ૧૨/૦૪/૧૭ | બાંધકામ(W/Z) | (૧) વોર્ડ નં-૧૧ માં શારદાનગર સોસાયટીમાં પેવિંગ બ્લોક ફીટ કરાવવા અંગેનું રેકર્ડ.<br>(૨) ટીપી-3 નાના મવા એફ્પી-૯ આરસીએસ સેન્ટર તથા આંગણવાડી બનાવવનુ કામ<br>(૩) ટીપી-૭ નાના મવા એફપી-૨(અ) માં ગોવિંદ રહન બંગલોઝ પાસે ઇન્ફોર્મલ માર્કેટ અને કોમ્યુનિટી સેન્ટર બનાવવાના કામ,<br>(૪) ૧૫૦ ફૂટ રીંગ રોડ ગાંધીગ્રામ પોલીસ ચોકી સામે ટીપી-૬ એચપી-૨૪૮ માં ઇન્ફોર્મલ માર્કેટ અને કોમ્યુનિટી સેન્ટર બનાવવાનું કામ<br>(૫) વોર્ડ નં. ૧ રવિ રેસીડેન્સી આંતરિક રસ્તામાં સી.સી.રોડ (એસજેએમએમએસવીવાય) બનાવવાના કામ અંગે<br>(૬) વોર્ડ નં વોર્ડ નં. ૧૩ એમ..બી.સ્કુલ તથા પ્રદ્યુમન હાઇટ ટીપી રસ્તા મેટલીંગ કામ<br>(૭) વોર્ડ નં. . ૨૧ ખોડીયારનગર સાંકડી શેરી પેવીંગ બ્લોક બનાવવાના કામ અંગે<br>(૮) વોર્ડ નં. ૨ માં મોચીનગર સુધી શેરીમાં મેટલ અંગે કરવાના કામ અંગે<br>(૯) વોર્ડ નં. ૧૩ નાના મૌવા મેઇન રોડથી જમુના પાર્ક, તિરુપતિ પાર્કમાંથી પસાર થતા અલગ અલગ ટીપી રસ્તા મેટલીંગ કામ<br>(૧૦) વોર્ડ નં. ૧ માં દ્વારકેશ પાર્કથી રૈયા ગામને જોડતો ૧૫ મી ટીપી રસ્તો મેટલીંગ કામ<br>(૧૧) કાલાવડ રોડને જોડતા અંબિકા ટાઉનશિપ રોડ પર ગોવાણ છાત્રાલય પાસે હાઇલેવલ બ્રીજ બનાવવાના કામ અંગે<br>(૧૨) મવડી રોડ ૧૫૦ ફૂટ રોડ જંકશન પર ફ્લાય ઓવર બ્રીજ બનાવવા<br>(૧૩) રૈયા મેઇન રોડ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ફલાય ઓવર બ્રીજ બનાવવા<br>(૧૪) એસજેએમએમએસવીવાય ફેજ -૨ પાર્ટ -૨ ના કામ પૈકી મંજકા ગામ તલમાં બનનાર સૂચિત પંપીંગ સ્ટેશનની જમીન ફરતે કમ્પાઉન્ડ વોલ કરવા અંગે |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | (૧૫) વોર્ડ નં. ૧૧ માં પુષ્કરધામ સોસાયટી રોડ પર આવેલ આલાપ એવન્યુમાં એસજેએમએમએસવીવાય જનભાગીદારી ઇન્ટર લોકીંગ પેવીંગ બ્લોક<br>(૧૬) વોર્ડ નં. ૧૩ માં વિનોબા ભાવે પ્રા.શા. નં. ૯૩ માં પ્રથમ માળ, કમ્પાઉન્ડ વોલ તથા મધ્યાહન ભોજન માટે છાપરૂં બનાવવા અંગે.<br>(૧૭) વોર્ડ નં. ૧૨ માં રૈયા રોડ ઉપર રૈયા ટીપી-૪ એફપી-૬૮૨ ઓડીટોરીયમ બનાવવા અંગે<br>(૧૮) વોર્ડ નં. ૧૧,૧૨ માં યુનિ. રોડ ગેઇટથી ઇન્દીરા સર્કલ સુધી રોડની બંને બાજુ ફૂટપાથ તથા ઇન્ટર લોકીંગ પેવીંગ બ્લોક લગાડવા અંગે |
| ૪ | ૧૩૫ | ૨૭/૦૧/૧૭ | વોટર વર્કસ | આવક અંગેનું રેકર્ડ |
| | ૩૧૫ | ૧૧/૦૪/૧૭ | વોટર વર્કસ (W/Z) | (૧) પાણી વિતરણ ટેન્કર/ટ્રેકટરથી ૧) શ્રી નથવાણી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ વેસ્ટ ઝોન ૧૦,૧૩,૨૧ ૨) શાંતિલાલ ગાંગજી એન્ડ કુ. વેસ્ટ ઝોન ૧,૨,૧૧,૧૨ ૩) ડી.બી. વઢરૂકિયા ઇસ્ટઝોન ૫,૬,૭,૧૭<br>(૨) વેસ્ટ ઝોન આરએમસી મકાન – શાળામાં રેઇન વોટર હાર્વેસ્ટમ સીસ્ટમ કરવા વેસ્ટ ઝોન શાળા નં ૬૪ બી, ૯૫,૯૧,૯૩ મુરલીધરા સુધી<br>(૩) ન્યારી-૧ ડેમસાઇટ ઉપર ગાર્ડનના હેતુ માટે ૬ મી. ઉંચાઇવાળો ઇએસઆર બનાવવા અંગે ન્યારી-૧ ડેમ ખાતે સરકારે ફાળવેલ ૧૯ હેક. જમીનમાં વૃક્ષારોપણ કરેલ તે અંગેની ફાઇલ.<br>(૪) વોટરવર્ક ઝોનલ કોન્ટ્રાક્ટ અંગેની ફાઈલ<br>(૫) વોટર વર્ક ઝોનલ કોન્ટ્રાક્ટ ૨૦૧૩-૧૪ વોર્ડ નં. ૧ થી ૨૩ |
| | ૩૧૨ | ૧૧/૦૪/૧૭ | વોટર વર્કસ(E/Z) | (૧) વોર્ડ નં. ૫ માં મોરબી રોડ પર રેલ્વે ક્રોસીંગ પાસે રેલ્વે લાઇન ક્રોસ કરી પાઇપ લાઇન નાખવાનું કામ<br>(૨) વોર્ડ નં. ૧૭ માં ઝુઓલોજીકલ પાર્કમાં પીવાનું પાણી પૂરૂં પાડવા જીએસઆર બનાવવાનું કામ<br>(૩) વોર્ડ નં.૧૭ માં રાજકોટ ઝુઓલોજીકલ પાર્કમાં ઇએસઆર સુધી ૨૭૩ એમએમ ડાયામીટર સ્ટીલ પાઇપલાઇન નાખવાનું કામ<br>(૪ આજી ફિલ્ટર પ્લોટ નં. ૩(૬૫.૪૫ એમએલડી) ઓ એન્ડ બી કોન્ટ્રાક્ટ અંગે<br>(૫) આજી ઝોનના જુદા જુદા ૬ પમ્પીંગ સ્ટેશનોના ઓપરેશન મેઇનટેનન્સનો કોન્ટ્રાક્ટ  આપવા અંગે. |
| ૫ | ૩૧૩ | ૧૧/૦૪/૧૭ | ડ્રેનેજ (E/Z) | (૧) વોર્ડ નં. ૨૨ માં કોઠારિયા રોડ પર આવેલ ઘનશ્યામનગર મફતિયાપરા વિસ્તારમાં ડ્રેનેજ લાઇન નાખવા અંગે<br>(૨) વોર્ડ નં. ૬ માં આવાસ યોજના પાછળ આવેલ છપનીયા મફતિયામાં ઓપના ગટર/પાઇપ ગટર અંગે<br>(૩) વોર્ડ નં. ૧૭ માં રિદ્ધિ સિદ્ધિ સોસાયટી ફર્સ્ટ ફ્લેટના બ્લોક માટે ડીઆઇ ડીસ્ટ્રી પાઇપલાઇન નાખવાનું કામ<br>(૪) ડ્રેનેજ પ્રોજેક્ટ ફેજ-૨ પાર્ટ-૨ ઝોન ડી-૪ મોરબી રોડ પર જોનાસ હોસ્પીટલ સામે ૧૮૦૦ એમએમ ડાયામીટર આરસીસી પાઇપ લાઇન સુએજ કલેકટીવ સીસ્ટમ અંગે |

| | | | | |
|---|---|---|---|---|
| | ૩૧૬ | ૧૧/૦૪/૧૭ | ડ્રેનેજ (W/Z) | (૧) માધાપર સુએજ ટ્રીટમેંટ પ્લાન્ટના ઓ એન્ડ એમ કોન્ટ્રાક્ટ અંગે ૪૪.૫ એમએલડી ક્ષમતા ત્રિવાર્ષિક કોન્ટ્રાક્ટ<br>(૨) ડ્રેનેજ પાર્ટ ફેજ-૨ પાર્ટ-૨ ઝોન એચબી<br>(૩) ડ્રેનેજ ફેજ-૨ પાર્ટ-૨ ઝોન ડી-૪માં સુએજ કલેકટીવ સીસ્ટમ<br>(૪) ભુગર્ભ ગટર ફેજ-૨ પાર્ટ-૨ અંર્ગત ઝોન ઇ માં ૬૦૦ એમએમ ડાયામીટરની આરસીસી પાઇપ લાઇન સુએજ કલેકટીવ સિસ્ટમ નાખવાનું કામ<br>(૫) ડ્રેનેજ ફેજ-૩ પાર્ટ-૨ ઝોન-૪ માં હાઉસ કનેકશન ચેમ્બર સહિત ડ્રેનેજ કલેકટીવ સીસ્ટમ પૈકી રૂડાનગર-૨ તથા વિષ્ણુ વિહાર સોસાયટી બાકી કામ પેરેલલ કોન્ટ્રાકટરને આપવા અંગે<br>(૬) ફેજ-૩, પાર્ટ-૨ ઝોન-૭ ૧ બી સુએજ કલેકટીવ સીસ્ટમ<br>(૭) ફેજ-૩, પાર્ટ-૨ ઝોન-૭ એ સુએજ કલેકટીવ સીસ્ટમ<br>(૮) ફેજ-૩, પાર્ટ- ૨ ઝોન-૭ ડી<br>(૯) ફેજ-૩ પાર્ટ-૨ ઝોન-૨ પાર્ટ-બી<br>(૧૦) ફેજ-૩ પાર્ટ-૨ ઝોન-૨ પાર્ટ-એ<br>(૧૧) ફેજ-૩ પાર્ટ-૨ ઝોન-૭ પાર્ટ-સી<br>(૧૨) ડ્રેનેજ પ્રોજેક્ટ ફેજ-૨ પાર્ટ-૨ ડીપીઆરમાં સમાવેશ થયેલ ન હોય તેવા વિસ્તારોમાં ડ્રેનેજ નેટવર્કના પ્લાનીંગ માટે કન્સલટન્ટની નિમણુંક અંગે |
| ૬ | ૨<br>૧૧<br>૨૮<br>૨૮૫<br>૫૭૮ | ૨૯/૧૧/૧૬<br>૧૩/૦૧/૧૭<br>૧૩/૦૧/૧૭<br>૦૧/૦૪/૧૭<br>૨૬/૦૯/૧૭ | શોપ એન્ડ એસ્ટા | પ્રાથમિક વાંધામાં દર્શાવેલ આવક અને ખર્ચ ની માહિતી રજુ કરેલ નથી , તેમજ કોઇ પણ જાત નું રેકર્ડ રજુ નથી |
| ૭ | ૧<br>૫ | ૧૨/૧૨/૧૬ | વેરા વસુલાત શાખા | મિલ્કત વેરા વ્યાજ માફી ને લગત રેકર્ડ , વેરા આકારણી ની ફાઇલો, ૧૦ લાખ થી વધારે બાકી રહેલ મિલ્કત વેરા ની યાદી, રદ થયેલ પહોંચો ની સ્થળપ્રત, વેકેન્સી એલાઉન્સ ની ફાઇલો, વાહનવેરા ને વસુલાત નું રેકર્ડ . |
| ૮ | ૧<br>૪૩૦<br>૪૩૮<br>૪૪૪ | ૧૨/૧૨/૧૬<br>૨૭/૦૬/૧૭<br>૧૪/૦૭/૧૭<br>૧૪/૦૭/૧૭ | ટાઉન પ્લાનીંગ શાખા | મિલ્કત હરાજી ની ફાઇલો ,૧૦ લાખ થી વધુ થયેલ ખર્ચ ના વાઉચર તથા ફાઇલો, વસુલ કરેલ ડિપોઝીટ નું રજિસ્ટર, ખુલ્લા પ્લોટ ની વિગત |
| ૯ | ૮૧ | ૨૩/૦૧/૧૭ | આરોગ્ય (RCH) | વાર્ષિક હિસાબો, બેંક પાસબૂક |
| ૧૦ | ૫૨૪<br>૫૮૩ | ૨૯/૦૮/૧૭<br>૨૭/૦૯/૧૭ | સાંસ્કૃતિક વિભાગ | વર્ષ દરમ્યાન આયોજીત જુદા જુદા કાર્યક્રમ સબબ ઉપાડ કરેલ ઉચ્ચક બીલ ની માહિતી, વર્ષ દરમ્યાન આયોજીત જુદા જુદા કાર્યક્રમ ની વિગત |
| ૧૧ | ૬૨૫ | ૦૭/૧૦/૧૭ | સુરક્ષા શાખા | સીક્યોરીટી એજન્સી સાથે થયેલ કરાર ની વિગત તથા તેને આનુષાંગિક રેકર્ડ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | ૩૩૮<br>૩૯૯ | ૨૬/૦૪/૧૭<br>૨૭/૦૬/૧૭ | ગાર્ડન શાખા | (૧) સેન્ટ્રલ સ્ટોર(એન્જી) લોખંડના ટ્રી ગાર્ડ ખરીદી અંગે નંગ ૫૫૦૦ની ફાઈલ<br>(૨) વૃક્ષારોપણ માટે સબસીડીઝ ટ્રી ગાર્ડ ફાળવ્યાની ફાઈલ<br>(૩) વોર્ડ-૩ રેસકોર્ષ સંકુલમાં આવેલ તાજ કેન્ટીન પાસેના બગીચાની સુધારણાની કામગીરીની ફાઈલ<br>(૪) કાલાવાડ રોડ ન્યારી ડેમ-૧ વાગુદડના રસ્તે સરકારશ્રીમાંથી પ્રાપ્ત થયેલ જમીનમાં ગાર્ડન વિકસિત કરી નિભાવવાના કામની કોન્ટ્રાકટરની ફાઈલ |
| ૧૩ | ૨૪૯<br>૩૩૪<br>૩૩૬<br>૩૯૮ | ૨૮/૦૩/૧૭<br>૨૬/૦૪/૧૭<br>૨૬/૦૪/૧૭<br>૨૭/૦૬/૧૭ | સોલિડવેસ્ટ મેનેજમેન્ટ | રુડા વિસ્તારનો એકત્રીત ધન કચરો નાકરાવાડી લેન્ડ ફીલ સાઈટ ખાતે નિકાલ અને ટીપીંગ ફી વસુલ કરવા અંગેની ફાઈલ<br>સેનેટરી ઓફીસર-૬ની સુપ્રી-૩ જગ્યા ઉપસ્થિત કરવા અંગેની ફાઈલ<br>એકટો રીક્ષા માઉન્ટેડ મેચ્યોર લીફટીંગ મશીન નંગ-૬ ખરીદીની ફાઈલ<br>નાકરાવાડી ગામે લેન્ડફીલ સાઈટ ફેજ-૨ બનાવવા કન્સલટન્ટની નિમણુંક અંગેની ફાઈલ<br>જુદા જુદા વોર્ડમાં પ્રતિદીન બંધ કચરા પેટી ઉપાડવાના કોન્ટ્રાકટની ફાઈલ વોર્દ નં-૧,૨, ૫થી ૧૨,૧૪થી ૧૯,૨૨,૨૩<br>નાકરાવાડી ગામે લેન્ડફીલ સાઈટ દ્રીતિય સેલ બનાવવા અંગે શ્રી વરૂણ કન્ટ્રકશન ફાઈલ<br>ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરીની ફાઈલ વોર્ડ નં ૧ થી ૨૩<br>વ્યક્તીગત શૌચાલય યોજના હેઠળના લાભાર્થીનું રજિસ્ટર, વર્ક ફાઇલ તથા રિપોર્ટ અને અન્ય આનુષાંગિક માહિતી. |
| ૧૪ | ૪૦૦ | ૨૭/૦૬/૧૭ | રોશની શાખા | રોશની શાખાની ૦૩ ફાઇલો. |
| ૧૫ | ૪૦૫ | ૨૭/૦૬/૧૭ | ઝુ શાખા | ઝુ શાખાની ૦૫ ફાઇલો. |
| ૧૬ | ૪૫૮ | ૭/૭/૧૭ | આર.સી.એચ. (આરોગ્ય) શાખા | ચિરંજીવી યોજના, બાલ સખા યોજના, કે.પી.એસ.વાય યોજના માં થયેલ ચૂકવણાના ખર્ચના વાઉચરો તથા મળેલ ગ્રાન્ટ ના હુકમો તથા ચેક રજિસ્ટર, ચેક કાઉંટર ફાઈલ. |

**(3) સંસ્થા દ્વારા સંચાલિત સ્નાનાગરોનું હિસાબી રેકર્ડ રજુ ન થવા બાબત. (ફકરા નં.૧૫૩)**

| | | ૨૦૧૩-૧૪ | |
|---|---|---|---|
| **ક્રમ** | **સ્નાનાગાર** | **આવક રૂ.લાખમા** | **ખર્ચ રૂ.લાખમાં** |
| ૧ | રેસકોર્ષ | ૧૭.૯૪ | ૧૩૮.૯૯ |
| ૨ | સરદાર પટેલ | ૧૦.૩૫ | ૧૫.૫૯ |
| ૩ | કાલાવાડ રોડ | ૧૬.૩૪ | ૧૨.૪૦ |
| ૪ | પેડક રોડ | ૭.૦૯ | ૬.૨૩ |
| | **કુલ** | **૫૧.૭૨** | **૧૭૩.૨૧** |

રાજકોટ મહાનગરપાલિકાનું સને ૨૦૧૩-૧૪ નું હિસાબી અન્વેષણ દરમ્યાન સંસ્થા દ્વારા સંચાલિત સ્નાનાગાર (૧) રેસકોર્ષ (૨) સરદાર પટેલ (૩) કાલાવાડ રોડ (૪) પેડક રોડનાં આવક-ખર્ચનાં હિસાબોની ઓડિટ કામગીરી હેતુ જરૂરી હિસાબી રેકર્ડ રજુ કરવા સંબંધકર્તાને અગાઉ જણાવવા છતાં જે-તે શાખા દ્વારા જરૂરી હિસાબી રેકર્ડ રજુ ન થવાથી અન્વેષણ કામગીરી હાથ ધરાઇ શકેલ નથી.

સને ૨૦૧૫-૧૬ની સંસ્થાની બજેટબુકમાં દર્શાવેલ વિગતોને ધ્યાને લેતા સંસ્થાના ઉપરોકત વિગતે જણાવેલ ચાર સ્નાનાગારની સને ૨૦૧૩-૧૪ ની કુલ આવક રૂા.૫૧.૭૨ લાખ તથા ખર્ચ રૂા.૧૭૩.૨૧ લાખ અંગે આવક સંબંધ જરૂરી હિસાબી રેકર્ડ ઓડિટ સમક્ષ રજુ થયેલ ન હોઇ આવક-ખર્ચનો વ્યાજબીપણાની રેકર્ડ આધારિત ખરાઇ થઇ શકેલ નથી.

**(૪) સીક્યોરીટી એજન્સી સાથે થયેલ કરાર ની વિગત અન્વેષણ માં રજુ ન થવા અંગે. (ફકરા નં-૧૦૬)**

રાજકોટ મહાનગરપાલિકાના સુરક્ષાવિભાગ દ્વારા ગેરકાયદેસર દબાણો/બાંધકામ દૂર કરવા, પાણી ચોરી અટકાવવા ભુતિયા નળ કનેકશન કપાત કરવા , રખડતા ઢોર પકડવા તેમજ ટેક્સ ની રીકવરી ની કામગીરી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ મહાનગરપાલિકાના સ્ટાફ તથા માલમિલકત ની સલામતી માટે મહાનગરપાલિકાના મંજુર થયેલ પોલીસ મહેકમની મોટાભાગની જગ્યાઓ ખાલી હોવાથી વિવિધ સીક્યોરીટી સાથે મહાનગરપાલિકા દ્વારા કરાર કરેલ છે. અને તેમના ખર્ચ મહાનગરપાલિકા ની સુરક્ષાશાખા દ્વારા કરવામાં આવે છે.

મહાનગરપાલિકા રાજકોટ ના સને -૨૦૧૩-૧૪ ના અન્વેષણ દરમ્યાન થયેલ ખર્ચ ના વાઉચર રજુ કરવા જણાવેલ હતું. પસંદગી ના માસ ફેબ્રુઆરી-૨૦૧૩ અને માર્ચ-૨૦૧૩ નક્કી કરેલ સમય દરમ્યાન કુલ ૬૭ વાઉચર રજુ કરવા જણાવેલ હતું, આ ઉપરાંત ૧૦ લાખ કે તેથી વધારે રકમ ના આશરે ૧૫ જેટલા વાઉચર રજુ કરવા જણાવેલ હતું.

સદરહું માસ ના વાઉચરનુ લીસ્ટની ચકાસણીના નમૂનારૂપ કિસ્સામાં સીકયુરીટી એજન્સી ને નીચે મુજબનું ચુકવણું થયેલ જણાય છે.

| ક્રમ | બિલ નંબર | તારીખ | એજન્સી નું નામ | રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૩૮૮ | ૨૮/૦૨/૨૦૧૩ | નેશનલ સિક્યુરીટી એજન્સી | ૨૯૦૯૬૩૭ |
| ૨ | ૬૧ | ૧૩/૦૩/૨૦૧૩ | નેશનલ સિક્યુરીટી એજન્સી | ૨૬૨૩૫૯૫ |
| ૩ | ૬૨ | ૦૭/૦૩/૨૦૧૩ | ઝેડ પ્લસ સિક્યુરીટી | ૨૬૨૩૫૯૫ |
| ૪ | ૪૫૦ | ૨૫/૦૩/૨૦૧૩ | નેશનલ સિક્યુરીટી એજન્સી | ૧૬૬૨૮૩૯ |
| ૫ | ૨૫૯ | ૧૩/૦૩/૨૦૧૩ | નેશનલ સિક્યુરીટી એજન્સી | ૧૩૫૫૨૯૦ |
| ૬ | ૩૯૬ | ૨૦/૦૩/૨૦૧૩ | નેશનલ સિક્યુરીટી એજન્સી | ૧૩૫૦૨૪ |
| ૭ | ૪૪૩ | ૦૭/૦૧/૨૦૧૩ | નેશનલ સિક્યુરીટી એજન્સી | ૧૪૧૭૭૫ |
| ૮ | ૪૫૦ | ૦૮/૦૨/૨૦૧૩ | નેશનલ સિક્યુરીટી એજન્સી | ૧૬૬૨૮૩૯ |
| ૯ | ૪૪૨ | ૧૦/૦૩/૨૦૧૪ | નેશનલ સિક્યુરીટી એજન્સી | ૧૩૫૦૨૪ |
| | | | **કુલ ચુકવણું** | **૧,૩૨,૪૯,૬૧૮** |

તો ઉકત એજન્સી સાથે થયેલ ટેન્ડર પ્રક્રિયા કરાર, જામીનગીરીની વિગત , તથા તેમને લગત આનુષાંગિક સાધનીક રેકર્ડ અન્વેષણ હેતુ માટે રજુ થયેલ નથી.

**૪.૩ વાહનવેરાની મળવાપાત્ર આવક ગુમાવવા અંગે (ફકરા નં.-૭૬)**

ધી ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ-૧૯૪૯ની કલમ-૯૯ માં જણાવેલ સતાઓ તથા પ્રકરણ-૧૧ માં ઠરાવેલી મર્યાદાઓ અને શરતોને આધીન રહીને મહાનગરપાલિકા દ્વારા મિલકત-પાણીવેરો-સફાઇવેરો ઉપરાંત અન્ય પ્રકારના જે વેરા લેવાના હોય તે અંગે પણ કલમ-૧૪૨ થી ૧૫૦ માં જોગવાઇ કરવામાં આવેલ છે.

ધી ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ-૧૯૪૯ ની કલમ-૧૪૨ અન્વયે વાહનો માટે રાજય સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવેલ કર લેવાનો રહે છે. દરેક મહાનગરપાલિકએ કલમ-૯૯ મુજબ નકકી કરેલ દર મુજબ કર લેવાનો રહે છે તથા શહેરના હદની બહાર વાહન રાખેલ હોય પણ જેનો વપરાશ શહેરમાં થતો હોય તો તેના પર કર લેવાનો રહે છે.તથા મોટર વાહન અધિનિયમ-૧૯૩૯

મુજબ નિયત કરેલા નિયમો હેઠળ વેપાર માટેનુ પ્રમાણપત્ર આપવામાં આવેલ હોય તેવા દરેક પ્રકારના વાહનો માટે દર છ મહિને અગાઉથી સરકારશ્રીની મંજુરીથી મહાનગરપાલિકા નક્કી કરે તે મુજબ કર લેવાનો રહે છે.

સને ૨૦૧૩-૧૪ ના અન્વેષણ દરમ્યાન રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રજુ થયેલ માહિતી મુજબ સને ૨૦૧૩-૧૪ દરમ્યાન ટુ વ્હીલર તથા ફોર વ્હીલર વાહનો અંગે કુલ રૂા.૧૫,૮૫,૪૧૦/- વાહન કર વસુલ લેવામાં આવેલ છે. રાજકોટ શહેરમાં નોંધાયેલ વાહનોની કિંમતના ૬ ટકા મુજબ વાહન વેરો લેવાનો રહે છે. જે ગુજરાત સરકારશ્રી દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. બંદરો અને વાહનવ્યવહાર વિભાગના ક્રમાંક- PT/2007/25/ mvd/102007/685/kh તા.30/03/૨૦૦૭ના ઠરાવ મુજબ વાહનની કિંમત ૬ ટકા લેખે સામેલ મુળ ફકરાના પરિશિષ્ટ મુજબ કુલ રૂા.૨૦,૪૮,૨૫,૬૦૦/- વાહન કરની આવક મહાનગરપાલિકા વસુલ કરી શકે પરંતુ સંસ્થા દ્વારા વાહનકરના જુના દર મુજબ જે ન્યુનતમ રૂા.30/- તથા મહતમ રૂા.૧૨૦/- પ્રતિ વાહન દીઠ તેના આયુષ્ય મુજબ નિયત કરેલ છે. પરિણામે અંદાજે રૂા.૨૦,3૨,૪૦,૧૯૦/- જેટલી વાહન કરની આવક ગુમાવેલ છે.

### ૪.૪ મકાન વપરાશ પ્રમાણપત્ર ન લેવાયેલ કિસ્સાઓમાં લેબરશેષની રકમ વસુલ ન લેવા બાબત. (ફકરા નં-૮૨)

ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સટ્રક્શન વર્કસ વેલ્ફર સેસ એક્ટ-૧૯૯૬ અને તેના નિયમો-૧૯૯૮ ના નિયમ-3 મુજબ લેબર્ શેષ વસુલ કરવાની જોગવાઇ થયેલ છે. સંસ્થાના પરિપત્રનં રા.મ્યુ.કો./ટી.પી./ડેવ./જા.નં.3૨૪3 થી તા.૧૮/૧૨/0૪ મુજબ બાંધકામ પરવાનગી ઇસ્યુ કરવામાં આવે ત્યારે તમામ કિસ્સામાં બિલ્ટ અપ એરીયાના પ્રતિ ચોરસ મીટર દીઠ રૂ.3૦/-લેખે લેબર સેસની વસુલાત કરવાના હુકમ થયેલ છે.જે અંગે નીચે મુજબ નોંધ આપવામાં આવે છે.

(૧) વર્ક્સ વેલફરસેસ નિયમો-૧૯૯૮ ના નિયમ-૪(૪૦ મુજબ બાંધકામ પરવાનગી મંજુરી આપતા પહેલા સેસની રકમ વસુલ કરવાની થાય છે. જે પ્રથાનો અમલ સંસ્થા દ્વારા થયેલ નથી.

(૨) સંસ્થાના વેસ્ટ ઝોનની બાંધકામ પરવાનગી રજીસ્ટરની નમુનારૂપ કિસ્સાની ચકાસણી કરતા મુળ ફકરાની વિગતે કુલ-૨૫ કેસોને મકાન વપરાશ પરવાનગી આપેલ નથી જેથી તેમની પાસે રૂ.૧૮,૫૭,૫૮૨/-ની લેબર શેષની વસુલાત થયેલ નથી જે વસુલાત કરવાની રહે.

### ૪.૫ પાણી પુરવઠાના વીજ વપરાશના એચ.ટી. કનેકશનમાં વિજળી વપરાશને ધ્યાને લઇ ડિમાન્ડ વધારા - ઘટાડાની કાર્યવાહી ન થવાથી સંસ્થાને થયેલ આર્થિક નુકશાન બાબત (ફકરા નં-3૭)

ગુજરાત વિદ્યુત રેગ્યુલેટરી કમીશન (GERC) દ્વારા હાઇટેન્શન કનેકશન ટેરીફ શેડયુલ નકકી કરવામાં આવેલ છે.

(૧) ડિમાન્ડ ચાર્જ કોન્ટ્રાકટના ધોરણે

(૨) વિજળીના બિલોમાં એનર્જી ચાર્જીસ ડિમાન્ડના ૮૫ ટકા ઓછામાં ઓછી અથવા થયેલ વપરાશ બે માંથી જે વધારે હોય તે બિલમાં ચાર્જ કરવામાં આવશે.

(3) વીજ જોડાણ મેળવતી વખતે ઉપભોકતા અને વીજ કંપની વચ્ચે કરાર કરવાનો રહેશે.

રાજકોટ મહાનગરપાલિકાના સને ૨૦૧૩-૧૪ ના અન્વેષણ દરમ્યાન વોટર વર્કસ શાખા દ્વારા રજુ થયેલ રેકર્ડ મુજબ નીચેના પત્રકની વિગતે જુદા-જુદા પંપીંગ સ્ટેશન ઉપર એચ.ટી.-૨ કનેકશન દ્વારા વિજળી વપરાશ કરવામાં આવેલ છે.

| ક્રમ | એચ.ટી. નંબર | વાર્ષિક ૮૫ ટકા મુજબ ડિમાન્ડ મંજુર | વાર્ષિક ખરેખર વપરાશ | વધુ ચુકવેલ રકમ | પંપીંગ સ્ટેશન |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૫૧૪૨ | ૩૦૬૦ | ૨૩૨૪ | ૭૫,૯૪૫ | લાલ બહાદુર |
| ૨ | ૨૫૪૧૧ | ૧૦૨૦૦ | ૮૮૬૪ | ૪,૪૦,૫૪૫ | ગોંડલ |
| ૩ | ૨૫૪૧૨ | ૯૧૮૦ | ૭૭૧૬ | ૫,૨૭,૫૩૫ | ભાદર |
| ૪ | ૨૫૮૧૧ | ૪૦૮૦ | ૩૬૦૪ | ૪૯,૮૦૦ | જયુબીલી |
| ૫ | ૨૫૮૧૨ | ૩૦૬૦ | ૩૧૪૭ | ૬૨૫ | ગુરૂકુળ |
| ૬ | ૨૬૨૨૯ | ૨૨૯૨ | ૧૦૫૭ | ૧,૨૮,૨૩૫ | બજરંગવાડી |
| ૭ | ૨૬૪૫૯ | ૩૩૧૨ | ૧૪૮૪ | ૧,૮૯,૨૪૦ | રેલનગર |
| | **કુલ રૂ.** | **૩૫૧૮૪** | **૨૮૧૯૬** | **૧૪,૧૧,૯૨૫** | |

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઉપરોકત શરતો પ્રમાણે વીજ જોડાણ મેળવવામાં આવેલ હતા. પરંતુ સંસ્થા દ્વારા રજુ થયેલ વીજળી બીલની ચકાસણી કરતા અમુક કિસ્સામાં માસિક વિજળી વપરાશ મંજુર થયેલ ડિમાન્ડના ૮૫ ટકા કરતા ઘણો ઓછો હતો. પરિણામે સંસ્થાએ ૮૫ ટકા ડિમાન્ડ મુજબ એનર્જી ચાર્જ ભોગવવો પડેલ છે. આવા કિસ્સામાં ડિમાન્ડ વધારા-ઘટાડા અંગે જરૂરી દરખાસ્ત કરવા કાર્યવાહી ન થવાથી સંસ્થાને કુલ રૂ.૧૪,૧૧,૯૨૫/- વધારાનો આર્થિક બોઝ સહન કરવો પડેલ છે. આ બાબતે ખરેખર વપરાશની વિગતો ધ્યાને લઇ જે તે એચ.ટી. કનેકશનની ડિમાન્ડમાં જરૂરી વધારા-ઘટાડા અંગે સંસ્થા દ્વારા કાર્યવાહી કરવી રહે. જેથી બિનજરૂરી વધારાનો આર્થિક બોજ ઉપસ્થિત થતો નિવારી શકાય. આ નમૂનારૂપ કિસ્સાની ચકાસણી કરેલ છે. સંસ્થાનાં આ પ્રકારનાં અન્ય વીજળી કનેક્શન અંગે પણ જરૂરી ચકાસણી કરી ડિમાન્ડ વધ-ઘટ અંગે જરૂરી કાર્યવાહી કરવી ઘટે.

તેમજ સંસ્થા દ્વારા વિજળીના કનેક્શનમાં વિજળી વપરાશમાં પાવર ફેક્ટર મેનટેઇન કરવા થયેલ વ્યવસ્થા અંગે તથા આ બાબતે PGVCL દ્વારા કોઇ પેનલ્ટી થયેલ હોય તો તે અંગે ખરાઇ કરાવવી રહે.

**૪.૬ આઇસીડીએસ વિભાગ માટે મોબાઇલ આંગણવાડીનાં ઉપયોગ માટે નવી મારૂતિ ઇકો-સી.એન.જી.ની ખરીદી અંગે (ફકરા નં.૨૮)**

મહાનગરપાલિકા રાજકોટના સને ૨૦૧૩-૧૪નાં વર્ષમા કુલ-૪ મારુતિ ઇકો-સીએનજી વાનની ખરીદી કરેલ હતી જે અંગે નીચે મુજબ નોંધ આપવામા આવેછે.

(૧) સરકારશ્રીના ઉદ્યોગ-ખાણ વિભાગનાં ઠરાવ નં. એસપીઓ ૧૦૨૦૦૫/૧૪૦૫/ચ/૨૨-૧૧-૦૬ મુજબ રૂ. ૧૦ લાખથી વધુ તથા તા. ૮-૭-૧૧ નાં ઠરાવ મુજબ ઉકત ખરીદી ઇ ટેન્ડરીંગથી કરેલ નથી.જેથી હરીફાઇ યુક્ત ભાવો મેળવવાનો લાભ ગુમાવેલ છે.

(૨) ઉકત ખરીદી માટેની ગ્રાન્ટ ફાળવણી તા. ૩૧-૩-૧૧નાં થયેલ છે. સને ૨૦૧૩-૧૪માં મોબાઇલ આંગણવાડી વાન ખરીદેલ છે. જેથી વિલંબથી ખરીદેલ વાન ને કારણે આંગણવાડીના બાળકોને મળવાપાત્ર લાભથી તેટલા અંશે વંચિત રહેવુ પડેલ છે.

(૩) સંસ્થાને કમિશ્નર મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગર દ્વારા ૩-વાહન ખરીદવાની ની ગ્રાંટ ફાળવેલ હતી જ્યારે સંસ્થાએ ૪ વાહન ખરીદેલ જે અંગે સક્ષમ અધિકારીની મંજુરી અને વધુ ખરીદીની જરુરીયાત અંગેનુ રેકર્ડ રજુ થયેલ નથી.

(૪) સંસ્થા દ્વારા થયેલ ખર્ચ સંબંધી વિગતો જરૂરી ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્ર તથા બચત ગ્રાન્ટ સંબંધી થયેલ કાર્યવાહીની વિગતો કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગને મોકલ્યાનું રેકર્ડ રજુ થયેલ નથી.

(૫) ઉકત મોબાઇલવાનની લોગબુક રજુ થયેલ સંસ્થાના હિસ્ટ્રીસીટ રજિસ્ટર/વાહન ખરીદી રજીસ્ટરે નોંધ થયા અંગે ના રજિસ્ટર/રેકર્ડ અન્વેષણમાં રજુ થયેલ ન હતાં.

**૪.૭ રાજકોટ મ્યુનિ કોર્પો. ની જુદી-જુદી શાખાના ઉપયોગ માટે કોમ્પ્યુ. હાર્ડવેર - સોફટવેર – બેકઅપ ડિવાઇસ ખરીદીના કોન્ટ્રાકટ અંગે. (ફકરા નં.-૩૨)**

શહેરના જુદા-જુદા વિસ્તારોમાં ઝોનલ ઓફીસ તથા નાગરિક સુવિધા કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે .આ માટે કોર્પોરેશનની જુદી-જુદી શાખાઓની માંગણી મુજબ કોમ્પ્યુટર હાર્ડવેર - પ્રિન્ટર - સોફટવેર - બેક અપ ડિવાઇસ વગેરેની ખરીદી કરવા અંગે સંસ્થા દ્વારા જરૂરી અંદાજો મેળવી તા.૨૬/૮/૧૨ ના ટાઇમ્સ ઓફ ઇન્ડિયામાં જાહેરાત આપી ઇ-ટેન્ડરીંગથી ભાવો મંગાવતા જરૂરી હાર્ડવેર-સ્ટોરેજ-સોફટવેર માટે ઇશાન ઇન્ફો લી. રાજકોટને ત્રણ વર્ષની વોરંટી સાથે રૂા.૧,૩૫,૯૯,૦૧૫/- માલ ખરીદીનો વર્કઓર્ડર તા.૨૮/૧૨/૧૨ ના આપેલ છે તેમજ માઇક્રોસોફટ કંપનીના સોફટવેરની ખરીદી અંગે ગુજરાત સરકારશ્રીના જીઆઇએલ તેમજ માઇક્રોસોફટ કંપની સાથેના કરાર મુજબ શ્રી દેવ ઇન્ફર્મેશન ટેકનોલોજી પ્રા.લી. અમદાવાદ પાસેથી ખરીદવાના રહે છે જેની કિંમત રૂા.૧૯,૯૬,૫૮૪/- છે. જે અંગે એજન્સીને વર્કઓર્ડર નં.૪૦૭ તા.૨૮/૧૨/૧૨ આપેલ છે અને બંને કંપની પાસેથી થયેલ ખરીદી અંગે નીચેની વિગતે ચુકવણી થયેલ છે.

| | |
|---|---|
| (૧) | ઇશાન ઇન્ફોટેક લી.૧,૩૧,૮૧,૬૨૬-00 |
| (૨) | શ્રી દેવ ઇન્ફર્મેશન ટેકનોલોજી પ્રા.લી. અમદાવાદ૧૯,૯૬,૫૮૪-00 |

જે અંગે નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

(૧) ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ પુસ્તક- ૧ ના ફકરા નં. ૨૦૦ તથા માર્ગ અને મકાન વિભાગના તા. ૨૫/૦૧/૨૦૦૧ ના પત્ર નં. ટીએનસી-૧૦૨૦૦૧-યુઓ-૨૧૬-૪૫-સી મુજબ રૂા.૨૦ લાખથી વધુ રકમના કામોની જાહેરાત જિલ્લા કક્ષાએ પ્રસિદ્ધ થતા ગુજરાતી દૈનિક તથા અમદાવાદથી પ્રસિદ્ધ થતા ગુજરાતી તથા એક અંગ્રેજી એમ કુલ-૩(ત્રણ) દૈનિકમાં જાહેરાત પ્રસિદ્ધ કરવાની રહે છે. સંસ્થા દ્વારા ટાઇમ્સ ઓફ પ્રસિદ્ધ દૈનિકમાં તા.૨૬/૮/૧૨ ના જાહેરાત પ્રસિદ્ધ કરેલ છે. પરંતુ બે ગુજરાતી દૈનિકમાં ઉપર મુજબ જાહેરાત પ્રસિદ્ધ કર્યાના આધાર રજુ થયેલ નથી.

(૨) સરકારશ્રીના માર્ગ મકાન વિભાગના પરિપત્ર નં.ટીએનસી-૧૦૯૧-આઇબી-૧૦-૧૧-સી તા.૧૫/૧૦/૯૧ મુજબ રૂા.૧૫ લાખથી વધુના કામ અંગે ૧૦ ટકા સિકયોરીટી ડિપોઝીટ લેવાની રહે છે. જેમાં ૨.૫ ટકા જામીન અનામત તથા ૫ ટકા પર્ફોમન્સ બોન્ડ તરીકે બેંક ગેરેંટી લેવાની રહે છે તથા બાકીની ૨.૫ ટકા રકમ બીલમાંથી કપાત કરવાની રહે છે. સંસ્થા દ્વારા એજન્સી પાસેથી ૫ ટકા મુજબ બેંક ગેરેંટી એસબીઆઇ ની રૂા.૬,૮૦,૦૦૦/- તા.૨૬/૧૨/૧૨ ના મેળવેલ છે. જેથી ૫ ટકા ઓછી સિકયોરીટી ડિપોઝીટ મેળવવા અંગે ખરાઇ કરાવવી રહે. તેમજ આ કામ ૩(ત્રણ) વર્ષની વોરંટી સાથેનું આપેલ છે. બેંક ગેરેંટી તા.૩૧/૧/૧૬ સુધીની મુદતની આપેલ છે. જે તે વસ્તુના ઇન્સ્ટોલેશન પછી બરાબર સીસ્ટમ રનીંગ થયા પછી આ મુદત ગણવાની હતી. આ ઇન્સ્ટોલેશન કામગીરી પૂર્ણ થયા પછી ત્રણ વર્ષ સુધી આ બેંક ગેરેંટી રીન્યુ થયા અંગે ખરાઇ કરાવવી રહે.

(૩) સંસ્થા દ્વારા એલ-૧ અને એલ-૨ બંને એજન્સી સાથે નેગોશીયેશન કરેલ છે. જે સીવીસી ગાઇડ લાઇન સાથે સુસંગત નથી.તેમ છતાં સંસ્થા દ્વારા બંને એજન્સી સાથે થયેલ નેગોશીયેશનમાં એલ-૧ એજન્સીના નિયત કરેલ છેલ્લા ભાવ અંગેની આઇટમ નં.૧ થી ૧૩ માં એલ-૨ એજન્સીના આઇટમ નં.૩, ૪, ૮, ૧૦, ૧૧, ૧૨ માં એલ-૧ કરતા ભાવ ઓછા હોવા છતાં સંસ્થાએ તે ધ્યાને લઇ એલ-૧ એજન્સી સાથે આ ભાવો સુધી નેગોશીયેશન ન કરતા સંસ્થાને અંદાજિત રૂા.૨,૩૦,૮૦૦/- નો આર્થિક લાભ ગુમાવેલ છે. જે તે આઇટમ વાઇઝ એલ-૧ એજન્સી સાથે કરાર કરેલ હોત તો પણ આ લાભ મળી શકયો હોત. જે ન થવાથી સંસ્થાએ તેટલા અંશે સ્પર્ધાત્મક ભાવોનો લાભ ગુમાવેલ છે.

(૪) સરકારશ્રીની કંપની જીઆઇએલ તથા માઇક્રોસોફટ કંપની સાથેના કરાર મુજબ આ સોફટવેર શ્રી દેવ ઇન્ફર્મેશન ટેકનોલોજી પ્રા.લી. અમદાવાદ પાસેથી ખરીદવાના થાય છે. તેમ જણાવી સંસ્થાએ વગર

ટેન્ડર માઇક્રોસોફ્ટના સોફ્ટવેર આ એજન્સી પાસેથી ખરીદેલ છે. જે અંગે જરૂરી આધારો ફાઇલે સામેલ નથી જેની ખરાઇ કરાવવી રહે.

(૫) સંસ્થાએ ખરીદેલ કોમ્પ્યુટર હાર્ડવેર - સોફ્ટવેર સીસ્ટમ જે તે શાખાને ઇસ્યુ કર્યા અંગે જે તે શાખાને તે મળ્યા બદલની પહોંચો - રજિસ્ટર રજુ થયેલ નથી તથા ત્રણ વર્ષ સુધી સીસ્ટમ બરાબર ચાલુ હોવાના આધારો સામેલ નથી.

(૬) સંસ્થા દ્વારા મુળ ફકરા સાથે સામેલ પરિશિષ્ટ-૧૪ ની વિગતે કોમ્પ્યુટર હાર્ડવેર-સોફ્ટવેર સીસ્ટમની ખરીદી કરેલ છે જેની સંસ્થાના ડેડસ્ટોક રજિસ્ટરમાં વિગતવાર જરૂરી નોંધ કર્યાના આધાર રજુ થયેલ નથી તેમજ આ સીસ્ટમ જે તે શાખાને ઇસ્યુ કર્યાની વિગતો સાથેનું માંગણી મુજબ સાધનો મળ્યા બદલ તથા તેમના સ્ટોક રજીસ્ટરે તેની નોંધ કર્યાનું પ્રમાણપત્ર મેળવી ફાઇલે રાખેલ નથી જેની ખરાઇ કરાવવી રહે.

**૪.૮ નર્મદા ડેમનાં પીવાનાંપાણીનાં નિયત એગ્રીમેન્ટ કરતા વધુ ઉપાડેલ પાણીનાં જથ્થાનાં બે ગણા દરે ચાર્જ ચુકવવા બાબત( ઝોન/ વેસ્ટઇસ્ટ) . (ફકરા નં.-૪૧)**

મહાનગરપાલિકા રાજકોટનાં સને ૨૦૧૩-૧૪નાં ઓડીટ દરમ્યાન પીવાનું પાણી બેજ પાઇપ લાઇન દ્વારા પુરૂ પાડવા માટે પરિશિષ્ટ મુજબ પાણી ચાર્જ રૂા.૨૬,૨૮,૮૫,૨૦૦/- વોટર ગુજરાત ઇન્ફ્રા. લી. ને ચુકવણું કરેલ હતું તેઅંગે નીચે મુજબ વાંધા નોધ આપેલ છે.

(૧) ગુજ. વોટર ઇન્ફ્રા.લી. સાથે કરેલ એગ્રીમેન્ટ મુજબ ૧૫૩૪.૫૦ એમ.એલ મહત્તમ બીલીંગ સુધીનાં ભાવ પ્રતિ હજાર લી. રૂા.૬-૦૦ તથા તેનાથી વધારાના જથ્થા અંગે પ્રતિ ૧૦૦૦ લીટરે રૂા. ૧૨-૦૦ લેખે પાણી ચાર્જ ભરવાનો રહે છે. મુળ ફકરામા સામેલ પરિશિષ્ટના કોલમ -૮માં દર્શાવેલ વિગતે ૩૬૮૪.૫ એમએલ જથ્થો જે તે મહિનાની મહત્તમ મર્યાદા કરતા વધુ ઉપાડ કરેલ છે. જેથી સંસ્થાને રૂા.૨,૨૧,૦૭,૦૦૦/-(૩૬૮૪.૫ × ૬૦૦૦) આર્થિક બોજો થયેલ છે.

(૨) એજન્સી દ્વારા સંસ્થાને સપ્લાય કરેલ પીવાના પાણીનાં જથ્થા અંગે કોઇ રજિસ્ટર રજૂ થયેલ નથી. જેથી મળેલ જથ્થો તથા કરેલ ચુકાવણીના વ્યાજબીપણા અંગે ખરાઇ થઇ શકેલ નથી.

સંસ્થા દ્વારા પાણીનાં માસિક વપરાશનાં વાસ્તવિક અંદાજો મેળવી ગુજરાત વોટર ઇન્ફ્રા. લી. સાથે મહત્તમ પાણીનાં ઉપાડ અંગેના જથ્થાનાં બીલીંગના દર/જથ્થો નિયત કરવા જરૂરી આર્થિક બોજ સહન કરાવા અંગે ખરાઇ કરાવવી રહે. તેમજ આ બાબતે પાણી ઉપાડ અંગેના, મહત્તમ જથ્થા અંગે પુનઃ જરૂરી ચકાસણી કરી કંપની સાથે એગ્રીમેન્ટ કરવા કાર્યવાહી કરવી ઘટે.

**૪.૯ એસી પ્રેસર પાઇપ ખરીદી અંગેનાં વાર્ષિક રેઇટ કોન્ટ્રાકટ બાબત(૨ એન્જીલ સ્ટોસેન્ટ્ર). (ફકરા નં-૨૩)**

રાજકોટ મહાનગરપાલિકાનાં સને ૨૦૧૩-૧૪ નાં અન્વેષણ દરમ્યાન સંસ્થાનાં સેન્ટ્રલ સ્ટોર (એન્જી) દ્વારા રજુ થયેલ હિસાબી રેકર્ડની ચકાસણી કરતા સંસ્થા દ્વારા મહાનગરપાલિકા વિસ્તારમાં વોટર વર્કસ વિભાગની કામગીરી અંગે જુદી-જુદી સાઇઝનાં એસી પ્રેસર પાઇપની જરૂરિયાત રહે છે જે અંગે માંગણી મુજબ જથ્થો સત્વરે ખરીદી શકાય તે માટે વાર્ષિક રેઇટ કોન્ટ્રાકટ કરવા અંગે સંસ્થા દ્વારા સને ૨૦૧૨-૧૩નાં વર્ષનાં મંજુર કરેલ એજન્સીનાં આર.સી.ની મુદ્દત વધુ એક વર્ષ લંબાવવા કમિશ્નરશ્રી દ્વારા તા. ૨૩-૧૦-૧૩ થી દરખાસ્ત કરતા સ્ટે. ક. ઠ. ૪૦૪/૨૮-૯-૧૨થી મંજુર ભાવે માલ સપ્લાય કરવા થયેલ કરારની મુદ્દત તા. ૨૫-૧૦-૧૪ સુધી લંબાવવાનું મંજુર કરેલ હતુ અને તે અન્વયે સને ૨૦૧૩-૧૪ માં જે તે એજન્સી પાસેથી એસી પ્રેસર પાઇપની જુદા જુદા વર્કઓર્ડર-પરચેઝ ઓર્ડરથી ખરીદી કરેલ છે.

ઉપરોક્ત બાબતે સંસ્થા દ્વારા રજૂ થયેલ વર્ક ફાઇલ, માપપોથી, સ્ટોક રજિસ્ટર વગેરે રેકર્ડની ચકાસણી કરતા નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

(૧) સરકારશ્રીનાં ઉદ્યોગ ખાણ વિભાગનાં તા. ૮-૭-૧૧નાં ઠરાવ મુજબ રૂા. ૫ લાખથી વધુ ખરીદી અંગે ઇ ટેન્ડરીંગ કરી હરીફાઇયુક્ત ભાવો મેળવી સૌથી ઓછા ભાવની એજન્સી પાસેથી ખરીદી કરવાની રહે છે. સંસ્થા દ્વારાસને ૨૦૧૨-૧૩ની એજન્સીઓના ભાવ સ્વીકારીતેની મુદત ૧ વર્ષ લંબાવી આપેલ છે જેથી ૫ લાખ કરતા વધુની ખરીદી અંગે ઇ ટેન્ડરીંગ ન કરતા સંસ્થાએ હરીફાઇયુક્ત-સ્પર્ધાત્મક ભાવો મેળવવા નો લાભ ગુમાવેલ છે.

(૨) સંસ્થા દ્વારા વોટરવર્કસ શાખાની જરૂરિયાત મુજબ જુદા-જુદા પરચેઝ ઓર્ડરથી સને ૨૦૧૩-૧૪ દરમ્યાન કુલ રૂા. ૩,૪૪,૪૯,૭૨૭-૦૦નો ખર્ચ એસી પ્રેસર પાઇપની ખરીદી અંગે કરેલ છે. જે ખરીદીમાં સેન્ટ્રલ એકસાઇઝ નોટીફિકેશશ નં.૬/૨૦૦૬ તા.૧-૩-૦૬, નોટીફિકેશન નં.૬/૨૦૦૭ તા.૧-૩-૦૭ તથા નોટીફિકેશન નં. ૨૬/૨૦૦૯ તા. ૪-૧૨-૦૯ માં સુધારો કર્યા મુજબ પાણીના સોર્સથી પ્લાન્ટ તથા પ્લાન્ટથી સ્ટોરેજ પોઇન્ટ સુધી પાણી પુરવઠાનાં કામે વપરાશમાં લેવામાં આવતા ૧૦ એમએમથી વધુના આઉટર ડાયામીટરના એ.સી. પ્રેસર પાઇપની ખરીદી પર એકસાઇઝ ડયુટી મુક્તિનો લાભ મળવાપાત્ર છે. સંસ્થા દ્વારા થયેલ એસી પ્રેસર પાઇપની ખરીદીમાં એકસાઇઝ ડયુટી મુકતીનો લાભ મેળવ્યા વગર તથા એકસાઇઝ ડયુટી મુક્તિ પ્રમાણપત્ર મેળવ્યા વગર ખરીદી કરતા સંસ્થાએ રૂા.૪,૬૦,૬૯૧-૦૦ નો નાણાંકીય લાભ ગુમાવેલ છે.જેથી કુલ ખરીદીની મૂળ કિંમત ઉપર ૧૨.૩૬ ટકા સેન્ટ્રલ એકસાઇઝ ડયૂટીનો ખર્ચ બીનજરૂરી ભોગવવો પડેલ છે. વધુમાં સંસ્થા દ્વારા પ્રસિદ્ધ કરવામા આવતા ટેન્ડરમાં એકસાઇઝ ડ્યુટી સાથેના ભાવો મગાવવામાં આવે છે. જેને લીધે સંસ્થાનો એકસાઇઝ ડ્યુટી જેટલી રકમનો વધારાનો આર્થિક બોજો ભોગવવો પડે છે.

## ૪.૧૦ થી ૪.૧૬ મહાનગરપાલિકાઓ દ્વારા હાથ ધરવામાં આવેલ યોજનાકીય વિકાસના કામો/વર્ક્સમાં જણાયેલ તાંત્રિક, નાણાંકીય તથા અમલીકરણને લગતી અનિયમિતતાઓ બાબત

૧. ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ પુસ્તક-૧ના પેરા-૨૦૦ મુજબ રૂ.૨૦/- લાખ ઉપરની કિંમતના કામની ટેન્ડર નોટીસ જિલ્લાના મુખ્ય સ્તરેથી પ્રસિધ્ધ થતા એક દૈનિક ઉપરાંત અમદાવાદથી પ્રસિધ્ધ થતા બે દૈનિક પૈકી એક અંગ્રેજી વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવાની જોગવાઇ થયેલ છે.

૨. મુંબઇ આકસ્મિક ખર્ચના નિયમો-૧૯૫૯ના નિયમ-૧૭૧ હેઠળના પરિશિષ્ટ-૬ પેટા નિયમ-૨ મુજબ રૂ.૧/- લાખ કે તેથી વધુની કિંમતની ખરીદી માટે બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાનપત્રોમાં જાહેરાત આપી ટેન્ડર પ્રક્રિયા અનુસરી સ્પર્ધાત્મક ભાવો મેળવી ખરીદી કરવાની જોગવાઇ થયેલ છે. તેમજ ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃએસ.પી.ઓ.-૧૦૨૦૦૫-૧૪૦૫-ચ, તા.૨૨/૧૧/૦૬ તથા ત્યારબાદના તા.૮/૭/૧૧ના ઠરાવથી રૂ.૫/- લાખથી વધુની ખરીદી ઇ-ટેન્ડરીંગથી કરવાની જોગવાઇ થયેલ છે.

૩. ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ પુસ્તક ભાગ-૧ના પેરા-૨૦૦ તથા માર્ગ અને મકાન વિભાગના તા.૧૭/૩/૨૦૦૭ના પરીપત્ર ક્રમાંકઃટી.એન.સી./૧૦૨૦૦૭/૧/સ અને નર્મદા,જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના પરિપત્ર નં.જી.ઇ.એન./૨૦૦૮/આઇ.બી./૨૩૫/(૨૮)/ક-૧, તા.૧૦/૦૨/૨૦૦૯થી નિવિદાની સમય મર્યાદા નક્કી કરવામા આવેલ છે. જે મુજબ રૂ.૩/- કરોડથી વધુ રકમના કામો માટે ૩૦ દિવસ, રૂ.૧/- કરોડ થી રૂ.૩/- કરોડ સુધીના કામો માટે ૨૧ દિવસ તથા રૂ.૧/- કરોડ અને તેનાથી ઓછી રકમના કામો માટે ૧૫ દિવસનો સમય ગાળો રાખવો જરૂરી છે.

૪. ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ ભાગ-૧ના ફકરા નં.૧૫૧,૨૮૩ અન્વયે અંદાજીત રકમ કરતા દસ ટકા(૧૦%) ઉંચા કે નીચા ભાવથી ટેન્ડર મંજુર કરેલ હોય તો રીવાઇઝ અંદાજો તૈયાર કરી સુધારેલ વહીવટી / તાંત્રિક મંજુરી મેળવવાની થાય છે. અને કામમાં થયેલ એક્સેસ ખર્ચ કે સેવિંગ માટે સક્ષમ સત્તાધિકારીની મંજુરી મેળવવાની થાય છે.

૫. ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ પુસ્તક ભાગ-૧ ના પેરા-૧૪(૫)(૪) મુજબ તથા માર્ગ અને મકાન વિભાગના પરીપત્ર ક્રમાંક:પી.ડબલ્યુ./ગુ.નિ.નોંધ/૨૫૦-(૧)/સ,તા. ૨૭/૮/૨૦૦૨ મુજબ રેકોર્ડ ઓફ ચેક મેઝરમેન્ટ રાખવાની જોગવાઇ પ્રમાણે દરેક કચેરીએ નિયત કરેલ નમુનામાં મેજરમેન્ટ ચેકીંગ રજીસ્ટર નિભાવવાનુ રહે છે તથા માર્ગ અને મકાન વિભાગના પરીપત્ર ક્રમાંક: પી.ડબલ્યુ.એમ./૨૪૭૮/૯૫ અન્વયે સક્ષમ ઇજનેરશ્રીએ ઠરાવેલ કિંમતના કામોનુ વખતો વખત દસ ટકા(૧૦%) ચેકીંગ કરવાનુ હોય છે. જેની નોંધ રજીસ્ટરમાં કરવાની હોય છે.

૬. માર્ગ અને મકાન વિભાગના તા.૩૧/૧૨/૨૦૦૯ના પરીપત્ર નં.પરચ/૧૦૨૦૦૭/૨૮-સ તથા ટેન્ડર બી-૧ની ક્લોઝ –૭૭ મુજબ બાંધકામના માલસામાનની ગુણવત્તા માટેના પરીક્ષણ પૈકી ૮૦% પરીક્ષણ સ્થળ ઉપર, ૧૦% પરીક્ષણ સરકાર માન્ય લેબોરેટરીમાં અને ૧૦% પરીક્ષણ ગેરી લેબોરેટરીમાં કરવાના રહે છે.

૭. માર્ગ અને મકાન વિભાગના પત્ર ક્રમાંક:ટી.એન.સી./૧૦૮૮/આઇ.બી./૨૨૦/૧૮/સ, તા. ૬/૪/૧૯૯૮ (તા.૧૭/૧૨/૧૯૯૮ અને તા.૩૧/૮/૧૯૯૧ના સંદર્ભ પરિપત્ર) મુજબ કામમાં વાપરવાનો સિમેન્ટ આઇ.એસ.આઇ. પ્રમાણપત્ર ધરાવતી મૂળ ઉત્પાદક કંપની પાસેથી જ ખરીદી તેના અસલ બીલો રજુ કરવાના હોય છે.

૮. ફાઇનલ બીલના ચુકવણા સમયે સિમેન્ટ તેમજ અન્ય મટીરીયલ્સ વપરાશનુ પ્રમાણપત્ર રજુ કરવાનુ હોય છે.

૯. મુંબઇ સ્ટેમ્પ એક્ટ-૧૯૫૮ અનુસુચી-૧, આર્ટીકલ- ૩૬(ક) અને આર્ટીકલ-૨૦(ક) તથા સુપ્રીટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક:સ્ટેમ્પ/અશન/૧૪/૨૦૦૭/૯૩૯, તા.૧/૪/૨૦૦૭ થી ટેન્ડર અન્વયે અનામતની જે રકમ ફિક્સ ડિપોઝીટ રીસીપ્ટ, એન.એસ.સી. અથવા અન્ય કોઇ બચતપત્રના માધ્યમથી મુકવામાં આવે તો તે રકમના પ્રત્યેક રૂ.૧૦૦/- અથવા તેના ભાગ માટે ૪.૯૦% સ્ટેમ્પ ડ્યુટી વસુલ કરવાની રહે છે.

૧૦. ગુજરાત વેટ અધિનિયમ-૨૦૦૩ની કલમ-૫૯(બી) તથા નાણાં વિભાગના જાહેરનામાં ક્રમાંક: જી.એચ.એન./૧૪/વેટ/૨૦૦૮/એસ/૫૯/બી/(૩)(૧)/થ અન્વયે તા.૦૧/૦૪/૨૦૦૮થી કામોની રકમ રૂ.૧/- કરોડથી વધે તો ૦.૬૦% ઇજારદારના બીલમાંથી ટી.ડી.એસ. તરીકે વેટની કપાત કરવાની રહેશે અને સરકારશ્રીમાં જમા કરાવવાની રહે છે

૧૧. ટેન્ડરની ક્લોઝ–૩૬ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એમ.એમ.આર./૧૧૨૦૦૦/૨૦૧૩/છ, તા.૧/૯/૨૦૦૪ અનુસાર કામમાં સાદી માટી-મુરમ વાપરવામાં આવે તો પરમીટ લેવાની તથા રોયલ્ટી ભરવાની રહેશે. જ્યારે માર્ગ અને મકાન વિભાગના તા. ૨૮/૪/૨૦૦૩ના પરિપત્ર મુજબ રોયલ્ટી ભર્યાની ખાત્રી માટે ફાઇનલ બીલની કોપી ભુસ્તરશાસ્ત્રીશ્રીને મોકલવાની હોય છે અને જો ઇજારદાર આ રોયલ્ટી ભરવાપાત્ર ન હોય તો ઉદ્યોગ અને ખાણ વિભાગનુ “નો ડ્યુ સર્ટીફીકેટ” ઇજારદાર પાસેથી મેળવી વર્ક ફાઇલે રાખવાનુ રહે છે.

૧૨. માર્ગ અને મકાન વિભાગના તા.૨૯/૦૬/૧૯૯૨ ઠરાવ તથા ટેન્ડર ક્લોઝ મુજબ જો ઇજારદાર કામ નિયત સમય મર્યાદા કરતા મોડુ પુર્ણ કરે તો વિલંબીત દિવસોના પ્રતિ દિન ૦.૧% લેખે વધુમા વધુ અંદાજીત કિમંતના ૧૦% લેખે વિલંબીત વળતર વસુલ કરવાનુ છે.

૧૩. ગુજરાત સ્થાનિક ભંડોળ ઓડિટ અધિનિયમ -૧૯૬૩ની કલમ-૪ તથા કલમ-૫ અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૭૭ અન્વયે તપાસણીપાત્ર તમામ રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ કરવાની સંસ્થાની વૈધાનિક જવાબદારી છે.

૧૪. અનુદાન ફાળવણીના હુકમની શરતો મુજબ કામ પુર્ણ થયેથી અનુદાન વપરાશનુ પ્રમાણપત્ર અનુદાન ફાળવણીની સંબધિત કચેરીને મોકલવાનુ હોય છે.

૧૫. માર્ગ અને મકાન વિભાગના ઠરાવ નં.ટી.એન.સી./૧૦/૨૦૧૩/૩/ભાગ-૨/સી, તા.૨૦/૧૧/૨૦૧૩થી બાંધમના કોન્ટ્રાક્ટર પાસેથી અંદાજીત રકમના રૂ.૩૦/- લાખ સુધી ૫% અને રૂ.૩૦/- લાખથી વધુના કિસ્સામાં ૧૦% સિક્યોરીટી ડીપોઝીટ લેવાની થાય છે.જેમા ૫% પર્ફોમન્સ બોન્ડ બેંક ગેરંટી તરીકે, ૨.૫% જામીન અનામત એફ.ડી.આર.તરીકે અને ૨.૫% રનીંગ બીલેથી કપાત કરવાના રહેશે.

૧૬. શ્રમ અને રોજગાર વિભાગના ઠરાવ નં.સી.ડબ્લ્યુ.એ./૧૩૨૦૧૩/૨૭૭૨૭/મ(૩), તા.૨૬/૦૯/૨૦૧૩ મુજબ કુલ બાંધકામ ખર્ચના ૧% લેખે ઇજારદાર પાસેથી લેબર શેષ વસુલ કરી સરકારશ્રીમાં જમા કરવાનુ ઠરાવવામાં આવેલ છે.

૧૭. માર્ગ મકાન વિભાગના પરિપત્ર નં. એસઅસઆર/૧૦૯૦/૩૧૮૩/૨૦/સી તા. ૬-૪-૯૧થી અપાયેલ સુચના મુજબ રોડની જુદી-જુદી પહોળાઇ માટે ડામરની ઘનતા-ડામરની ટકાવારી-ગ્રેડશન-ડેનસીટી મુજબ ચકાસણી કરવાની રહેશે.

<table>
<tr><th>વિ.અ. ફકરા નં.</th><th colspan="2">ફકરાની વિગત તથા ઓડિટ નોંધ</th><th>વસુલાતની રકમ (લાખમાં)</th></tr>
<tr><td>૪.૧૦</td><td colspan="2">વોર્ડ નં.૭માં ટી.પી.સ્કીમા નં.૭ અને ૮માં ૨૪ મીટર પહોળાઇના ટી.પી.રોડ (સંત કબીર રોડ) પર વરસાદી પાણીની પાઇપ ગટર તથા પેવીંગ બ્લોક સર્વિસ રોડ કરવાના કામ બાબત(ફકરાનં-૭૧)</td><td>૨.૦૧</td></tr>
<tr><td></td><td>અંદાજીત રકમ</td><td>૨,૦૩,૧૨,૫૦૦/-</td><td></td></tr>
<tr><td></td><td>ટેન્ડર રકમ</td><td>૨,૬૮,૧૨,૫૦૦-૦૦ (૩૨ ટકા વધુ)</td><td></td></tr>
<tr><td></td><td>કામનો કુલ ખર્ચ</td><td>૨,૦૬,૮૮,૪૦૩-૦૦</td><td></td></tr>
<tr><td></td><td colspan="2">ઓડિટ નોંધ:<br>➢ ટેન્ડર ઓન લાઇન પ્રસિધ્ધ કર્યા બાદ તે સ્વીકારનો સમય ૨૧ દિવસ રાખવો જોઇએ જેના આધારો રજુ થયેલ નથી.<br>➢ ટેન્ડરની જાહેર નિવિદા આપવા માટે રૂા.૨૦ લાખથી વધુ કામ માટે ઓછામાં ઓછા બે વર્તમાનપત્રમાં જાહેરાત આપવી જોઇએ જ્યારે આ કામ માટે એકજ વર્તમાન પત્રમાં જાહેરાત આપેલ છે.અને આ જાહેરાત માહિતી ખાતા દ્વારા આપવી જોઇએ જે આપ્યાના આધારો રજુ થયેલ નથી.<br>➢ આ કામ માટે સીંગલ ટેંડર મળેલ જે સંસ્થાએ મંજુર કરેલ છે.<br>➢ ઉક્ત કામે ક્વોલીફાઇડ ઈજનેરની નિયુક્તીની વિગતો જણાયેલ ન હોય નિયમાનુસાર રૂા.૨,૦૧,૫૦૦ /- ઈજારદારશ્રી પાસેથી વસુલાત કરવી રહે.<br>➢ કોન્ટ્રાક્ટર દ્વારા આ કામે વપરાશ કરેલ ખનીજ પદાર્થોની રોયલ્ટી સંપૂર્ણ ભરાયેલ હોવાના આધારો રજુ કરેલ નથી.</td><td></td></tr>
</table>

| | | |
|---|---|---|
| | ➢ ૧૦% પરીક્ષણ ગેરી લેબોરેટરીમાં કરવાનાના રહે છે. જેના આધાર રજુ કરેલ નથી.<br>➢ આ કામ અંગેની વર્ક ફાઇલ, ટેન્ડર ડોકયુમેન્ટ, માપપોથી અન્વેષણમાં રજૂ થયેલ નથી.<br>➢ સંસ્થાએ કામ નબળુ થયેલ તે દુર કરી નવેસરથી કામ કરવા ઇજારદારને જણાવેલ ઇજારદારે ક્ષતિ દૂર કર્યાનુ જણાવેલ તેનુ રેકર્ડ રજુ થયેલ નથી.<br>➢ એજન્સી દ્વારા આ કામનાં એસ્ટીમેટની આઇટમ નં.- ૩ રૂા.૪,૫૦,૦૦૦/-માં કોઇ કામગીરી થયેલ નથી અને એકંદરે બચત રૂા.૬૭,૬૧,૨૭૫/- છે તથા એકસેસ રૂા.૭,૯૬,૯૮૪/- તથા એકસ્ટ્રા વર્ક રૂા.૧૬,૧૮,૨૯૫/- થયેલ છે. જેથી એસ્ટીમેટ કરતા ૩૩.૨૮ ટકા જેટલી ઓછી કામગીરી થવાથી કામની ગુણવત્તાને કોઇ અસર ન થવા અંગે તથા રૂા.૧૬,૧૮,૨૯૫/- એકસ્ટ્રાવર્કનો જે તે સમયે અંદાજમાં સમાવેશ ન થવાનાં વ્યાજબીપણા અંગે ખરાઇ કરાવવી રહે તેમજ કેટ આઇ રીફલેકટર ફિટીંગની આઇટમ નં. (૧૯) અંદાજ મુજબ જથ્થો ૪૮ નંગને બદલે ખરેખર વપરાશ જથ્થો ૫૫૯ નંગ થયેલ છે જેથી ૫૧૧ નંગ જેટલો વધારે જથ્થો વપરાશ થવાના વ્યાજબીપણા અંગે ખરાઇ કરાવવી રહે.<br>➢ ઇજારદારના બીલોમાંથી આવકવેરો કુલ રૂા.૪,૧૩,૭૬૮/-, લેબર સેસ રૂા.૨,૦૬,૮૮૪/-, વેટ રૂા.૧,૨૪,૧૩૦/- કપાત કરેલ છે. આ તમામ કપાતો નિયત સદરે સરકારશ્રીમાં જમા કરાવવાની રહે | |

| વિ.અ. ફકરા નં. | ફકરાની વિગત તથા ઓડિટ નોંધ | | વસુલાતની રકમ (લાખમાં) |
|---|---|---|---|
| ૪.૧૧ | **ડ્રેનેજ પ્રોજેકટ ફેજ-૨ પાર્ટ-૨ અંતર્ગત ચુનરાવાડ (એપીએસ-૦૭) ડ્રેનેજ પંપીંગ સ્ટેશન બનાવવાનું કામ બાબત (ફકરાનં-૬૭)** | | **૨.૦૮** |
| | અંદાજીત રકમ | ૧,૧૨,૦૦,૦૦૦ | |
| | ટેન્ડર રકમ | ૧,૭૪,૧૬,૦૦૦ (૫૫.૫% ઉંચા) | |
| | કામનો કુલ ખર્ચ | ૧,૬૮,૦૧,૩૨૪ | |
| | ઓડિટ નોંધ:<br>➢ ટેન્ડર ઓન લાઇન પ્રસિધ્ધ કર્યા બાદ તે સ્વીકારનો સમય ૨૧ દિવસ રાખવો જોઇએ જેના આધારો રજુ થયેલ નથી..<br>➢ ટેન્ડરની જાહેર નિવિદા આપવા માટે રૂા.૨૦ લાખથી વધુ કામ માટે ઓછામાં ઓછા બે વર્તમાનપત્રમાં જાહેરાત આપવી જોઇએ જ્યારે આ કામ માટે એકજ વર્તમાન પત્રમાં જાહેરાત આપેલ છે.અને આ જાહેરાત માહિતિ ખાતા દ્વારા આપવી જોઇએ જે આપ્યાના આધારો રજુ થયેલ નથી.<br>➢ સંસ્થા દ્વારા અંદાજીત ખર્ચ કરતા ૫૫.૫૦%ઉંચા દરે ટેંડર મંજુર કરેલ છે.જેના રેટ એનાલીસિસ, રીવાઇઝ વહીવટી અને તાંત્રીક મંજુરીઓ ઑડીટમાં રજુ કરેલ નથી.<br>➢ સ્ટેમ્પ ડ્યુટીની વસુલાત બાબતના આધારો રજુ કરેલ નથી.<br>➢ ઇજારદાર દ્વારા કુલટાઇમ ક્વોલિફાઇડ ઇજનેર કામ ઉપર રાખ્યાના આધારો રજુ નથી. જોગવાઇ મુજબ રૂા.૨,૦૮,૫૦૦/- ઇજારદાર પાસેથી વસૂલ કરવાના રહે.<br>➢ આ કામમાં વપરાશ થયેલ માલ-સામાનની વેપારી પાસેથી કરેલ ખરીદી અંગેના અધિકૃત બીલો એજન્સી પાસેથી મેળવી ફાઈલે રાખેલ નથી. જેથી વપરાશ કરેલ માલ-સામાનનાં જથ્થા-સ્પેસીફિકેશન બાબતે ખરાઇ થઇ શકેલ નથી | | |

| | | |
|---|---|---|
| | ➢ ઉદ્યોગ અને ખાણ વિભાગનુ ખનિજ માલસામાનની રોયલ્ટી ભર્યા અંગેના આધારો રજુ થયેલ નથી.જે મેળવી રજુ કરવાના રહે.<br>➢ ઇજારદારના બીલોમાંથી આવકવેરો કુલ રૂા.૩,૨૬,૦૨૬/-, લેબર સેસ રૂા.૧,૬૮,૦૧૩/-, વેટ રૂા.૧,૦૦,૮૦૮/- કપાત કરેલ છે. આ તમામ કપાતો નિયત સદરે સરકારશ્રીમાં જમા કરાવવાની રહે.<br>➢ આ કામ અંગેની વર્ક ફાઇલ-પ્લાન-એસ્ટીમમેન્ટ ટેન્ડેર ડોકયુમેન્ટ માપપોથી વગેરે રેકર્ડ અન્વેષણમાં રજુ થયેલ નથી. | |

| વિ.અ. ફકરા નં. | ફકરાની વિગત તથા ઓડિટ નોંધ | | વસુલાતની રકમ (લાખમાં) |
|---|---|---|---|
| ૪.૧૨ | **પૂર્વ ઝોન હેઠળનાં ઇ૧ ઝોન વોર્ડ નં. ૫ ૬ તથા ૭ માં પેવર એકશન પ્લાનન સને ૨૦૧૨-૧૩ નાં કામો કરાવવા અંગે.(ફકરાનં-૬૪)** | | ૦.૬૨ |
| | અંદાજીત રકમ | ૨,૨૫,૦૦,૦૦૦/- | |
| | ટેન્ડર રકમ | ૩,૨૭,૪૬,૫૦૦/-(૪૫.૫૪% ઉંચા) | |
| | કામનો કુલ ખર્ચ | ૩,૨૪,૬૯,૨૯૨/- | |
| | ઓડિટ નોંધ:<br>➢ ખુટતી સ્ટેમ્પ ડ્યુટી પેટે રૂા.૨૦,૯૭૦/-ની  વસુલાત કરી સરકારી સદરે જમા કરવાની રહે.<br>➢ ઇજારદાર દ્વારા ફુલટાઇમ ક્વોલિફાઇડ ઇજનેરકામ ઉપર રાખ્યાના આધારો રજુ નથી જેથી જોગવાઇ મુજબ રૂા.૪૧,૦૦૦/-ઇજારદાર પાસેથી વસૂલ કરવાના રહે.<br>➢ માર્ગ મકાન વિભાગના દ્વારા અપાયેલ સુચના મુજબ રોડની જુદી-જુદી પહોળાઇ માટે ડામરની ઘનતા-ડામરની ટકાવારી-ગ્રેડશન-ડેનસીટી મુજબ કામગીરી એજન્સી દ્વારા થયાની ખાતરી થતી નથી<br>➢ સંસ્થા દ્વારા અંદાજીત રકમ કરતા ૪૫.૫૪ %ઉંચા દરે વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે .કામના અંદાજના ૧૦ ટકા કે તેથી વધુ ઊંચાનીચા/ ભાવ મળે ત્યારે રેઈટ એનાલીસીસ કરી ભાવો પોષણક્ષમ હોવાની ખાત્રી કરાવવાની રહે છે.<br>➢ એજન્સીનાં સને ૨૦૧૧-૧૨ માં મંજુર કરેલ ભાવ વખતે તા.૧-૬-૧૧નાં આઇઓસી-૬૦/૭૦ ગ્રેડ બલ્ક ડામરના તમામ ટેક્ષ સાથેના રૂા.૪૦,૬૧૯/- ભાવ બેજીક રેઇટ તરીકે ગણેલ છે સને ૨૦૧૨-૧૩નાં કરાર વખતે પણ આજ બેઝીક રેઇટ ચાલુ રાખવાનાં વ્યાજબીપણાની ખરાઇ કરાવવી રહે.<br>➢ સંસ્થા દ્વારા એજન્સીને ચુકવાયેલ રકમને ધ્યાને લેતા (૧) આવકવેરો-રૂા.૬,૪૯,૩૮૬/- (૨) લેબરસેસ રૂા.૩,૨૪,૬૯૩/- તથા (૩) વેટ રૂા.૧,૯૪,૮૧૬/- ની જરૂરી કપાતો રનીંગ/ફાઇનલ બીલમાંથી જે તે સમયે થયેલ છે. આ રકમ જે તે સમયે સંસ્થા દ્વારા નિયત સદરે સરકારશ્રીમાં જમા કરાવ્યાનાં આધાર રજુ થયેલ નથી.<br>➢ ઉદ્યોગ અને ખાણ વિભાગનુ ખનિજ માલસામાનની રોયલ્ટી ભર્યા અંગેનુ નો ડ્યુ સર્ટી મેળવવાનુ રહે છે. જે મળવ્યા અંગેના આધારો રજુ થયેલ નથી. | | |

| વિ.અ. ફકરા નં. | ફકરાની વિગત તથા ઓડિટ નોંધ | | વસુલાતની રકમ (લાખમાં) |
|---|---|---|---|
| ૪.૧૩ | **રાજકોટ અન્ડર ગ્રાઉન્ડ સીવરેજ પ્રોજેકટ ફેજ-ર પાર્ટ-ર અંતર્ગત ઝોન એચ.એ.માં સુએજ કનેક્ટીવીટી સીસ્ટમ ફોર પ્રોવાડીંગ-લોઅરીંગ,લેઇંગ,જોઇનીંગ અને ટેસ્ટીંગના કામ અંગે. (ફકરાનં-.૪૩)** | | ૦.૬૦ |
| | અંદાજીત રકમ | ૨,૮૯,૪૦,૦૦૦/- | |
| | ટેન્ડર રકમ | ૪,૯૧,૯૮,૦૦૦(૭૦% ઉંચા) | |
| | કામનો કુલ ખર્ચ | રજૂ થયેલ નથી | |
| | ઓડિટ નોંધ:<br>➢ ટેન્ડરની જાહેર નિવિદા આપવા માટે રૂા.૨૦ લાખથી વધુ કામ માટે ઓછામાં ઓછા બે વર્તમાનપત્રમાં જાહેરાત આપવી જોઇએ જ્યારે કામ જાહેરાત આપ્યાના આધારો રજુ થયેલ નથી.<br>➢ ખુટતી સ્ટેમ્પ ફી પેટે રૂા.૬૦,૧૭૦/-ની વસુલાત કરી સરકારી સદરે જમા કરવાની રહે.<br>➢ સિકયોરીટી ડિપોઝીટની મેળવ્યાના આધારો રજુ કરેલ નથી.<br>➢ સરકારશ્રીની જોગવાઈ મુજબ ૧૦% પરીક્ષણ સરકાર માન્ય લેબોરેટરીમાં અને ૧૦% પરીક્ષણ ગેરી લેબોરેટરીમાં કરાવવાના રહે છે. આ અંગેના આધારો રજુ નથી. | | |

| વિ.અ. ફકરા નં. | ફકરાની વિગત તથા ઓડિટ નોંધ | | વસુલાતની રકમ (લાખમાં) |
|---|---|---|---|
| ૪.૧૪ | **ડ્રેનેજ પ્રોજેકટ ફેઇઝ-ર પાર્ટ-ર અંતર્ગત ગ્રીનલેન્ડ ચોક પાસે લાલપરી ડ્રેનેજ પંપીંગ સ્ટેશન (એ.પી.એ.૦૨)ના બાંધકામ અંગે. (ફકરાનં-૪૫)** | | ૦.૨૧ |
| | અંદાજીત રકમ | રૂા .૭૨,૨૦,૦૦૦-/ | |
| | ટેન્ડર રકમ | ૮૬,૬૯,૦૫૪ ( ૨૦.૦૭% ઉંચા) | |
| | કામનો કુલ ખર્ચ | રજૂ થયેલ નથી | |
| | ઓડિટ નોંધ<br>➢ ટેન્ડરની જાહેર નિવિદા આપવા માટે રૂા.૨૦ લાખથી વધુ કામ માટે ઓછામાં ઓછા બે વર્તમાનપત્રમાં જાહેરાત આપવી જોઇએ જ્યારે આ કામ માટે એકજ વર્તમાન પત્રમાં જાહેરાત આપેલ છે.<br>➢ આ કામનો પ્રથમ વર્ક ઓર્ડર તા.૨૩/૧૧/૨૦૧૧ ના રોજ આપેલ હતો.પરંતુ જે જગ્યાએ કામ કરવાનું થાય છે તે મફતીયાપરામાં જે તે સ્થળે જગ્યામાં અનેક ઇસમો દ્વારા ગેરકાયદેસર દબાણ કરી લેવામાં આવેલ હતું.જેથી કામ શરુ થયેલ ન હતુ. અડચણ પુર્ણ કરતા સંસ્થાએ ફરી તા.૩/૯/૨૦૧૪ એટલેકે ૩ વર્ષ બાદ કામનો ફરીથી વર્ક ઓર્ડર આપેલ હતો. દબાણ કામનાં ટેન્ડેર તેમજ અન્ય/ પ્રક્રિયા કરતાં પહેલાં દુર કરવામાં આવેલ હોત તો બિન જરૂરી સમયનો વેડફાટ થવા પામેલ ન હોત તેમજ તે ડ્રેનેજ સુવિધાનો જાહેર જનતાને વહેલી તકે લાભ મળી મળી શક્યો હોત. | | |

| | | |
|---|---|---|
| | ➢ ખુટતી સ્ટેમ્પ ફી પેટે રૂા.૨૧,૧૩૯/-ની  વસુલાત કરી સરકારી સદરે જમા કરવાની રહે.<br>➢ બાંધકામના માલસામાનની ગુણવત્તા માટેના પરીક્ષણ પૈકી ૮૦% પરીક્ષણ સ્થળ ઉપર, ૧૦% પરીક્ષણ સરકાર માન્ય લેબોરેટરીમાં અને ૧૦% પરીક્ષણ ગેરી લેબોરેટરીમાં કરવાનાના રહે છે. આ અંગેના આધારો રજુ કરેલ નથી.<br>➢ આ કામની માપપોથી અને ચુકવણાંના વાઉચર, રનીંગ બિલ ફાઈનલ બિલ રજુ થયેલ નથી. | |

<table>
<tr><th>વિ.અ. ફકરા નં.</th><th colspan="2">ફકરાની વિગત તથા ઓડિટ નોંધ</th><th>વસુલાતની રકમ (લાખમાં)</th></tr>
<tr><td>૪.૧૫</td><td colspan="2">વોર્ડ – ૧૬ માં ૮૦ ફુટ રોડ પર રિલાયન્સ પેટ્રોલ પંપ સામે કોમ્યુનિટી હોલ બનાવવાનું કામ (બાંધકામ E/Z) (ફકરાનં-૬૨)</td><td>૩.૧૫</td></tr>
<tr><td></td><td>અંદાજીત રકમ</td><td>૨,૨૪,૧૫,૦૦૦/-</td><td></td></tr>
<tr><td></td><td>ટેન્ડર રકમ</td><td>૨,૫૭,૭૦,૫૨૫/-(૧૪.૯૭% ઉંચા)</td><td></td></tr>
<tr><td></td><td>કામનો કુલ ખર્ચ</td><td>૨,૪૮,૩૬,૧૧૮/-</td><td></td></tr>
<tr><td></td><td colspan="2">ઓડિટ નોંધ<br>➢ ટેન્ડરની જાહેર નિવિદા આપવા માટે રૂા.૨૦ લાખથી વધુ કામ માટે ઓછામાં ઓછા બે વર્તમાનપત્રમાં જાહેરાત આપવી જોઇએ જ્યારે કામ જાહેરાત આપ્યાના આધારો રજુ થયેલ નથી.<br>➢ ખુટતી સ્ટેમ્પ ફી પેટે રૂા.૨૭,૩૫૮/-ની  વસુલાત કરી સરકારી સદરે જમા કરવાની રહે.<br>➢ સંસ્થા દ્વારા કામ શરુ કરતા પહેલા ઇજારદાર પાસેથી ૫ ટકા પર્ફોમન્સર બોન્ડ – બેન્ક ગેરેંટી મેળવેલ હોવાના આધાર રજુ થયેલ નથી.<br>➢ ઇજારદારે કામના સ્થળે ફુલ ટાઇમ ક્વોલિફાઇડ ઇજનેરની નિમણુક કરવાની રહે છે. આ કામ અંગે એજન્સી દ્વારા આવી કોઇ નિમણુક થયાના આધાર રજુ થયેલ નથી જેથી આ કામ શરૂ થયા તા.૧-૧૦-૧૧ થી પૂર્ણ થયા તા.૨૪-૫-૧૩ સુધીના સમયગાળાની ઉકત જોગવાઇ મુજબ કુલ રૂા.૨,૮૮,૦૦૦/- એજન્સી પાસેથી વસુલાત કરવી રહે.<br>➢ ઉદ્યોગ અને ખાણ વિભાગનુ ખનિજ માલસામાનની રોયલ્ટી ભર્યા અંગેના આધારો રજુ થયેલ નથી.<br>➢ આ કામ પૂર્ણ થયા અંગેનું સક્ષમ અધિકારીનું કામ પૂર્ણતા પ્રમાણપત્ર ફાઇલે સામેલ નથી.<br>➢ આ કામમાં રૂા.૧૧,૮૩,૪૩૨/- ના અંદાજનું ઇલે. કામ પણ કરાવવાનું હતુ. સંસ્થાની રોશની શાખા દ્વારા આ કામગીરીનું સુપરવિઝન જે તે સમયે કરવાનું હતું. જે અંગે પ્લાન એસ્ટીમેટ મુજબ તથા નિયત ગુણવત્તા મુજબ ઇલે. કામગીરી પૂર્ણ કરેલ હોવાનું સક્ષમ અધિકારીનું ટેસ્ટીંગ કરી પ્રમાણપત્ર અપાયેલ હોવાના આધાર રજુ થયેલ નથી.<br>➢ કોમ્યુનિટી હોલનો જગ્યા રોકાણ શાખાને તા.૧૨-૮-૧૩ થી કબજો સોપવામાં આવેલ છે. જેના વપરાશ સંચાલન માટે થયેલ વ્યવસ્થા/કાર્યવાહીની ખરાઇ કરાવવી રહે.</td><td></td></tr>
</table>

| | | |
|---|---|---|
| | ➢ માલસામાનની ગુણવત્તા માટેના પરીક્ષણ પૈકી ૮૦% પરીક્ષણ સ્થળ ઉપર, ૧૦% પરીક્ષણ સરકાર માન્ય લેબોરેટરીમાં અને ૧૦% પરીક્ષણ ગેરી લેબોરેટરીમાં કરવાનાના રહે છે. જે કરાવ્યાના આધારો રજુ થયેલ નથી.<br>➢ સંસ્થા દ્વારા એજન્સીને ચુકવાયેલ રકમને ધ્યાને લેતા (૧) આવકવેરો-રૂા.૪,૯૬,૭૨૩/- (૨) લેબરસેસ રૂા.૨,૪૮,૩૬૧/- તથા (૩) વેટ રૂા.૧,૪૯,૦૧૭/- ની કપાતો થયેલ છે. પરંતુ આ રકમો નિયત સદરે સરકારશ્રીમાં જમા કરાવ્યાનાં આધાર રજુ થયેલ નથી. | |

| વિ.અ. ફકરા નં. | ફકરાની વિગત તથા ઓડિટ નોંધ | | વસુલાતની રકમ (લાખમાં) |
|---|---|---|---|
| ૪.૧૬ | **વોર્ડ-૫માં ગ્રીન લેંડ ચોકડીથી રાજકોટ મહાનગરપાલિકાની હદ સુધી મોરબી રોડ વાઇડનીંગ કરવાનું કામ. (ફકરાનં-૬૩)** | | ૪.૧૯ |
| | અંદાજીત રકમ | ૯,૪૩,૫૫,૦૦૦/- | |
| | ટેન્ડર રકમ | ૧૧,૪૯,૦૫,૫૧૯/-(૨૧.૭૮% ઉંચા) | |
| | કામનો કુલ ખર્ચ | ૮,૫૭,૪૦,૬૯૮/- | |
| | ઓડિટ નોંધ<br>➢ ટેન્ડરની જાહેર નિવિદા આપવા માટે રૂા.૨૦ લાખથી વધુ કામ માટે ઓછામાં ઓછા બે વર્તમાનપત્રમાં જાહેરાત આપવી જોઇએ જ્યારે કામ જાહેરાત આપ્યાના આધારો રજુ થયેલ નથી.<br>➢ ઇજારદાર દ્વારા ફુલટાઇમ ક્વોલિફાઇડ ઇજનેર કામ ઉપર રાખ્યાના આધારો રજુ નથી જેથી જોગવાઇ મુજબ રૂા.૩,૦૩,૫૦૦/-/-ઇજારદાર પાસેથી વસૂલ કરવાના રહે.<br>➢ આ કામ અલ્પા ઇંફ્રાટક્ચર પ્રા.લી.ને આપેલ હતુ.પરંતુ તેમને આ કામ કરવાની ના પાડતા તેમને સંસ્થાએ બ્લેક લીસ્ટ કરેલ અને તેમણે જમા કરેલ ડીપોઝીટ રૂા.૯,૪૩,૫૦૦/- જપ્ત કરેલ પરંતુ આ ડીપોઝીટ સ્વભંડોળે જમા કર્યાના આધારો સંસ્થાએ રજુ કરેલ નથી.<br>➢ સંસ્થા દ્વારા અંદાજીત ખર્ચ કરતા ૨૧.૭૮% ઉંચા દરે ટેંડર મંજુર કરેલ છે.જેના રેટ એનાલીસિસ, રીવાઇઝ વહીવટી અને તાંત્રીક મંજુરીઓ ઓડીટમાં રજુ કરેલ નથી.<br>➢ ખુટતી સ્ટેમ્પ ફી પેટે રૂા.૧,૧૫,૪૮૫/-ની  વસુલાત કરી સરકારી સદરે જમા કરવાની રહે.<br>➢ કામમા વપરાયેલ ડામરના જથ્થા અંગેનું સ્ટોક રજીસ્ટર,ઇજારદારે ખરીદેલ ડામરનું રીફાનરીનું બીલ રજુ થયેલ નથી.જેથી ચુકાવાયેલ સ્ટાર રેટની ચકાસણી થયેલ નથી.<br>➢ ડામરના સ્ટાર રેટના ચુકવણા માટે આઇઓસીના ભાવો ધ્યાને લેવા જોઇએ.ઇજારદારે એસ્સાર ઓઇલ લી.પાસેથી ડામર ખરીદેલ અને તેના ભાવના આધારે સ્ટાર રેટનું ચુકવણુ કરેલ છે.તે વખતના આઇઓસીના ભાવો સાથે સરખામણી કરી વધુ ચુકવણુ થયેલ હોય તેટલી રકમ ઇજારદાર પાસેથી વસુલ કરવાની રહે. | | |

| | | | |
|---|---|---|---|
| | | ➢ આ કામના પાર્ટ – એ નાં રૂા. ૩૬,૫૮,૬૩૫-૦૦ના અંદાજ સામે આઇટમ નં. ૨,૩માં બીલકુલ કામ થયેલ નથી જેથી બચત રૂા. ૩૪,૧૩,૭૪૫-૦૦ રહેલ છે. સીસી પ્રિકાસ્ટા રોડ ડિવાઇડર સ્ટોકન નંગ ૩૧૨૦૦ની વપરાશ કરવાની હતી. જે કામગીરી બીલકુલ ન થવાનાં વ્યાજબીપણા અંગે તથા તેનાથી કામની ગુણવત્તાને કોઇ અસર ન થવા અંગે ખરાઇ કરાવેલ નથી. તેમજ આ કામના પાર્ટ-બીનાં રૂા. ૯,૦૬,૯૩,૮૧૯-૦૦ ના અંદાજ સામે આઈટમ નં ૧ થી ૨, ૪ થી ૬, ૮ થી ૧૩ અને ૧૫ થી ૧૯નુ કુલ ૨૫૪૬૫૧૩૯=૦૦નું કામ ઓછુ તથા આઈટમ નં ૩, ૭, ૧૪માં કુલ રૂ.૧૨૦૬૯૬=૦૦ નુ કામ વધુ થયેલ છે. જેથી એકદર કુલ ૨૫૩૪૪૪૪૩=૦૦ બચત ૨૭.૯૪ ટકા રહેલ છે. અને રૂ. ૫૯૬૨૨૯૭=૦૦ એકસ્ટ્રા વર્ક કરેલ છે. જેથી મૂળ અંદાજ કરતા ૨૧.૭૮ ટકા વધુ ભાવે ટેન્ડર મંજુર કરવા છતા અંદાજ કરતા ૨૮ ટકા ઓછી કામગીરી થવાના વ્યાજબીપણા અંગે તેમજ મૂળ અંદાજના ૭૨ ટકા કામગીરી થયેલ હોવા છતા આ કામ પૂર્ણ ગણવા તથા ઉપર જણાવેલ આઇટમની કોઇ કામગીરી ન થવાને લીધે કામની ગુણવત્તાને કોઇ અસર ન થવા અંગે તથા એકસ્ટ્રા વર્કની આઇટમોનો જે તે વખતે અંદાજમાં સમાવેશ ન થવા અંગે ખરાઇ કરાવેલ નથી.<br>➢ સંસ્થા દ્વારા એજન્સીને ચુકવાયેલ રકમને ધ્યાને લેતા (૧) આવકવેરો- રૂા.૧૭,૧૪,૮૧૪/- (૨) લેબરસેસ રૂા.૮,૫૭,૪૦૭/- તથા (૩) વેટ રૂા.૫,૧૪,૪૪૪/- ની કપાતો થયેલ છે. પરંતુ આ રકમો નિયત સદરે સરકારશ્રીમાં જમા કરાવ્યાનાં આધાર રજુ થયેલ નથી.<br>➢ ઉદ્યોગ અને ખાણ વિભાગનુ ખનિજ માલસામાનની રોયલ્ટી ભર્યા અંગેનુ નો ડ્યુ સર્ટી મેળવવાનુ રહે છે. જે મળવ્યા અંગેના આધારો રજુ થયેલ નથી.<br>➢ કામ પુર્ણ થયાનુ કમ્લીશન સર્ટીફીકેટ રજુ થયેલ નથી. | |

**૪.૧૭ રાજકોટ બી.આર.ટી.એસ. પ્રોજેકટ અંતર્ગત ગોંડલ ચોકડીથી માધાપર ચોકડી સુધીના પાઈલોટ બ્લુ કોરીડોર પર બસ ઓપરેશન બાબતમાં જણાયેલ અનિયમિતતા અંગે (ફકરા નં.-૧૪૪)**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગોંડલ ચોકડીથી માધાપર ચોકડી સુધીના પાઈલોટ બ્લુ કોરીડોર ૧૦.૭ કી.મી લંબાઈના રૂટ પર બી.આર.ટી.એસ બસ સેવા પ્રતિ કી.મીના ધોરણે ચલાવવા માટે ઈ-ટેન્ડરીંગથી મંગાવવામાં આવેલ.

ટેન્ડરમા સંસ્થા દ્વારા ત્રણ તબક્કે આ મુજબ બસ પૂરી પાડવાનું નક્કી થયેલ

| ક્રમ | તબક્કો | વિગત | બસનો પ્રકાર | સમયગાળો (એગ્રીમેન્ટ થયેથી) |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧૦+૧બસ(એ.સી.) | યુરો૪-બી૪-એસ. | ૧ માસમાં |
| ૨ | ૨ | ૧૦+૧બસ(એ.સી.) | યુરો૪-બી૪-એસ. | ૬ માસમાં |
| ૩ | ૩ | ૨૦+૨બસ(એ.સી.) | યુરો૪-બી૪-એસ. | બે વર્ષ દરમ્યાન રામનપા દ્વારા જાણ કર્યાથી |

માતેશ્વરી ટ્રાવેલ્સના ભાવ ઓછા હોઈ,એલ-૧ ભાવો માટે વાટાઘાટ કરતા આખરી ભાવો મંજુર કરવા માટે તા.૨૫/૮/૧૨ના રોજ મિટીંગ થયેલ જેમાં આ ભાવો મંજુર થયેલ હતા.યુરો-૩ માટે રૂ.૪૭.૭૫ – પ્રતિ કી.મી અને યુરો-૪ માટે રૂ.૫૨.૦૦ - પ્રતિ કી.મી ભાવો નક્કી થયેલ હતા.

જે બાબતે નીચે મુજબ ઓડીટ અવલોકન છે.

(૧) એજન્સી દ્વારા બી.એસ.૪/ યુરો-૪ બસ માર્કેટમાં ઉપલબ્ધ નથી એમ કહીને બી.એસ.૩/યુરો-૩ પ્રકારની બસો પૂરી પાડવામાં આવી હતી.

(૨) સંસ્થા દ્વારા બહાર પાડેલ ટેન્ડરની શરત નં ૭.૧.૧ના મુદ્દા નં ૩ અને ૪ માં એવુ જણાવેલ કે સંસ્થા દ્વારા જે એજન્સીને કોન્ટ્રાક્ટ આપવામાં આવે તે એજન્સી એવી જ બસો પૂરી પાડે કે જે કોન્ટ્રાકટ શરૂ થયાના ૬ માસથી અગાઉની તારીખમાં ખરીદાયેલ ન હોય તેમજ આવી બસો અગાઉ ક્યાય વાણીજ્યક હેતુ માટે વાપરવામાં આવેલ ન હોય તેમજ આવી બસના ટેકનીકલ ઓપરેશન માટેનું કાર્યક્ષમતાનું પ્રમાણપત્ર મેળવવાનું થતુ હતુ. પરંતુ સંસ્થા દ્વારા આવી કોઈ ખાતરી કે પ્રમાણપત્ર ફાઈલે સામેલ રાખેલ ન હતા.

(૩) ઉકત કોન્ટ્રાકટની એમ.બીની ચકાસણી કરતા બીલમાં ચુકવાયેલ રકમમાંથી પેનલ્ટી કપાત કરેલ હતી.પરંતુ આ પેનલ્ટી કપાત કર્યા અંગેના કારણો બીલે સામેલ ના હતા.તેથી કપાત કરેલ પેનલ્ટીની યોગ્યતાના પુરાવા અંગે કોઈ વિગત જાણી શકાયેલ નથી.

(૪) ઉકત કામની ફાઈલે સામેલ પત્ર વ્યવહારની ચકાસણી કરતા તા.૧૧/૧૦/૧૨ના પત્રથી તા.૧૦/૧૦/૧૨ના રોજ બસનું પ્લેટ્ફોર્મ પર યોગ્ય રીતે પાર્કીંગ ન થતા બસ પ્લેટ્ફોર્મથી દુર ઉભી રહેલ હતી.જે દરમિયાન બસમાં ચડતા સમયે એક મહિલા અકસ્માતથી પ્લેટ્ફોર્મ અને બસ વચ્ચેની જગ્યામાં પડી ગયેલ હતી.જેથી બસ ઓપરેશનમાં અનુભવી ડ્રાઈવરોને જ રાખવા તાકીદ કરેલ તેમજ તા.૨૫/૧૦/૨૦૧૨ના પત્રથી (૧)GJ-3 AT 9551 (2)GJ-3 AT 9552ના દરવાજા બંધ થતા ન હોય હાથથી બંધ કરવા પડે છે.તેવી ફરિયાદ થવા પામેલ હતી.જેમાં અકસ્માત થવાનું જોખમ હોય કરાર શરૂ થયાના એક માસથી ઓછા સમયગાળામાં એજન્સી સામે થયેલ ફરિયાદ એજન્સીની કામગીરી પ્રત્યેની બેદરકારીનો નિર્દેશ કરે છે.

(૫) તા.૧૭/૧૧/૧૨ના પત્રથી તા.૧૬/૧૧/૧૨ના રોજ સુપર વાઈઝરે બસની મુલાકત લેતા પાંચ બસોમાં વ્યવસ્થિત સફાઈ થયેલ ન હતી. તેમજ તા.૨૬/૧૧/૧૨ના પત્રથી તા.૧૮/૧૧/૧૨ના રોજ મદ્યપાન કરી મનસુખભાઈ ડ્રાઈવર દ્વારા બસ ચલાવાયેલ.પ્રજાના હિત માટે શરૂ થયેલ આ સેવામાં ઉકત બાબતો આરોગ્ય અને જાનની દ્રષ્ટીએ અત્યંત ગંભીર હોવા છતા સંસ્થા દ્વારા એજન્સી સામે કોઈ દંડનીય કાર્યવાહી થયેલ ન હતી.

(૬) તા.૧૧/૩/૧૩,તા.૧૬/૩/૧૩ તથા તા.૧૦/૪/૧૩ના પત્રથી બસમાં એ.સી કુલીંગ ઓછુ હોવાનું માલુમ પડેલ હોય ક્લોઝ ૭.૭ મુજબ તે બાબતે પેનલ્ટી નક્કી કરી શકાશે તેવું જણાવેલ તો આ બાબતે ક્લોઝ મુજબ ૩૫ કી.મી.ની પેનલ્ટી કપાત કર્યાના આધારો ફાઈલે સામેલ રાખેલ નથી.

(૭) સંસ્થા દ્વારા રજુ થયેલ આવક –ખર્ચના પત્રક મુજબ તા.૧/૧/૧૨થી તા.૩૧/૩/૧૩(અન્વેષણ વર્ષ-૨૦૧૨-૧૩) ની પેસેન્જર ભાડા આવક રૂ.૧૦,૯૦,૧૩૬/ હતી જયારે ખર્ચ રૂ.૮૩,૦૨,૨૮૬/ હતો જયારે સને ૨૦૧૩-૧૪ દરમિયાન પેસેન્જર ભાડા આવક રૂ.૨,૩૦,૨૧,૩૬૧/ હતી અને ખર્ચ રૂ.૪,૧૯,૫૮,૦૫૮/ હતો. આવક ખર્ચના આ આંકડાઓમાં ખૂબજ મોટો તફાવત હોય ખર્ચમાં શકય તેટલો ઘટાડો કરી આવક વધારવાના પગલા લઈ ઉકત વિસંગતતા દુર કરવાના પ્રયાસો સંસ્થા દ્વારા કરવા ઘટે.

**૪.૧૮ સરકારશ્રી દ્વારા મળેલ ગ્રાન્ટનો જે તે હેતુ સબબ વપરાશ ન કરી આંગણવાડી કેન્દ્રના લાભાર્થીઓને મળવાપાત્ર સુવિધાથી વંચિતરાખવા અંગે (ફકરા નં-૩૦)**

મહાનગરપાલિકા રાજકોટને સને ૨૦૧૩-૧૪ના વર્ષમાં આઇ.સી.ડી.એસ.ના ઘટક-૧ અને ઘટક-૨ માટે જુદા જુદાહેતુ માટે નીચેની વિગતે સરકારશ્રી દ્વારા ગ્રાંટ ફાળવેલ હતી.પરંતુ આ ગ્રાંટનો સંસ્થા દ્વારા ઉપયોગ ન થતા લાભાર્થીને સરકારશ્રીના લાભથી વંચિત રહેવુ પડેલ છે.સબબ ગ્રાન્ટનો ઉપયોગ કરવો અન્યથા ગ્રાંટ સરકારશ્રીમાં પરત કરવાની રહે.

| ક્રમ | મળેલ ગ્રાંટની વિગત | વણવપરાયેલ ગ્રાંટની રકમ રૂ. |
|---|---|---|
| ૧ | ૨૩૮ આંગણવાડી માટે ગેસકનેકશન અને ગેસ સગડીની ગ્રાન્ટ | ૫,૪૪,૧૮૦/- |
| ૨ | કિશોર શક્તિ યોજના તળેની ગ્રાંટ | ૬,૪૫,૯૭૯/- |
| ૩ | આંગણવાડીના વર્કર-હેલ્પર બહેનોને ગણવેશ કાપડની સિલાઇ માટેની ગ્રાંટ | ૧,૭૦,૫૦૦/- |
| ૪ | આંગણવાડી માટે ફર્નિચર ખરીદીની ગ્રાંટ | ૨૪,૦૯,૪૦૦/- |
| ૫ | મોનીટરીંગ એંડ ઇવેલ્યુએશન | ૩,૩૦,૪૦૦/- |
| ૬ | આઇઆઇસી ગ્રાન્ટ | ૪,૩૧,૬૦૦/- |
| ૭ | ફ્લેકસી ફંડ | ૩,૨૯,૪૦૦/- |
| ૮ | પેટ્રોલ ઓઇલ લુબ્રીકેંટ | ૩,૬૨,૪૦૦/- |
| ૯ | સીવીએન | ૨,૪૯,૦૦૦/- |
| ૧૦ | નિદર્શન ભોજન | ૫,૫૦,૦૦૦/- |
| ૧૧ | ચણા તુવેરદાળ | ૨૫,૭૯,૨૦૦/- |
| ૧૨ | આંગણવાડી માનદ વેતન વધારો | ૫૪,૯૫,૫૦૦/- |
| ૧૩ | મહિલા જાગૃતિ શિબિર | ૪૦,૦૦૦/- |

**૪.૧૯ ટેક્ષની જમા થયેલ રકમની ખરાઈ કરાવવા અંગે. (ફકરા નં-૭૪)**

સંસ્થાના સને ૨૦૧૩-૧૪ના અન્વેષણ દરમ્યાન વેરા વસુલાત શાખાના વોર્ડવાઇઝ ડેઇલી કલેક્શન રિપોર્ટ મુજબ કુલ આવક રૂ. ૧,૬૨,૧૭,૮૬,૭૯૦/-થયેલ છે.જ્યારે નીચે જણાવેલ કલેક્શન સેન્ટર દ્વારા થયેલ વસુલાતની રૂ.૧,૬૩,૩૦,૪૬,૧૧૦=૦૦ થયેલ છે. જે બન્ને રકમની સરખામણી કરતા રૂ.૧,૧૨,૫૯,૩૨૦=૦૦ નો તફાવત રહે છે જે અંગે શાખા વાઇઝ જરૂરી રેકર્ડથી મેળવણું કરી તફાવત દુર કરી ખરાઇ કરાવવી રહે.

(૧) અમીન માર્ગ તેમજ ઇસ્ટ ઝોન સીવીક સેન્ટર દ્વારા વસુલ કરેલ રકમોનું મેળવણુ બેંક સાથે કરવામાં આવતુ નથી.

(૨) ટેક્ષ શાખાના કલેક્શન રીપોર્ટ મુજબની રકમ તથા કલેક્શન સેન્ટરની બેંક ખાતા મુજબની રકમ વચ્ચેના તફાવત રૂ. ૧,૧૨,૫૯,૩૨૦=૦૦ આવે છે.જે દુર કરવો રહે.

(૩) સંસ્થાને મળેલ રકમનું નિયમિત મેળવણુ થાય તે અંગે યોગ્ય નિયંત્રણ વ્યવસ્થા ગોઠવવી રહે.

**૪.૨૦ વસૂલ થવા પાત્ર ફીની ગણતરીમાં ભૂલ અંગે. (વેસ્ટ ઝોન ટાઉન પ્લાનીંગ) (ફકરા નં-૮૪)**

મહાનગરપાલિકા રાજકોટના સને ૨૦૧૩-૧૪ના અન્વેષણ વર્ષમાં વેસ્ટ ઝોન ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા ગુજરાત સરકારના નોટીફીકેશન નં. જીએચ/વી/૨૦ ઓફ ૨૦૧૩/ડીવીપી/૧૩ ૨૦૧૨-૩૮૪૪એલ તા. ૨૯-૧-૨૦૧૩ અને ૧૫-૩-૨૦૧૩ અન્વયે અધિક એફએસઆઇ મંજુરી અર્થે રજુ થયેલ વિકાસ પ્લાન પૈકી પસંદ કરેલ નમૂનારૂપ કેસોની ચકાસણી કરેલ છે જેનું પત્રક આ સાથે સામેલ છે. જે અંગે નીચેની વિગતે અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

ગુજરાત સરકારશ્રીના ૨૯/૧/૨૦૧૩ અને ૧૫/૩/૨૦૧૩ના નોટીફીકેશન મુજબના મુદ્દા-૧ અને ૨ મુજબ અધિક એફએસઆઇના ઉપયોગ માટે જે તે વિસ્તારમાં મળવા પાત્ર એફ એસ આઇનું પ્રમાણ અને જંત્રીદરના ૪૦% મુજબ વધારાની એફએસઆઇ ૨૫%ની મર્યાદામાં મંજુર કરી શકાય છે જે અંગે પ્રસ્તુત કિસ્સામાં ઉપરોકત જોગવાઇની અમલવારી કરવામાં આવે છે પરંતુ અરજદાર દ્વારા તેમને ચૂકવવાની થતી વધારાની એફએસઆઇની ગણતરીમાં તફાવત જણાય છે. સામેલ પત્રકના નમૂનાના રૂપ કિસ્સામાં વસુલ કરવાપાત્ર રકમ કરતા રૂ.૮૩,૪૯૧/- ઓછી રકમની વસૂલાત થયેલ છે.

| ક્રમ | અરજદારનું નામ ર.ચી. નં.તારીખ | પ્લોટનું ક્ષેત્રફળ | ઉપયોગ કરેલ વધારાની એફએસ આઇ | જંત્રીદર ૪૦%રૂ. | વસુલાત પાત્ર ફી વાળી એફએસ આઇ | વસુલાત પાત્ર ફી | વસૂલ કરેલ ફી | ઓછી વસુલ કરેલ ફી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વર્ષાબેન કનૈયાલાલ મણીયારરચીનં,૨૯૪ તા.૨૩/૮/૨૦૧૩ | ૧૩૯.૧૬ | ૩૦.૧૬ | ૫૨૦૦ | ૩૦.૧૬ | ૧,૫૬,૮૩૨ | ૧૫૧૯૪૪ | ૪,૮૮૮ |
| ૨ | શ્રી ચંદ્રકાંત છોટાલાલ મહેતા રચી નં.૩૧૯ તા.૨૩/૧૦/૨૦૧૩ | ૧૨૯.૩૮ | ૨૧.૦૪ | ૬૪૦૦ | ૨૧.૦૪ | ૧,૩૪,૬૫૬ | ૧૩૨૪૮૦ | ૨,૧૭૬ |
| ૩ | મહેશ નટવરભાઇ શિંગાળા રચી.નં.૨૦૬ તા.૧૯/૧૦/૨૦૧૩ | ૧૨૭.૮૯ | ૬૩.૯૪ | ૬૪૦૦ | ૬૩.૯૪ | ૪,૦૯,૨૧૬ | ૩૯૩૨૧૬ | ૧૬,૦૦૦ |
| ૪ | અશોકકુમાર વીઠ્ઠલદાસ જીવરાજાની રચી.નં.૩૫૧ તા,૧૯/૧૦/૨૦૧૩ | ૧૨૭.૮૯ | ૬૩.૫૩ | ૬૪૦૦ | ૬૩.૫૩ | ૪,૦૬,૫૯૬ | ૩૭૮૪૯૬ | ૨૮,૦૯૬ |
| ૫ | ચેતનભાઇ છગનભાઇ કાચા રચી નં.૩૭૬ તા.૧૯/૧૧/૨૦૧૩ | ૧૬૪.૭૨ | ૬૧.૭૬ | ૪૬૦૦ | ૬૧.૭૬ | ૨,૮૪,૦૯૬ | ૨૫૧૭૬૫ | ૩૨,૩૩૧ |
| | કુલ--- | | | | | | | ૮૩,૪૯૧ |

**૪.૨૧ ગુમાનસિંહજી શોપીંગ સેન્ટરની દુકાનો જે તે ભાડુઆતને ઓનરશીપ/ મો બદલાથી આપવા બાબત (ફકરા નં-૧૩૭)**

ગુમાનસિંહજી શોપીંગ સેન્ટરમાં કુલ ૧૫૪ દુકાનો મ્યુનિ. કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવેલ હતી. આ દુકાનો સ્થાયી સમિતિનાં ઠરાવ નં.૩૮૬ તા.૨૮/૧૨/૭૮ માં જણાવ્યા મુજબ ૧ થી ૨૩ શરતોને આધીન જાહેર હરાજીથી ઉંચી બોલી બોલનાર આસામીઓને ચો.ફુટના ૧/- ટોકન દરે માસીક ભાડેથી આપવાનું ઠરાવેલ હતુ.

તા.૨૮/૧૨/૭૮ ના ઠરાવ નં.૩૮૬ ની શરત નં.૫ મુજબ દુકાનો રા.મ.ન.પા.ની પૂર્વ મંજુરીથી દુકાનનો કબજો સંભાળ્યાના એક વર્ષની મુદતમાં રૂા.૧૦૦૦/- તથા પછીના દરેક વર્ષ માટે રૂા.૫૦૦/- ની રકમ મ્યુનિ. ભંડોળે જમા કરાવ્યા બાદ દુકાનનો મો- બદલો કરી આપવાનું ઠરાવેલ હતુ. જે અંગે સ્થાયી સમિતિનાં ઠરાવ નં.૯૨ તા.૧૬/૭/૮૬ થી કબજો સંભાળ્યાના પ્રથમ વર્ષ રૂા.૪૦૦૦/- તથા પછીના વર્ષ માટે રૂા.૨૦૦૦/- ટ્રાન્સફર ફી ના ધોરણો નિયત થયેલા છે.

(૧) તા.૧૬/૭/૮૬ બાદ ૩૧ વર્ષ જેટલો સમય ગાળો થયેલ હોવા છતાં ઉકત રકમ વધારો કરેલ નથી.જો જંત્રી મુજબ વધારો કરવામાં આવે તો સંસ્થાને આવક વધારો મળી શકે નમુના રુપ વોર્ડ નં-૨ સિટી સર્વે નં ૮૫ કિસ્સામાં ૨૦૧૧ના મુજબ જત્રી દર મુજબ ગણતરી કરતાં સંસ્થાને રૂ.૩૨૫૦૦/-ઓછી રકમ મળેલ છે જેથી તેટલી રકમનું સંસ્થાને નુકશાન થયેલ છે.

(૨) તા.૨૮/૧૨/૭૮ ના સ્થાયી સમિતિના ઠરાવ નં.૩૮૬ ની શરત-૭ મુજબ દુકાનોની અપસેટ પ્રાઇઝ મુજબની રકમ એડવાન્સમાંજમા કરાવવાનું જણાવેલ છે. પરંતુ તમામ દુકાનોની અપસેટ કિંમત નકકી કર્યાના કોઇ આધારો તથા હરાજીની કાર્યવાહી નોંધ રજુ કરેલ નથી.

(૩) સ્થાયી સમિતિના ઠરાવ નં.૫૭૯ તા.૨૦/૧૨/૦૪ તથા જનરલ બોર્ડ ઠરાવ નં.૩૫ તા.૨૦/૬/૦૫ માં જણાવ્યા મુજબ ઠરાવની તારીખે ખાલી રહેલ દુકાનોનું જાહેર હરાજીથી વેચાણ કરવાનું ઠરાવેલ છે. હરાજીથી વેચાણ દુકાનોની વિગત રજુ થયેલ નથી.

(૪) તા.૨૦/૬/૦૫ ના જનરલ બોર્ડ ઠરાવ નં.૩૫ ની શરત નં.૧ મુજબ ઠરાવની તારીખે મહાનગરપાલિકાનારેકર્ડ મુજબ ગુમાનસિંહજી શોપીંગ સેન્ટરની કુલ ૧૫૪ દુકાનોની દુકાન વાઇઝ ભાડુઆતની વિગતો રજુ થયેલ નથી.

(૫) ગુમાનસિંહજી શોપીંગ સેન્ટરની દુકાનો વેંચાણથી આપવા માટે જનરલ બોર્ડ ઠરાવ નં.૩૫ તા.૨૦/૬/૨૦૦૫ ની બજાર કિંમતને અનુલક્ષીને પ્રતિ ચો.ફુટના ૪૯૬/- મુજબ ભાવ નકકી કરેલ હતો.રેકર્ડની ચકાસણી કરતા ઠરાવના પાંચ વર્ષ બાદ સને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં દસ્તાવેજ કરવામાં આવેલ છે.

ઠરાવનાં નાણાકીય વર્ષમાં દસ્તાવેજ કરવામાં આવે. તો ઠરાવથી નકકી કરેલ ભાવથી દસ્તાવેજ કરવાનો રહે છે. અન્યથા જે વર્ષમાં દસ્તાવેજ કરવામાં આવે.તે વર્ષની રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન એરીયાની બહાર પાડેલ એન્યુઅલ સ્ટેટમેન્ટસ ઓફ રેટસ – ૨૦૧૧ (જંત્રી) મુજબની કિંમત કબજો ધારણકર્તા ભાડુઆત પાસેથી વસુલ લઇ તેના પર સુપ્રિ. ઓફ સ્ટેમ્પની કચેરી, ગાંધીનગર સરકારશ્રીએ ઠરાવેલ ૪.૯ ટકાના દરના સ્ટેમ્પ પેપર પર દસ્તાવેજ કરી આપવાનો રહે છે. જેના આધારો રજુ કરેલ નથી.

છતાં મહાનગરપાલિકાએ જનરલ બોર્ડ ઠરાવ નં.૩૫ તા.૨૦/૬/૨૦૦૫ મુજબ નું ઉલ્લંઘન કરી ઠરાવમાં દર્શાવેલ દરે અન્વેષણ વર્ષમાં તેમજ ત્યાર બાદ પણ દસ્તાવેજની તારીખે દુકાનનો કબજો ધારણ કર્તાના નામે દસ્તાવેજ કરી આપી સામેલ મુળ ફકરાના પરિશિષ્ટના કોલમ નં.૧૨ ની વિગતે મહાનગરપાલિકાના રૂ.૨૯,૩૦,૧૨૭/- સરકારશ્રીને સ્ટેમ્પ ડ્યુટીનું નુકશાન થયેલ છે.

ઉકત દર્શાવેલ નમુનારૂપ કિસ્સામાં સિવાય જનરલ બોર્ડ ઠરાવ નં.૩૫ તા.૨૦/૬/૨૦૦૫ ની તા.૨૦/૬/૨૦૦૫ ની તારીખે મહાનગરપાલિકા ના રેકર્ડ પર લીઝ હોલ્ડર તરીકે કબજો ધરાવતા ન હોઇ તે આસામીઓના નામે તા.૨૦/૬/૨૦૦૫ ના ઠરાવ નં.૩૫ મુજબ નિયત થયેલ ભાવથી દસ્તાવેજ કરી આપવામાંઆવેલ હોય તેવા તમામ કિસ્સાઓની ચકાસણી કરી વસુલાતની કાર્યવાહી કરવી રહે.

મહાનગરપાલિકા રાજકોટના ઉક્ત ફકરાઓના મહાનગરપાલિકા તરફથી સમયમર્યાદામાં મળેલ જવાબોને ધ્યાને લઇ ફકરાઓનુ ઘડતર કરેલ છે.

# પ્રકરણ ૫ : જામનગર મહાનગરપાલિકા

| ક્રમ | ફકરાની વિગત |
|---|---|
| ૫.૧ | ખર્ચના વાઉચરો રજુ ન કરવા બાબત. (ફકરા નં. ૯૨) |
| ૫.૨ | રાવળી જમીન વેચાણ અંગેનુ રેકર્ડ રજુ ન કરવા અંગે. (ફકરા નં.૭૮) |
| ૫.3 | પાર્કિંગ ચાર્જની રકમની વસુલાત ન થવા અંગે. (ફકરા નં. 3૨) |
| ૫.૪ | રૂા.૧.00 લાખથી વધારે રકમના વેરાની વસુલાત મિલકતધારકો પાસેથી ન કરવા અંગે. (ફકરા નં. ૪૭) |
| ૫.૫ | ICZMP અંતર્ગત વ્હોરાના હજીરા પાસે સીવરેજ પમ્પીંગ સ્ટેશન બનાવવાનુ કામ તેમજ કાલાવડ પમ્પીંગ સ્ટેશન તેમજ ગાંધીનગર પમ્પીંગ સ્ટેશનના મશીનરી બદલવાના કામમાં જણાયેલ અનિયમિતતા અંગે. (ફકરા નં. ૧૭) |
| ૫.૬ | SJMMSVY અન્વયે "નંદઘર" બનાવવાના કામોની અનિયમિતતા અંગે (ઝોન-૪ વોર્ડ- ૧ - ૨ - 3) (ફકરા નં. ૫) |
| ૫.૭ | સિવિલ ઝોન-૨ વાર્ડ નં.૪, ૫, ૯, ૧૦, ૧૧, ૧૮ અને ૧૯ માં નંદઘર બનાવવાના કામમાં જણાયેલ અનિયમિતતા બાબત. (ફકરા નં. ૯) |
| ૫.૮ | ૮૦૦ - ૯૦૦ - ૧૬૦૦ એમ.એમ. ડાયાની આર.સી.સી. NP-4 કલાસ પાઈપ લાઈન સપ્લાય કરવાના કામે જણાયેલ અનિયમિતતા અંગે. (ફકરા નં. ૧૪) |
| ૫.૯ | SJMMSVY -૨૦૧૨ અંતર્ગત વોર્ડ નં. ૪, ૫, ૮ અને ૯ પંચવટી પેટ્રોલ પંપથી પી.એન. માર્ગ થઈ નર્મદા સર્કલ સુધીના રસ્તાની બન્ને સાઈડ પાર્કીગ ફેસેલીટી વગેરે ડેવલોપ કરવાનુ કામની અનિયમિતતા અંગે. (ફકરા નં. ૬) |
| ૫.૧૦ | દિગ્જામ સર્કલથી એરફોર્સ સુધીના રોડને વાઈડનીંગ (ફોરલેન) કરી આસ્ફાલ્ટ કારપેટ રીકાર્પેટીંગ કરવાનુ કામ.(ફકરા નં. ૭) |
| ૫.૧૧ | SJMMSVY યોજના અંતર્ગત કમ્પાઉન્ડ વોલ બનાવવાના કામમાં જણાયેલ અનિયમિતતા અંગે. (ફકરા નં. ૨૧) |
| ૫.૧૨ | વોર્ડ નં. ૮ જોગસ પાર્ક પાસે સામ્રાજ્ય એપાર્ટમેન્ટથી પી.એન. માર્ગ સુધી હયાત આસ્ફાલ્ટ રોડ વાઈડનીંગ કરવાના કામે જણાયેલ અનિયમિતતા બાબત. (ફકરા નં. ૮) |
| ૫.૧૩ | ચિરંજીવી યોજના અને બાલસખા યોજનાની અમલવારીમાં જણાયેલ અનિયમિતતા બાબત. (ફકરા નં. ૬૦) |
| ૫.૧૪ | ખાનગી એજન્સીને ડોર ટુ ડોર સ્ટેપ ગાર્બેજ - ઘન કચરાના કામ માટે આપેલ સાધનો/વાહનની અનિયમિતતા અંગે. (ફકરા નં. 3૮) |
| ૫.૧૫ | તા.3૧/03/૨૦૧૪ના રોજના રોજમેળ અને બેંક સિલક સાથે મેળવણું ન થવા બાબત. (ફકરા નં. ૯૦) |
| ૫.૧૬ | લાંબા સમયગાળાની લીધેલ લોનની ચુકવણી ન થવા અંગે. (ફકરા નં.૪૦) |
| ૫.૧૭ | બાંધકામ પરવાનગી - નકશા પ્લાન મંજુર કરવાની અનિયમિતતા અંગે. (ફકરા નં.33) |
| ૫.૧૮ | શ્રાવણી મેળા મહોત્સવના આયોજનમાં જણાયેલ અનિયમિતતા અંગે. (ફકરા નં. ૫3) |
| ૫.૧૯ | મહાનગરપાલિકા વિસ્તારમાં ભયજનક ઈમારતો દુર કરવાની કામગીરી ન થવા અંગે. (ફકરા નં. ૭૬) |

**૫.૧ થી ૫.૨ રેકર્ડ રજુ ન કરવા બાબત.**

ગુજરાત સ્થાનિક ભંડોળ ઓડિટ અધિનિયમ- ૧૯૬૩ની કલમ ૪ તથા ૫ અને ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ- ૧૯૪૯ની કલમ- ૧૦૫ થી ૧૦૮ની જોગવાઈ મુજબ તપાસણીને પાત્ર તમામ રેકર્ડ ઓડિટ સમક્ષ રજુ કરવાની વૈધાનિક જવાબદારી છે.

**૫.૧ ખર્ચના વાઉચરો રજુ ન કરવા બાબત. (હિસાબી શાખા) (ફકરા નં. ૯૨)**

સને ૨૦૧૩-૧૪ના અન્વેષણ દરમ્યાન હિસાબી શાખા દ્વારા રજુ કરવામાં આવેલ ખર્ચના વાઉચરોનું રોકડમેળ સાથે મેળવણું કરતાં નીચેની વિગતે કુલ રૂા.૩,૪૭,૭૫,૮૧૭/-ના વાઉચરો ઓડિટમાં રજુ કરવામાં આવેલ નથી.

| ક્રમ | વાઉચર નંબર | તારીખ | વાઉચરની રકમ | પાર્ટીનું નામ | સદર |
|---|---|---|---|---|---|
| 1 | 11359 | 11-03-14 | 262367 | કા.સ.કા. પગાર વોર્ડ-1 | B-41102 |
| 2 | 11360 | 11-03-14 | 683311 | કા.સ.કા. પગાર વોર્ડ-2 | B-41102 |
| 3 | 11361 | 11-03-14 | 455486 | કા.સ.કા. પગાર વોર્ડ-3 | B-41102 |
| 4 | 11362 | 11-03-14 | 518032 | કા.સ.કા. પગાર વોર્ડ-4 | B-41102 |
| 5 | 11363 | 11-03-14 | 458289 | કા.સ.કા. પગાર વોર્ડ-5 | B-41102 |
| 6 | 11364 | 11-03-14 | 716073 | કા.સ.કા. પગાર વોર્ડ-6 | B-41102 |
| 7 | 11365 | 11-03-14 | 458269 | કા.સ.કા. પગાર વોર્ડ-7 | B-41102 |
| 8 | 11366 | 11-03-14 | 584820 | કા.સ.કા. પગાર વોર્ડ-8 | B-41102 |
| 9 | 11367 | 11-03-14 | 546136 | કા.સ.કા. પગાર વોર્ડ-9 | B-41102 |
| 10 | 11368 | 11-03-14 | 441515 | કા.સ.કા. પગારવોર્ડ-10 | B-41102 |
| 11 | 11369 | 11-03-14 | 653013 | કા.સ.કા. પગારવોર્ડ-11 | B-41102 |
| 12 | 11370 | 11-03-14 | 725365 | કા.સ.કા. પગારવોર્ડ-12 | B-41102 |
| 13 | 11371 | 11-03-14 | 857019 | કા.સ.કા. પગારવોર્ડ-13 | B-41102 |
| 14 | 11372 | 11-03-14 | 520226 | કા.સ.કા. પગારવોર્ડ-14 | B-41102 |
| 15 | 11373 | 11-03-14 | 457708 | કા.સ.કા. પગારવોર્ડ-15 | B-41102 |
| 16 | 11374 | 11-03-14 | 352584 | કા.સ.કા. પગારવોર્ડ-16 | B-41102 |
| 17 | 11375 | 11-03-14 | 358022 | કા.સ.કા. પગારવોર્ડ-17 | B-41102 |
| 18 | 11376 | 11-03-14 | 131351 | કા.સ.કા. પગારવોર્ડ-18 | B-41102 |
| 19 | 11377 | 11-03-14 | 127412 | કા.સ.કા. પગારવોર્ડ-19 | B-41102 |
| 20 | 11378 | 11-03-14 | 347455 | કા.સ.કા. પગારવોર્ડ-31 | B-41102 |
| 21 | 11379 | 11-03-14 | 325767 | કા.સ.કા. પગારવોર્ડ-32 | B-41102 |
| 22 | 11380 | 11-03-14 | 470778 | કા.સ.કા. પગારવોર્ડ-33 | B-41102 |
| 23 | 11381 | 11-03-14 | 434898 | કા.સ.કા. પગારવોર્ડ-35 | B-41102 |
| 24 | 11382 | 11-03-14 | 997905 | કા.સ.કા. પગારવોર્ડ-36 | B-41102 |
| 25 | 11383 | 11-03-14 | 822604 | કા.સ.કા. પગારવોર્ડ-37 | B-41102 |
| 26 | 11384 | 11-03-14 | 822604 | કા.સ.કા. પગારવોર્ડ-38 | B-41102 |
| 27 | 11385 | 11-03-14 | 564495 | કા.સ.કા. પગારવોર્ડ-39 | B-41102 |
| 28 | 11386 | 11-03-14 | 612637 | કા.સ.કા. પગારવોર્ડ-40 | B-41102 |
| 29 | 11387 | 11-03-14 | 789858 | કા.સ.કા. પગારવોર્ડ-41 | B-41102 |
| 30 | 11388 | 11-03-14 | 454964 | કા.સ.કા. પગારવોર્ડ-42 | B-41102 |
| 31 | 11389 | 11-03-14 | 571645 | કા.સ.કા. પગારવોર્ડ-43 | B-41102 |
| 32 | 11390 | 11-03-14 | 460246 | કા.સ.કા. પગારવોર્ડ-44 | B-41102 |
| 33 | 11391 | 11-03-14 | 448814 | કા.સ.કા. પગારવોર્ડ-45 | B-41102 |
| 34 | 11392 | 11-03-14 | 530704 | કા.સ.કા. પગારવોર્ડ-46 | B-41102 |
| 35 | 11393 | 11-03-14 | 381223 | કા.સ.કા. પગારવોર્ડ-47 | B-41102 |
| 36 | 11394 | 11-03-14 | 1223405 | કા.સ.કા. પગારવોર્ડ-90 | B-41102 |
| 37 | 11395 | 11-03-14 | 289832 | કા.સ.કા. પગારવોર્ડ-91 | B-41102 |
| 38 | 11396 | 11-03-14 | 300207 | કા.સ.કા. પગારવોર્ડ-99 | B-41102 |
| 39 | 11503 | 12-03-14 | 39668 | કા.સ.કા. DA એરી.વોર્ડ-1 | B-41102 |
| 40 | 11504 | 12-03-14 | 97764 | કા.સ.કા. DA એરી.વોર્ડ-2 | B-41102 |
| 41 | 11505 | 12-03-14 | 63701 | કા.સ.કા. DA એરી.વોર્ડ-3 | B-41102 |
| 42 | 11506 | 12-03-14 | 37497 | કા.સ.કા. DA એરી.વોર્ડ-4 | B-41102 |
| 43 | 11507 | 12-03-14 | 69922 | કા.સ.કા. DA એરી.વોર્ડ-5 | B-41102 |
| 44 | 11508 | 12-03-14 | 101884 | કા.સ.કા. DA એરી.વોર્ડ-6 | B-41102 |
| 45 | 11509 | 12-03-14 | 77655 | કા.સ.કા. DA એરી.વોર્ડ-7 | B-41102 |
| 46 | 11510 | 12-03-14 | 87660 | કા.સ.કા. DA એરી.વોર્ડ-8 | B-41102 |

| ક્રમ | વાઉચર નંબર | તારીખ | વાઉચરની રકમ | પાર્ટીનું નામ | સદર |
|---|---|---|---|---|---|
| 47 | 11511 | 12-03-14 | 69229 | કા.સ.કા. DA એરી.વોર્ડ-9 | B-41102 |
| 48 | 11512 | 12-03-14 | 83096 | કા.સ.કા. DA એરી.વોર્ડ-10 | B-41102 |
| 49 | 11513 | 12-03-14 | 111162 | કા.સ.કા. DA એરી.વોર્ડ-11 | B-41102 |
| 50 | 11514 | 12-03-14 | 102906 | કા.સ.કા. DA એરી.વોર્ડ-12 | B-41102 |
| 51 | 11515 | 12-03-14 | 91164 | કા.સ.કા. DA એરી.વોર્ડ-13 | B-41102 |
| 52 | 11516 | 12-03-14 | 91018 | કા.સ.કા. DA એરી.વોર્ડ-14 | B-41102 |
| 53 | 11517 | 12-03-14 | 73936 | કા.સ.કા. DA એરી.વોર્ડ-15 | B-41102 |
| 54 | 11518 | 12-03-14 | 50718 | કા.સ.કા. DA એરી.વોર્ડ-16 | B-41102 |
| 55 | 11519 | 12-03-14 | 45683 | કા.સ.કા. DA એરી.વોર્ડ-17 | B-41102 |
| 56 | 11520 | 12-03-14 | 48895 | કા.સ.કા. DA એરી.વોર્ડ-31 | B-41102 |
| 57 | 11521 | 12-03-14 | 47895 | કા.સ.કા. DA એરી.વોર્ડ-32 | B-41102 |
| 58 | 11522 | 12-03-14 | 37138 | કા.સ.કા. DA એરી.વોર્ડ-33 | B-41102 |
| 59 | 11523 | 12-03-14 | 55556 | કા.સ.કા. DA એરી.વોર્ડ-35 | B-41102 |
| 60 | 11524 | 12-03-14 | 115649 | કા.સ.કા. DA એરી.વોર્ડ-36 | B-41102 |
| 61 | 11525 | 12-03-14 | 114829 | કા.સ.કા. DA એરી.વોર્ડ-37 | B-41102 |
| 62 | 11526 | 12-03-14 | 91407 | કા.સ.કા. DA એરી.વોર્ડ-38 | B-41102 |
| 63 | 11527 | 12-03-14 | 75583 | કા.સ.કા. DA એરી.વોર્ડ-39 | B-41102 |
| 64 | 11528 | 12-03-14 | 94162 | કા.સ.કા. DA એરી.વોર્ડ-40 | B-41102 |
| 65 | 11529 | 12-03-14 | 139950 | કા.સ.કા. DA એરી.વોર્ડ-41 | B-41102 |
| 66 | 11530 | 12-03-14 | 71858 | કા.સ.કા. DA એરી.વોર્ડ-42 | B-41102 |
| 67 | 11531 | 12-03-14 | 75469 | કા.સ.કા. DA એરી.વોર્ડ-43 | B-41102 |
| 68 | 11532 | 12-03-14 | 87605 | કા.સ.કા. DA એરી.વોર્ડ-44 | B-41102 |
| 69 | 11533 | 12-03-14 | 83297 | કા.સ.કા. DA એરી.વોર્ડ-45 | B-41102 |
| 70 | 11534 | 12-03-14 | 84596 | કા.સ.કા. DA એરી.વોર્ડ-46 | B-41102 |
| 71 | 11535 | 12-03-14 | 49623 | કા.સ.કા. DA એરી.વોર્ડ-47 | B-41102 |
| 72 | 11536 | 12-03-14 | 131999 | કા.સ.કા. DA એરી.વોર્ડ-90 | B-41102 |
| 73 | 11537 | 12-03-14 | 44826 | કા.સ.કા. DA એરી.વોર્ડ-91 | B-41102 |
| 74 | 11538 | 12-03-14 | 41003 | કા.સ.કા. DA એરી.વોર્ડ-92 | B-41102 |
| 75 | 11539 | 12-03-14 | 108422 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-1 | B-41102 |
| 76 | 11540 | 12-03-14 | 363185 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-2 | B-41102 |
| 77 | 11541 | 12-03-14 | 207384 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-3 | B-41102 |
| 78 | 11542 | 12-03-14 | 132253 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-4 | B-41102 |
| 79 | 11543 | 12-03-14 | 259672 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-5 | B-41102 |
| 80 | 11544 | 12-03-14 | 364317 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-6 | B-41102 |
| 81 | 11545 | 12-03-14 | 302341 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-7 | B-41102 |
| 82 | 11546 | 12-03-14 | 301091 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-8 | B-41102 |
| 83 | 11547 | 12-03-14 | 218721 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-9 | B-41102 |
| 84 | 11548 | 12-03-14 | 281609 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-10 | B-41102 |
| 85 | 11549 | 12-03-14 | 421754 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-11 | B-41102 |
| 86 | 11550 | 12-03-14 | 376091 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-12 | B-41102 |
| 87 | 11551 | 12-03-14 | 319548 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-13 | B-41102 |
| 88 | 11552 | 12-03-14 | 334636 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-14 | B-41102 |
| 89 | 11553 | 12-03-14 | 259665 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-15 | B-41102 |
| 90 | 11554 | 12-03-14 | 162145 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-16 | B-41102 |
| 91 | 11555 | 12-03-14 | 138924 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-17 | B-41102 |
| 92 | 11556 | 12-03-14 | 144530 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-31 | B-41102 |
| 93 | 11557 | 12-03-14 | 143496 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-32 | B-41102 |
| 94 | 11558 | 12-03-14 | 132597 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-33 | B-41102 |
| 95 | 11559 | 12-03-14 | 227197 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-35 | B-41102 |
| 96 | 11560 | 12-03-14 | 374512 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-36 | B-41102 |
| 97 | 11561 | 12-03-14 | 401718 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-37 | B-41102 |
| 98 | 11562 | 12-03-14 | 363450 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-38 | B-41102 |
| 99 | 11563 | 12-03-14 | 279133 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-39 | B-41102 |
| 100 | 11564 | 12-03-14 | 350272 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-40 | B-41102 |
| 101 | 11565 | 12-03-14 | 483814 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-41 | B-41102 |
| 102 | 11566 | 12-03-14 | 161243 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-42 | B-41102 |
| 103 | 11567 | 12-03-14 | 271540 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-43 | B-41102 |
| 104 | 11568 | 12-03-14 | 308259 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-૫ વોર્ડ-44 | B-41102 |

| ક્રમ | વાઉચર નંબર | તારીખ | વાઉચરની રકમ | પાર્ટીનું નામ | સદર |
|---|---|---|---|---|---|
| 105 | 11569 | 12-03-14 | 313351 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-પ વોર્ડ-45 | B-41102 |
| 106 | 11570 | 12-03-14 | 257573 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-પ વોર્ડ-46 | B-41102 |
| 107 | 11571 | 12-03-14 | 176430 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-પ વોર્ડ-47 | B-41102 |
| 108 | 11572 | 12-03-14 | 371693 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-પ વોર્ડ-90 | B-41102 |
| 109 | 11573 | 12-03-14 | 149638 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-પ વોર્ડ-91 | B-41102 |
| 110 | 11574 | 12-03-14 | 90431 | કા.સ.કા.6th P.એરી.હપ્તો-પ વોર્ડ-99 | B-41102 |
| 111 | 12540 | 12-03-14 | 250 | જય ભોલે સ્ક્રેપટ્રેડર્સ | TCSDepo. |
| 112 | 12541 | 31-03-14 | 175 | જય ભોલે સ્ક્રેપટ્રેડર્સ | TCSDepo. |
| 113 | 12542 | 31-03-14 | 169 | મયુર ટ્રેડર્સ | TCSDepo. |
| 114 | 12543 | 31-03-14 | 50000 | હરસિધ્ધિ સ્ક્રેપસપ્લાયર્સ | TCSDepo. |
| 115 | 12544 | 31-03-14 | 585 | જયસિધ્ધનાથ પ્લા. એન્ડમેટલ | TCSDepo. |
| 116 | 12545 | 31-03-14 | 13000 | જય ભોલે સ્ક્રેપટ્રેડર્સ | TCSDepo. |
| 117 | 12546 | 31-03-14 | 244 | ન્યુ પુજા ફાસ્ટ ફુડ | TCSDepo. |
| 118 | 12547 | 31-03-14 | 5167 | જય ભોલે સ્ક્રેપટ્રેડર્સ | TCSDepo. |
| 119 | 12548 | 31-03-14 | 398 | જયસિધ્ધનાથ પ્લા. એન્ડમેટલ | TCSDepo. |
| 120 | 12549 | 31-03-14 | 35 | કાંતિલાલ એસ. નંદા | TCSDepo. |
| 121 | 12550 | 31-03-14 | 59 | મયુર ટ્રેડર્સ | TCSDepo. |
| 122 | 12551 | 31-03-14 | 60 | ન્યુ પુજા ફાસ્ટ ફુડ | TCSDepo. |
| 123 | 12552 | 31-03-14 | 57 | ન્યુ પુજા ફાસ્ટ ફુડ | TCSDepo. |
| 124 | 12553 | 31-03-14 | 1387 | આશિષ એન્ટરપ્રાઇઝ | TCSDepo. |
| 125 | 12554 | 31-03-14 | 11 | કાંતિલાલ એસ. નંદા | TCSDepo. |
| 126 | 12555 | 31-03-14 | 354 | જય ભોલે સ્ક્રેપટ્રેડર્સ | TCSDepo. |
| 127 | 12556 | 31-03-14 | 189 | જયસિધ્ધનાથ પ્લા. એન્ડમેટલ | TCSDepo. |
| 128 | 12557 | 31-03-14 | 442 | હરસિધ્ધિ સ્ક્રેપસપ્લાયર્સ | TCSDepo. |
| 129 | 12558 | 31-03-14 | 885 | જય ભોલે સ્ક્રેપટ્રેડર્સ | વેટ ડીપો. |
| 130 | 12559 | 31-03-14 | 65000 | જય ભોલે સ્ક્રેપટ્રેડર્સ | વેટ ડીપો. |
| 131 | 12560 | 31-03-14 | 25835 | જય ભોલે સ્ક્રેપટ્રેડર્સ | વેટ ડીપો. |
| 132 | 12561 | 31-03-14 | 1685 | જય ભોલે સ્ક્રેપટ્રેડર્સ | વેટ ડીપો. |
| 133 | 12562 | 31-03-14 | 2788 | જયસિધ્ધનાથ પ્લા. એન્ડમેટલ | વેટ ડીપો. |
| 134 | 12563 | 31-03-14 | 1988 | જયસિધ્ધનાથ પ્લા. એન્ડમેટલ | વેટ ડીપો. |
| 135 | 12564 | 31-03-14 | 900 | જયસિધ્ધનાથ પ્લા. એન્ડમેટલ | વેટ ડીપો. |
| 136 | 12565 | 31-03-14 | 2534 | મયુર ટ્રેડર્સ | વેટ ડીપો. |
| 137 | 12566 | 31-03-14 | 881 | મયુર ટ્રેડર્સ | વેટ ડીપો. |
| 138 | 12567 | 31-03-14 | 250000 | હરસિધ્ધિ સ્ક્રેપસપ્લાયર્સ | વેટ ડીપો. |
| 139 | 12568 | 31-03-14 | 2206 | હરસિધ્ધિ સ્ક્રેપસપ્લાયર્સ | વેટ ડીપો. |
| 140 | 12569 | 31-03-14 | 3654 | ન્યુ પુજા ફાસ્ટ ફુડ | વેટ ડીપો. |
| 141 | 12570 | 31-03-14 | 902 | ન્યુ પુજા ફાસ્ટ ફુડ | વેટ ડીપો. |
| 142 | 12571 | 31-03-14 | 727 | ન્યુ પુજા ફાસ્ટ ફુડ | વેટ ડીપો. |
| 143 | 12572 | 31-03-14 | 91 | કાંતિલાલ એસ. નંદા | વેટ ડીપો. |
| 144 | 12573 | 31-03-14 | 148 | કાંતિલાલ એસ. નંદા | વેટ ડીપો. |
| 145 | 12574 | 31-03-14 | 18087 | કાંતિલાલ એસ. નંદા | વેટ ડીપો. |
| 146 | 12575 | 31-03-14 | 20135 | મંડપ કમાન માર્કેટસ.ટેક્ષ | STD |
| 147 | 12576 | 31-03-14 | 1156 | UBI બેંક ભાડુ | STD |
| 148 | 12577 | 31-03-14 | 422 | મંડપ કમાન માર્કેટસ.ટેક્ષ | STD |
| 149 | 12578 | 31-03-14 | 137582 | મંડપ કમાન માર્કેટસ.ટેક્ષ | STD |
| 150 | 12579 | 31-03-14 | 1156 | UBI બેંક ભાડુ | STD |
| 151 | 9385 | 01-01-14 | 47876 | કે.આઇ. શેખ વ.અહિ. | B-33101 |
| 152 | 9386 | 01-01-14 | 10000 | આર.એમ. દોશી | B-51101 |
| 153 | 9387 | 01-01-14 | 166800 | સભ્યશ્રી માનદ વેલન | B-01214 |
| 154 | 9388 | 01-01-14 | 1016210 | IMTS સ્ટાફ પગાર | B-92101 |
| 155 | | | 898847 | IMTS સ્ટાફ પેન્શન | B-92121 |
| 156 | | | 430915 | IMTS સ્ટાફ ફે.પેન્શન | B-92122 |
| 157 | | | 3148 | IMTS સ્ટાફ કિર્તીત્રીવેદી | B-92101 |
| કુલ | | | 3,47,75,817 | | |

**૫.૨ રાવળી જમીન વેચાણ અંગેનુ રેકર્ડ રજુ ન કરવા અંગે. (ફકરા નં.૭૮)**

જનરલ બોર્ડના ઠરાવ નં. ૨૧૦(એલ), તા.૧૭/૦૨/૨૦૧૦થી જનરલ હેડમાં મંજુર થયેલ કર, ભાડા સિવાયના તમામ કર, દર, ભાડા અને અન્ય ચાર્જિસ રાવળી જમીન વેચાણ તથા દરસ્તાવેજી ફી ચાર્જ સને.૨૦૧૦-૧૧ અને જનરલ બોર્ડનાં ઠરાવ ૧૨૩ (એલ),તા.૧૮/૦૨/૧૨ થી ૨૨૧ (એલ) થી સને ૨૦૧૧-૧૨માં પણ નીચે મુજબ દર રાખવામાં આવેલ.

| | |
|---|---|
| અરજી ફોર્મ ફી | રૂા.૧૦૦/- |
| સ્ક્રુટીની ચાર્જ | રૂા.૧૦૦૦/- |
| વહીવટી ચાર્જ | રૂા.૧૫૦૦/- |

સંસ્થાના "TALLY" ના હિસાબો રજુ કરેલ તેની ચકાસણી કરતાં રાવળી જમીન વેચાણની આવક નીચે મુજબ થયેલ છે.

| ક્રમ | તારીખ/વર્ષ | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | ૦૯/૧૧/૨૦૧૦ | ફાયર સ્ટેશન નજીક જનતા ફાટક પાસે | ૨૬,૭૬,૦૦૦ |
| ૨ | ૧૪/૧૨/૨૦૧૦ | ફાયર સ્ટેશન નજીક જનતા ફાટક પાસે | ૨૦,૦૩,૧૫૩ |
| ૩ | ૨૦/૦૪/૧૦ થી ૦૧/૦૭/૧૦ સુધી | મીગ કોલોનીમાં રાવળી જમીન વેચાણ | ૪,૧૦,૨૯,૫૨૦ |
| ૪ | ૩૦/૦૮/૨૦૧૦ | સ્ટાન્ડર્ડ ડેવલપર્સ (મ્યુનિ. જમીન વેચાણ) | ૧,૨૫,૦૦,૦૦૦ |
| ૫ | સને ૨૦૧૧-૧૨ | રાવળી જમીન વેચાણ | ૬૫,૬૯૫ |
| ૬ | સને ૨૦૧૪-૧૫ | રાવળી જમીન વેચાણ | ૬૦,૦૦૦ |
| કુલ | | | ૫,૮૩,૩૪,૩૬૮/- |

સને ૨૦૧૩-૧૪ના અન્વેષણ દરમ્યાન રાવળી જમીન વેચાણ દસ્તાવેજનુ રેકર્ડ રજુ કરેલ નથી. અને સને ૨૦૧૦-૧૧ થી સને ૨૦૧૪-૧૫ સુધીનું રાવળી જમીનની આવકનું રેકર્ડ રજુ કરેલ નથી.

**૫.૩ પાર્કિંગ ચાર્જની રકમની વસુલાત ન થવા અંગે. (ફકરા નં. ૩૨)**

જામનગર શહેરમાં ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે ખાનગી ટ્રાવેલ્સ અને ખાનગી કંપનીઓના બસ પાર્કિંગની પોલીસી અંગે જનરલ બોર્ડના ઠરાવ નં.૧૩૦,તા.૩૦/૧૧/૨૦૦૬ થી ઠરાવેલ જગ્યાઓ કોર્પોરેશનની માલિકીના પ્લોટ હોઇ તેને માટે જામનગર શહેરમાં ચાર જગ્યાએ પાર્કિંગ વિસ્તાર રાખવામાં આવેલ જેના પાર્કિંગ વિસ્તાર ૧૫૬૩૮.૦૬ ચો.મી. અલગથી રાખવામાં આવેલ છે. જેમાં વાર્ષિક પાર્કિંગ ફી રૂા.૫,૦૦૦/-પ્રતિ વાહન રાખવાનું ઠરાવવામાં આવેલ.

આ ઉપરાંત જનરલ બોર્ડના ઠરાવ નં.૧૨૩ (સને ૨૦૧૧-૧૨ મુજબ) તા.૧૮/૦૨/૨૦૧૨ અન્વયે આ અંગે દંડ/પેનલ્ટી મંજુર થયેલ છે. જામનગર શહેરમાં અનઅધિકૃત/ગેરકાયદેસર દબાણ, બાંધકામો, રેકડીઓ, ફોરવ્હીલર્સ, પથ્થરા દુર કરી જપ્ત કરવાના દંડ અને પેનલ્ટી જે મંજુર થાય તે મુજબ વસુલ કરવા નિયત કરેલ. સ્ટેન્ડીંગ કમિટીના ઠરાવ નં.૧૪૫,તા.૮/૦૨/૨૦૧૩ અને જનરલ બોર્ડના ઠરાવ નં.૨૨૧ (U) તા.૧૯/૦૨/૨૦૧૩ થી પણ દર નક્કી થયેલ છે.તા.૧૮/૦૨/૨૦૧૨ ના જનરલ બોર્ડના ઠરાવ ૧૨૩ (U) થી જે દર ૨૦૧૨-૧૩ થી નક્કી થયેલ તે જ દર ૨૦૧૩-૧૪ માટે અમલમાં મુકેલ હતા.

પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, જામનગરના સને ૨૦૧૧-૧૨ના આંકડા મુજબ પેસેન્જર બસ ૫૬, ૨૦૧૨-૧૩ના આંકડા મુજબ પેસેન્જર બસ-૨૫ તથા સને ૨૦૧૩-૧૪ના આંકડા મુજબ ૭૧ નોંધાયેલ હતી. જે અન્વયે કુલ ત્રણ વર્ષમાં જામનગર શહેર માટે ૧૫૨ પેસેન્જર બસ નોંધાયેલ હતી. ઉપરાંત ત્રણ વર્ષના પ્રાઈવેટ સર્વિસ વ્હીકલ ૬૬૭, ટ્રકની સંખ્યા ૨૮૮૫ નોંધાયેલ હતી. આ ઉપરાંત અન્ય ટેક્સી કેબ ૭૪૪ પણ (જામનગર -રાજકોટ વચ્ચે ચાલતી ઈકો ગાડી તથા અન્ય પ્રાઈવેટ પેસેન્જર સર્વિસ) પણ નોંધાયેલ હતી.

ભારે વાહનોનો પાર્કિંગ ચાર્જ રૂા.૫,૦૦૦/- લેખે રૂા.૧૮૫.૨૦ લાખ અને નાના વાહનોનો પાર્કિંગ ચાર્જ રૂા.૨,૫૦૦/- લેખે રૂા.૧૮.૬૦ લાખ એકંદરે કુલ આવક રૂા.૨૦૩.૮૦ લાખ સામે માત્ર રૂા.૯૦,૦૦૦/- થયેલ છે. જે મુજબ મહાનગરપાલિકા દ્વારા પાર્કિંગ ચાર્જ વસુલ કરવામાં ઘનિષ્ઠ પ્રયાસ કરેલ નથી.

GPMC એક્ટ ૧૯૪૯ ની કલમ ૧૨૭ મુજબ મહાનગરપાલિકા વિસ્તારમાં જુદા જુદા હેતુ માટે કર-ચાર્જની રકમ અંગે દરો નિયત કરીને ચાર્જ નાખવામાં આવેલ છે. GPMC એક્ટ ૧૯૪૯ની તે કલમ-૯૯ અન્વયે વસુલ કરવાની રહે છે.

## ૫.૪ રૂા.૧ લાખથી વધારે રકમનાં વેરાની વસુલાત મિલકતધારકો પાસેથી ન કરવા અંગે. (ફકરા નં. ૪૭)

ધ ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ની કલમ ૧૨૭ મુજબ મહાનગરપાલિકા વિસ્તારમાં વેરા નાખવાની સતા પ્રાપ્ત થયેલ છે. જે અન્વયે દર વર્ષે અંદાજપત્રમાં કમિશ્નરશ્રી દ્વારા દરખાસ્ત કરવામાં આવે છે તેને સ્ટેન્ડીંગ કમિટી અને સામાન્ય સભાની મંજુરી બાદ ત્યાર પછીના નાણાકીય વર્ષમાં તે વેરાની વસુલાત કરવાની રહે છે. કલમ-૧૨૯ મુજબ કયા પ્રકારનાં વેરા લેવા અને તેના દર કયાં રાખવા તેની જોગવાઇ કરવામાં આવેલ છે ઉપરાંત કલમ-૧૨૮ માં વેરાની વસુલાત કઇ રીતે કરવી તેની જોગવાઇ કરવામાં આવેલ છે. કલમ-૧૪૧ તથા તેની પેટા કલમો મુજબ જુદા જુદા વેરાની ડિમાન્ડ નોટીસ ઇસ્યુ કર્યા બાદ વસુલાત કરવાની રહે છે.

સને ૨૦૧૩-૧૪મા મહાનગરપાલિકા જામનગર દ્વારા સ્ટેન્ડીંગ કમિટીના ઠરાવ નં.૧૪૫ તા.૮/૨/૨૦૧૩ અને જનરલ બોર્ડના ઠરાવ ૨૨૧(એ)તા.૧૯/૨/૧૩ મુજબ ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભગના તા.૮/૫/૨૦૦૬ના ઠરાવ તથા તા.૧૭/૧/૨૦૦૭ અને તા.૨૫/૧/૦૭ ના"આખરી મુળભૂત નિયમો"અન્વયે જે દર નકકી કરવામાં આવેલ તેમાં મહાનગરપાલિકા જામનગર દ્વારા તા.૧૮/૨/૧૨ ના જનરલ બોર્ડના ઠરાવ ૧૨૩ એ થી નિયત દરમાં સુધારા વધારા કરીને નવા વેરા દાખલ કરવામાં આવેલ હતા. જેની આકારણી ડિમાન્ડ નોટિસ ઇસ્યુ કરીને વસુલાત સને ૨૦૧૩-૧૪ માં કરવાની રહેતી હતી.

વર્ષ દરમ્યાન બાકી વેરાની માહિતી દર્શાવતુ પત્રક (રૂા.કરોડમાં)

| શરૂઆતની બાકી | ૨૦૧૩-૧૪ | | આખર બાકી |
|---|---|---|---|
| | માંગણું | વસુલાત | |
| ૬૩.૪૦ | ૭૨.૦૦ | ૪૫.૧૩ | ૯૦.૨૭ |

ઉક્ત બાકી વસુલાત પૈકી મુળ ફકરાના પત્રકમાં દર્શાવેલ રૂા.૧ લાખથી વધુ બાકી મિલકત વેરાના નમુનારૂપ ૭૭ મિલકત ધારકોના કિસ્સાઓની રકમ રૂા.૩,૭૮,૭૭,૩૪૬/- બાકી છે.

વધુમાં, સંસ્થાના સને.૨૦૧૨-૧૩ના ઓડિટ અહેવાલ મુજબ રૂા.૧ લાખથી વધારે વેરા બાકી હોય તેવા કુલ ૮૪ મિલકત ધારકો હતા. જેની રકમ રૂા.૧૭.૭૭ કરોડ હતી. અને સંસ્થાના સને. ૨૦૧૩-૧૪ના ઓડિટ અહેવાલ મુજબ રૂા.૧ લાખથી વધારે વેરા બાકી હોય તેવા ૧૧૬ મિલકત ધારકો હતા. જેની રકમ રૂા. ૨૬.૮૨ કરોડ હતી. આમ ૩૨ મિલકત ધારકનો વધારો થયેલ અને રકમમાં પણ રૂા.૯.૦૫ કરોડનો વધારો થયેલ છે. મિલકત વેરાની ૧૦૦% વસુલાત કરવી રહે.

## ૫.૫ થી ૫.૧૨ જામનગર મહાનગરપાલિકાના નમૂનારૂપ યોજનાકીય કામો/વર્કર્સમાં જણાયેલ તાંત્રિક, નાણાંકીય તથા અમલીકરણને લગતી અનિયમિતતાઓ બાબત.

૧. ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ પુસ્તક-૧ના પેરા-૨૦૦ મુજબ રૂ.૨૦/- લાખ ઉપરની કિંમતના કામની ટેન્ડર નોટીસ જિલ્લાના મુખ્ય સ્તરેથી પ્રસિધ્ધ થતા એક દૈનિક ઉપરાંત અમદાવાદથી પ્રસિધ્ધ થતા બે દૈનિક પૈકી એક અંગ્રેજી વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવાની જોગવાઇ થયેલ છે.

૨. ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ પુસ્તક ભાગ-૧ના પેરા-૨૦૦ તથા માર્ગ અને મકાન વિભાગના તા.૧૭/૩/૨૦૦૭ના પરીપત્ર ક્રમાંક:ટી.એન.સી./૧૦૨૦૦૭/૧/સ અને નર્મદા,જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના પરિપત્ર નં.જી.ઇ.એન./૨૦૦૮/આઇ.બી./૨૩૫/(૨૮)/ક-૧, તા.૧૦/૦૨/૨૦૦૯થી નિવિદાની સમય મર્યાદા નક્કી કરવામા આવેલ છે. જે મુજબ રૂ.૩/- કરોડથી વધુ રકમના કામો માટે ૩૦ દિવસ, રૂ.૧/- કરોડ થી રૂ.૩/- કરોડ સુધીના કામો માટે ૨૧ દિવસ તથા રૂ.૧/- કરોડ અને તેનાથી ઓછી રકમના કામો માટે ૧૫ દિવસનો સમય ગાળો રાખવો જરૂરી છે.

૩. ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ ભાગ-૧ના ફકરા નં.૧૫૧, ૨૮૩ અન્વયે અંદાજીત રકમ કરતા દસ ટકા(૧૦%) ઉંચા કે નીચા ભાવથી ટેન્ડર મંજુર કરેલ હોય તો રીવાઇઝ અંદાજો તૈયાર કરી સુધારેલ વહીવટી/તાંત્રિક મંજુરી મેળવવાની થાય છે અને કામમાં થયેલ વધારે ખર્ચ/બચત માટે સક્ષમ સત્તા અધિકારીની મંજુરી મેળવવાની થાય છે.

૪. માર્ગ અને મકાન વિભાગના તા.૩૧/૧૨/૨૦૦૯ના પરીપત્ર નં.પરચ/૧૦૨૦૦૭/૨૮-સ તથા ટેન્ડર બી-૧ની ક્લોઝ –૭૭ મુજબ બાંધકામના માલસામાનની ગુણવત્તા માટેના પરીક્ષણ પૈકી ૮૦% પરીક્ષણ સ્થળ ઉપર, ૧૦% પરીક્ષણ સરકાર માન્ય લેબોરેટરીમાં અને૧૦% પરીક્ષણ ગેરી લેબોરેટરીમાં કરવાનાના રહે છે.

૫. માર્ગ અને મકાન વિભાગના પત્ર ક્રમાંક: ટી.એન.સી./૧૦૮૮/આઇ.બી./૨૨૦/૧૮/સ, તા. ૬/૪/૧૯૯૮ (તા.૧૭/૧૨/૧૯૯૮ અને તા.૩૧/૮/૧૯૯૧ના સંદર્ભ પરિપત્ર) મુજબ કામમાં વાપરવાનો સિમેન્ટ આઇ.એસ.આઇ. પ્રમાણપત્ર ધરાવતી મૂળ ઉત્પાદક કંપની પાસેથી જ ખરીદી તેના અસલ બીલો રજુ કરવાના હોય છે.

૬. મુંબઇ સ્ટેમ્પ એક્ટ-૧૯૫૮ અનુસુચી-૧, આર્ટીકલ- ૩૬(ક) અને આર્ટીકલ-૨૦(ક) તથા સુપ્રીટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક:સ્ટેમ્પ/અશન/૧૪/૨૦૦૭/૯૩૯, તા.૧/૪/૨૦૦૭ થી ટેન્ડર અન્વયે અનામતની જે રકમ ફિક્સ ડિપોઝીટ રીસીપ્ટ, એન.એસ.સી. અથવા અન્ય કોઇ બચતપત્રના માધ્યમથી મુકવામાં આવે તો તે રકમના પ્રત્યેક રૂા.૧૦૦/- અથવા તેના ભાગ માટે ૪.૯૦% સ્ટેમ્પ ડ્યુટી વસુલ કરવાની રહે છે.

૭. ગુજરાત વેટ અધિનિયમ-૨૦૦૩ની કલમ-૫૯(બી) તથા નાણાં વિભાગના જાહેરનામાં ક્રમાંક: જી.એચ.એન./૧૪/વેટ/૨૦૦૮/એસ/૫૯/બી/(૩)(૧)/થ અન્વયે તા.૦૧/૦૪/૨૦૦૮થી કામોની રકમ રૂ.૧/- કરોડથી વધે તો ૦.૬૦% ઇજારદારના બીલમાંથી ટી.ડી.એસ. તરીકે વેટની કપાત કરવાની રહેશે અને સરકારશ્રીમાં જમા કરાવવાની રહે છે.

૮. ટેન્ડરની ક્લોઝ–૩૬ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એમ.એમ.આર./૧૧૨૦૦૦/૨૦૧૩/છ, તા.૧/૯/૨૦૦૪ અનુસાર કામમાં સાદી માટી-મુરમ વાપરવામાં આવે તો પરમીટ લેવાની તથા રોયલ્ટી ભરવાની રહેશે. જ્યારે માર્ગ અને મકાન વિભાગના તા. ૨૮/૪/૨૦૦૩ના પરિપત્ર મુજબ રોયલ્ટી ભર્યાની ખાત્રી માટે ફાઇનલ બીલની કોપી ભુસ્તરશાસ્ત્રીશ્રીને મોકલવાની હોય છે અને જો ઇજારદાર આ રોયલ્ટી ભરવાપાત્ર ન હોય તો ઉદ્યોગ અને ખાણ વિભાગનુ “નો ડ્યુ સર્ટીફીકેટ” ઇજારદાર પાસેથી મેળવી વર્ક ફાઇલે રાખવાનુ રહે છે.

૯. માર્ગ અને મકાન વિભાગના તા.૨૯/૦૬/૧૯૯૨ ઠરાવ તથા ટેન્ડર ક્લોઝ મુજબ જો ઇજારદાર કામ નિયત સમય મર્યાદા કરતા મોડુ પુર્ણ કરે તો વિલંબીત દિવસોના પ્રતિ દિન ૦.૧% લેખે વધુમા વધુ અંદાજીત કિમંતના ૧૦% લેખે વિલંબીત વળતર વસુલ કરવાનુ છે.

૧૦. ગુજરાત સ્થાનિક ભંડોળ ઓડિટ અધિનિયમ -૧૯૬૩ની કલમ-૪ તથા કલમ-૫ અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૭૭ અન્વયે તપાસણીપાત્ર તમામ રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ કરવાની સંસ્થાની વૈધાનિક જવાબદારી છે.

૧૧. માર્ગ અને મકાન વિભાગના ઠરાવ નં.ટી.એન.સી./૧૦/૨૦૧૩/૩/ભાગ-૨/સી, તા.૨૦/૧૧/૨૦૧૩થી બાંધમના કોન્ટ્રાક્ટર પાસેથી અંદાજીત રકમના રૂ.૩૦/- લાખ સુધી ૫% અને રૂ.૩૦/- લાખથી વધુના કિસ્સામાં ૧૦% સિક્યોરીટી ડીપોઝીટ લેવાની થાય છે.જેમા ૫% પર્ફોમન્સ બોન્ડ બેંક ગેરંટી તરીકે, ૨.૫% જામીન અનામત એફ.ડી.આર.તરીકે અને ૨.૫% રનીંગ બીલેથી કપાત કરવાના રહેશે.

૧૨. માર્ગ અને મકાન વિભાગના ઠરાવ નં. આર.જી.એન./૬૦૨૦૦૬/૩૫-સ, તા.૩૧/૦૫/૨૦૦૭ મુજબ રૂા.૧ કરોડથી વધુ રકમના કામમાં ક્વોલીફાઈડ ઈજનેરની નિમણુક કરવાની રહે છે.

૧૩. માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર ક્રમાંક જી.સી.એ.૧૬૭૯/એમ-૪૬૩૧/૮૦/સી તા.૨૫/૬/૮૨ મુજબ કામ પૂર્ણ થયા તારીખથી ત્રણ માસમાં ઇજારદારના બીલના નાણાં ચુકવવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

૧૪. માર્ગ અને મકાન વિભાગના ઠરાવ નં. સીએટી/૧૫૬૯/૧૫૯૬૫/(૧૪) ભાગ-૧/સ, તા.૧૮/૦૨/૧૯૮૪ જ્યારે ટેન્ડરમાં સમય-મર્યાદા નક્કી કરવામાં આવે છે ત્યારે મુખ્યત્વે ચોમાસાને ધ્યાનમાં લઈને જ સમય-મર્યાદા નક્કી કરવામાં આવે છે અને તે સંજોગોમાં ચોમાસાને કારણે સમય-મર્યાદા વધારી આપવા માટેની ભલામણ કરવી વ્યાજબી નથી અને ચોમાસાને કારણે સમય-મર્યાદા માગેલ હોય તો તેને ગ્રાહ્ય રાખી શકાય નહીં.

૧૫. માર્ગ અને મકાન વિભાગના પત્ર ક્રમાંક:ટી.એન.સી./૧૦૮૮/આઇ.બી./૨૨૦/૧૮/સ, તા. ૬/૪/૧૯૯૮ (તા.૧૭/૧૨/૧૯૯૮ અને તા.૩૧/૮/૧૯૯૧ના સંદર્ભ પરિપત્ર) મુજબ કામમાં વાપરવાનો સિમેન્ટ આઇ.એસ.આઇ. પ્રમાણપત્ર ધરાવતી મૂળ ઉત્પાદક કંપની પાસેથી જ ખરીદી તેના અસલ બીલો રજુ કરવાના હોય છે.

૧૬. ગુજરાત બાંધકામ નિયમ સંગ્રહ ભાગ-૧ ના પારા-૧૫૧ મુજબ કામનું સ્વીકારેલ ટેન્ડર (ભાવપત્રક) એટલી ઓછી રકમનું હોય કે જેથી કરીને મંજુર થયેલ અંદાજમાં ૧૦ ટકાની કે કુલ રૂા.૧૦,૦૦૦/- કે તેથી વધારે રકમની બચત રહે ત્યારે મંજુર થયેલ અંદાજો ઘટાડવા જરૂર છે અને ઘટાડેલા અંદાજ મંજુર કરવાના રહે છે.

૧૭. માર્ગ અને મકાન વિભાગના પરીપત્રનં.ટીએનસી/૧૦૮૭/૨૫૦(૩)સી તા.૨૧/૧૨/૧૯૮૭ અનુસાર ટેન્ડરો અંદાજીત રકમથી ઘણા નીચા આવે છે અને ભાવો કામની ગુણવત્તા પ્રત્યે દુર્લક્ષ સેવે છે. તથા ઘણી વખત પાછળથી કામ અધુરુ છોડી દે છે. જેથી કામો સમયસર પૂર્ણ થઈ શકતાં નથી. જે ધ્યાને લઈ ૧૦ % કરતા ઓછા ભાવો હોય ત્યારે ભાવોની વર્કેબીલીટી ચકાસવી અને પોષણક્ષમ ભાવ કરતાં પણ નીચા ભાવો લાગતા હોય તો સૌથી ઓછા ભાવો ભરનાર સંબધિત ઇજારદાર કામ પુરૂ કરવા શક્તિમાન થશે કે કેમ? તેની સપુર્ણ ચકાસણી કરીને તેઓએ અગાઉ કરેલ કામો તથા હાથ ઉપરના કામોની પ્રગતિ વગેરે ધ્યાને લઇ કામગીરી સંતોષકારક જણાય તો જ ઓછા ભાવના ટેન્ડરો સ્વીકારવા ભલામણ કરવાની રહે છે.

૧૮. માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક ટીએનસી/૧૦૯૧/૩૩૨૮/(૧૦)/સ,તા.૧૯/૦૩/૧૯૯૧ મુજબ કામની નિયત જગ્યાઓ નક્કી કરીને ત્યારબાદ વર્ક ઓર્ડર આપવાનો રહે છે.

૧૯. માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર ક્રમાંક : પીડબલ્યુડી/૩૦૭૯/ડી/૨૯૫૯/ભાગ-૧(૧૩૫)સ, તા.૧૭/૦૪/૨૦૦૧ મુજબ રૂ.૩ લાખથી વધુ રકમના સિંગલ ટેન્ડરો અધિક્ષક ઈજનેરશ્રી તથા સરકારશ્રીની મંજુરી લેવાની રહે છે.

૨૦. માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક: ટી.એન.સી./૧૪૮૦/૮૧૫/૬૪/સ તા.૧૫/૩/૧૯૯૦ અને ત્યારબાદના ઠરાવ તા.૨૪/૬/૧૯૯૩, તા.૧૫/૧૧/૨૦૦૦ મુજબ કામોના ભાગલા કરીને કરવાના રહેતા નથી. કામોના ભાગલા કરીને કરવાના થાય ત્યારે સરકારશ્રીની મંજુરી મેળવવાની રહે છે.

૨૧. માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર નં.જી.સી.એ/એમ-૪૬૩૧/૮૦/સી તા.૨૫/૦૬/૮૨ મુજબ કામ પુર્ણ થયા તારીખથી ત્રણ માસમાં બિલના નાણા ચુકવવાની જોગવાઈ થયેલ છે.

વર્ષ ૨૦૧૩-૧૪માં મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ યોજનાકીય કામો/વિકાસના કામો/વર્કસમાં આ સાથેના પત્રકમાં જણાવ્યા મુજબની તાંત્રિક,નાણાંકિય તથા અમલીકરણને લગતી અનિયમિતતાઓ જણાયેલ હતી. યોજનાકીય કામો/વિકાસના કામો/વર્કસ નિયમાનુસાર હાથ ધરી નગરજનોને સુવિધાનો લાભ મળી રહે તથા સરકારશ્રી દ્વારા ફાળવાયેલ નાણાંનો યોગ્ય રીતે અને નિયમાનુસાર ઉપયોગ થાય અને જરૂરી તમામ વૈધાનિક કપાતો કરી સમયસર સરકારશ્રીમાં જમા થાય અને કામો પૂર્ણ થાય તે માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા સુચન છે.

| વિ.અ. ફકરા નં. | ફકરાની વિગત તથા ઓડિટ નોંધ | | વસુલાત પાત્ર રકમ રૂ.(લાખમાં) |
|---|---|---|---|
| ૫.૫ | ICZMP અંતર્ગત વ્હોરાના હજીરા પાસે સીવરેજ પમ્પીંગ સ્ટેશન બનાવવાનુ કામ તેમજ કાલાવડ પમ્પીંગ સ્ટેશન તેમજ ગાંધીનગર પમ્પીંગ સ્ટેશનના મશીનરી બદલવાના કામમાં જણાયેલ અનિયમિતતા અંગે. (ફકરા નં. ૧૭) | | ૩૫.૧૫ |
| | અંદાજીત રકમ | રૂ.૩,૫૧,૫૦,૦૦૦/- | |
| | ટેન્ડર રકમ | રૂ.૬,૭૮,૯૩,૫૫૦/- (૯૩% ઊંચા) | |
| | થયેલ કુલ ખર્ચ | રૂ.૬,૮૬,૬૨,૭૯૬/- (સી.સી.મુજબ) | |
| | **ઓડિટ નોંધ:-**<br>➢ સંસ્થા દ્વારા અંદાજીત રકમ કરતા ૯૩% ઉંચા દરે વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. જેના રેટ એનાલીસિસ, રીવાઇઝ વહીવટી અને તાંત્રીક મંજુરીઓ મેળવ્યા અંગે કોઈ આધારો રજુ કરેલ નથી.<br>➢ મૂળ અંદાજો કરતા ૯૩% તેમજ રિવાઈઝડ અંદાજો કરતા ૬૭.૪૭% ઊંચા ભાવો આવેલ હોવા છતાં L1 બીડર સાથે નેગોશીએશન કરેલ નથી.<br>➢ ઈજારદારે મુદ્દત વધારાની અરજી કરેલ હતી. જેમાં મુદ્દત વધારાનું કારણ વરસાદના કારણે પાણી ભરાયેલ દર્શાવેલ હતુ. નિયમ મુજબ મુજબ ચોમાસાની ઋતુના કારણે મુદ્દત વધારાની અરજી માન્ય રહે નહી. કામ ૬૧ દિવસ વિલંબથી પૂર્ણ કરેલ છે. જેથી નિયમાનુસાર રૂા.૩૫,૧૫,૦૦૦/-ના વિલંબ વળતરની વસુલાત કરવાની રહે.<br>➢ આ કામ માટે ૧૦% લેખે રૂા.૬૭,૯૪,૬૬૫/-નુ મોબીલાઈઝેશન એડવાન્સ આપેલ છે. આ રકમ ઈજારદારે મશીનરી, પ્લાન્ટ માટે જ વાપરવાની રહે છે તેમજ તે અંગેના બિલ આપવાના રહે છે. જે અંગે ઈજારદારે મોબીલાઈઝેશન એડવાન્સની રકમ ક્યા હેતુ માટે વાપરેલ છે તે અંગે આધારો રજુ કરેલ નથી. તેમજ ટેન્ડર મેન્યુઅલની ક્લોઝ-૭૫ મુજબ મોબીલાઈઝેશન એડવાન્સની રકમ માટે વ્યાજ વસુલવાનુ રહે છે. પરંતુ વિના વ્યાજે મોબીલાઈઝેશન એડવાન્સ આપી ઈજારદારને આર્થિક ફાયદો કરાવેલ છે. | | |

| | | |
|---|---|---|
| | ➢ ટેન્ડરની શરત મુજબ પાઈપલાઈન અને પાવર સપ્લાયનું કામ ૧૨ માસમાં પુરૂ કરવા હતુ તેમજ કામ પૂર્ણ થયાના એક માસ સુધીમાં ટેસ્ટીંગ અને કમીશનીંગ કરાવવાનુ થાય છે. પરંતુ કામ સમય મર્યાદામાં પૂર્ણ થયેલ નથી<br>➢ ટેન્ડર શરત-૨૪ મુજબ ઈજારદારે ઓપરેશન એન્ડ મેઈનટેઇન્સ તેમજ રીપેરીંગની તાલીમ સંસ્થાના કર્મચારીઓને આપવાની રહેતી હતી પમ્પીંગ સ્ટેશન મેઈનટેઇન્સ કરવા ચોક્કસ પ્રકારના ટેકનીકલ જ્ઞાન તેમજ તાલીમની જરૂરત હોઇ તે આપવાની જવાબદારી ઇજારાદારની હોવા છતા આપેલ નથી.<br>➢ આ કામ માટે ત્રિમાસીક પ્રાઈઝ એડજસ્ટમેન્ટ કરવામાં આવેલ છે. કરારની શરત-૩૫ મુજબ મુદ્દત વધારામાં થયેલ કામ માટે પ્રાઈઝ-એડજસ્ટમેન્ટ આપવાનું રહેતું નથી. પરંતુ આ કામ માટે તા.૨૧/૦૯/૨૦૧૩ થી તા.૩૧/૧૨/૨૦૧૩ ના સમયગાળા માટે રૂા.૧૩,૫૮,૮૮૭/- પ્રાઈઝ-એડજસ્ટમેન્ટ આપેલ છે. આમ, મુદ્દત વધારાના સમયગાળા દરમ્યાન પણ પ્રાઈઝ એડજસ્ટમેન્ટ આપવામાં આવેલ છે. | |

| ૫.૬ | SJMMSVY અન્વયે "નંદઘર" બનાવવાના કામોની અનિયમિતતા અંગે (ઝોન-૪ વોર્ડ- ૧ - ૨ - ૩) (ફકરા નં. ૫) | | વસુલાત પાત્ર રકમ રૂા.(લાખમાં) |
|---|---|---|---|
| | અંદાજીત રકમ | રૂા.૨,૭૧,૯૨,૦૦૦/- | ૨૯.૭૫ |
| | ટેન્ડર રકમ | રૂા.૨,૪૮,૬૭,૦૨૪/- (૮.૫૫% નીચા) | |
| | થયેલ કુલ ખર્ચ | રૂા.૮૫,૪૫,૧૮૪/- (૧૨ નંદઘરનો ખર્ચ) | |
| | **ઓડિટ નોંધ:-**<br>➢ ટેન્ડર નોટીસની વર્તમાનપત્રમાં પ્રસિધ્ધી બાબતે રૂા.૫૦/- લાખથી વધુ કામ માટે ઓછામાં ઓછા - ૨ દૈનિક ગુજરાતી તથા ૧ અંગ્રેજી દૈનિકમાં ટેન્ડર નિવિદાની પ્રસિધ્ધી કરવા જોગવાઈ થયેલ છે. પરંતુ બે સ્થાનિક વર્તમાનપત્રમાં નિવિદા આપેલ છે. જેથી બહોળી પ્રસિધ્ધિનો લાભ સંસ્થાને મળેલ નથી.<br>➢ ટેન્ડર પ્રસિધ્ધ કર્યા બાદ તે સ્વીકાર્યાનો સમય ૨૧ દિવસને બદલે ૧૧ દિવસનો રાખેલ.<br>➢ કામનો વર્ક આર્ડર આપતા પહેલા સિક્યુરીટી ડિપોઝીટ અને પરર્ફોમન્સ બોન્ડ મેળવેલ નથી.<br>➢ ગુજરાત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગરના ઠરાવક્રમાંક : આઈસીડી-૧૧૨૦૧૨-૧૨૯૧-બ, તા.૩૦/૦૬/૨૦૧૨થી પ્રતિ નંદઘરને યુનિટ કિંમત રૂા.૫.૫૦ લાખ નક્કી કરવામાં આવેલ હતી. જયારે સંસ્થા દ્વારા એક નંદઘરની યુનિટ કિંમત રૂા.૬,૯૭,૨૯૯/- રાખવામાં આવેલ હતી. જેથી નિયત યુનિટ કિંમત કરતાં વધારે રકમ "નંદઘર" માટે નક્કી કરવા અંગે કોઈ આધારો રજુ કરેલ નથી.<br>➢ ઝોન-૪ (વોર્ડ નં. ૧-૨-૩) માં નંદઘર બનાવવા માટે જે જગ્યા શોધવામાં આવેલ તે ૩૦ નંદઘરની હતી. જ્યારે સંસ્થાને ૩૯ નંદઘર બનાવવા માટે ટેન્ડર બહાર પાડેલ હતું. જેથી ૯ નંદઘર વધારે બનાવવા (જગ્યા ન હોવા છતાં) માટે ટેન્ડરીંગ થવા અંગે આધારો રજુ કરેલ નથી.<br>➢ વોર્ડ-૩ માં ૩ નંદઘર બનાવવાનો વર્ક ઓર્ડર તા.૧૨/૦૨/૧૪ ના આપવામાં આવેલ છે. જયારે અગાઉ પણ તા.૨૪/૧૦/૧૩ ના રોજ ૩૯ નંદઘર બનાવવા વર્ક ઓર્ડર આપેલ હતો. જેમાંથી, માત્ર ૧૨ નંદઘર બનાવેલ હતા,આમ અલગથી ૩ નંદઘર બનાવવાના વર્ક ઓર્ડરની કોઇ જરૂરિયાત જણાતી ન હતી. તેમછતા, અલગથી ૩ નંદઘર બનાવવાના વર્ક ઓર્ડર આપવમાં આવેલ છે.<br>➢ ઈજારદારને ૩૯ નંદઘર બનાવવાનો વર્ક ઓર્ડર આપેલ હતો. પરંતુ માત્ર ૧૨ નંદઘર બનાવેલ હતા. તેમ છતાં કામ પૂર્ણતા પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.<br>➢ આ કામ (૧૨ નંદઘર)નુ કુલ ચુકવણુ રૂા.૮૫,૪૫,૧૮૩/- કરવામાં આવેલ છે. તેમા વધારાના કામના રૂા.૨,૧૫,૬૭૪/ અને ઈલેક્ટ્રીક કામના રૂા.૨,૧૮,૧૦૯/- ચુકવવામાં આવેલ છે. આમ Extra કામની રકમનુ ચુકવણુ થયેલ છે. જેની મંજુરી સક્ષમ કક્ષાએ લેવામાં આવેલ નથી. | | |

| | | |
|---|---|---|
| | ➢ બાકી રહેલ ૨૭ નંદઘર ક્યારે બનાવવામાં આવેલ છે.જેની વિગતો રજુ કરેલ નથી.<br>➢ ટેન્ડરીંગ પ્રક્રિયાનું પ્રિ-ઓડિટ કરાવતા તેઓની નોંધ જણાવ્યા મુજબ વિશ્વકર્મા કાન્સ્ટ્રકશન પાર્ટીના EPF નંબર, લેબર લાયસન્સ રજુ કરેલ ન હતા. તેમ છતાં આ પાર્ટીના ટેન્ડરમાં ટેકનીકલ બીડ મંજુર કરવામાં આવેલ છે.<br>➢ ૩૯ જગ્યાઓ પર નંદઘર બનાવવાની કામગીરી સુપ્રત કરેલ જે પૈકી ૧૫ જગ્યાઓ પર સાઈટ ક્લીયર ન હોવા છતાં કામગીરી શરૂ કરવામાં આવેલ છે.<br>➢ પાંચ નંદઘર બનાવવા રકમ રૂા.૪૧,૭૭,૯૯૩/- ચુકવેલ જે નંદઘર માટે નક્કી કરેલ યુનિટ કિંમત કરતાં વધારે હોઈ રૂા.૯,૮૯,૫૯૪/-ના વધારાના ચુકવણા કરવામાં આવેલ છે.<br>➢ વોર્ડ નં. ૧ માં શાળા નં. ૩૦ માં નંદઘર બનાવવાની જગ્યા અગાઉથી નક્કી થયેલ પરંતુ સ્થાનિક વિરોધના કારણે આ કામ મોકુફ રાખેલ. આમ, અગાઉથી વ્યવસ્થિત સર્વે કર્યા વિના કામગીરી કરવામાં આવેલ હતી.<br>➢ કામની મુદ્દત ૧૨ માસની હતી. જે ૧૦૦ દિવસ વિલંબથી પૂર્ણ કરેલ છે. ઇજારદાર દ્વારા મુદ્દત વધારો કરવા અરજી કરેલ નથી. જેથી નિયમાનુસાર રૂા.૨૭,૧૯,૨૦૦/-ના વિલંબ વળતરની વસુલાત કરવાની રહે.<br>➢ ક્વોલીફાઈડ ઈજનેરની નિમણુક થયેલ નથી. જેથી રૂા.૨,૨૫,૦૦૦/- વસુલાત કરવાની રહે.<br>➢ સ્ટેમ્પ ફી પેટે રૂા.૩૦,૩૭૮/-ની વસુલાત કરી સરકારી સદરે જમા કરવાની રહે.<br>➢ કામમાં ઉપયોગ લીધેલ માલસામાનની ગુણવતા માટેનુ ૮૦% પરીક્ષણ સ્થળ પર તથા ૧૦% ગેરી દ્વારા અને ૮૦% અન્ય સરકાર માન્ય લેબોરેટરી દ્વારા પરિક્ષણ કરાવ્યા અંગેના આધારો રજુ કરેલ નથી.<br>➢ દરેક નંદઘર માટે રૂા.૨૫,૦૦૦/- ઈલેક્ટ્રીક ખર્ચ તથા રૂા.૧૫,૦૦૦/- બાલ પ્રવૃતિ માટેનો ખર્ચ કરવાનો રહેતો હતો. તે મુજબ ઈલેક્ટ્રીક ખર્ચ રૂાર,૧૮,૧૦૯/- નો ખર્ચ કરેલ છે. જ્યારે બાળ પ્રવૃતિ માટે કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી. | |

| ૫.૭ | સિવિલ ઝોન-૨ વાર્ડ નં.૪, ૫, ૯, ૧૦, ૧૧, ૧૮ અને ૧૯ માં નંદઘર બનાવવાના કામમાં જણાયેલ અનિયમિતતા બાબત. (ફકરા નં. ૯) | | વસુલાત પાત્ર રકમ રૂા.(લાખમાં) |
|---|---|---|---|
| | અંદાજીત રકમ | રૂા.૨,૪૪,૦૪,૦૦૦/- | ૨૬.૯૩ |
| | ટેન્ડર રકમ | રૂા.૨,૨૬,૯૫,૭૨૦/- (૭% નીચા) | |
| | થયેલ કુલ ખર્ચ | રૂા.૧,૦૫,૫૨,૫૨૯/- | |
| | **ઓડિટ નોંધ:-**<br>➢ ટેન્ડર નોટીસની વર્તમાનપત્રમાં પ્રસિધ્ધી બાબતે રૂા.૫૦/- લાખથી વધુ કામ માટે ઓછામાં ઓછા - ૨ દૈનિક ગુજરાતી તથા ૧ અંગ્રેજી દૈનિકમાં ટેન્ડર નિવિદાની પ્રસિધ્ધી કરવા જોગવાઈ થયેલ છે. પરંતુ માત્ર એક જ ગુજરાતી દૈનિક “ફુલછાબ” માં ટેન્ડર નિવિદાની પ્રસિધ્ધી કરવામાં આવેલ છે. જેથી બહોળી પ્રસિધ્ધિનો લાભ સંસ્થાને મળેલ નથી.<br>➢ ટેન્ડર પ્રસિધ્ધ કર્યા બાદ તે સ્વીકાર્યાનો સમય ૨૧ દિવસને બદલે ૧૩ દિવસનો રાખેલ હતો.<br>➢ ઈજારદાર પાસેથી સિક્યોરીટી ડિપોઝીટ અને પરફોર્મન્સ બોન્ડ મેળવ્યા વિના તેમજ કરાર કર્યા વિના જ કામનો વર્ક ઓર્ડર આપેલ છે. તેમજ પરફોર્મન્સ બોન્ડ પેટે રૂા.૧૨,૨૦,૨૦૦/- ભરવાના રહેતા હતા. પરંતુ ચુકવણીના બિલોમાંથી રૂા.૨,૨૨,૧૮૫/- બોન્ડ તરીકે કપાત કરેલ છે. તેમજ રૂા.૯૦,૦૦૦/- એફ.ડી.આર. રજુ કરેલ આમ બોન્ડની રકમ રૂા.૯,૦૮,૦૧૫/-ની ઓછી વસુલાત કરેલ છે.<br>➢ કામની મુદ્દત ૧૨ માસની હતી. જે ૧૬૮ દિવસ વિલંબથી પૂર્ણ કરેલ છે. ઇજારદાર દ્વારા મુદ્દત વધારો કરવા અરજી કરેલ નથી. છતાં મુદ્દત વધારો કરી આપવામાં આવેલ હતો. જેથી નિયમાનુસાર રૂા.૨૪,૪૦,૪૦૦/-ના વિલંબ વળતરની વસુલાત કરવાની રહે. | | |

| | | |
|---|---|---|
| | ➢ ક્વોલીફાઈડ ઈજનેરની નિમણુક થયેલ નથી. જેથી રૂા.૨,૨૫,૦૦૦/- વસુલાત કરવાની રહે.<br>➢ સ્ટેમ્પ ફી પેટે રૂા.૨૭,૭૩૨/- ની વસુલાત કરી સરકારી સદરે જમા કરવાની રહે.<br>➢ નંદઘર બનાવવા ચાઈલ્ડ ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ ઓફીસર (સી.ડી.પી.ઓ.) દ્વારા આગણવાડી બનવવા ૩૩ જગ્યાઓ શોધેલ જ્યારે માત્ર ૧૬ નંદઘર બનાવીને NOC આપવામાં આવેલ છે.<br>➢ ઈજારદાર દ્વારા ભરેલ રકમ રૂા.૨,૨૬,૯૫,૭૨૦/- સામે કુલ ખર્ચ રૂા.૧,૦૫,૫૨,૫૨૯/- થયેલ છે. જે ૪૬.૫૦% ઓછી છે. આમ ૫૩.૫૦% રકમ રૂા.૧,૨૧,૪૩,૧૯૧/- બચત થયેલ છે આ અંગે ઉક્ત વધારાના નંદઘર બનાવવાની જરૂરીયાત ના હોય તો વણવપરાયેલ રહેલ રકમ સરકારશ્રીમાં પરત કરવાની રહે અન્યથા બાકી રહેલ નંદઘર પંસદગી કરી તાત્કાલિક તેનું બાંધકામ કરવું જેથી જાહેર જનતાની સુવિધામાં વધારો થાય.<br>➢ ઈજારદારે આઈ.એસ.આઈ. પ્રમાણપત્ર વાળા અને મૂળ ઉત્પાદક કંપનીમાંથી સિમેન્ટની ખરીદી કરવાની રહે છે. જ્યારે આ કામમાં ખાનગી એજન્સી પાસેથી ખરીદી કરેલ છે.<br>➢ પ્રતિ નંદઘર ૫.૫૦ લાખની યુનીટ કિંમત નક્કી કરાયેલ છે. જ્યારે ૨૦૧૨-૧૩ ના એસ.ઓ.આર. મુજબ યુનિટ કિંમત રૂા.૬.૯૭ લાખ નક્કી કરાયેલ છે. આમ, રૂા.૧.૪૭ લાખ યુનિટ કિંમતમાં વધારો કરાયેલ છે. આ અંગે આધારો રજુ કરેલ નથી.<br>➢ કામમાં ટેન્ડરમાં દર્શાવેલ જે તે આઈટમના જથ્થા કરતા કેટલું વધુ/ઓછું વપરાશ થયેલ તેની વિગતો દર્શાવેલ નથી. તેમજ રૂા.૨,૪૫,૯૫૯/-ના EXTRA કામની ચુકવણી સક્ષમ સત્તાધિકારીની મંજુરી વગર કરેલ છે.<br>➢ ઉદ્યોગ અને ખાણ વિભાગનુ ખનિજ માલસામાનની રોયલ્ટી ભર્યાના આધારો રજુ કરેલ નથી. | |

| ૫.૮ | ૮૦૦ - ૯૦૦ - ૧૬૦૦ એમ.એમ. ડાયાની આર.સી.સી. NP-4 કલાસ પાઈપ લાઈન સપ્લાય કરવાના કામે જણાયેલ અનિયમિતતા અંગે. (ફકરા નં. ૧૪) | | વસુલાત પાત્ર રકમ રૂા.(લાખમાં) |
|---|---|---|---|
| | અંદાજીત રકમ | રૂા.૧,૯૨,૧૮,૧૦૦/- | ૧૯.૪૮ |
| | ટેન્ડર રકમ | રૂા.૨,૧૭,૧૦,૭૪૭/- (૧૨.૯૭% ઊંચા) | |
| | થયેલ કુલ ખર્ચ | રૂા.૧,૯૦,૧૨,૩૭૭/- | |
| | **ઓડિટ નોંધ:-**<br>➢ ટેન્ડર નોટીસની વર્તમાનપત્રમાં પ્રસિધ્ધી બાબતે રૂા.૫૦/- લાખથી વધુ કામ માટે ઓછામાં ઓછા - ૨ દૈનિક ગુજરાતી તથા ૧ અંગ્રેજી દૈનિકમાં ટેન્ડર નિવિદાની પ્રસિધ્ધી કરવા જોગવાઈ થયેલ છે. પરંતુ માત્ર ૧ ગુજરાતી દૈનિકમાં ટેન્ડર નિવિદાની પ્રસિધ્ધી કરવામાં આવેલ છે. જેથી બહોળી પ્રસિધ્ધિનો લાભ સંસ્થાને મળેલ નથી.<br>➢ કામની અંદજીત કિંમત રૂા.૩ લાખ કરતાં વધુ હોય તેવા ટેન્ડરો અધિક્ષક ઈજનેર તથા સરકારશ્રીની મંજુરી લેવાની રહેલ છે. પરંતુ અંદાજીત કિમત રૂા.૧.૯૨ કરોડ હોવા છતાં સિંગલ ટેન્ડર મંજુર કરવા નિયમાનુસારની કાર્યવાહી કરવા બાબતે આધારો રજુ કરેલ નથી.<br>➢ કામની મુદ્દત ૧૨ માસની હતી. જે ૧૬૮ દિવસ વિલંબથી પૂર્ણ કરેલ છે. ઇજારદાર દ્વારા મુદ્દત વધારો માગ્યા અંગેના આધારો રજુ કરેલ નથી. જેથી નિયમાનુસાર રૂા.૧૯,૨૧,૮૧૦/-ના વિલંબ વળતરની વસુલાત કરવાની રહે.<br>➢ સ્ટેમ્પ ફી પેટે રૂા.૨૬,૪૯૭/- ની વસુલાત કરી સરકારી સદરે જમા કરવાની રહે.<br>➢ આ કામના ફાઈનલ બિલ મુજબ ૮૦૦ MM પાઈપ ૩૯૭.૫૦ Rmt, ૯૦૦ MM પાઈપ ૩૦૦ Rmt. તેમજ ૧૬૦૦ MM પાઈપ ૧૨૨૫ Rmt. ખરીદી સબંધેના ચુકવણા કરવામાં આવેલ હતા. પાઈપ ખરીદી - વપરાશ અંગેનું સ્ટોક રજિસ્ટર નિભાવેલ નથી.<br>➢ કામનુ ESTIMATE રજુ કરેલ છે. પરંતુ અંદાજ મંજુર કર્યા બદલની સક્ષમ સતાધિકારીની સહી થયેલ નથી. | | |

<table>
<tr><td></td><td>➢ કામ પૂર્ણ થયા તારીખથી ત્રણ માસમાં ઇજારદારના બીલના નાણાં ચુકવવાની જોગવાઇ કરવામાં આવેલ છે. આ કામ તા.૧૬/૨/૧૫ના રોજ પૂર્ણ થયેલ છે. જ્યારે આખરી બિલનુ ચુકવણું તા.૧૫/૭/૧૬ના રોજ થયેલ છે. સમય મર્યાદામાં બિલના નાણા ચુકવવામાં આવેલ નથી.<br>➢ એક્સ્ટ્રા આઈટેમ તરીકે કુલ રૂ.૧,૦૫,૫૬૫.૦૦ નું એજન્સીને ચુકવણું કરવામાં આવેલ હોય આ એક્સ્ટ્રા આઈટેમ સબંધે સક્ષમ સત્તાધિકારીશ્રીની મંજુરી મેળવેલ હોવાનું જણાતુ નથી.<br>➢ નિયત નમુનામાં કામ પૂર્ણતા પ્રમાણપત્ર નથી.<br>➢ વેટની રકમ રૂા.૯,૦૫,૩૫૫/- સરકારશ્રીમાં જમા કરાવ્યાના આધારો રજુ કરેલ નથી.<br>➢ રી મેઈનીંગ વર્ક ઓફ ૮૦૦-૯૦૦-૧૬૦૦ અને ૬૦૦-૭૦૦ એમ.એમ. ડાયામીટર ટન્ક મેઈન અપટુ મઈન પમ્પીંગ સ્ટેશનના કામની રકમ રૂા.૪,૮૨,૧૮,૬૧૪/-ની તાંત્રિક મંજુરી તા.૨૮/૨/૧૧ અને વહીવટી મંજુરી તા.૨૩/૩/૧૧ના રોજ આપેલ હતી. આ કામ માટે સીંગલ ટેન્ડર રજુ થતાં સ્ટેન્ડીંગ કમિટિ દ્વારા રી-ટેન્ડર કરવા તથા મુળકામના અલગ- અલગ ટેન્ડર બહાર પાડવાનુ ઠરાવેલ હતુ. આ કામે પાઈપ સપ્લાય અને પાઈપ લેબર કામના અલગ અલગ ટેન્ડર બહાર પાડી કામગીરી કરાવવામાં આવેલ હતી. આમ, કામોના ભાગલા કરી કામ કરાવવા બાબતે અને જો કામોના ભાગલા કરીને કામ કરાવવાનુ થાય તો સરકારશ્રીની મંજુરી મેળવવાની રહે છે. પરંતુ ઉક્ત બાબતે કોઈ આધારો રજુ કરેલ નથી.<br>➢ ટેન્ડર કલોઝ-૭માં થયેલ જોગવાઇ મુજબ રૂા.૫૦ લાખથી અધિક રકમના કામો ભૌતિક રીતે પૂર્ણ થયાના ૭૫ દિવસમાં ફાઇનલ માપો લેવાના રહે છે. જયારે આ કામ તા.૧૬/૫/૧૫ના રોજ પૂર્ણ થયેલ છે. જેના માપો તા.૨૪/૩/૨૦૧૬ના રોજ લેવામાં આવેલ હતા.</td><td></td></tr>
</table>

<table>
<tr><td>૫.૯</td><td colspan="2">SJMMSVY- ૨૦૧૨ અંતર્ગત વોર્ડ નં. ૪, ૫, ૮ અને ૯ પંચવટી પેટ્રોલ પંપથી પી.એન. માર્ગ થઈ નર્મદા સર્કલ સુધીના રસ્તાની બન્ને સાઈડ પાર્કીંગ ફેસેલીટી વિગેરે ડેવલોપ કરવાનુ કામની અનિયમિતતા અંગે. (ફકરા નં. ૬)</td><td>વસુલાત પાત્ર રકમ રૂા.(લાખમાં)</td></tr>
<tr><td rowspan="4"></td><td>અંદાજીત રકમ</td><td>રૂા.૧,૮૧,૦૦,૦૦૦/-</td><td rowspan="4">૧૬.૪૩</td></tr>
<tr><td>ટેન્ડર રકમ</td><td>રૂા.૧,૪૮,૯૪,૦૧૧/- (૧૭.૭૧% નીચા)</td></tr>
<tr><td>થયેલ કુલ ખર્ચ</td><td>રૂા.૧,૪૬,૫૧,૨૮૩/-</td></tr>
<tr><td colspan="2">ઓડિટ નોંધ:-<br>➢ ટેન્ડર નોટીસની વર્તમાનપત્રમાં પ્રસિધ્ધી બાબતે રૂા.૫૦/- લાખથી વધુ કામ માટે ઓછામાં ઓછા - ૨ દૈનિક ગુજરાતી તથા ૧ અંગ્રેજી દૈનિકમાં ટેન્ડર નિવિદાની પ્રસિધ્ધી કરવા જોગવાઈ થયેલ છે. પરંતુ માત્ર ૧ ગુજરાતી દૈનિકમાં ટેન્ડર નિવિદાની પ્રસિધ્ધી કરવામાં આવેલ છે. જેથી બહોળી પ્રસિધ્ધિનો લાભ સંસ્થાને મળેલ નથી.<br>➢ ટેન્ડર પ્રસિધ્ધ કર્યા બાદ તે સ્વીકાર્યાનો સમય ૨૧ દિવસને બદલે ૧૦ દિવસનો રાખેલ.<br>➢ કામનો વર્ક ઓર્ડર તા.૨૪/૬/૧૩ના રોજ આપેલ હતો. જ્યારે સિક્યોરીટી ડિપોઝીટ, પરફોર્મન્સ બોન્ડ તા.૧૩/૭/૧૩ના રોજ રજુ થયેલ અને કરારનામુ તા.૩૦/૧૧/૧૩ના રોજ કરવામાં આવેલ હતુ. આમ, સિક્યુરીટી ડિપોઝીટ, પર્ફોમન્સ બોન્ડ મેળવ્યા વિના અને કરાર કર્યા પહેલા વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે.<br>➢ સંસ્થા દ્વારા અંદાજીત રકમ કરતા ૧૭.૭૧% નીચા દરે વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. કામના અંદાજના ૧૦ ટકા કે તેથી વધુ ઊંચા/નીચા ભાવ મળે ત્યારે રેઈટ એનાલીસીસ કરી ભાવો પોષણક્ષમ હોવા અંગેની સંપૂર્ણ ચકાસણી કરીને અગાઉ કરેલ કામો તથા હાથ ઉપરના કામોની પ્રગતિ વગેરે ધ્યાને લઈ કામગીરી સંતોષકારક જણાય તો જ ઓછા ભાવના ટેન્ડરો સ્વીકારવાની ભલામણ કરવાની રહે છે. જે મુજબની કાર્યવાહી થયાના આધારો રજુ થયેલ નથી.</td></tr>
</table>

| | | |
|---|---|---|
| | ➢ વર્ક ઓડર મુજબ કામ તા.૨૪/૬/૧૩થી શરૂ કરી તા.૨૩/૩/૧૪માં પૂર્ણ કરવાનુ હતુ. જે પરંતુ કામ ખરેખર તા.૩૦/૬/૧૪ના રોજ પૂર્ણ કરેલુ હતુ. જેથી ૯૯ દિવસ વિલંબથી પૂર્ણ કરેલ છે. ઇજારદાર દ્વારા મુદ્દત વધારો માગ્યા અંગેના આધારો રજુ કરેલ નથી. જેથી નિયમાનુસાર રૂા.૧૪,૭૪,૫૦૬/-ના વિલંબ વળતરની વસુલાત કરવાની રહે.<br>➢ ક્વોલીફાઈડ ઈજનેરની નિમણુક થયેલ નથી. જેથી ૧૦ માસ માટે ૧૫૦૦૦/- પ્રતિ માસ લેખે રકમ રૂા.૧,૫૦,૦૦૦/- વસુલાત કરવી રહે.<br>➢ આ કામ માટે આખરી બિલમાંથી સ્ટેમ્પ ડ્યુટીની રૂા.૧૮,૬૨૦/-ની કપાત કરવામાં આવેલ છે. પરંતુ સરકારી સદરે જમા કરાવવાના બદલે ઈજારદારને પરત કરેલ છે. જેથી સ્ટેમ્પ ફી પેટે રૂા.૧૮,૫૨૦/-ની વસુલાત કરી સરકારી સદરે જમા કરાવવી રહે.<br>➢ ટેન્ડર ક્લોઝ - ૧૭(બી) ફોર્મ-બી-૨ માં થયેલ જોગવાઈ મુજબ FMG ડીપોઝીટ દરેક બિલમાંથી ૫ ટકા મુજબ કપાત/વસુલ કરવાની થાય. જ્યારે બિલોમાંથી ૩ ટકા લેખે FMG ડીપોઝીટ વસુલ કરવામાં આવેલ છે. આમ રૂા.૨,૯૩,૦૨૬ /- FMG ડીપોઝીટની રકમ ઓછી વસુલ કરવામાં આવેલ છે.<br>➢ કામ પૂર્ણતા પ્રમાણપત્ર રજુ કરેલ હતુ. પરંતુ તેમા કામના કુલ ખર્ચની રકમ તથા ઈશ્યુ તારીખ દર્શાવેલ નથી.<br>➢ આ કામના મંજુર કરેલ અંદાજ રકમ રૂા.૧,૮૧,૦૦,૦૦૦/-ના હતા. જેની સામે ઈજારદાર દ્વારા રૂા.૧,૪૮,૯૪,૦૧૨/- કરાર કરવામાં આવેલ આમ, મંજુર કરેલ અંદાજ કરતા રૂ.૩૨,૦૫,૯૮૮/- ની રકમ બચત છે. નિયમ મુજબ કામનું સ્વીકારેલ ટેન્ડર (ભાવપત્રક) એટલી ઓછી રકમનું હોય કે જેથી કરીને મંજુર થયેલ અંદાજમાં ૧૦ ટકાની કે કુલ રૂા.૧૦,૦૦૦/- કે તેથી વધારે રકમની બચત રહેવા પામે ત્યારે મંજુર થયેલ અંદાજો ઘટાડવા જરૂર છે અને ઘટાડેલા અંદાજ મંજુર કરવાના રહે છે. જે મંજુર કરાવ્યા બાબતના આધારો રજુ કરેલ નથી.<br>➢ ઉદ્યોગ અને ખાણ વિભાગનુ ખનિજ માલસામાનની રોયલ્ટી ભર્યાના આધારો રજુ કરેલ નથી.<br>➢ તાંત્રિક અંદાજો સક્ષમાધિકારીશ્રીની મંજુરી વિના જ ટેન્ડર કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>➢ સિમેન્ટ વપરાશ રજિસ્ટર મુજબ તા.૨૮/૧૦/૧૩ ના રોજ કોઈ સિમેન્ટ વપરાશ થયેલ નથી. તો સિમેન્ટ વપરાશ વિના સી.સી. ક્યુબ ૧:૨:૪ ના સેમ્પલ કઈ રીતે મેળવી પરિક્ષણમાં મોકલવામાં આવેલ તેની વિગતો રજુ કરેલ નથી.<br>➢ જથ્થા વધ ઘટ મંજુર કરવા નાયબ કાર્યપાલક ઈજનેરને સત્તા એનાયત કરવામાં આવેલ છે. આ અંગે કોઈ વિગતો રજુ થયેલ નથી. | |

| ૫.૧૦ | દિગ્જામ સર્કલથી એરફોર્સ સુધીના રોડને વાઈડનીંગ (ફોરલેન) કરી આસ્ફાલ્ટ કારપેટ રીકાર્પેટીંગ કરવાનુ કામ. (ફકરા નં. ૭) | | વસુલાત પાત્ર રકમ રૂા.(લાખમાં) |
|---|---|---|---|
| | અંદાજીત રકમ | રૂા.૬૪૪.૭૦ લાખ | ૩.૦૪ |
| | ટેન્ડર રકમ | રૂા.૫,૦૪,૨૪,૫૦૦/- (૨૧.૭૮% નીચા) | |
| | થયેલ કુલ ખર્ચ | રૂા.૫,૦૧,૪૭,૩૦૮/- (સી.સી મુજબ) | |
| | **ઓડિટ નોંધ:-**<br>➢ ટેન્ડર નોટીસની વર્તમાનપત્રમાં પ્રસિધ્ધી બાબતે રૂા.૫૦/- લાખથી વધુ કામ માટે ઓછામાં ઓછા - ૨ દૈનિક ગુજરાતી તથા ૧ અંગ્રેજી દૈનિકમાં ટેન્ડર નિવિદાની પ્રસિધ્ધી કરવા જોગવાઈ થયેલ છે. પરંતુ અંગ્રેજી વર્તમાન પત્રમાં નિવિદાની પ્રસિધ્ધી કરવામાં આવેલ નથી. જેથી બહોળી પ્રસિધ્ધિનો લાભ સંસ્થાને મળેલ નથી.<br>➢ ટેન્ડર પ્રસિધ્ધ કર્યા બાદ તે સ્વીકાર્યાનો સમય ૩૦ દિવસને બદલે ૦૮ દિવસનો રાખેલ.<br>➢ ક્વોલીફાઈડ ઈજનેરની નિમણુક થયેલ નથી. જેથી ૧૫ માસ માટે પ્રતિ માસ ૧૫,૦૦૦/- લેખે રૂા.૨,૨૫,૦૦૦/-ની વસુલાત કરવી રહે.<br>➢ સ્ટેમ્પ ફી પેટે રૂા.૭૮,૮૭૫/- ની વસુલાત કરી સરકારી સદરે જમા કરવાની રહે. | | |

| | | |
|---|---|---|
| | ➢ સંસ્થા દ્વારા અંદાજીત રકમ કરતા ૨૧.૭૮% નીચા દરે વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. કામના અંદાજના ૧૦ ટકા કે તેથી વધુ ઊંચા/નીચા ભાવ મળે ત્યારે રેઈટ એનાલીસીસ કરી ભાવો પોષણક્ષમ હોવાની ખાત્રી કરાવવાની રહે છે.<br>➢ કમ્પેરેટીવ સ્ટેટમેન્ટમાં દર્શાવેલ વિગતે રૂા.૬૭,૨૯,૦૮૬/- એકસેસ ખર્ચ તથા રૂા.૭૨,૫૦,૨૦૩/- બચત દર્શાવેલ છે. નિયમાનુસાર એકસેસ/સેવીંગ સ્ટેટમેન્ટ તૈયાર નથી.<br>➢ આ કામ માટે ખરીદ કરવામાં આવેલ આસ્ફાલ્ટ (ડામર) ખરીદીની નોંધ માપપોથીમાં કરવામાં આવેલ નથી.<br>➢ માલ-મિશ્રણના વહન માટે ઉપયોગમાં લેવાયેલ વાહનોના ખાલી તેમજ ભરેલા વજન સંદર્ભમાં સરકાર માન્ય વે-બ્રીજ દ્વારા થયેલ વજનના આધારો રજુ કરેલ નથી.<br>➢ કમ્પલીશન સર્ટીફીકેટ નિયત નમૂનામાં રજુ કરેલ નથી.<br>➢ આ કામે એકસેસ આઈટેમોનો ખર્ચ રૂા.૬૭,૨૯,૦૮૬/-તથા એકસ્ટ્રા આઈટમોનો ખર્ચ રૂા.૧૬,૪૬,૪૨૩/-ના ચુકવણા કરવામાં આવેલ હતા. આ એકસ્ટ્રા-એકસેસ આઈટેમોની કામગીરી કરાવવા બાબતે સક્ષમ સત્તાધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવ્યા અંગેના આધારો રજુ કરેલ નથી.<br>➢ ઉદ્યોગ અને ખાણ વિભાગનુ ખનિજ માલસામાનની રોયલ્ટી ભર્યાના આધારો રજુ કરેલ નથી<br>➢ આ કામની ફાઈલના પાના નં. ૫૧૫ ઉપર N.K.P.C. રાજકોટ દ્વારા અપાયેલ સી.સી. ક્યુબ-M-250 ના પરિક્ષણના પરિણામ સામેલ છે. જેમાં દર્શાવેલ વિગતે (Date of casting) તા.૧૩/૦૧/૧૫ દર્શાવેલ છે. પાના નં. ૫૧૩ ઉપર N.K.P.C. રાજકોટ દ્વારા સી.સી. ક્યુબ M-150 ના પરિક્ષણના પરિણામ આપવામાં આવેલ જેમાં (Date of casting) તા.૩/૧૨/૧૪ દર્શાવવામાં આવેલ છે. જ્યારે આ કામ ખાતે નિભાવવામાં આવેલ સિમેન્ટ રજિસ્ટરે ખરાઈ કરતાં ઉક્ત દર્શાવેલ તા.૧૩/૦૧/૧૫ તથા તા.૩/૧૨/૧૪ ના રોજ સિમેન્ટનો કોઈ વપરાશ થયેલ હોવાનું રજિસ્ટરે નોંધાયેલ નથી. આમ સિમેન્ટના વપરાશ વિના જ સી.સી. ક્યુબ M-150 તથા M-250 ના સેમ્પલ મેળવી ટેસ્ટીંગ (પરીક્ષણ) માટે મોકલવામાં આવેલ હતા. | |

| | | | |
|---|---|---|---|
| ૫.૧૧ | SJMMSVY યોજના અંતર્ગત કમ્પાઉન્ડ વોલ બનાવવાના કામમાં જણાયેલ અનિયમિતતા અંગે. (ફકરા નં. ૨૧) | | વસુલાત પાત્ર રકમ રૂા.(લાખમાં) |
| | અંદાજીત રકમ | રૂા.૨૫,૦૦,૦૦૦/- | ૨.૫૨ |
| | ટેન્ડર રકમ | રૂા.૨૦,૫૦,૦૦૦/- (૧૮% નીચા) | |
| | થયેલ કુલ ખર્ચ | રૂા.૧૧,૯૬,૯૭૭/- | |
| | **ઓડિટ નોંધ:-**<br>➢ ટેન્ડર કલોઝ-૧૭ મુજબ ટેન્ડર વેલીડીટી પીરીયડ ૧૨૦ દિવસનો છે. પરંતુ ઉપરોકત કામ અંગેની જાહેર નિવિદા તા.૨૯/૮/૧૨ થી આપવામાં આવેલ હોય તેમજ વર્ક ઓર્ડર તા.૨૫/૭/૧૩ થી આપવામાં આવેલ હોય આમ, કામની નિવિદા અને વર્ક ઓર્ડર વચ્ચેનો સમયગાળો ૨૩૫ દિવસનો રહેલ છે. જે સમયગાળો ૧૨૦ થી વધુ એટલે કે ૧૧૫ દિવસ વધુ છે. નિયમ મુજબ ટેન્ડર વેલીડીટી પીરીયડ પુરો થયા બાદ ટેન્ડર આપો આપ રદ થાય છે. પરંતુ આ કામનુ રી-ટેન્ડરીંગ કર્યા વગર જ કામ શરૂ કરવામાં આવેલ છે.<br>➢ કામની મુદ્દત ૯ માસની હતી. જે ૨૩૫ દિવસ વિલંબથી પૂર્ણ કરેલ છે. ઇજારદાર દ્વારા મુદ્દત વધારા અંગે અરજી કરેલ પરંતુ મુદ્દત વધારા અંગે કમિશ્નરશ્રીએ મંજુરી આપ્યાના આધારો રજુ કરેલ નથી. જેથી નિયમાનુસાર રૂા.૨,૫૦,૦૦૦/ના વિલંબ વળતરની વસુલાત કરવાની રહે.<br>➢ સ્ટેમ્પ ફી પેટે રૂા.૨,૪૧૧/-ની વસુલાત કરી સરકારી સદરે જમા કરવાની રહે.<br>➢ ઉદ્યોગ અને ખાણ વિભાગનુ ખનિજ માલસામાનની રોયલ્ટી ભર્યાના આધારો રજુ કરેલ નથી. | | |

| | | |
|---|---|---|
| | ➢ સંસ્થા દ્વારા અંદાજીત રકમ કરતા ૧૮% નીચા દરે વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. જયારે ૧૦% થી વધુ કે ઓછા ભાવો મળે ત્યારે રીવાઇઝ તાંત્રીક અને વહીવટી મંજુરી મેળવવાની રહે છે. રિવાઈઝ તાંત્રિક અને વહીવટી મંજુરી અંગેના કોઈ આધારો રજુ કરેલ નથી.<br>➢ આ કામ ઈજાદારને રૂા.૨૦,૫૦,૦૦૦/-થી આપેલ હતુ. જેની સામે કામનો કુલ ખર્ચ રૂા.૧૧,૯૬,૯૭૭/- થયેલ છે. આમ રૂા.૮,૫૩,૦૨૩/- ની રકમ બચત છે. બચત રહેલ રકમ સરકારશ્રીમાં જમા કર્યાના આધારો રજુ કરેલ નથી.<br>➢ કામ પૂર્ણતા પ્રમાણપત્ર નિયત નમૂનામાં રજુ કરેલ નથી.<br>➢ સિમેન્ટ રજિસ્ટર રજુ કરેલ નથી.<br>➢ આ કામની વર્ક ફાઇલમાં ડીટીપી સામેલ રાખવામાં આવેલ નથી. | |

| | | | |
|---|---|---|---|
| ૫.૧૨ | વોર્ડ નં. ૮ જોગસ પાર્ક પાસે સામ્રાજ્ય એપાર્ટમેન્ટથી પી.એન. માર્ગ સુધી હયાત આસ્ફાલ્ટ રોડ વાઈડનીંગ કરવાના કામે જણાયેલ અનિયમિતતા બાબત. (ફકરા નં.૮) | | વસુલાત પાત્ર રકમ રૂા.(લાખમાં) |
| | અંદાજીત રકમ | રૂા.૧,૭૮,૧૦,૦૦૦/- | ૧.૩૮ |
| | ટેન્ડર રકમ | રૂા.૧,૩૧,૫૮,૬૫૬.૦૦ (૨૬.૧૨% નીચા) | |
| | થયેલ કુલ ખર્ચ | રૂ.૧,૩૩,૧૧,૪૭૯/-(સી.સી. મુજબ ) | |
| | **ઓડિટ નોંધ:-**<br>➢ ટેન્ડર નોટીસની વર્તમાનપત્રમાં પ્રસિધ્ધી બાબતે રૂા.૫૦/- લાખથી વધુ કામ માટે ઓછામાં ઓછા - ૨ દૈનિક ગુજરાતી તથા ૧ અંગ્રેજી દૈનિકમાં ટેન્ડર નિવિદાની પ્રસિધ્ધી કરવા જોગવાઈ થયેલ છે. પરંતુ માત્ર એક ગુજરાતી દૈનિકમાં નિવિદાની પ્રસિધ્ધી કરવામાં આવેલ છે. જેથી બહોળી પ્રસિધ્ધિનો લાભ સંસ્થાને મળેલ નથી.<br>➢ ટેન્ડર પ્રસિધ્ધ કર્યા બાદ તે સ્વીકાર્યાનો સમય ૨૧ દિવસને બદલે ૧૧ દિવસનો રાખેલ.<br>➢ સંસ્થા દ્વારા અંદાજીત રકમ કરતા ૨૬.૧૨% નીચા દરે વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. નિયમ મુજબ કામના અંદાજની રકમના ૧૦ ટકા કે તેથી વધુ નીચા ભાવ મળે ત્યારે રેઈટ એનાલીસીસ કરી ભાવો પોષણક્ષમ હોવાની ચકાસણી કરવાની રહે છે.<br>➢ ક્વોલીફાઈડ ઈજનેરની નિમણુક થયેલ નથી. જેથી જેથી ૭ માસ માટે ૧૫૦૦૦/- પ્રતિ માસ લેખે રકમ રૂા.૧,૦૫,૦૦૦/- વસુલાત કરવાની રહે.<br>➢ સ્ટેમ્પ ફી પેટે રૂા.૨૧,૭૧૭/- ની વસુલાત કરી સરકારી સદરે જમા કરવાની રહે.<br>➢ વોર્ડ નં. ૧૩માં આવેલ જોગસપાર્કથી પી.એન.માર્ગ સુધીના રસ્તાના કામમાં વોટરવર્કસ શાખાની ૧૫૦ MM ડાયાની ડીસ્ટ્રીબ્યુશન પાઈપ લાઈનને ડેમેજ થયેલ જે પાઈપલાઈન રીપેરીંગ અંગેના થયેલ ખર્ચની રકમ રૂા.૧૧,૭૫૯/- ઈજારદારના પાસેથી વસુલાત કરવી રહે.<br>➢ ટેન્ડર ક્લોઝ- ૫૯-A માં DTP મંજુરીનો માસ તથા આસ્ફાલ્ટ-૬૦/૭૦ સ્ટાર રેઈટની રકમ રૂા.૪૭,૦૯૫/- પ્રતિ મેટ્રીક ટન દર્શાવેલ છે. પરંતુ કામ ખાતે વપરાશ પાત્ર આસ્ફાલ્ટ-૬૦/૭૦ જથ્થાનો અંદાજ દર્શાવેલ નથી. જેથી કામ ખાતે વપરાશ થયેલ આસ્ફાલ્ટ-૬૦/૭૦ ના જથ્થા તેમજ સ્ટાર રેઈટ તરીકે ચુકવાયેલ રકમ રૂા.૬,૭૯,૫૪૧/- અંગે રેકર્ડ આધારીત ખાત્રી થઈ શકેલ નથી.<br>➢ આ કામ માટે ખરીદ કરવામાં આવેલ આસ્ફાલ્ટ (ડામર) ખરીદી અંગેની નોંધ માપપોથીમાં કરવામાં આવેલ નથી. તેમજ ડામર ખરીદીના બિલમાં ડામરનો વપરાશ જે તે કામ ખાતે કરવામાં આવેલ છે તે મતલબનું પ્રમાણપત્ર બિલમાં આપવમાં આવેલ નથી. વપરાશ થયેલ આસ્ફાલ્ટ (ડામર) નું કન્ઝમ્પશન સ્ટેટમેન્ટ (ડામર વપરાશ પત્રક) તૈયાર કરવામાં આવેલ નથી.<br>➢ આ કામના મંજુર કરેલ અંદાજો રૂા.૧,૭૮,૧૦,૦૦૦/-ના હતા. જ્યારે આ કામે કુલ રૂા.૧,૩૩,૧૧,૪૭૯/- નો ખર્ચ થયેલ છે. જેથી રૂા.૪૪,૯૮,૫૨૧/- રકમની બચત રહેલ છે. જયારે મંજુર કરેલ અંદાજમાં ૧૦ ટકા કે તેથી વધુ રકમની બચત થાય ત્યારે ઘટાડેલ અંદાજ મંજુર કરવાના રહે છે. આ અંગે આધારો રજુ થયેલ નથી. | | |

| | | |
|---|---|---|
| | ➢ આ કામે એકસેસ આઈટેમોનો કુલ ખર્ચ રૂા.૧૫,૭૧,૯૪૨/- ના થયેલ છે. આ એકસેસ આઈટમોની કામગીરી કરાવતા પહેલા સક્ષમ સત્તાધિકારીની પૂર્વ મંજુરી મેળવવાની રહે છે. જે મેળવેલ નથી. તેમજ આ કામની ટેન્ડર આઈટેમ નં. ૫- BM ટેન્ડર જથ્થો ૭૦૦ મેટ્રીક ટન સામે કરેલ કામગીરી ૧૩૦૪.૪૫૦ મે.ટન એટલે કે ટેન્ડર જથ્થા કરતા ૬૦૪.૪૫૦ મે.ટન એકસેસ (વધુ) પ્રતિ મેટ્રીક ટન રૂા.૨,૩૭૬/-ના દરે કુલ રૂા.૧૪,૩૬,૧૭૩/-ના ચુકવણા કરવામાં આવેલ હતા.<br>➢ આ કામે ૫ ટકા લેખે વહીવટી ચાર્જ મંજુર કરવામાં આવેલ છે. જે મુજબ આ કામે થયેલ કુલ ખર્ચ રૂા.૧,૩૩,૧૧,૪૭૯/-ના ૫ ટકા લેખે રૂા.૬,૬૫,૫૭૩/- વહીવટી ચાર્જની રકમ કામની સામે ઉધારવામાં આવેલ હોય વહીવટી ચાર્જ ઉધારવા અંગે સરકારશ્રીના કયા ઠરાવ/જોગવાઈ/જાહેરનામા મુજબ ઉધારવામાં આવેલ તેની ખાત્રી કરાવેલ નથી.<br>➢ માલ-મિશ્રણના વહન માટે ઉપયોગમાં લેવાયેલ વાહનોના ખાલી તેમજ ભરેલા વજન સંદર્ભમાં સરકાર માન્ય વે-બ્રીજ દ્વારા થયેલ વજનના આધારો રજુ કરેલ નથી.<br>➢ પેવર સાઈટ રજિસ્ટર અધુરી વિગતે નિભાવેલ છે.<br>➢ માપપોથીમાં મિશ્રણના પાથરણની વિગતોમાં રોડની લંબાઈ, પહોળાઈ, જાડાઈના માપો દર્શાવવામાં આવેલ નથી. માત્ર ટ્રકનું વજન અને કુલ મિશ્રણનો જથ્થો દર્શાવેલ છે અને તે મિશ્રણ પાથરી દેવામાં આવેલ છે તેમ દર્શાવેલ છે. પરંતુ કેટલાક વિસ્તારમાં પાથરણ કરવામાં આવેલ તેના માપો વિગતો દર્શાવેલ નથી. જેથી નિયત થયેલ સ્પેસીફીકેશન મુજબ કામગીરી થવા સબંધેની જરૂરી ઓડિટ ચકાસણી શક્ય બનેલ નથી.<br>➢ ગેટ પાસ નં. ૮૧૦૬, તા.૧૮/૦૫/૧૪ થી ૮૧૪૮, તા.૨૦/૦૫/૧૪ મુજબ મિશ્રણનો જથ્થો વહન થયાની નોંધ થયેલ છે. પરંતુ ગેટપાસ નં. ૮૧૦૬ થી ૮૧૪૮ ઓડિટમાં રજુ થયેલ ન હોય માપપોથીમાં નોંધેલ મિશ્રણના જથ્થા અંગેની ચકાસણી શક્ય બનેલ નથી.<br>➢ કમ્પ્લીશન સર્ટીફીકેટ મુજબ કામ તા.૧૮/૦૭/૨૦૧૪ના રોજ પુર્ણ થયેલ હતું. જ્યારે આ કામના આખરી બિલનું ચુકવણું તા.૦૬/૦૨/૨૦૧૫ના રોજ કરવામાં આવેલ. આમ કામ પુર્ણ થયા બાદ ૨૦૩ દિવસ પછી ચુકવણું કરવામાં આવેલ છે. | |

**૫.૧૩ ચિરંજીવી યોજના અને બાલસખા યોજનાની અમલવારીમાં જણાયેલ અનિયમિતતા બાબત. (ફકરા નં. ૬૦)**

ગુજરાત રાજયમાં માતા મૃત્યુદર તથા બાળમૃત્યુદર ઘટાડવાના અભિગમ સાથે રાજય સરકારના આરોગ્ય વિભાગના તા.૨૬/૩/૨૦૦૭ના ઠરાવ મુજબ એપીએલ પરંતુ આવકવેરો ભરતા ન હોય તેવા અનુસૂચિત જનજાતિની માતાઓને લાગુ પાડવામાં આવે છે. તેમજ ચિરંજીવી યોજના સુધારેલા ઠરાવ ક્રમાંક એફપીડબલ્યુ/૧૦૨૦૦૫/૬૧૪/બ-૧ તા.૧૭/૮/૨૦૧૦ થી જરૂરી સુધારો કરી ઠરાવની શરત (૧) મુજબ પ્રસુતિ સંબંધી સેવાઓ માટે ખાનગી ગાયનોકોલોજીસ્ટની સેવાઓ પણ લેવામાં આવશે જેમાં કોમ્પ્લીકેટેડ પ્રસુતિમાં સેવાઓ પણ લેવામાં આવશે જેમાં કોમ્પ્લીકેટેડ પ્રસ્તુતિમાં ખાનગી તબીબી જો પોતાના દવાખાનામાં પ્રસુતી સંબંધી સેવાઓ આપશે તો આવી સામાન્ય તેમજ કોમ્પ્લીકેટેડ પ્રસુતિ પ્રમાણે અને અનુસાંગિક પરિક્ષણો વગેરે કુલ ૧૦૦ પ્રસુતિમાં રૂા.૨,૮૦,૦૦૦/- (એક પ્રસુતિ દીઠ રૂા.૨,૮૦૦) મળવાપાત્ર રહેશે. ઉપરોકત ચાર્જીસમાં પ્રસુતિ સંબંધી જરૂરી દવાઓ લેબોરેટરી તપાસ ઓપરેશન અને એનેસ્થેસીયા સહીત તમામ સરસંભાળના ખર્ચનો સમાવેશ થાય છે. ખાનગી ડોકટર પ્રસુતિ સંબંધી સારવાર અંગે કોઇપણ કારણોસર કોઇપણ પ્રકારની ફી ચાર્જ પ્રસુતા દર્દી પાસેથી લઇ શકાશે નહીં. ઉપરોકત એક પ્રસુતિ દીઠ મળતા રૂા.૨,૮૦૦ માંથી ૨૦૦ પ્રસુતાને ટ્રાન્સપોર્ટેશન ચાર્જીસ પેટે ખાનગી ડોકટરને સ્થળ ઉપર જ ચુકવવાના રહેશે.

વધુમાં, રાજયમાં બાળમૃત્યુ પ્રમાણ ૧૦૦૦ જન્મ એ ૫૦ જેટલું છે જે ઘટાડી બાળમૃત્યુદર ૩૦ સુધી લઇ જવાના અભિગમ સાથે રાજય સરકારમાં આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બાલસખા યોજના અંતર્ગત ઠરાવ ક્રમાંક એફપીડબલ્યુ/૧૦૨૦૦૮/૧૭૮૨/બ-૧ તા.૨૨/૧/૨૦૦૯ મુજબ સરકારી દવાખાનામાં બાળસખા યોજના અમલમાં મુકવામાં આવેલ કે સરકારી દવાખાનામાં બાળરોગ નિષ્ણાતની સેવાઓ ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં તેમની સેવા ઉપલબ્ધ કરાવવા કરાર કરવાનો રહે છે. જેમાં ૧૦૦ નવજાત શીશુના પેકેજ દીઠ કરાર આધારીત બાળરોગ નિષ્ણાંતને રૂા.૧,૩૦,૦૦૦/- મળવાપાત્ર થશે. બાલસખા યોજના હેઠળના ખાનગી સ્ત્રીરોગ નિષ્ણાંત હોય તો ૧૦૦ નવજાત શીશુદીઠ

ખાનગી બાળરોગ નિષ્ણાંતને રૂા.૧,૩૦,૦૦૦/- તથા સ્ત્રી રોગ નિષ્ણાંતોને રૂા.૩૦,૦૦૦/- એમ મળીને કુલ રૂા.૧,૬૦,૦૦૦/- ચુકવવાના રહે છે.

ચિરંજીવી યોજના હેઠળ વર્ષ દરમ્યાન રૂા.૮,૪૦૦/- નો ખર્ચ થયેલ છે. જે અંગેની અનિયમિતતાઓ નીચે મુજબ છે.

(૧) ૨૦૧૦-૧૧ની વસ્તી ગણતરી મુજબ મહાનગરપાલિકા જામનગરની વસ્તી ૬૦૦૯૪૩ નોધાયેલ અને સને ૨૦૧૩-૧૪ માં ૧૮૧૫૪ બાળકો જન્મ શાખા દ્વારા નોંધાયેલ હતા જયારે ૦-૦૫ વર્ષના કુપોષિત બાળકોની સંખ્યા ૪૭૯૯ આઇ.સી.ડી.એસ. શાખામાં નોંધાયેલ. ટકાવારીની દ્રષ્ટિએ જોતા કુપોષિત બાળકો જન્મદરને સામે ૨૬.૪૩% જેટલો ઉચો દર જોવા મળેલ છે આ યોજનાનો યોગ્ય પ્રમાણમાં પ્રચાર કરવામાં આવેલ હોય કુપોષિત બાળકોની સંખ્યા ઘટાડી શકાય. કુપોષિત બાળકોની સંખ્યા ઘટાડવા પ્રયાસો કરવા રહે.

(૨) અર્બન હેલ્થ સોસાયટી જામનગર દ્વારા ચિરંજીવી યોજના અંતર્ગત ૩ (ત્રણ) (એમડી ડીજીઓ) સાથે કરારખત કરવામાં આવેલ તેમજ બાલસખા યોજના અંતર્ગત ૧ (એક) એમડી સાથે કરારખત કરવામા આવેલ.

(૩) આ યોજનાનો મુખ્ય હેતુ માતાનો અને બાળકનો મૃત્યુદર ઘટાડવાનો છે તેમ છતા અમલીકરણ અધિકારીશ્રીએ પ્રસુતિ બાદ માતા અને બાળકની તંદુરસ્તી બાબતે કોઇ કાર્યવાહી કરેલ નથી.

(૪) અર્બન હેલ્થ સોસાયટી દ્વારા આપવામાં આવેલ માહિતી મુજબ ચિરંજીવી યોજના અંતર્ગતના ફકત ૩ (ત્રણ) કેસોના જ ચુકવણાં કરવામાં આવેલ તેમજ બાલસખા યોજના અંતર્ગત નાણાકીય વર્ષ દરમ્યાન ખર્ચ કરવામાં આવેલ નથી. આમ, યોજનાની અમલવારી માટે યોગ્ય કાર્યવાહી થયેલ નથી.

| ક્રમ | ગ્રાન્ટની વિગત | ચિરંજીવી યોજના | બાલસખા યોજના |
|---|---|---|---|
| ૧ | ૧/૪/૧૩ ખુલતી સિલક | (-) ૨૭૦૮૧૫ | (-) ૧૦૨૦૦ |
| ૨ | સને ૨૦૧૩-૧૪ મળેલ ગ્રાન્ટ | (+)૩૫૦૦૦૦ | (+) ૫૦૦૦૦ |
| ૩ | કુલ | ૭૯૧૮૫ | ૩૯૮૦૦ |
| ૪ | સને ૨૦૧૩-૧૪ થયેલ ખર્ચ | (-) ૮૪૦૦ | -- |
| ૫ | ૩૧/૩/૨૦૧૪ બંધ સિલક | ૭૦૭૮૫ | ૩૯૮૦૦ |

(૫) સંસ્થા દ્વારા ગ્રાન્ટ રજિસ્ટર ઓડિટમાં રજુ કરવામાં આવેલ નથી.

**૫.૧૪ ખાનગી એજન્સીને ડોર ટુ ડોર સ્ટેપ ગાર્બેજ - ઘન કચરાના કામ માટે આપેલ સાધનો/વાહનની અનિયમિતતા અંગે. (ફકરા નં. ૩૮)**

જામનગર શહેરમાં ઘનકચરા નિકાલની કામગીરીનામદાર સુપ્રિમકોર્ટની ગાઈડલાઈન અને MSW-૨૦૦૦ મુજબ આધુનિક સંશોધનોથી આ કચરો ભેગો થાય તેના માટે સમગ્ર જામનગર માટે ૧ થી ૧૯ વોર્ડમાં વ્યવસ્થિત ડોટ-ટુ-ડોર ગાર્બેજ કલેકશન માટે ઈ-ટેન્ડરીંગથી જાહેર નિવિદાથી ભાવો મંગાવવામાં આવતા એન્ટોની વેસ્ટ હેન્ડલીંગના ભાવો ૪૬.૮૬% ઊંચા આવેલ, પાર્ટી સાથે વાટાઘાટ કરવામાં આવતાં ઈજારાદાર દ્વારા સપ્લાય આઈટમમાં ૧% નો ઘટાડો કરવામાં આવેલ.

આ કામગીરીમાં પાર્ટીને સાધનો/વ્હીકલ ખરીદીને સાત વર્ષના ઓપરેશન્સ એન્ડ મેઈન્ટેન્સ કરવા સહિતના કામ માટે મીની ટીયર નંગ – ૪૩, નાના કોમ્પેકટર ૬ ઘ.મીટર નંગ – ૧૧, મોટા કોમ્પેકટર – ૧૨ ઘન મીટર નં. ૭, બીન્સ (૧૨૦ લીટર કેપેસીટી નંગ – ૧૨૦૦ અને ૨૪૦ લીટર કેપેસીટ નંગ – ૨૬૦), બીન્સ ૧૧૦૦ લીટર કેપેસીટીનાં કોમ્યુનીટી નંગ- ૩૫૦ તમામ સપ્લાય આઈટમો માટે પાર્ટીની ઓફરની કિંમત રૂા.૭,૫૮,૫૭,૭૫૦/- થવામાં આવેલ જે સાત વર્ષ સુધીની હતી. શહેરની હોટલ, રેસ્ટોરન્ટ, મેરેજવાડી/ હોલ વગેરેના કચરાના નિકાલની જવાબદારી મિલકત ધારકની છે. આ કચરાનાં નિકાલ માટે તથા મોટી સંખ્યાંના કચરા મહાનગરપાલિકા ચાર્જ વસુલાત લઈ પાર્ટીના વાહનોમારફત તેનું કલેકશન કરીને નિયત થયેલ પ્રોસેસીંગ સાઈટ ઉપર તેનો નિકાલ કરવા તથા આ માટે કોન્ટ્રાકટર/પાર્ટી દ્વારા અલગથી વાહન વ્યવસ્થા કરીને જે ચાર્જ મહાનગરપાલિકા નક્કી કરે તે રીતે વસૂલ કરીને કચરાને ડમ્પીંગ સાઈટ સુધી પહોચડાવાનાં રહે છે. શહેરમાં ઉત્પન્ન થયેલ કચરાને કલેક્ટ કરીને પ્રોસેસીંગ સાઈટ સુધી પહોંચાડવાનો રહે છે.

જેમા બાયોડીગ્રેડેબલ, રીસાયકલેબલ તથા મિક્સ વેસ્ટ કોમ્પેકટરો મારફતે શહેરથી ૨૦ કિ.મી. દૂર સાઈટ પર પહોચાડવાનું નક્કી કરવામાં આવેલ. આ સાઈટ પર શહેરમાં ઉત્પન્ન થયેલ કચરાનાં

અંદાજીત ૯૦% જેટલો કચરો કોમ્પેકટરો મારફતે નિકાલ કરી તેનાં ચુકવણા પ્રતિ ટનનાં હિસાબે કરવાનું રહે. જ્યારે બાકીના ૧૦% કચરાને ૯ કિ,મી દુર મહાનગરપાલિકા સુચવે તે સાઈટ પર પહોંચાડવાનો રહે જેમા ચુકવણાં પ્રતિ ટ્રીપ મુજબ રહે તેવી કરારમાં શરત રાખવામાં આવેલ તથા ડીમાન્ડ બેઈઝ કન્સ્ટ્રકશન વેસ્ટ કે ગ્રીન વેસ્ટના ચુકવણા પ્રતિ ટ્રીપના બદલે પ્રતિ ટનમા કરવાનું નક્કી કરવામાં આવેલ.

જે મુજબ ૧ થી ૧૯ વોર્ડમાં સમગ્ર સાત વર્ષની ગણતરી કરતાં રૂા.૪૧,૬૧,૨૭,૮૬૧/-નો ખર્ચ નક્કી થયેલ. જેથી વાહન સપ્લાય અને O&M નો કુલ ખર્ચ રૂા.૪૯,૧૯,૮૫,૬૧૧/-નો સાત વર્ષ માટે નક્કી થયેલ જેમાંથી SJMMSVY અન્વયે રૂા.૨૭.૫૬ કરોડનો ખર્ચ સરકારશ્રીની ગ્રાન્ટ તથા બાકીનો રૂા.૨૧.૬૩નો ખર્ચ સ્વભંડોળ/ગ્રાન્ટમાંથી કરવાનું નક્કી થયેલ. ખર્ચની યથાર્થતા ચકાસ્યા બાદ કુલ ખર્ચ રૂા.૩૮,૫૦,૮૯,૩૯૦/- સાત વર્ષ માટે નક્કી થયેલ જેને સ્ટેન્ડીંગ કમિટિના તા.૨૩/૮/૨૦૧૦ના ઠરાવ નં. ૧૦૧૯ અન્વયે મંજુરી આપવામાં આવેલ જેમાં A થી L સુધીની નીતિ વિષયક બાબતો પણ વર્ણવી લેવામાં આવેલ. આ કામની મર્યાદા સાત વર્ષ હોઇ તા.૨૮/૨/૨૦૧૮ના રોજ કરાર પૂર્ણ થતો હતો. પરંતુ વચ્ચેથી જ કરાર પૂર્ણ થઈ ગયેલ. સંસ્થાએ રજુ કરેલ રેકર્ડ મુજબ જે રકમ ઈજારદારને વાહન/સાધનોની કુલ કિંમત રૂા.૪,૪૮,૧૪,૫૦૦/-ની સામે વાહન/સાધનો ખરીદવા માટે આપેલ રૂા.૩,૯૮,૩૧,૬૮૬/- એડવાન્સ રકમ આપેલ હતી. ઈજારદાર દ્વારા કામગીરી છોડી ગયા બાદ સાધનો અને વાહનો અંગે કાર્યવાહી અંગે જણાયેલ અનિયમિતતાઓ નીચે મુજબ છે.

(૧) વોર્ડ ૧ થી ૧૯મા જે ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેકશન માટે જે અંદાજ તૈયાર થયેલ તેના ૨૨% ઘટાડો થયેલ, જેથી સોલીડ વેસ્ટ શાખા દ્વારા વાહનો/ડસ્ટબીન લીન્સ માટે વાસ્તવિક અંદાજ તૈયાર કરેલ નથી.

(૨) ઈજારદાર દ્વારા સને ૨૦૧૩-૧૪મા કરાર છોડી દેવામાં આવેલ જેથી તે વર્ષમાં ક્યાં આધારે – કયા ભાવે વાહનો પરત લેવામાં આવેલ તથા વાહન અંગે થયેલ નુકશાનની ખાત્રી થયેલ નથી.

(૩) કોન્ટ્રાકટર દ્વારા ઘન કચરાના નિકાલ માટે વાહનો ચલાવવા ડિઝલનો ખર્ચ અગાઉ મહાનગરપાલિકા દ્વારા ચુકવવામાં આવેલ. પરંતુ આઉટસોર્સીંગની કામગીરીમાં ડિઝલનો ખર્ચ કોન્ટ્રાકટરે ચુકવવાનો થાય તેમ છતાં ડીઝલ ખર્ચ પેટે અગાઉથી ઉપાડ આપવા બાબતે સરકારશ્રીના કયા ઠરાવ/પરિપત્ર/જાહેરનામામાં જોગવાઈ કરવામાં આવેલ છે. તેની વિગતો રજુ કરેલ નથી.

(૪) ઈજારાદાર પાર્ટી દ્વારા ૧૧૦૦ લીટરના બીન્સ, ૨૪૦ લીટરનાં બીન્સ તથા ૧૨૦ લીટરના બીન્સ શહેરમા કઈ કઈ જગ્યાએ રાખવામાં આવેલ તથા હોટેલ, હોસ્પિટલ, રેસ્ટોરેન્ટમાં અથવા વધુ કચરો થતો હોય તેવી જગ્યા ક્યાં ક્યાં પ્રકારના સાધનો મુકવામાં આવેલ છે. તેની ખાત્રી થયેલ નથી ઉપરાંત મીની ટીયર, નાના કોમ્પેકટર, મોટા કોમ્પેકટરને કેવી રીતે શહેરના વોર્ડ ૧ થી ૧૯ માં કચરાના એકત્રીકરણ માટે ટાઈમ ટેબલ મુજબ કામગીરી ગોઠવવામાં આવેલ તે અંગેના આધારો રજુ કરેલ નથી.

(૫) મીની ટીપર (નંગ-૪૩), નાના કોમ્પેકટર ૬ ઘ.મી.(નંગ-૧૧) અને મોટા કોમ્પેકટર ૧૨ ઘ.મી.(નંગ-૭) જ્યારે ખરીદવામાં આવેલ તેનાં R.T.O. પાસીંગ, વાહનોના વીમો, રજીસ્ટ્રેશન તથા તમામ ખરીદી સરકારશ્રીની ખરીદ પધ્ધતિની જોગવાઈને આધીન કર્યાના આધારો રજુ કરેલ નથી.

(૬) સંસ્થા દ્વારા સને ૨૦૧૧-૧૨ ના અંદાજપત્રમાં આ વાહનો/સાધનો સપ્લાય ખરીદીની રકમ ચુકવવા અંગે કોઈ જોગવાઈ કરેલ ન હોવા છતાં સને ૨૦૧૧-૧૨ માં રૂ.૨.૨૩ કરોડ એડવાન્સના અને રૂ.૪૯.૭૫ લાખ ચુકવવામાં આવેલ હોઈ જોગવાઈ - અંદાજો મંજુર ન થવા અંગે તથા આ ખર્ચ સને ૨૦૧૧-૧૨ માં કરવા અંગે ખરાઈ કરાવેલ નથી.

(૭) સંસ્થા દ્વારા સ્ટેન્ડીંગ કમિટીના ઠરાવ નં. ૧૦૧૯, તા.૨૩/૦૮/૧૦, તા.૯/૦૯/૧૦ ના વર્ક ઓર્ડર મુજબ મીની ટીપરના ખર્ચની રકમ પ્રતિ વાહન રૂ.૪,૮૮,૭૫૦/- ૬ ઘ.મી. કોમ્પેક્ટરની કિંમત પ્રતિ વાહન રૂા.૧૯,૯૬,૧૪૦/-૧૨ ઘ.મી. કોમ્પેક્ટરની પ્રતિ વાહન કિંમત રૂા.૨૪,૯૯,૦૦૦/- નક્કી કરવામાં આવેલ જ્યારે તા.૨૭/૦૯/૨૦૧૦ ના ઈજારદારના પત્ર અને સંસ્થાના તા.૮/૧૦/૨૦૦૦ ના પત્ર મુજબ ચેસીસ પેમેન્ટ મળવા અંગે પ્રતિ નંગ રકમ અનુક્રમે રૂા.૩,૦૭,૩૬૪/- રૂા.૯,૬૫,૮૮૬/- તથા રૂા.૧૦,૪૭,૧૦૭/- ની ગણીને તમામ જથ્થા મુજબ રૂ.૨.૨૩ કરોડની માંગણી કરતાં તે મંજુર થયેલ છે, જેથી ખરેખર વાહનની ખરીદી ક્યારે અને કઈ રકમની થયેલ છે. તેની ખરાઈ કરાવેલ નથી.

(૮) ઉક્ત વાહનો સંસ્થાએ પરત મેળવેલ કે ઈજારદાર પાસે રહેલ તેની ખાત્રી થઈ શકેલ નથી. તથા આ વાહનો આર.ટી.ઓ. જામનગરમાં જે તે ઈજારદારના નામે નોધાયા બાબતે ખાત્રી કરાવેલ નથી.

(૯) હાલ આ વાહનો/સાધનો કોની પાસે રાખેલ છે અને તેનો હાલ શુ ઉપયોગ કરવામાં આવે છે. જેની ખાત્રી થયેલ નથી.

## ૫.૧૫ તા.૩૧/૦૩/૨૦૧૪ના રોજના રોજમેળ અને બેંક સિલક સાથે મેળવણું ન થવા બાબત. (હિસાબી શાખા) (ફકરા નં. ૯૦)

મુબઈ મ્યુનિસિપલ એકાઉન્ટ કોડના નિયમ- ૪૪ મુજબ દર માસે ચુકવેલ બિલો તથા જમા કરેલ આવકની વિગતો બેન્કમાંથી મેળવી કચેરીના રોજમેળ સાથે મેળવવાની રહે છે. સંસ્થાના બેંક ખાતાની આખર સિલક અને વાર્ષિક સરવૈયામાં દર્શાવેલ આખર સિલકમાં જણાયેલ તફાવત અંગે અનિયમિતતા બાબતે નીચે મુજબની નોંધ આપવામાં આવે છે.

(૧) સંસ્થાએ નાણાકીય વ્યવહારોની આવક જાવક માટે અલગ-અલગ ખાતાઓમાં ઉધાર/જમા કરેલ છે. આવા બધા જ ખાતાઓની સિલકનું મેળવણું બેંક પાસબુક/બેંક સ્ટેટમેન્ટ તેમજ સંસ્થાની કેશબુક મુજબ કરવાનું રહે છે. સંસ્થાના ઓડિટ અહેવાલમાં આપેલ વાર્ષિક સરવૈયા મુજબ બધા જ ખાતાઓની આખર સિલકની ચકાસણી કરતાં કુલ ૮ ખાતાઓમાં આખર સિલકમાં રૂા.૬,૮૧,૦૬,૮૪૦.૦૮ તફાવતનો જણાયેલ છે. આમ આવેલ તફાવતનું મેળવણું બેંક સાથે કરી તફાવત દુર કરવો રહે.

(૨) ૩૯ બેંકોના બેંક સ્ટેટમેન્ટ રજુ કરેલ નથી. જેથી બેંક સ્ટેટમેન્ટ અને વાર્ષિક સરવૈયામાં દર્શાવેલ સિલકની ચકાસણી થઇ શકેલ નથી.

## ૫.૧૬ લાંબા સમયગાળાની લીધેલ લોનની ચુકવણી ન થવા અંગે. (ફકરા નં.૪૦)

સંસ્થાના સરવૈયા મુજબ તા.૧/૦૪/૨૦૧૩ ની સિલક રૂા.૯૫.૮૩ કરોડ દર્શાવવામાં આવેલ, જ્યારે તા.૩૧/૦૩/૨૦૧૪ના રોજની સિલક રૂા.૧૬૪.૨૩ કરોડ હતી. મહાનગરપાલિકા જામનગર દ્વારા જુદા જુદા વર્ષમાં જે લોન લેવામાં આવેલ તેની પાસે રકમની ઉપલબ્ધિ હોવા છતાં ચુકવણી કરવામાં આવેલ ન હોઈ તા.૩૧/૦૩/૧૪ ના રોજ બાકી લોનની ચુકવણી રૂા.૩૫૮૩.૯૬ લાખ રહેલ હતી.

જામનગર મહાનગરપાલિકા દ્વારા સને ૨૦૧૩-૧૪ સુધી રૂા.૬,૨૭૧.૫૮ લાખની લોન રાજ્ય સરકારશ્રી, ગુજરાત હાઉસીંગ બોર્ડ, GMFB, FIC બેંકો તથા GSDM અને વિશ્વ બેંક પાસેથી વ્યાજના દર ૬.૫૦% થી ૧૨.૦૦% ના દરે લેવામાં આવેલ હતી. પરંતુ સંસ્થા દ્વારા નિયમિત હપ્તા તથા વ્યાજ ભરવામાં આવેલ ન હતા. જેથી વ્યાજના દર મુજબ સતત બાકીમાં વધારો થયેલ હતો. સને ૨૦૧૩-૧૪ માં ૧૯ પ્રકારની લોનની શરૂઆતની બાકી રૂા.૩,૯૬૪.૫૭ લાખની સામે મુદ્દલ રૂા.૩૮૦.૬૧ લાખની જ ચુકવણી કરવામાં આવેલ. જેથી તા.૩૧/૦૩/૧૪ના રોજ રૂા.૩૫૮૩.૯૬ લાખની રકમ ચુકવવાની બાકી હતી. સંસ્થા દ્વારા આ રકમ પર વ્યાજની રકમ રૂા.૫૧૬.૧૬ લાખ ચુકવવામાં આવેલ. જેથી વેરા દ્વારા ઉભી કરેલ સ્વભંડોળના આવક વ્યાજ ચુકવવામાં વપરાયેલ છે.

સને ૨૦૧૩-૧૪ ના હાઉસ ટેક્ષની જે વેરાની વસુલાત રૂા.૪,૧૮૭.૬૪ લાખ થયેલ જેની સામે મુદ્દલ + વ્યાજ ની ચુકવણી રૂા.૮૯૬.૭૭ લાખ ચુકવેલ હોઈ વેરાની આવકના ૨૧.૪૨% લોન ચુકવણીમાં જ વપરાય છે. જેથી માત્ર ૮૦%ના ધોરણે સ્વભંડોળની ઉપાર્જીત રકમ બાકી રહે છે જેમાંથી સંસ્થા પગાર-ભથ્થા ચુકવે છે. જેથી જે લોન વિકાસના કામોમાં ઉપયોગ કરેલ તેની સામે વેરા-ચાર્જિસ વસુલ કરતી ન હોય આ રકમની સમયસર ચુકવણી કરી શકાતી નથી. સને ૨૦૧૩-૧૪ માં મુદ્દલ અને વ્યાજની કુલ રકમ રૂ.૮૯૬.૭૭ લાખની ચુકવણી થઇ ગયા બાદ જામનગર મહાનગરપાલિકા દ્વારા લીધેલ રૂા.૬,૨૭૧.૫૮ લાખની લોનની સામે તા.૩૧/૦૩/૧૪ ના રોજ "ડ્યુ થયેલ પરંતુ ન ભરેલ" રકમ રૂા.૬,૮૪૯.૨૭ લાખની દર્શાવવામાં આવેલ. જેથી સને ૧૯૭૫ થી સને ૨૦૦૭ સુધી લીધેલ લોનની સામે દર વર્ષે ચુકવેલ હપ્તા (મુદ્દલ + વ્યાજ) ની રકમ બાદ કરવા છતાં રૂા.૬૨૭૧.૫૮ લાખની સામે રકમ રૂા.૬૮૪૯.૨૭ લાખ એટલે કે જે રકમની લોન લીધેલ તેના કરતા વધારે રકમ રૂા.૫૭૭.૬૯ લાખ ચુકવવાની બાકી રહેલ.

સને ૨૦૧૪-૧૫ માં પણ રૂા.૩૫૮૩.૯૬ લાખની બાકી લોનની સામે રૂા.૨૮૧.૮૩ લાખની રકમ ચુકવણી કરવામાં આવેલ. જ્યારે વ્યાજની રકમ રૂા.૨૬૬.૫૬ લાખ ચુકવેલ હતા. તા.૩૧/૦૩/૧૫ ના રોજ રૂા.૩૩૦૨.૧૩ લાખ બાકી હતી. તા.૩૧/૦૩/૧૫ ના રોજ ડ્યુ થયેલ પરંતુ ન ભરેલ હપ્તા (વ્યાજ + મુદ્દલ)ની રકમ રૂા.૬,૮૫૬.૨૮ લાખ થયેલ છે. જેથી રૂા.૬,૨૭૧.૫૮ લાખની જગ્યાએ તા.૩૧/૦૩/૧૫ ના રોજ પણ રૂા.૬૮૫૬.૨૮ બાકી હતી. જેથી રૂા.૫૮૪.૭૦ લાખ રકમ લીધેલ લોનથી વધારે ચુકવવાની બાકી હતી.

મહાનગરપાલિકા જામનગર દ્વારા સને ૨૦૧૩-૧૪ અને સને ૨૦૧૪-૧૫ માં જુદી જુદી ૧૯ હેતુઓ માટે વિવિધ સંસ્થા/ સરકારશ્રી પાસેથી લીધેલ લોન રૂા.૬,૨૭૧.૫૮ લાખની રકમ સામે હપ્તા રૂા.૬૬૨.૪૪ લાખ તથા વ્યાજની રકમ રૂા.૭૮૨.૭૨ લાખની રકમ ચુકવવામાં આવેલ હોવા છતા લીધેલ લોનથી પણ વધારે રકમ ચુકવવાની બાકી હતી. સને ૧૯૭૫ થી સને ૨૦૦૭ સુધી લીધેલ રકમની ચુકવણી બાકી રહેલ હોઈ ક્યા કારણોસર સમયસર વ્યાજ અને હપ્તાની રકમની ચુકવણી કરવામાં આવેલ નથી.

સંસ્થાના પાકા સરવૈયા મુજબ લોનનો સરવાળો રૂા.૩૭,૩૨,૭૬,૮૯૪/- છે. જ્યારે લોનના પત્રક મુજબ રૂા.૩૫,૮૩,૯૬,૦૦૦/- થાય છે. એટલે કે પાકા સરવૈયા અને લોન પત્રક મુજબ રૂા.૧,૪૮,૮૦,૮૯૪/- તફાવત જણાય છે. જે અંગે ઓડિટને ખાત્રી કરાવેલ નથી.

### ૫.૧૭ બાંધકામ પરવાનગી - નકશા પ્લાન મંજુર કરવાની અનિયમિતતા અંગે. (ફકરા નં.૩૩)

ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા નં. GH/૫/૧૨૭/૨૦૦૫/ડીવીપી/૧૩૨૦૦૪/એલ, તા.૧૭/૦૨/૨૦૦૫ અને GDCR - ૨૦૦૪ના પ્રકરણ-૧૦ ના નિયમ ૧૦.૧.૧ મુજબ જે કિસ્સામાં બિલ્ડીંગ યુનિટના પ્લોટની સૌથી નાની સાઈડનું માપ ૧૦.૫૦ મીટરથી વધુ અને પ્લોટનું ક્ષેત્રફળ ૧૫૦ ચો.મી. નું હોય તો તેવા કિસ્સામાં ફ્રન્ટ અને ડેપ્થ નિયમ મુજબ ૧:૨ નો રેશિયો જાળવવો જરૂરી નથી જ્યારે ૧૫૦ ચો.મી. વધુ ક્ષેત્રફળ ધરાવતા પ્લોટના કિસ્સામાં ઉપર મુજબપહોળાઇ-ઉંડાઇ રેશીયો ૧:૨ નો જાળવવો જરૂરી છે. GDCR - ૨૦૦૪ ના નિયમ ૧૨.૩.૧(બી) મુજબ હાઈરાઈઝ બિલ્ડીંગના દરેક ફ્લોર પરનો મેકસીમમ બિલ્ટઅપ એરીયા કોમન પ્લોટ બાદ કરીને બાકી રહેતા એરીયાના ૩૦% મળવાપાત્ર રહે છે. નિયમ ૧૯.૧.૧ મુજબ રહેણાંક હેતુ માટેના બિલ્ડીંગ માટે મળવાપાત્ર એફ.એસ.આઈ. ના ૧૫% પાર્કીંગ બનાવવાનો રહે છે. GDCR - ૨૦૦૪ ના નિયમ ૨.૪૩ માં દર્શાવેલ ૧ થી ૧૦ મુજબના બાંધકામને FSIની ગણતરીમાં લેવાના રહે છે. ગુજરાત નગર આયોજન અને વિકાસ માટેના પ્રેસિડેન્ટ એક્ટ - ૧૯૭૬ ના નં. ૨૭ ની જોગવાઈ ૨૯(૧), ૨૯(૧)(૨), ૨૯(૧)(૩) અને BPMC એક્ટ - ૧૯૪૯ ની કલમ ૨૫૩-૨૫૪ અન્વયે બાંધકામ પરવાનગી આપવાની રહે છે. જે મુજબ મહાનગરપાલિકા જામનગરમાં સુધારેલ GDCR-૨૦૧૧ મુજબ કુલ પ્લોટ એરિયાના ૬૫% થી ૬૬% વિસ્તારને પરમીશીબલ બિલ્ટઅપ એરિયા ગણીને રહેણાંક, બિનરહેણાંક અને ઔદ્યોગિક વિસ્તાર માટે FSI ૧.૨૦ અને ૨.૦૦ સુધીની આપવામાં આવે છે. જ્યારે વધારે FSIની માંગણી કરવામાં આવે ત્યારે સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૧૮/૦૪/૨૦૧૧ ના ઠરાવ (જંત્રી અંગે) મુજબ જુના સર્વે નંબર મુજબ દર વસુલ કરીને મંજુરી આપવામાં આવે છે. ત્યારબાદ સબંધિત અરજદાર દ્વારા તે મિલકતનું બાંધકામ થયા બાદ તેની સ્થળ ચકાસણી કરીને વપરાશ ભોગવટા પ્રમાણપત્ર આપવામાં આવે છે.

બાંધકામ પરવાનગી GDCR - ૨૦૦૪, ૨૦૧૧ ના નિયમો તથા BPMC એક્ટ - ૧૯૪૯ ની કલમો મુજબ આપવાની રહે છે. જે સને ૨૦૧૩-૧૪ના અન્વેષણ દરમ્યાન બાંધકામ પરવાનગી આપવા બાબતની અનિયમિતતાઓ નીચે મુજબ છે.

(૧) રેવન્યુ સર્વે નંબર ૨૦૧૫, પ્લોટ નંબર ૧૨૭ માં આવેલ પ્લોટ જેની લંબાઈ:પહોળાઈ ૧૩.૭૦ X ૧૨.૦૦ મીટર = ૧૬૪.૪૦ ચો.મી. રહેલ, જે ૫૦.૦૦ ચો.મી. થી વધારે હોઈ ફ્રન્ટ અને ડેપ્થનો રેશિયો ૧:૨ નો જાળવવો રહે જે જાળવવામાં આવેલ નથી.

(૨) સર્વે નંબર ૨૦૧૫, પ્લોટ નંબર - ૧૨૭ માં જે કુલ પ્લોટ વિસ્તાર ૧૬૭.૧૪ ચો.મી. છે તેના પરમીશેબલ બાંધકામ વિસ્તાર ૧૧૦.૩૧ ચો.મી. છે. (૬૬% લેખે), અરજદારશ્રી દ્વારા ગ્રાઉન્ડ ફ્લોર + પાંચ માળ અને અગાસીના કુલ બાંધકામ એરિયા ૫૮૯.૭૭ ચો.મી. દર્શાવેલ. જેથી પ્લોટ એરિયાના મળવાપાત્ર FSI ૨.૦૦ તથા ૦.૫૦ સેલેબલ FSI તરીકે (૨૫% લેખે) આપી શકાય. જેથી ૩૩૪.૨૮ ચો.મી. (૧૬૭.૧૪ X ૨) કરતા વધારે બાંધકામ એરિયા ૪૦૯.૨૫ ચો.મી. હોઈ ૭૪.૯૭ ચો.મી. નો એરિયા સેલેબલ FSI તરીકે આપેલ છે. જે ખરેખર બાંધકામ એરિયાના ૨૨.૪૨% વધારે છે અને FSI માં ૨.૪૪૮ થાય છે. જેથી વધારે FSI ૦.૪૪૮ ની રકમ જંત્રીના ભાવ શહેરી ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ વિભાગ,ગાંધીનગરના તા.૨૦/૦૯/૨૦૧૨ ના ઠરાવ અન્વયે વસુલ કરવાની થાય જેની વસુલાત કરવી રહે.

(૩) રેવન્યુ સર્વે નંબર ૫૬, પ્લોટ નંબર ૩(બી), અરજદારની તા.૨૫/૦૩/૧૩ ની અરજી અન્વયે પ્લોટ એરિયા ૪૨.૫૦ ચો.મી. માં પરમીશેબલ બાંધકામ વિસ્તાર ૬૫% લેખે ૨૭.૬૨ ચો.મી. લેખે ગ્રાઉન્ડ ફ્લોર અને પ્રથમ માળની બાંધકામ પરવાનગી માંગવામાં આવેલ જે સર્વે નંબર પાસેથી ૭.૫૦

મીટરનો રોડ પસાર થતો હોવા છતાં ફ્રન્ટ માર્જિન ૩.૦૦ મીટરના બદલે ૨.૭૩ મીટર રાખવામાં આવેલ છે. જેની ખરાઇ કરવી રહે. ઉપરાંત ગ્રાઉન્ડ ફ્લોર પર ૨૬.૬૪ ચો.મી. અને પ્રથમ માળમાં ૨૩.૯૭ ચો.મી. ના કુલ બાંધકામ વિસ્તાર ૫૦.૬૧ ચો.મી. થાય છે. જેથી નિયત FSI ૧.૨૦ કરતા ઓછી બાંધકામ થયેલ છે. પરંતુ આ રજા ચીઠ્ઠી તા.૯/૦૫/૧૩ ના આપ્યા બાદ બાંધકામની ચકાસણી તા.૩૧/૦૫/૧૩ના રોજ અને વપરાશ ભોગવટો તા.૩/૦૮/૧૬ થી આપેલ છે. જેથી બાંધકામ પરવાનગીને એક વર્ષ ઉપરનો સમય હોવા છતા ચાલુ રાખવા બાબતે આધારો રજુ કરેલ નથી.

(૪) મહાનગરપાલિકા, જામનગર દ્વારા તા.૨૫/૦૪/૧૩ ના રોજ બાંધકામ પરવાનગી નં. ૦૨૬૯૯૮ થી (પ્લોટ નંબર ૩૭૯ ની) ઈસ્યુ કરવામાં આવેલ છે તેની વપરાશ ભોગવટા અંગે કોઈ પરવાનગી આપેલ નથી. તેવી જ રીતે તા.૨૫/૦૪/૧૩ ની બાંધકામ પરવાનગી નં. ૦૨૬૯૮૩ (પ્લોટ નંબર ૬૧૨ માં ૪૨ સી થી ૪૬ સી સુધી) થી ઈસ્યુ થયેલ છે. તેનાં વપરાશ ભોગવટા પ્રમાણપત્ર આપેલ હોવાના આધારો ઉપલબ્ધ નથી. જેથી મકાન માલિક - ભાડુઆત દ્વારા આ મકાન બનાવેલ હોય તેમ છતાં વપરાશ માટે પરવાનગી લીધેલ ન હોય તેવા સંજોગોમાં સ્થળ ચકાસણીનો અહેવાલ રજુ કરવાનો રહે.

(૫) મહાનગરપાલિકા જામનગરના જનરલ બોર્ડના ઠરાવ ૨૨૧ (N) તા.૧૯/૦૨/૨૦૧૩ થી ૧૫૦ ચો.મી. સુધીના જે બાંધકામો કરવામાં આવે તેવા કિસ્સામાં મહાનગરપાલિકા જમીન વપરાશ અંગે મીનીમમ - ભોં ભાડા ચાર્જ રૂા.૫૦૦/- ની વસુલાત બાંધકામ પરવાનગી અપાવતી વખતે કરવાની રહે છે તે તમામ કિસ્સામાં વસુલાત થયેલ હોવાના આધારો ફાઈલે ઉપલબ્ધ નથી. ૮૪ કિસ્સામાં આપવામાં આવેલ મંજુરીના રૂા.૪૨,૦૦૦/- ની વસુલાત કરવી રહે.

(૬) મહાનગરપાલિકા જામનગરના જનરલ બોર્ડના ઠરાવ ૨૨૧ (O) મુજબ બાંધકામ પરવાનગી અંગે લાયસન્સ ધારક એન્જીનીયર્સ, રજીસ્ટર્ડ એન્જીનીયર્સ દર વર્ષે રજીસ્ટ્રેશન કરાવવાનું રહે છે. જેની રકમ વર્ક લાયસન્સ ફી રૂા.૭૫૦૦/- પ્રતિ વર્ષ અને લાયસન્સ રીન્યુ ફી રૂા.૪૦૦૦/- મેળવીને મહાનગરપાલિકા દ્વારા પરવાનગી આપવાની રહે છે. આ અંગેની માહિતી સંસ્થાને રેકર્ડ પર ઉપલબ્ધ કરાવેલ નથી. વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન જામનગર શહેરમાં કેટલા સ્ટ્રકચરલ - સિવીલ એન્જીનીયરને લાયસન્સ ઈસ્યુ કરવામાં આવેલ તથા કેટલા લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ તથા ફી ની વસુલાત અંગે ખાત્રી થઈ શકેલ નથી.

(૭) સમર્પણ હોસ્પિટલ પાસે, જામનગર, સર્વે નંબર ૧૪૫૫/બી, પ્લોટ નંબર ૬૦ અન્વયે ગ્રાઉન્ડ ફ્લોર + પાંચ માળની બાંધકામ પરવાનગી માંગતા સંસ્થા દ્વારા તા.૨૬/૦૪/૧૩ નં. ૨૭૦૧૮ થી પરવાનગી આપવામાં આવેલ છે. જેના પ્લોટ એરિયા ૧૧૫.૫૦ ચો.મી. છે. જ્યારે ૬૬% લેખે ૭૬.૨૩ ચો.મી. બિલ્ટ અપ એરિયા રહે જેમાં ગ્રાઉન્ડ ફ્લોર + પાંચ માળના કુલ બાંધકામ એરિયા ૨૬૦.૮૫ ચો.મી. થયેલ છે. જેથી નિયત FSI ૨.૦૦ થી વધારે FSI ૦.૨૫૮૪ હોઈ તે સેલેબલ રહેલ જેની જંત્રીના દર (સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ તા.૧૮/૦૪/૧૧ મુજબ) રૂ.૮,૭૫૦/- ના ૪૦% લેખે (તા.૨૦/૦૯/૧૨ ના UDDના ઠરાવ) લેખે રૂ.૩,૫૦૦/- લેખે વધારાના એરિયા ૨૯.૮૫ ચો.મી. ની વસુલાત રૂ.૧,૦૪,૪૭૫/- ની વસુલાત કરવી રહે.

આ તમામ બિલ્ટઅપ એરિયામાં બાલ્કની કવર્ડનો સમાવેશ કરવામાં આવેલ નથી. જે મકાન માલિક દ્વારા બાંધકામ પુર્ણ કર્યા બાદ જ્યારે વપરાશ ભોગવટા પ્રમાણપત્ર અરજી કરતાં, સંસ્થાના એન્જીનીયર દ્વારા તેની ચકાસણી કરવામાં આવેલ તે કિસ્સામાં બાલ્કની કવર્ડ બાંધકામ ૭૯.૫૦ ચો.મી. રહેલ. જેની પ્રતિ ચો.મી. રૂા.૭૫૦/- લેખે રૂા.૫૯,૬૨૫/- ની વસુલાત કરેલ.

ખરેખર બાલ્કની કવર્ડ બિલ્ટઅપ કરતા કુલ બાંધકામ ૩૪૦.૩૫ ચો.મી. થયેલ જે કુલ પ્લોટ એરિયા ૧૧૫.૫૦ ચો.મી. માંથી બાદ કરતા (૨.૦૦ FSI લેતા) ૧૦૯.૩૫ વધારાનું બાંધકામ થયેલ. જેથી મુળ FSI ૨.૦૦ ના ૨૫% એટલે ૫૭૭૫ ચો.મી. સેલેબલ FSI મળે જે કરતા વધારે બાંધકામ કરેલ હોઈ આ હાઈરાઈઝ બિલ્ડીંગને બાંધકામ પરવાનગી GDCR અને BPMC એક્ટ મુજબ ન આપવા અંગે આધારો રજુ કરેલ નથી.

(૮) નીચે સામેલ પત્રકમાં દર્શાવેલ અનિયમિતતાઓની ખાત્રી કરાવેલ નથી.

**વર્ષ ૨૦૧૩-૧૪ ટાઉન પ્લાનીંગ શાખાની ફાઈલો ચકાસણી કરતાં ધ્યાને આવેલ અનિયમિતતાઓની વિગત દર્શાવતુ પત્રક**

| ક્રમ | બાંધકામ રજા ચિઠ્ઠી નંબર | રજા ચિઠ્ઠી આપ્યા તારીખ | સર્વે નંબર/પ્લોટ નં. | અનિયમિતતા |
|---|---|---|---|---|
| ૧ | ૦૨૬૯૯૮ | ૨૫/૦૪/૧૩ | ૩૭૯ | વપરાશ પરવાનગી આપવામાં આવેલ નથી.(ઔદ્યોગીક હેતુસર) |
| ૨ | ૦૨૬૯૮૩ | ૨૫/૦૪/૧૩ | ૬૧૨<br>૪૨ થી ૪૬ સી | વપરાશ પરવાનગી આપવામાં આવેલ નથી. |
| ૩ | ૦૨૬૯૬૯ | ૬/૦૪/૧૩ | ૨૦ બી | - લેબર શેષ રૂ.૨૪૯૪/- ભરવાપાત્ર થાય છે. રૂા.૨૦૫૦/- ભરેલા છે.<br>- તથા ફોર્મ નં. ૭ કમ્પ્લીશન રીપોર્ટમાં સહી નથી.<br>- રહેણાંક વપરાશ મંજુરી મેળવેલ નથી.<br>- કામ પુર્ણ કર્યાનું રોજકામ કરેલ નથી. |
| ૪ | ૦૨૬૯૮૨ | ૨૫/૦૪/૧૩ | RS. No. ૬/૨<br>૪૨ થી ૪૬/બી<br>નવાગામ ઘેડ | - મટીરીયલ્સ અને લેબરની કોસ્ટ દર્શાવેલ નથી.<br>- ભોં ભાડાનો દર મીનીમમ રૂ.૫૦૦ લેવાને બદલે રૂા.૩૦૦ લીધેલ છે.<br>- From No. 8 (C.C.) માં ડિઝાઈનરની સહિ થયેલ નથી.<br>- બાંધકામ વપરાશ પરવાનગી આપેલ નથી.<br>- વિકાસ કાર્યની મંજુરીની શરતોનો ભંગ થયેલ છે. (શરત નં. ૨૦) |
| ૫ | ૦૨૭૦૪૭ | ૯/૦૫/૧૩ | RS. No. ૧૨૨૧,<br>૫૩૫ | - ભોં-ભાડાનો દર મીનીમમ રૂ.૫૦૦ લેવાના બદલે રૂા.૩૦૦ લીધેલ છે.<br>- From No.8 (C.C.) માં ડિઝાઈનરની સહિ થયેલ નથી.<br>- વિકાસ કાર્યની મંજુરીની શરત નં. ૨૦નો (તળ જળ સંગ્રહ બોરવેલ) નો ઉલ્લેખ નહીં. |
| ૬ | ૨૭૦૮૦ | ૨૦/૦૫/૧૩ | ૫૪/૩૮ B | (૧) જનરલ બોર્ડના તા.૧૯/૦૨/૨૦૧૩ નો ઠરાવ નં. ૨૨૧ - એન અનુસાર, ૧૫૦ ચો.મી. બાંધકામ એરીયા સુધી મીનીમમ ભોં-ભાડા ચાર્જ રૂ.૫૦૦/- વસુલ કરવા તેમ ઠરાવેલ છે. જ્યારે સંસ્થા દ્વારા આપેલ રજા ચિઠ્ઠીમાં ભોંભાડાની રકમ રૂ.૩૦૦/- વસુલ કરેલ છે.<br>(૨) ફોર્મ નં. ૭ તથા ફોર્મ નં. ૮ માં સુપરવાઈઝીંગ એન્જીનિયર/ માલિકની સહી થયેલ નથી.<br>(૩) સંસ્થા દ્વારા કરવામાં આવેલ રોજકામમાં બાંધકામ વિકાસ પરવાનગીની શરત નં. ૨૦ અનુસાર ભૂતળ જળસંગ્રહ વ્યવસ્થાના ભાગરૂપે બાંધકામવાળી જગ્યામાં પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા કર્યા અંગેનો ઉલ્લેખ થયેલ નથી. |
| ૭ | ૨૭૦૮૧ | ૨૬/૦૫/૧૩ | ૫૪/૩૭ A | ઉપર મુજબ ૧ થી ૩ |
| ૮ | ૨૭૦૬૫ | ૨૦/૦૫/૧૩ | ૫૪/૩૫/B | ઉપર મુજબ ૧ થી ૩ |
| ૯ | ૨૬૯૭૧ | ૬/૦૪/૧૩ | ૧૨૫૧/૪૪-A | (૧) ભોંભાડૂ રૂ.૫૦૦/- ના બદલે રૂ.૩૦૦/- આકારેલ છે.<br>(૨) વિકાસ કાર્યની મંજુરી તા.૬/૦૪/૧૩ ના આપેલ છે. ડેવલપમેન્ટ ચાર્જ તા.૯/૦૪/૧૩ ના રોજ ભરેલ છે.<br>(૩) બાંધકામ પૂર્ણ કર્યા અંગેના કોઈ આધારો ફાઈલમાં સામેલ નથી.<br>(૪) કલેકટરશ્રી, જામનગર દ્વારા તા.૨૫/૧૧/૯૩ ના હુકમ નં. જમન/૨/બિખે/૪/૯૩ થી જમીન રહેણાકના હેતુ માટે બીનખેતીમાં ફેરવી આપવા મંજુરી આપેલ છે. હુકમની શરત નં. ૬ માં દર્શાવ્યા મુજબ હુકમની તારીખ થી ૬ માસમાં બાંધકામ શરૂ કરવનું રહેશે અને ત્રણ વર્ષમાં પુર્ણ કરવાનું રહેશે તેમ દર્શાવેલ છે. સંસ્થા દ્વારા તા.૨૬/૦૩/૯૬ થી વિકાસ પરવાનગી નં. ૫૪૦૫ થી આપેલ છે. કલેકટરશ્રીના હુકમની શરત નં. ૬ નું પાલન થયાનું જણાતું નથી. |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | ૨૬૯૭૨ | ૬/૦૪/૧૩ | ૫૬/૨૧૭-A | (૧) ભોંભાડુ રૂ.૫૦૦/- ના બદલે રૂા.૩૦૦/- આકારેલ છે.<br>(૨) બાંધકામ વપરાશ પરવાનગી તા.૬/૦૪/૧૩ ના રોજ આપેલ છે. જ્યારે ડેવલપમેન્ટ ચાર્જ તા.૮/૦૪/૧૩ ના રોજ આપેલ છે.<br>(૩) બાંધકામ વપરાશ પરવાનગી આપેલ નથી.<br>(૪) સંસ્થા દ્વારા કરવામાં આવેલ રોજકામમાં બાંધકામ વિકાસ પરવાનગીની શરત નં. ૨૦ અનુસાર ભૂતળ જળસંચય વ્યવસ્થાના ભાગરૂપે બાંધકામવાળી જગ્યામાં પરકોબેટીંગ બોરવેલની વ્યવસ્થા કર્યા અંગેનો ઉલ્લેખ થયેલ નથી. |
| ૧૧ | ૨૬૯૬૮ | ૬/૦૪/૧૩ | ૫૪/૨૦-A | (૧) ભોં ભાડૂં રૂ.૫૦૦/- ના બદલે રૂ.૩૦૦/- આકારેલ છે.<br>(૨) બાંધકામ વપરાશ પરવાનગી આપેલ નથી.<br>(૩) સંસ્થા દ્વારા કરવામાં આવેલ રોજકામમાં બાંધકામ વિકાસ પરવાનગીની શરત નં. ૨૦ અનુસાર ભૂતળ જળસંગ્રહ વ્યવસ્થાના ભાગરૂપે બાંધકામવાળી જગ્યામાં પરકોબેટીંગ બોરવેલની વ્યવસ્થા કર્યા અંગેનો ઉલ્લેખ થયેલ નથી. |
| ૧૨ | ૨૬૯૬૬ | ૬/૦૪/૧૩ | ૨૩૯/૨<br>૧૮-A | (૧) ભોં ભાડૂં રૂા.૫૦૦/- ના બદલે રૂા.૩૦૦/- આકારેલ છે.<br>(૨) બાંધકામ વિકાસ પરવાનગી તા.૬/૦૪/૧૩ના રોજ આપેલ છે. ડેવલપમેન્ટ ચાર્જ તા.૨૦/૦૪/૧૩ ના ભરેલ છે.<br>(૩) વિકાસ પરવાનગી માટે તા.૧૧/૨૦૦૯ ના અરજી કરેલ છે. વિકાસ પરવાનગી તા.૬/૦૪/૨૦૧૩ ના આપેલ છે. વિકાસ પરવાનગી મોડી આપવ અંગેના કોઈ આધારો ફાઈલ સાથે સામેલ નથી.<br>(૪) બાંધકામ કર્યા અંગેના કોઈ આધારો સામેલ નથી.<br>(૫) કલેકટરશ્રી, જામનગરના તા.૧૪/૦૬/૨૦૦૧ ના હુકમ નં. જમન-૨/બીખે રજી. નં. ૩૮/૨૦૦૧ થી ખેતીની જમીન રહેણાંક હેતુ માટે બિનખેતી કરવા મંજુરી આપેલ છે. હુકમની શરત નં. ૭ અનુસાર હુકમની તારીખ થી ૬ માસમાં બાંધકામ શરૂ કરવાનું રહેશે એમ ત્રણ વર્ષમાં પુર્ણ કરવાનું રહેશે. જે શરતનું પાલન થયેલ નથી. |

**૫.૧૮ શ્રાવણી મેળા મહોત્સવના આયોજનમાં જણાયેલ અનિયમિતતા અંગે. (એસ્ટેટ શાખા) (ફકરા નં. ૫૩)**

પ્રતિ વર્ષ શ્રાવણ માસના લોકમેળાનુ આયોજન કરવામાં આવે છે. જે અન્વયે સંસ્થા દ્વારા પ્રદર્શન ગ્રાઉન્ડ ભાડે મેળવવા માટે કલેકટરશ્રી, જામનગરને અરજી કરવામાં આવી જે અન્વયે પ્રાંત અધિકારીશ્રી, શહેર જામનગર દ્વારા મંજુરી કંમાંક જમન/૧૮૪૦/૨૦૧૩, તા.૫/૮/૧૯ ના રોજ કુલ રૂા.૪,૦૫,૦૦૦/- ભાડા પેટે આપવામાં આવી. જે તા. ૭/૮/૧૩ થી તા.૫/૯/૧૩ સુધી દિવસ-૩૦ (ત્રીસ) માટે શ્રાવણી લોકમેળા- ૨૦૧૩ હેતુભાડેથી આપવામાં આવી. જે અન્વયે સંસ્થા દ્વારા કુલ ૬૧ પ્લોટોની ભાડેથી ફાળવણી માટે ઓફર ભાવો મંગાવવા માટે ગુજરાતી દૈનિક 'લોકવાત' તેમજ 'દિવ્ય ભાસ્કર' માં જાહેર નિવીદા આપવામાં આવી હતી જે અંગેની અનિયમિતતા નીચે મુજબ છે.

(૧) લોકમેળા- ૨૦૧૩ અંતર્ગત આવેલા ભાવોની ટેન્ડર ફાઇલ કે તે અંગેનું તથા મેળા દરમ્યાન થયેલ ખર્ચ રૂા.૨૫,૮૭,૩૪૬/-નું રેકર્ડ રજુ કરેલ નથી.

(૨) રમકડા સ્ટોલ માટે ફરીથી 'આજકાલ' દૈનિકમાં તા.૨/૮/૧૩ના રોજ પ્લોટ નં. ૧ થી ૮ ના ભાવો મેળવવા અંગે ટેન્ડર નોટીસ આપવામાં આવી તેમા તા.૫/૭/૧૩ સુધી રૂબરૂ ભાવો મંગાવવામાં આવે છે એવું દર્શાવેલ આમ જે તારીખે જાહેરાત કરવામાં આવી તેની અગાઉના માસમાં ભાવો કઇ રીતે લેવાયા જે અંગે આધારસહ ખાત્રી કરાવેલ નથી.

(૩) સંસ્થા દ્વારા રજુ થયેલ ભાવોનું સરખામણી પત્રક, ટેન્ડર ફોર્મ, ફાઇલે સામેલ નથી. તેમજ સિકયોરીટી ડિપોઝીટ કે કરારખત કર્યા વિના જ પ્લોટોની ફાળવણી કરવા અંગે ખાત્રી કરાવેલ નથી.

(૪) લોકમેળા- ૨૦૧૩ ની શરત નં. ૧૧ અને ૧૩ મુજબ પ્લોટ ધારકોએ જરૂરી લાયસન્સ એન.ઓ.સી. સરકારી અર્ધ સરકારી મંજુરી કે પી.જી.વી.સી.એલ.નુ ઇલે. કનેકશન મેળવ્યાના આધારો રજુ થયેલ નથી.

(૫) લોકમેળા- ૨૦૧૩ ની શરત નં. ૯ મુજબ મેળાની અંદર ખાદ્ય પદાર્થોના વેચાણ માટે મહાનગરપાલિકા તેમજ સંબંધીત ઓથોરીટીના જરૂરી લાયસન્સ એક પણ પ્લોટ ધારક દ્વારા રજુ કર્યાના આધારો ફાઇલે સામેલ નથી.

(૬) સને ૨૦૧૩ના રંગમતી નદીના પટમાં વ્હોરાન હજીરાથી નાગેશ્વર મંદીર સુધી પાંચ દિવસીય મેળાનું આયોજન કરવામાં આવેલ, જે અંગેના વિવિધ સ્ટોલ તથા પ્લોટની અપસેસટ પ્રાઇઝ, તેમજ તે અંગેના ધોરણસરની ટેન્ડર કાર્યવાહી અંગનું રેકર્ડ રજુ કરેલ નથી.

(૭) સંસ્થા દ્વારા સને ૨૦૧૩મા રંગમતી નદીના મેદાનમાં યોજવામાં આવેલ મેળાની થયેલ ઉપજ, સંસ્થાના વાર્ષિક હિસાબમાં કયા સદરે જમા લેવામાં આવેલ છે. તે અંગેના આધારો રજુ કરેલ નથી.

**૫.૧૯ મહાનગરપાલિકા વિસ્તારમાં ભયજનક ઇમારતો દુર કરવાની કામગીરી ન થવા અંગે. (ફકરા નં.૭૬)**

ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ અને GDCR શરતોને આધીન મહાનગરપાલિકા વિસ્તારમાં નવા બાંધકામ માટે બાંધકામની ડીઝાઇન-પ્લાન-લેઆઉટ સક્ષમ એન્જીનીયર પાસે અધિકૃત કરાવીને TDO શાખામાં મંજુરી અર્થે રજુ કરવાના રહે છે. TDO શાખા તેની મંજુરી આપ્યા બાદ (બાંધકામ પરવાનગી) તે મુજબ જ બાંધકામ કરવાનાં રહે છે. જયારે તેમાં સુધારા-વધારા કરવાના થાય ત્યારે પૂન:મંજુરી લેવાની રહે છે. આ બાંધકામ પૂર્ણ થયા બાદ ભોગવટા પ્રમાણપત્ર તથા પૂર્ણતા પ્રમાણપત્ર મેળવવાનું રહે છે. જેથી તે મકાનની આકારણી કરીને વેરા રજિસ્ટર પર પણ નોંધણી કરી શકાય.

GPMC એક્ટ- 1949ની કલમ-૨૫૪ અન્વયે જે કિસ્સામાં વધારાનું બાંધકામ થાય અથવા મંજુરી વિનાનું બાંધકામ થાય તે તાત્કાલીક કમિશ્નરશ્રીના ધ્યાન પર લાવવાનું રહે છે. અથવા GDCR, D.P. સ્કીમ, T.P. સ્કીમ મુજબના પ્લાન લેઆઉટ ન હોય તો તેને રદ કરવાનાં રહે છે. જે કિસ્સામાં મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવેલ ક્ષતિની ખરાઇ ન થાય ત્યાં સુધી નવા બાધકામ શરૂ કરવાના રહેતા નથી (કલમ-૨૫૫-૨૫૬) તેમ છતાં જે ગેરકાયદેસર બાંધકામ થયેલ હોય તેને તાત્કાલીક દુર કરવા અંગે કલમ-૨૬૦ મુજબ કાર્યવાહી કરવાની રહે છે.

GPMC એક્ટ- 1949 કલમ-૨૬૦(૧) અન્વયે કિસ્સામાં કલમ-૨૫૪નું પાલન કર્યા વિના મંજુરી મેળવેલ હોય તેને દુર કરવાની નોટીસ આપ્યા બાદ સંબંધકર્તા વ્યકિત દ્વારા તે ગેરકાયદેસર બાંધકામ તોડી પાડીને દુર ન કરવામાં આવે ત્યારે મહાનગરપાલિકા દ્વારા સબંધકર્તાના જોખમે ખર્ચે તેને દુર કરવાનાં રહે છે. આ ઉપરાંત કલમ- ૨૬૪ અન્વયે ભયજનક ઇમારતો પણ દુર કરવાની રહે છે. જેમાં પણ જે ખર્ચ થાય તે ભયજનક ઇમારતનાં સબંધકર્તા પાસેથી વસુલ કરવાનો રહે છે. કલમ-૨૬૪(૧) મુજબ આ ભયજનક ઇમારતોનો સર્વે કરવાનો રહે છે. ઉપરાંત કલમ-૨૬૪(૨)(૩) મુજબ આ ઇમારતો પાડી દેવાની રહે છે.

સને ૨૦૧૩-૧૪ના અન્વેષણ દરમ્યાન સંસ્થા દ્વારા જે સર્વે કરવામાં આવેલ તે સર્વેમાં (સંસ્થાના ઓડિટ અહેવાલ મુજબ) સને ૨૦૧૦-૧૧ થી સને ૨૦૧૪-૧૫ સુધી કુલ ૧૧૨ મિલકતો ઇમારતો ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ હતા તથા આ ગેરકાયદેસર બાંધકામ દુર કરવા અંગે નોટીસ પણ આપવામાં આવેલ પરંતુ આ ઇમારતો દુર કરેલ હોવાના આધારો રજુ કરેલ નથી.

આ ઉપરાંત જે કલમ-૨૬૪(૧) મુજબ ભયજનક ઇમારતોનો સર્વે કરવામાં આવેલ તેમાં ૧૨૧ ઇમારતો જર્જરીત માલુમ પડેલ હતી જે પૈકી નોટીસ આપવામાં આવતાં ૨૯ ઇમારતોના રીપેરીંગ કરવામાં આવેલ જયારે ૨૩ ઇમારતોનાં જર્જરીત ભયજનક ભાગ દુર કરવામાં આવેલ જયારે ૬૯ મકાનો અન્વેષણની તારીખે પણ ભયજનક રહેલ જે દુર કરવા અથવા રીપેરીંગ કરવા અંગે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેની ખાત્રી થઈ શકેલ નથી.

GDCRના નિયમો તથા બાધકામ કરવાની કાર્યપધ્ધતિ મુજબ જે મકાનના સર્વે મુજબ સ્ટ્રકચરલ એન્જીનીયરનું પ્રમાણપત્ર રજુ કરવું જરૂરી છે. આ ભયજનક ઇમારતોમાં TDO શાખાના રેકર્ડ મુજબ પ્રમાણપત્ર રજુ કરેલ ન હોવા છતાં સંસ્થા દ્વારા માત્ર સર્વેની કામગીરી કરવામાં આવેલ છે. જયારે તેને દુર કરવાની કરવામાં આવેલ નથી જેથી ચોમાસા ૠતુ કે અન્ય આફતોમાં આ ઇમારતોમાં અકસ્માત થાય તો લોકો તથા માલ - મિલકતને નુકશાન થવાની સંભાવના રહે છે.

મહાનગરપાલિકા જામનગરના ઉકત ફકરાઓમાંથી એકપણ ફકરાઓના જવાબ આવેલ નથી.

# પ્રકરણ ૬ : ભાવનગર મહાનગરપાલિકા

| ક્રમ | ફકરાની વિગત |
|---|---|
| ૬.૧ | રેકર્ડ / માહિતી રજુ ન કરવા બાબત. (ફકરા નં.૪૦) |
| ૬.૨ | ખર્ચનાં વાઉચરો રજુ ન થવા બાબત (ફકરા નં.૬૦) |
| ૬.3 | કરવેરાની નબળી વસુલાત બાબત.(ફકરા નં.૫૫) |
| ૬.૪ | અનઅધિકૃત વિકાસ ઇમ્પેક નિયમો  વિરૂધ્ધ અધિકૃત કરવા બાબત. (ફકરા નં.૧૭) |
| ૬.૫ | મોબાઇલ ટેલીકોમ્યુનિકેશન ટાવરની વાર્ષિક પરવાનગી ફી ની વસુલાત બાબત. (ફકરા નં.૨૨) |
| ૬.૬ | બજેટ જોગવાઇ વિના ખર્ચ કરવા બાબત. (ફકરા નં.૨૪) |
| ૬.૭ | જાહેર સ્ટ્રીટ લાઇટ ઓપરેશન મેઇન્ટેનન્સ તથા સ્વીચીંગ ઓન-ઓફ ત્રિવાર્ષિક કોન્ટ્રાક્ટ કામે જણાયેલ અનિયમિતતા. (ફકરા નં.૧૮) |
| ૬.૮ | વિકાસ પરવાનગી આપેલ મિલકતો અનધિકૃત બાંધકામના કારણે આવાસ પરવાનગી માંગણી અરજીઓ દફતરે કરવા,વેરા આકારણી ન કરવા તથા લેબરશેષ વસુલ કરવા અંગે. (ફકરા નં.૪૪) |
| ૬.૯ | આઉટર રીંગ રોડ ઘોઘા રોડથી તળાજા રોડ વચ્ચેનાં ભાગમાં ડામર રોડ બનાવવાનાં કામની અનિયમિતતા. (ફકરા નં.૬) |
| ૬.૧૦ | કુંભારવાડા મોક્ષ મંદિર પાસે ગઢેચી નાળા પરનો હયાત પુલ ડીસ્મેન્ટલ કરી પુલનું વાઇડનીંગ કરવા સાથે નવો પુલ બનાવવાનાં કામની અનિયમિતતા (ફકરા નં.૪) |
| ૬.૧૧ | તિલકનગર ડીસ્પોઝલ પાસે કંસારાનાળા પર બેઠેલા નાળાની જગ્યાએ પુલ બનાવવાનાં કામની અનિયનિયમિતતા (ફકરા નં.૫) |
| ૬.૧૨ | નિલમબાગ ફિલ્ટરથી કુંભારવાડા સુધી એકસ્પ્રેસ પાણીની ફીડર લાઇન નાખવાનાં કામની અનિયમિતતા (ફકરા નં.૯) |
| ૬.૧3 | મહિલા કોલેજથી શિશુવિહાર સર્કલ થઇ ભિલવાડા સર્કલ સુધી ૪૦૦ એમ.એમ. ડાયાની ડી.આઇ.પાઇપ લાઇન નાખવાનાં કામની અનિયમિતતા (ફકરા નં.૧3) |
| ૬.૧૪ | ફુલસર બારૈયાનાં ચોકથી મધુવન સોસાયટી સુધી ૪૦૦ એમ.એમ.ડાયાની ડી.આઇ.પાઇપ લાઇન નાખવાનાં કામની અનિયમિતતા. (ફકરા નં.૧૪) |
| ૬.૧૫ | પાણી પુરવઠા યોજના સ્વનિર્ભર બનાવવા અંગે. (ફકરા નં.૫૨) |
| ૬.૧૬ | નિર્મળ ગુજરાત શૌચાલય સહાય યોજનામાં જણાયેલ અનિયમિતતા બાબત. (ફકરા નં.૧૯) |
| ૬.૧૭ | ખાધ સામગ્રી પુરવઠાનાં અભાવે પુરક પોષણમાં વિક્ષેપ બાબત.(ફકરા નં.૨૬) |
| ૬.૧૮ | મેન્યુઅલ કેશબુક અને જનરલ કેશબુક કોમ્પ્યુટરાઇઝની ખુલતી તથા બંધ સિલકમાં તફાવત બાબતે તથા કેશબુકમાં અનિયમિતતા. (ફકરા નં.૬૭) |

## ૬.૧ રેકર્ડ / માહિતી રજુ ન કરવા બાબત (ફકરા નં.૪૦)

ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ–૧૯૪૯ ના પ્રકરણ-૯ માં નવી કલમ-૧૦૮(ક)થી કરેલ જોગવાઇ મુજબ તથા નાણા વિભાગના ઠરાવ ક્રમાંક-એન. એન.એમ./૧૦૦૧/૫૫૩/ઝ(પાર્ટ-૧), તા.૨૩/૧૨/૨૦૧૧ થી રાજ્યની મહાનગરપાલિકાનું ઓડીટ સને-૨૦૧૦/૧૧ થી ગુજરાત સ્થાનિક ભંડોળ હિસાબની કચેરીને ગુજરાત સ્થાનિક ભંડોળ ઓડિટ અધિનિયમ-૧૯૬૩ની જોગવાઇ તથા ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ નિયમો-૧૯૭૪ નાં નિયમો હેઠળ હાથ ધરવાનું ઠરાવેલ છે. જેમા ગુજરાત સ્થાનિક ભંડોળ ઓડિટ અધિનિયમ-૧૯૬૩ની કલમ-૩ મુજબ તપાસણી પાત્ર તમામ રેકર્ડ કલમ-૪ તથા ૫ મુજબ ઓડિટ સમક્ષ રજુ કરવાની સંસ્થાની વૈધાનિક જવાબદારી છે.

મહાનગરપાલિકા ભાવનગરના સને-૨૦૧૩/૧૪ વર્ષનાં અન્વેષણ દરમ્યાન નીચેની વિગતેનું રેકર્ડ/માહિતી બે વખત પ્રાથમિક વાંધાથી તથા શાખાના અધિકારીશ્રીને રૂબરૂ જણાવવા છતાં સંસ્થાની જુદી જુદી શાખાઓ દ્વારા ઓડિટ માટે રજુ કરવામાં આવેલ નથી.

ઓડિટ રેકર્ડ રજુ ન થવાને કારણે ચકાસણી થઇ શકેલ નથી.

| સને – ૨૦૧૩-૧૪ વર્ષના ઓડિટ માટે મહાનગરપાલિકાની શાખાઓ દ્વારા રજુ ન કરેલ રેકર્ડની વિગત દર્શાવતુ પત્રક | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | રજુ ન કરેલ રેકર્ડની વિગત | વિભાગ નુ નામ | રેકર્ડ રજુ કરવા આપેલ પ્રાથમિક વાંધાની વિગત | | સક્ષમ અધિકારીશ્રીને જાણ કર્યાની વિગત |
| | | | પ્રથમ વખત | બીજી વખત | |
| ૧ | સ્ટોક રજીસ્ટર | ડ્રેનેજ | ૧/૧૯-૬-૧૭ | ૫૯/૨૫-૯-૧૭ | બ્રાંચ હેડને જાણ કરવામાં આવેલ છે. |
| ૨ | સ્ટોર વિભાગના ઇમ્પ્રેસ્ટના હિસાબો | સ્ટોર | ૧/૧૯-૬-૧૭ | ૭૧/૧૧-૧૦-૧૭ | બ્રાંચ હેડને જાણ કરવામાં આવેલ છે. |
| ૩ | કાયમી ઇમ્પ્રેસ્ટના હિસાબો | રોડ | ૧/૧૯-૬-૧૭ | ૭૪/૧૧-૧૦-૧૭ | બ્રાંચ હેડને જાણ કરવામાં આવેલ છે. |
| ૪ | તા.૩૧/૦૩/૧૪ ના વાઉચરો રજુ કરવા,બિલ રજીસ્ટર, પેન્શન ચુકવણા રજીસ્ટર, પગારબિલરજીસ્ટર, પેશગી,લોન,રોકાણ,ચેક,ડેડસ્ટોક,ગ્રાન્ટ, વર્ગીકૃત ,ચેકબુક સ્ટોક,મિલ્કતરજીસ્ટર | હિસાબી | ૧/૧૯-૬-૧૭<br>૨/૧૯-૬-૧૭<br>૧૮/૩-૭-૧૭ | ૭૫/૧૬-૧૦-૧૭ | બ્રાંચ હેડને જાણ કરવામાં આવેલ છે. |
| ૫ | મંજુર થયેલ સેટપની માહિતી | મહેકમ | ૧/૧૯-૬-૧૭ | ૯૧/૩-૧૧-૧૭ | બ્રાંચ હેડને જાણ કરવામાં આવેલ છે. |
| ૬ | કન્ટેનર ખરીદી –સ્ટોક ફાળવણીનું રેકર્ડ બાબતે | ડ્રેનેજ | ૧/૧૯-૬-૧૭ | ૯૫/૬-૧૧-૧૭ | બ્રાંચ હેડને જાણ કરવામાં આવેલ છે. |
| ૭ | ટેમ્પરરી જગ્યાનુ ફાળવણીનું રેકર્ડ બાબતે | એસ્ટેટ | ૧/૧૯-૬-૧૭ | ૯૯/૧૩-૧૧-૧૭ | બ્રાંચ હેડને જાણ કરવામાં આવેલ છે. |
| ૮ | હોટલ-રેસ્ટોરન્ટ-કોમર્શીયલ યુનિયનો પાસેથી કચરા નિકાલના ચાર્જનું રેકર્ડ | SWM | ૧/૧૯-૬-૧૭ | ૧૦૭૪/<br>૧૩-૧૧-૧૭ | બ્રાંચ હેડને જાણ કરવામાં આવેલ છે. |
| ૯ | લીઝ રીન્યુ કરેલ કેસોની ફાઇલો રજુ કરવા અંગે | એસ્ટેટ | ૧/૧૯-૬-૧૭ | ૧૦૮/<br>૧૩-૧૧-૧૭ | બ્રાંચ હેડને જાણ કરવામાં આવેલ છે. |
| ૧૦ | વ્યવસાય વેરા પોસ્ટિંગ રજીસ્ટરમાં જમા રકમો અંગે કોર્પોરેશન ટ્રેઝરીમાં જમા કર્યાના ચલણો રજુ ન કરવા બાબત | વ્યવસાય વેરા | ૧/૧૯-૦૬-૧૭ | ૨૧/<br>૧૦-૦૭-૨૦૧૭ | બ્રાંચ હેડને જાણ કરવામાં આવેલ છે |

## ૬.૨ ખર્ચનાં વાઉચરો રજુ ન થવા બાબત (ફકરા નં.૬૦)

ભાવનગર મહનગરપાલિકાનું વર્ષ-૨૦૧૩-૧૪ અનવેષણ દરમ્યાન હિસાબી વિભાગ તરફથી રજુ કરેલ ખર્ચનાં વાઉચરોનું ટ્રેસીંગ કરતા નીચેની વિગતે કરેલ ખર્ચના વાઉચરો ઓડિટમાં રજુ થયેલ નથી જેથી કેશબુકમાં ઉધારેલ ખર્ચ વાઉચર મુજબ હોવાની તેમજ વાઉચરથી કરેલ ખર્ચ નિયમાનુસાર હોવાની જરૂરી ચકાસણી થઇ શકેલ નથી.

| માસ | તારીખ | ખર્ચ (રકમ/પૈસા) | કુલ રકમ રૂ. |
|---|---|---|---|
| મે, ૨૦૧૩ | ૦૨/૦૫/૨૦૧૩ | ૮૩,૦૮,૦૫૦/૦૦ | |
| | ૦૩/૦૫/૨૦૧૩ | ૨૬,૭૬,૧૩૬ | |
| | ૦૪/૦૫/૨૦૧૩ | ૭૭,૯૧૮ | |
| | ૦૬/૦૫/૨૦૧૩ | ૧૯,૩૯,૧૮૧ | |
| | ૦૭/૦૫/૨૦૧૩ | ૪,૧૫,૪૪,૮૨૧/૭૫ | |
| | ૦૮/૦૫/૨૦૧૩ | ૧૨,૧૦,૬૦૨/૮૮ | |
| | ૦૯/૦૫/૨૦૧૩ | ૨૪,૨૦,૭૮૨/૪૭ | |
| | ૧૦/૦૫/૨૦૧૩ | ૪૯,૬૮,૧૧૨/-૭૦ | |
| | | | ૬,૩૧,૪૫,૬૦૪/૮૦ |

| | | | |
|---|---|---|---|
| જુન, ૨૦૧૩ | ૦૧/૦૬/૨૦૧૩ | ૬૩,૬૩,૮૯૫ | |
| | ૦૩/૦૬/૨૦૧૩ | ૧૨,૧૬,૪૪૫ | |
| | ૦૫/૦૬/૨૦૧૩ | ૨,૬૮,૫૨,૯૩૨/૮૧ | |
| | ૦૬/૦૬/૨૦૧૩ | ૩,૫૧,૨૭૯ | |
| | ૦૭/૦૬/૨૦૧૩ | ૩,૧૩,૭૨,૩૪૩/૩૬ | |
| | ૧૨/૦૬/૨૦૧૩ | ૪૭,૩૭,૭૮૨/૨૩ | |
| | ૧૧/૦૬/૨૦૧૩ | ૪,૧૪,૬૬૦/૨૦ | |
| | | | ૭,૧૩,૦૯,૩૩૭/૬૦ |
| જુલાઇ , ૨૦૧૩ | ૦૨/૦૭/૨૦૧૩ | ૪૫,૮૧,૫૪૪ | |
| | ૦૩/૦૭/૨૦૧૩ | ૧૦,૪૭,૧૮૩ | |
| | ૦૪/૦૭/૨૦૧૩ | ૨૯,૨૧,૯૭૧ | |
| | ૦૫/૦૭/૨૦૧૩ | ૮૦,૨૯,૪૭૫ | |
| | ૦૬/૦૭/૨૦૧૩ | ૩૯,૦૯,૦૧૨ | |
| | ૦૮/૦૭/૨૦૧૩ | ૪,૨૮,૫૨,૦૫૪ | |
| | ૦૯/૦૭/૨૦૧૩ | ૧,૦૭,૯૫,૫૬૦ | |
| | ૧૦/૦૭/૨૦૧૩ | ૧૫,૧૩,૭૫૯ | |
| | ૧૧/૦૭/૨૦૧૩ | ૧૦,૫૫,૨૬૧/૬૩ | |
| | ૧૨/૦૭/૨૦૧૩ | ૨૦,૫૫,૩૦૪/૬૦ | |
| | ૧૫/૦૭/૨૦૧૩ | ૫૨,૨૦,૦૧૪ | |
| | ૧૬/૦૭/૨૦૧૩ | ૩૩,૩૧,૪૭૩ | |
| | | | ૮,૭૩,૧૨,૬૧૧/૨૩ |
| ઓગષ્ટ, ૨૦૧૩ | ૦૨/૦૮/૨૦૧૩ | ૨,૨૯,૫૧,૫૯૪ | ૨,૨૯,૫૧,૫૯૪ |
| | | | |
| નવેમ્બર, ૨૦૧૩ | ૨૨/૧૧/૨૦૧૩ | ૧૯,૮૫,૪૯૬ | |
| | ૨૫/૧૧/૨૦૧૩ | ૫૫,૦૧,૪૭૯ | |
| | ૨૬/૧૧/૨૦૧૩ | ૮૭,૬૩,૯૪૮ | |
| | ૨૭/૧૧/૨૦૧૩ | ૧,૪૦,૮૭૬ | |
| | ૨૮/૧૧/૨૦૧૩ | ૪૦,૧૩,૧૮૯/૯૪ | |
| | ૨૯/૧૧/૨૦૧૩ | ૧૦,૭૫,૧૩૮ | |
| | ૩૦/૧૧/૨૦૧૩ | ૬,૦૨,૮૪૯ | |
| | | | ૨,૨૦,૮૨,૯૭૫/૯૪ |
| | | | ૨૬,૬૮,૦૨,૧૨૩/૫૭ |

### ૬.૩ કરવેરાની નબળી વસુલાત બાબત. (ફકરા નં.૫૫)

બી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ ની કલમ-૧૦૮(ક) હેઠળ ભાવનગર મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૧૩-૧૪નું ઓડિટ સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ભાવનગર દ્વારા હાથ ધરવામાં આવેલ હતુ. કરવેરા એ મહાનગરપાલિકાનો આવકનો મુખ્ય સ્ત્રોત છે. જેમાં કરવેરાની કુલ આગળની બાકી રકમ રૂ.૨,૨૨,૭૧,૭૮,૭૪૭/- પૈકી ફક્ત રૂ.૧૮,૪૫,૦૨,૩૪૫.૭૭/-ની વસુલાત થયેલ એટલેકે ૮.૨૮% જ વસૂલાત થયેલ છે.

તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૨/૪/૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક ભમન/૧૦૨૦૧૩/૧૦૪૪/પી થી ભાવનગર મહાનગરપાલિકાના મિલકત વેરા માટે વર્ષ ૨૦૧૩-૧૪ માં કારપેટ બેઈઝ પધ્ધતિ લાગુ કરેલ હોય, ૨૦૧૩-૧૪ માં કુલ ચાલુ માંગણુ રૂ.૬૩,૬૨,૯૨,૭૨૪.૦૦/- પૈકી રૂ.૨૪,૫૩,૩૨,૫૨૯.૫૧/- એટલે કે ૩૮.૫૫% ટકા જ વસુલાત થયેલ છે. જે નબળી વસુલાત કહેવાય અને કર ન વસુલવાને કારણે ઉક્ત રકમમાં ઉત્તરોતર વધારો થતો જાય છે.

મ્યુનિસિપલ એકાઉન્ટ કોડની કલમ-૬૬ મુજબ મહાનગરપાલિકાએ કરવેરા માંગણા રજિસ્ટર નમુના-૩૯ માં નિભાવવાનું રહે છે. અન્વેષણમાં કરવેરાનાં માંગણા તથા વસુલાતનાં રજિસ્ટરો રજુ કરેલ નથી. તેમજ આસામી દ્વારા ભરાયેલ નાણાની પહોચો પણ રજુ કરેલ નથી. તેથી આસામી દ્વારા વેરા ભરાયેલ છે કે બાકી છે તેમજ થયેલ આવકની ચકાસણી શકય બનેલ નથી.

જેથી મિલકત વેરો, સફાઇ વેરો, શિક્ષણ ઉપકર, નોટીસ ફી, સ્ટ્રીટ લાઇટ, પાણીવેરો ડ્રેનેજ વેરો જેવા વગેરે વેરાનાં ડિમાન્ડ રજિસ્ટર અદ્યતન નિભાવી સરળતાથી બાકીદારોની ડિમાન્ડ, વસુલાત અને બાકીની માહિતી મળી રહે તે રીતે નિભાવવા રહે.

ઘરવેરા શાખાનાં મહેકમ મુજબ કર્મચારીનો કુલ પગાર ખર્ચ રૂ.૧,૪૩,૪૧,૪૦૯/- ઓડિટ વર્ષ દરમ્યાન થયેલ છે અને પુરતુ મહેકમ હોવા છતાં ખુબ જ નબળી વસુલાત થયેલ છે. જેનાં પરિણામે મહાનગરપાલિકા પોતાના વિકાસલક્ષી કામો કરાવી શકતી નથી આથી કરવેરાની ૧૦૦% વસુલાત કરવી રહે.

**૬.૪ અનઅધિકૃત વિકાસ ઇમ્પેકટ નિયમો વિરૂધ્ધ અધિકૃત કરવા બાબત. (ફકરા નં.૧૭)**

ગુજરાત સરકારશ્રી દ્વારા મહાનગરપાલિકા વિસ્તારમાં અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા "ગુજરાત અધિનિયમ ક્રમાંક ૨૬/૨૦૧૧" તા.૧૨-૧૦-૨૦૧૧ થી બહાર પાડેલ છે. આ અધિનિયમના સરળ અમલીકરણ માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા તા.૧૮-૦૨-૧૨ ના રોજ " ગુજરાત અનઅધિકૃત વિકાસ ને નિયમિત કરવા અંગેનો અધિનિયમ ૨૦૧૧" બહાર પાડી સમગ્ર રાજ્ય માં તા. ૨૦-૦૨-૧૨ થી લાગુ પાડેલ છે. સદરહું અધિનિયમ અન્વયે મહાનગરપાલિકા વિસ્તાર માં જે અનઅધિકૃત વિકાસ તા.૨૮-૩-૨૦૧૧ પહેલા કરેલ હોય તેને નિયમબધ્ધ કરી. શકાય છે અને તે માટે અરજી કરવાની આખરી તા. ૧૯-૮-૧૩ ઠરાવેલ હતી. તેમજ ઇમ્પેકટ ફી ના ધોરણોમાં વખતોવખત સુધારા કરેલ છે અને આ બાબતે મહેસુલ આપત્તિ વ્યવસ્થાપન, માર્ગ-મકાન પાટનગર યોજના શહેરી વિકાસ, શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૨૨-૪-૨૦૧૩ ના પત્ર મુજબ અમલવારી કરવા સૂચના આપેલ છે.

મહાનગરપાલિકા ભાવનગરના સને ૨૦૧૩/૧૪ વર્ષના અન્વેષણ દરમ્યાન મહાનગરપાલિકા વિસ્તારમાં અનઅધિકૃત બાંધકામ ને નિયમિત કરવા માટે ટી.પી.ઓ. શાખા દ્વારા ૫૨૩ તથા ટી.ડી.ઓ શાખા દ્વારા ૬૭૯ કેસો મંજુર કરી રૂ. ૩,૪૧,૪૦,૫૦૬- ઇમ્પેકટ ફી મેળવેલ છે. મંજુર કરેલ કેસો પૈકી ૧૦% કેસોની ચકાસણી કરતા નીચેની વિગતે અનિયમિતતા જણાયેલ છે.

(૧) ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા અંગે ના અધિનિયમ -૨૦૧૧ અને નિયમો-૨૦૧૨ ની સરળ સમજુતી મુદ્દા-૧ (H) મુજબ ખુટતા પાર્કિંગની જગ્યામાં થયેલ બાંધકામ માટે ફીનુ ધોરણ તા.૨૮-૩-૨૦૧૧ ના રોજ અમલીજંત્રી મુજબ રહેણાક માટે જંત્રી દરના ૧૦% તથા રહેણાક સિવાય ૨૦૦ ચો.મી. સુધી જંત્રી દરના ૨૫% ફી લઇ અનઅધિકૃત બાંધકામ નિયમિત કરવાનું ઠરાવેલ છે. ઇમ્પેકટ -૨૦૧૧ અન્વયે જંત્રી -૨૦૧૧ માં નીચેની વિગતે જંત્રીના ભાવ-ચાર વિભાગમાં ઠરાવેલ છે.

(A) વિકસીત ખુલ્લી જમીનના ભાવ (B) જમીન + બાંધકામ ભાવમાં (૧) રહેણાક, (૨) ઓફિસ, (૩) દુકાન, (C)ઔદ્યોગિક ખુલ્લી જમીનના ભાવ (D) ખેતિ ની જમીનના ભાવ પ્રતિ ચો.મીટર દર્શાવેલ છે.

આ સાથેના પરિશિષ્ટ-૬.૪(૧)ની વિગતેના નમુનારૂપ કિસ્સામાં ખૂંટતા પાર્કિંગમાં બાધકામ કરેલ છે. આ અનઅધિકૃત બાંધકામમાં જમીન + બાંધકામનો સમાવેશ થાય છે. જેથી આ ખૂંટતા પાર્કિંગ ની જગ્યામાં કરેલ અનઅધિકૃત બાંધકામને નિયમિત કરવા ઉક્ત ઠરાવ તથા જંત્રીમાં જણાવ્યા મુજબ રહેણાક તથા બિન રહેણાક માટે જમીન +બાંધકામ ના ભાવને ધ્યાને લઇ ઇમ્પેક ફી વસુલ કરવાની રહે છે. તેના બદલે જંત્રીમાં દર્શાવેલ ખુલ્લી જમીનના ભાવને ધ્યાને લઇ ઇમ્પેક –ફી વસુલ કરતા રૂ. ૩૪,૯૧,૬૩૬- ટી.પી.ઓ. શાખા દ્વારા તથા રૂ.૧,૧૩,૮૪,૦૩૭- ટી.ડી.ઓ. શાખા દ્વારા એમ કુલ રૂ. ૧,૪૮,૭૫,૬૭૩-ઇમ્પેકટ –ફી ખૂંટતા પાર્કિંગ માં કરેલ અનઅધિકૃત બાંધકામ ને નિયમિત કરતા ઉક્ત ઠરેલ જોગવાઇ મુજબ ઓછી વસુલ કરેલ છે. જે વસુલ કરી ઓડીટ ને જમા થયાના આધારસહ ખાત્રી કરાવવી રહે છે. તેમજ આવા કિસ્સામાં રીવ્યુ ચકાસણી કરવાની રહે છે.

(૨) અનઅધિકૃત બાંધકામ ને નિયમિત કરવા આપેલ સરળ સમજુતી મુદ્દા -૧ (અ) મુજબ જે અનઅધિકૃત બાંધકામ- તા. ૨૮-૩-૧૧ પહેલા કરેલ હોય તે જ બાંધકામને નિયમિત કરવા નીચેના આધારો અરજી સાથે સામેલ રાખવાનુ ઠરાવેલ છે.

(અ)લાઇટ બિલ (બ) પાણી વેરાનું બિલ (ક) પ્રોપર્ટી ટેક્ષ બિલ (ધ) ગેસ બિલ (ચ) ટેલીફોન બિલ – વેગેરે માંથી કોઇપણ એક આધાર અરજી સાથે સામેલ રાખવાનો છે.

મૂળ ફકરા સાથેના નમૂનારૂપ કિસ્સામાં પત્રક(૨)ની વિગતેના અનઅધિકૃત વિકાસના કેસોની અરજી સાથે ઉક્ત જોગવાઇ મુજબના આધારો પૈકી કોઇપણ આધાર સામેલ ન હતા. જેથી નિયમિત કરેલ વિકાસ તા.૨૮-૩-૧૧ પહેલા બાંધકામ કરેલ હોવાની ઓડિટ ને વ્યાજબી ખાત્રી થયેલ નથી સબબ મંજુર કરેલ કેસો તા.૨૮-૩-૧૧ પહેલા કરેલ બાંધકામના આધાર થી ખાત્રી કરાવવી રહે.

**૬.૫ મોબાઇલ ટેલીકોમ્યુનિકેશન ટાવરોની વાર્ષિક પરવાનગી ફી ની વસુલાત બાબત. (ફકરા નં.૨૨)**

ગુજરાત સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં ઠરાવ નં-ન.પ.લ./૪૫૦૮/૫૪૨૭-મ, તા.૧૧-૧૨-૨૦૦૮ મુજબ મહાનગરપાલિકા વિસ્તારમાં ઉભા કરવામાં

આવતા ટાવરો ઉપર એક-સમાન ઇન્સ્ટોલેશન ચાર્જ તથા વાર્ષિક ફી અંગે દર નક્કી કરેલ છે. જે દરોમાં નામદાર ગુજરાત હાઇકોર્ટનાં તા. ૧૩-૦૫-૨૦૦૯ ના ઓરલ આદેશ મુજબ ઉક્ત વિભાગનાં સરખા ઠરાવ ક્રમાંક નં. તા.૨૦-૧૧-૦૯ નાં સુધારા આદેશથી મોબાઇલ ટાવરોની યુનીફોર્મ પોલીસી નીચે મુજબ ઠરાવેલ છે. આ બાબતે ઇન્ડુસ ટાવરનાં વહીવટકર્તા દ્વારા સ્પે.સી.એ. નં. ૪૨૨૯/૧૭ દાખલ કરેલ જે પીટીશન નામદાર કોર્ટ દ્વારા તા.૦૭-૦૩-૧૭ થી રદ કરેલ છે. જેથી ઉક્ત જોગવાઇ મુજબ મોબાઇલ ટાવર ઇન્સ્ટોલેશન ચાર્જ તથા વાર્ષિક પરવાનગી ફી-લેવાનું રહે છે.

| ક્રમ | વિગત | ચાર્જીસ ફી (મહાનગર પાલિકા માટે) |
|---|---|---|
| ૧ | ટાવરદીઠ ઇન્સ્ટોલેશન ચાર્જ | રૂ. ૨૫૦૦૦/- દર ત્રણ વર્ષે ૧૦% વધારો |
| ૨ | વાર્ષિક પરવાનગી ફી પ્રતિ મીટર | રૂ. ૧૦૦૦/- દર ત્રણ વર્ષે ૧૦% વધારો |
| ૩ | ટાવરમાં સુધારા વધારા પરવાનગી ફી | રૂ.પ્રવર્તમાન દરમાં ૧૦% વધારો |
| ૪ | બી.યુ. પરમીશન સિવાયનાં મકાનો ઉપરટાવર બનાવવા અથવા પરમીટ વિના ઉભા કરેલ ટાવર માટે | પ્રવર્તમાન વાર્ષિક પરવાનગી ફી તથા પેનલ્ટી ફી રૂ.૫૦,૦૦૦/- |
| ૫ | પ્રોપર્ટી ટેક્ષ | ફક્ત જમીન ઉપર ટાવર હોય તો તેના એરીયા બેઇઝ પ્રોપર્ટી ટેક્ષ વસુલ કરવો |

મહાનગરપાલિકા ભાવનગરનાં સને ૨૦૧૩/૧૪ વર્ષનાં અન્વેષણ દરમ્યાન ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા મોબાઇલ ટાવરની આપેલ મંજુરી, ફાઇલો તથા રજુ કરેલ બાકી માંગણાની સાથેનાં પત્રક મુજબ ચકાસણી કરતા ઓડીટ નોંધ નીચે મુજબ આપવામાં આવે છે.

(૧) આ સાથેના મોબાઇલ ટાવરની બાકી વસુલાતની વિગતો દર્શાવતા પત્રક મુજબ ૯ કંપની દ્વારા નાખવામાં આવેલ મોબાઇલ ટાવરની તા.૩૧-૦૩-૧૭ સુધીમાં વાર્ષિક પરવાનગી ફી રૂ.૪૬,૧૦,૫૭૫/૦૭ બાકી છે. નામદાર કોર્ટના ચુકાદા બાદ પણ ઉક્ત જોગવાઇ મુજબ બાકી વાર્ષિક પરવાનગી ફી મેળવવા અંગે ઓડીટ માસ –ઓગષ્ટ/૧૭ સુધીમાં કોઇ જ કાર્યવાહી થયેલ નથી

(૨) ઉક્ત ઠરાવનાં ક્રમ -૩ મુજબ ટાવરની ઉચાઇ એક જ પ્રિમાઇસીસ અંતર્ગત લોકેશનમાં ફાઉન્ડેશન અને માળખામાં ફેરફાર કરાયેલ હોય ત્યારે ચાર્જીસદર પ્રવર્તમાન દર નાં ૧૦% વધારવા ઠરાવેલ છે. જે મુજબ નોંધાયેલ ટાવરોમાં ફેરફાર કરેલ છે કે નહી તેની ચકાસણી થયા અંગે સંસ્થાનાં એન્જીનીયર દ્વારા પ્રમાણિત થયાનાં આધારો રેકર્ડમાં જણાયેલ નથી.

(૩) મોબાઇલ ટાવર માંગણા રજીસ્ટર નિભાવેલ નથી. જેથી કેટલા ટાવરની મંજુરી આપેલ તેની તથા રજુ કરેલ માંગણી પત્રક મુજબની માહિતી સાચી હોવાની વ્યાજબી ખાત્રી થયેલ નથી. સબબ માંગણા રજીસ્ટર અદ્યતન તૈયાર કરવું રહે.

(૪) આ સાથેના મોબાઇલ ટાવરની બાકી વસુલાતની વિગતો દર્શાવતા પત્રક મુજબ ટાવરદીઠ ઇન્સ્ટોલેશન ચાર્જ વસુલ મેળવ્યાનાં કોઇ આધારો ફાઇલમાં નથી. જેથી ઇન્સ્ટોલેશન ચાર્જ વસુલ મેળવ્યાનાં તથા જોગવાઇ મુજબ આ ચાર્જમાં દર ત્રણ વર્ષે વધારો કરવાની અમલવારી કરેલ હોવાની ખાત્રી થયેલ નથી.

## ટાઉન પ્લાનીંગ વિભાગ
## મોબાઇલ ટાવરની બાકી વસુલાતની વિગતો દર્શાવતું પત્રક

| ક્રમ | કંપનીનું નામ તથા સરનામું | ટાવર સ્થળનું સરનામું | એગ્રીમેન્ટ થયા તારીખ | ટાવરની ઉંચાઇ મીટરમાં | વસુલાત રકમ | | | | | | | | | | | કુલ ભરપાઇ કરવાની થતી રકમ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | સમયગાળો | પ્રથમ ત્રણ વર્ષ માટે | સમયગાળો | ૪ થી ૬ વર્ષ માટે (૧૦%) નાં વૃદ્ધિ દરે | સમયગાળો | ૭ થી ૯ વર્ષ માટે (૧૦%) નાં વૃદ્ધિ દરે | સમયગાળો | ૧૦ થી ૧૨ વર્ષ માટે (૧૦%) નાં વૃદ્ધિ દરે | સમયગાળો | ૧૩ થી ૧૫ વર્ષ માટે (૧૦%) નાં વૃદ્ધિ દરે | ૩૧-૦૩-૧૭ સુધી | |
| ૧ | ટાટા ટેલીકોમ સર્વિસીઝ લિ. | ત્રિપદા કોમ્પ્લેક્ષ, લાલ ટાંકી પાસે, ચિત્રા | ૨૪/૦૨/૨૦૦૩ | ૨૭ | ૨૪/૦૨/૨૦૦૩ | ૮૧૦૦૦ | ૨૩/૦૨/૨૦૦૬ | ૮૯૧૦૦ | ૨૨/૦૨/૨૦૦૯ | ૯૮૦૧૦ | ૨૨/૦૨/૨૦૧૨ | ૧૦૭૮૧૧ | ૨૧/૦૨/૨૦૧૫ | ૧૧૮૫૯૨.૧ | ૮૩૨૮૫.૨૩ | ૫૭૭૭૯૮.૩૩ |
| ૨ | મે. ફેસસેલ લી. | ૧/બી, ઓમ કોમ્પ્લેક્ષ, કામીનીયાનગર | ૧૨/૦૬/૨૦૦૨ | ૦૬ | ૧૨/૦૬/૨૦૦૨ | ૧૮૦૦૦ | ૧૧/૦૬/૨૦૦૫ | ૧૯૮૦૦ | ૧૦/૦૬/૨૦૦૮ | ૨૧૭૮૦ | ૧૦/૦૬/૨૦૧૧ | ૨૩૯૫૮ | ૦૯/૦૬/૨૦૧૪ | ૨૬૩૫૩.૮ | ૨૪૬૯૩.૧૫ | ૧૩૪૫૮૪.૯૫ |
| ૩ | રિલાયન્સ ઇન્ફોકોમ લી. | ૪/બી, ઓમ કોમ્પ્લેક્ષ, કામીનીયાનગર | ૦૧/૧૧/૨૦૦૩ | ૪૨ | ૦૧/૧૧/૨૦૦૩ | ૧૨૬૦૦૦ | ૩૧/૧૦/૨૦૦૬ | ૧૩૮૬૦૦ | ૩૦/૧૦/૨૦૦૯ | ૧૫૨૪૬૦ | ૨૯/૧૦/૨૦૧૨ | ૧૬૭૭૦૬ | ૨૯/૧૦/૨૦૧૫ | ૧૮૪૪૭૬૬ | ૮૭૪૩૬.૮૫ | ૮૫૬૬૭૯.૪૫ |
| ૪ | આઇડીયા સેલ્યુલર પ્રા.લી. | ૧/બી, ઓમ કોમ્પ્લેક્ષ, કામીનીયાનગર | ૧૦/૦૮/૨૦૦૪ | ૧૫ | ૧૦/૦૮/૨૦૦૪ | ૪૫૦૦૦ | ૧૦/૦૮/૨૦૦૭ | ૪૯૫૦૦ | ૦૯/૦૮/૨૦૧૦ | ૫૪૪૫૦ | ૦૮/૦૮/૨૦૧૩ | ૫૯૮૯૫ | ૦૭/૦૮/૨૦૧૬ | ૬૫૮૮૪.૫ | ૧૪૧૯૯.૭૬ | ૨૮૮૯૨૯.૨૬ |
| ૫ | ટાટા ટેલીકોમ સર્વિસીઝ લી. | ૧/ડી, પ્રગતીનગર, ગાયત્રીનગર પાસે | ૧૪/૦૮/૨૦૦૬ | ૪૦ | ૧૪/૦૮/૨૦૦૬ | ૧૨૦૦૦૦ | ૧૩/૦૮/૨૦૦૯ | ૧૩૨૦૦૦ | ૧૨/૦૮/૨૦૧૨ | ૧૪૫૨૦૦ | ૨૧/૦૯/૨૦૧૬ | ૧૫૯૭૨૦ | | ૦ | ૮૭૦૮૦.૨૨ | ૬૪૪૦૦૦.૨૨ |
| ૬ | રિલાયન્સ ટેલીકોમ ઇન્ફ્રાસ્ટ્રકચર લી. | ૨૮,ઋષિરાજનગર, ચિત્રા | ૨૪/૦૯/૨૦૦૭ | ૪૦ | ૨૪/૦૯/૨૦૦૭ | ૧૨૦૦૦૦ | ૨૩/૦૯/૨૦૧૦ | ૧૩૨૦૦૦ | ૨૨/૦૯/૨૦૧૩ | ૧૪૫૨૦૦ | | ૧૫૯૭૨૦ | | ૦ | ૨૭૮૫૯.૮૪ | ૫૮૪૭૭૯.૮૪ |
| ૭ | વાયારલેસ ટાટા ઇન્ફ્રાસ્ટ્રકચર લી | ૧૯, સત્યનારાયણ સોસાયટી, ચિત્રા | ૧૭/૦૭/૨૦૦૮ | ૫૦ | ૧૭/૦૭/૨૦૦૮ | ૧૫૦૦૦૦ | ૧૭/૦૭/૨૦૧૧ | ૧૬૫૦૦૦ | ૧૬/૦૭/૨૦૧૪ | ૧૮૧૫૦૦ | | ૦ | | ૦ | ૧૬૩૯૩૦.૧૪ | ૬૬૦૪૩૦.૧૪ |
| ૮ | ઇન્ડુસ ટાવર લી. | ૩૦/એ, સંત તુલસીદાસ, કો. હાલ સોસાયટી | ૧૭/૦૪/૨૦૦૮ | ૩૦ | ૧૭/૦૪/૨૦૦૮ | ૯૦૦૦૦ | ૧૭/૦૪/૨૦૧૧ | ૯૯૦૦૦ | ૧૬/૦૪/૨૦૧૪ | ૧૦૮૯૦૦ | | ૦ | | ૦ | ૧૦૭૪૦૮.૨૨ | ૪૦૫૩૦૮.૨૨ |
| ૯ | વાયારલેસ ટાટા ઇન્ફ્રાસ્ટ્રકચર લી | ૨૩, ટી.પી. સ્કીમ ૧/એ, બજરંગબાળક સોસાયટી, ચિત્રા | ૨૯/૧૨/૨૦૦૯ | ૪૦ | ૨૯/૧૨/૨૦૦૯ | ૧૨૦૦૦૦ | ૨૮/૧૨/૨૦૧૨ | ૧૩૨૦૦૦ | ૨૮/૧૨/૨૦૧૫ | ૧૪૫૨૦૦ | | ૦ | | ૦ | ૬૦૮૬૪.૬૬ | ૪૫૮૦૬૪.૬૬ |
| કુલ | | | | | | | | | | | | | | | ૬૫૬૭૫૮.૦૭ | ૪૬૧૦૫૭૫.૦૭ |

## ૬.૬ બજેટ જોગવાઇ વિના ખર્ચ કરવા બાબત. (ફકરા નં. ૨૪)

ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ ની કલમ -૮૬ (૧) મુજબ પેટા કલમ ૮૬ (ક થી ઝ) માં જણાવેલ ખર્ચ સિવાય જો કોઇપણ રકમના ખર્ચનો ચાલુ અંદાજપત્ર ગ્રાન્ટમાં સમાવેશ થતો ન હોય અને તેવા ખર્ચ માટે અંદાજપત્ર ગ્રાન્ટમાં પુરતી સિલક પ્રાપ્ત ન હોય તો આ રકમ મ્યુનિસિપલ ફંડમાંથી કમિશ્નરે આપવી નહિ. આવા ખર્ચ કરવાના સંજોગોમાં કલમ-૮૭ મુજબ સ્થાયી સમિતિને તુરત જ જણાવવી અને સ્થાયી સમિતિએ કોર્પોરેશનને ભલામણ કરી કલમ-૧૦૧ મુજબ મંજુરી મેળવવાનું ઠરાવેલ છે.

મહાનગરપાલિકા ભાવનગરના સને ૨૦૧૩/૧૪ વર્ષના અન્વેષણ દરમ્યાન સંસ્થા દ્વારા સ્વ-ભંડોળ માંથી કર્મચારીઓને પી.એફ. લોન કુલ રૂ.૪,૫૧,૭૧,૩૩૫/- આપેલ હતી. સદરહું લોનની પરત મળેલ (પગાર બિલમાંથી થયેલ કપાત) રકમ કર્મચારીઓના અલગ નિભાવવામાં આવતા પી. એલ. એકાઉન્ટ જી.પી.એફ. માં જમાં કરેલ છે. સદરહુ લોન ખર્ચ અંગે બજેટમાં કોઇ જ જોગવાઇ કરેલ નથી તેમજ અલગથી આ ખર્ચ મંજુર કર્યાના કોઇ જ આધારો રજુ કરેલ નથી કે રેકર્ડ માં જણાવેલ નથી. સબબ ઉક્ત જોગવાઇ મુજબ બજેટ જોગવાઇ કે મંજુરી વિના કરેલ ખર્ચ અંગે સક્ષમસત્તાની મંજુરી મેળવવી રહે.

## ૬.૭ જાહેર સ્ટ્રીટ લાઇટ ઓપરેશન મેઇન્ટેનન્સ તથા સ્વીચીંગ ઓન-ઓફ ત્રિવાર્ષિક કોન્ટ્રાક્ટ કામે જણાયેલ અનિયમિતતા.(ફકરા નં.૧૮)

ભાવનગર મહાનગરપાલિકાવિસ્તારમાં આવેલ શહેરની સાર્વજનિક વિસ્તારનાં રસ્તા પર આવેલ જાહેર સ્ટ્રીટ લાઇટ ઓપરેશન મેઇન્ટેનન્સ તથા સ્વીચીંગ ઓન-ઓફ કામગીરી, માલ-સામાન સાથે સિવાય કે કાબુ બહારનાં સંજોગો જેવાં કે, ધરતીકંપ, વાવાઝોડુ, લોકો દ્વારા નુકશાની, પી.જી.વી.સી.એલ.પાવર ડિસ્ટરબન્સ વગેરે પ્રકારનાં સંજોગોમાં થયેલ નુકશાન અંગે જુદા-જુદા વોલ્ટેજ-ટ્યુબલાઇટ તથા સાધનોનાં નિયત કરેલ ભાવે કોન્ટ્રાક્ટ શરતો ધ્યાને લઇ નીચે જણાવેલ વિગતે બે અલગ-અલગ ૪- ૪ વોર્ડ મુજબ નિયત ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી ત્રિવાર્ષિક કોન્ટ્રાક્ટ શ્રી વિશાલ ઇલેક્ટ્રિક એન્ડ એન્જીનીયરીંગ કાં., ભાવનગરને ટેન્ડર શરતો-૨૮ સ્ટ્રીટ લાઇટ મેન્ટનન્સ શરતો-૨૨ મુજબ આપેલ છે.

સ્ટ્રીટ લાઇટ ઓપરેશન ડેસ્ક મેન્ટનન્સ તથા સ્વીચીંગ ઓન-ઓફ કામગીરી સબબ કુલ ખર્ચ રૂ૯૬,૭૭,૩૪૯/- તથા કાબુ બહારનાં સંજોગો અંગે રૂ.૯,૯૫,૬૪૩/- નો ખર્ચ કરેલ છે.

| ક્રમ | વિગત | વિભાગ-૧-૪ વોર્ડ<br>(૧) ચિત્રા-ફુલસર<br>(૨) વડવા-કુંભારવાડા<br>(૩) શહેર વોર્ડ<br>(૪) કૃષ્ણનગર-૧-કાળીયાબીડ | વિભાગ-૨-૪ વોર્ડ<br>(૧) કૃષ્ણનગર-૨<br>(૨) કૃષ્ણનગર-૩<br>(૩) કૃષ્ણનગર-૪<br>(૪) નવાપરા, તખ્તેશ્વર, મુખ્ય બગીચા |
|---|---|---|---|
| ૧ | સ્ટ્રીટ લાઇટ | ૮૬૭૪ | ૭૯૮૧ |
| ૨ | હાઇમાસ્ક ટાવર તમામ વોલ્ટેજ | ૨૮ | ૩૫ |
| ૩ | સ્ટે.કમીટી ઠરાવ | ૩૩૨/તા.૧૩/૦૧/૨૦૧૦ | ૭૬/તા.૧૩/૦૫/૨૦૧૧ |
| ૪ | વર્ક ઓર્ડર | કા.પા.ઇ.રોશની/૧૨૦૧, .૧૮/૦૩/૨૦૧૦ | કા.પા.ઇ.રોશની/૧૮૭,<br>તા.૩૧/૦૫/૨૦૧૧ |
| ૫ | સમયગાળો | તા.૦૧/૦૪/૨૦૧૦થીતા.૩૧/૦૩/૨૦૧૩<br>ત્રણ વર્ષ | તા.૦૧/૦૬/૨૦૧૧ થી<br>તા.૩૧/૦૫/૨૦૧૪ત્રણ વર્ષ |
| ૬ | મુદત વધારો | તા.૦૧/૦૪/૨૦૧૩ થી તા.૩૧/૦૫/૨૦૧૪ | -- |
| ૭ | મુદત વધારો મંજુરી | સ્ટે.કમીટી ઠરાવ-૮૯/ તા.૨૯/૦૪/૨૦૧૩ | -- |
| ૮ | રકમ રૂ. વાર્ષિક | ૫૪૦૧૭૨૭/- | ૪૪૧૦૯૭૨/- |
| ૯ | કોન્ટ્રાક્ટર | શ્રી વિશાલ ઇલેક્ટ્રિક એન્ડ એન્જી.કાં, ભાવનગર | |

આ બાબતે બન્ને વિભાગનાં કોન્ટ્રાક્ટ ફાઇલ, એમ.બી., ચૂકવણા બીલોની ચકાસણી કરતા નીચે મુજબ અનિયમિતતા જણાયેલ છે.

(૧) વોર્ડમાં આવતી તમામ પ્રકારની સ્ટ્રીટ લાઇટો ચાલુ બંધ કરવાની કામગીરી કોર્પોરેશનનાં નિયત શેડ્યુલ મુજબ કરતા સ્ટ્રીટ લાઇટ કન્ટ્રોલરમાં જરૂરી ફ્યુઝ, એમ.સી.બી., કોન્ટ્રાક્ટર, સેન્સસર, ટાઇમર વગેરે સાધનો સાથે કોન્ટ્રાક્ટરે નિભાવ મરામત કરવાનું છે. આ માટે અલગથી ચૂકવણુ કરવાનું નથી. અને શરત-૭ મુજબ લાઇટો ચાલુ-બંધ કરવા સમયે કન્ટ્રોલમાં ફોલ્ટ, પી.જી.વી.સી.એલ.પાવર બંધ હોય, કોઇ પણ ફેઇઝમાં પાવર ન મળતો કે સ્વીચ બંધ હોય, છતાં લાઇટ ચાલુ રહે એટલે કે ડાયરેક્ટ ચાલુ રહે આવા તમામ કિસ્સામાં સમયસર રોશની વિભાગને જાણ કરવી ફરજીયાત છે.

તેમજ વાવાઝોડુ, ભારે પવન, ધરતીકંપ, પી.જી.વી.સી.એલ.નાં ઓવર હેડ વાયર્સ/કનેકશન કેબલ્સ/ શોર્ટ-સર્કીટ કે ઓવરલોડનાં કારણે સ્ટ્રીટ લાઇટ ઉપકરણો ફેઇલર થાય કે લોકો દ્વારા નુકશાન

કર્યાનાં કિસ્સામાં વીજળી ઉપકરણો કે ટેન્ડર પરિશિષ્ટમાં દર્શાવેલ પ્રાઇઝ લીસ્ટ મુજબ ચૂકવણુ કરવાનું છે. કામગીરીનો રીપોર્ટ તથા સંબધિત કામગીરી અંગેનાં રજિસ્ટરો નિભાવી કોર્પોરેશનમાં રજુ કરવાનાં રહે છે.

આકસ્મિક સંજોગોમાં કે નવી સ્ટ્રીટ લાઇટ ફીટ કરવા / ફેરવતા તૂટેલા વીજળી ઉપકરણોનાં સાધનો મ્યુનિસિપલ સ્ટોરમાં જમા કરાવવાનાં હોય છે. સને ૨૦૧૩/૧૪ વર્ષમાં આકસ્મિક સંજોગોમાં કે સ્ટ્રીટ લાઇટ ચાલુ/ બંધ કરતા સમયે રૂ.૭,૬૬,૪૮૮/- વીજળી ઉપકરણોનાં તુટેલા માલસામાન સામે નવા વીજળી ઉપકરણોની કિંમત ચુકવવામાં આવેલ હોઇ જે વીજળી ઉપકરણો તુટી જવાને લીધે તેની જગ્યાએ નવા વીજળી ઉપકરણો ફીટ કરવા બાબતે નીચે જણાવેલ વિગતેનાં આધારો રેકર્ડમાં રજુ કરેલ નથી.

(અ) વીજળી ઉપકરણો બંધ થવા બાબતે કે તુટી જવા બાબતે રોશની વિભાગને જાણ કર્યાનાં તથા દૈનિક કામગીરીનો રિપોર્ટ / રજીસ્ટરો રજુ કરેલ નથી.

(બ) નુકશાન પામેલ કે તુટેલા વીજળી ઉપકરણોના સાધનો મ્યુનિસિપલ સ્ટોરમાં જમા આપ્યાનાં આધારો દફતરે નથી.

(ક) નવા વીજળી ઉપકરણો (માલ સામાન) ખરીદીના બિલો દફતરે નથી.

(ડ) પી.જી.વી.સી.એલ. ખાતાનાં કારણે કે અન્ય કિસ્સામાં થયેલ નુકશાન રોશની શાખાનાં અધિકારી/કર્મચારીઓ દ્વારા પ્રમાણિત થયેલ નથી.

(ઇ) કોન્ટ્રાકટર એમ.સી.બી. જેવા અગત્યનાં વીજળી ઉપકરણોનો ગેરંટી વોરંટીનાં આધારો રજુ કરેલ નથી.

(ઉ) નવા વીજળી ઉપકરણો ફીટ કર્યા બાબતે જે તે વિસ્તારનાં રહિસની સહી કોન્ટ્રાકટર દ્વારા રજુ કરેલ કાપલીમાં મેળવેલ નથી.

ઉપરોક્ત વિગતેનાં મુદ્દા ધ્યાને લેતા સ્ટ્રીટ લાઇટ ચાલુ બંધ તથા આકસ્મિક સંજોગોમાં નવા વીજળી ઉપકરણોના માલસામન ચુકવણા બાબતે રૂ.૭,૬૬,૪૮૮/- નો ખર્ચ કરેલ છે. જે ગુજરાત નાણાકિય નિયમો ૧૯૭૧ નાં નિયમ -૮ મુજબ કાર્યવાહી થયા અંગે વ્યાજબી આધારો રજુ કરેલ નથી.

(૨) સ્ટ્રીટ લાઇટ ચાલુ બંધ કરતા સમયે તથા આકસ્મિક સંજોગોના સમયે વીજળી ઉપકરણો નવા ફીટ કરવા અંગે કુલ રૂ.૯,૯૫,૬૪૩/- નો ખર્ચ કરેલ છે. જેમાંથી રૂ.૨,૩૧,૧૫૫/- નાં નવા ફીટ કરેલ માલ સામાન અંગે કોન્ટ્રાકટર દ્વારા બિલ સાથે મુદ્દા -૧ મુજબ (અ થી ઇ) અંગે કોઇ જ આધારો રજુ કરેલ નથી.

(૩) ઓપરેશન મેઇન્ટેનન્સ શરત-૧૦ મુજબ વોર્ડ વાઇઝ પોલ નંબર આપી કેટગરી વાઇઝ રજીસ્ટરો કોન્ટ્રાક્ટરે શાખાનાં અધિક મદદનીશ ઇજનેરને સાથે રાખીને તૈયાર કરવાનાં છે. જેની અમલવારી થયેલ નથી.

(૪) સને ૨૦૧૩/૧૪ માં વિભાગ ૧ તથા ૨ માં નીચેની વિગતે જુદી જુદી સ્ટ્રીટ લાઇટમાં વધારો થયેલ છે. જે વધારો થયેલ તે ક્યા વિસ્તારોમાં થયેલ તેના આધારો દફતરે નથી. જેથી વધારાની સ્ટ્રીટ લાઇટ માટે ઓપરેશન મેઇન્ટેનન્સ ખર્ચ ચુકવવા પાત્ર હોવાની વ્યાજબી ખાત્રી થયેલ નથી.

| વિભાગ | આઇટમ નંબર | વોલ્ટ | માર્ચ/૨૦૧૩ સંખ્યા | માર્ચ/૨૦૧૪ સંખ્યા | વધારો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૪૦ ટ્યુબ. | ૫૯૧૪ | ૬૬૬૩ | ૭૪૯ |
| ૧ | ૩ | ૭૦ ટ્યુબ. | ૨૨૫૦ | ૨૨૫૪ | ૪ |
| ૨ | ૩ | ૪૦ ટ્યુબ. | ૪૪૨૪ | ૪૬૮૮ | ૨૬૪ |
| ૨ | ૪ | ૫૬ ટ્યુબ. | ૧૦૪ | ૧૮૭ | ૮૩ |

### ૬.૮ વિકાસ પરવાનગી આપેલ મિલકતો અનઅધિકૃત બાંધકામના કારણે આવાસ પરવાનગી માંગણી અરજીઓ દફતરે કરવા, વેરા આકારણી ન કરવા તથા લેબરશેષ વસુલ કરવા અંગે. (ફકરા નં.૪૪)

ટાઉન પ્લાનીંગ તથા ટાઉન ડેવલપમેન્ટ શાખાના સને ૨૦૧૩/૧૪ વર્ષના અન્વેષણ દરમ્યાન શાખા દ્વારા નિભાવેલ આવાસ પરવાનગી રજીસ્ટરની ચકાસણી કરતા બંન્ને શાખા દ્વારા ઘણા કિસ્સામાં વિકાસ પરવાનગી મેળવેલ મિલ્કત ધારક દ્વારા આવાસ પરવાનગી પ્રમાણપત્રની માંગણી કરેલ અરજીઓ રજીસ્ટરમાં “દફતરે” કર્યાનું નોંધેલ હતુ પરંતુ આ અરજીઓ દફતરે કરવા અંગે કોઇ જ વિગત નોંધેલ ન હતી.

આ અંગે નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ છે.

(૧) આવાસ પરવાનગી રજીસ્ટર મુજબ વિકાસ પરવાનગી મેળવેલ મિલ્કત અરજીઓ પૈકી ટી.પી.ઓ શાખા દ્વારા ૨૫ તથા ટી.ડી.ઓ. શાખા દ્વારા ૯૩ અરજીઓ દફતરે કરેલ હતી. જે અરજીઓ પૈકી મૂળ ફકરામાં જણાવેલ નમુનારૂપ કિસ્સાની ૪(ચાર) અરજીમાં જણાવેલ કારણો મુજબ બાંધકામ નિયમાનુસાર કરેલ ન હોવાનુ જણાવેલ હતુ. જે અંગે ગુજરાત પ્રોવિન્સીયલ મહાનગરપાલિકા અધિનિયમ -૧૯૪૯ ની કલમ ૨૬૦(૧) તથા (૨) મુજબ દફતરે કરેલ અરજીઓમાં કોઇ જ કાર્યવાહી કરેલ નથી. આમ જે મિલ્કતોના વિકાસ માટે પરવાનગી આપેલ છે તે મિલ્કતોના બાંધકામ પૂર્ણ થતાં માંગણી કરેલ આવાસ પરવાનગી માટે નિયમાનુસાર બાંધકામ કરેલ ન હોવાનુ સ્પષ્ટ હોવા છતાં સદરહું જોગવાઇ મુજબ કાર્યવાહી કરેલ નથી.

(૨) વિકાસ પરવાનગી આપેલ અને બાંધકામ પૂર્ણ થતા આવાસ પરવાનગી પ્રમાણપત્રની સંબંધિત મિલ્કતધારક દ્વારા માગણી કરતા આવી અરજીઓ ઉક્ત મુદ્દા-૧ માં જણાવેલ નમુનારૂપ કિસ્સા મુજબ અનઅધિકૃત બાંધકામ કરેલ હોવાના કારણે દફતરે કર્યાનુ જણાવેલ છે. જે કેસમાં અરજદારની આવાસ પરવાનગી પ્રમાણપત્ર અનઅધિકૃત બાંધકામ હોવાથી ફાઇલે કરેલ પરંતુ તેમનો બાંધકામ મુજબ મિલકત વેરો વસુલ કરવાનો રહે ને મૂળ ફકરાના નમૂનારૂપ કિસ્સા મુજબ મિલકત વેરો દાખલ કર્યાના આધાર રજુ થયેલ નથી.

(૩) ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ સેસ. ૧૯૯૬ અને નિયમો -૧૯૯૮ નાં નિયમ-૩ મુજબ તથા મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની તા.૩૧-૧-૦૬ની બેઠક કાર્યવાહી મુદ્દા-૫ મુજબ વ્યકિતગત કિસ્સામાં બાંધકામ પ્રતિ ચો.મી.ના રૂ. ૩૦/- લેખે લેબરસેસ વસુલ કરવાનું ઠરાવેલ છે. આ બાબતે દફતરે કરેલ અરજીઓ અંગે બાંધકામ પૂર્ણ થયેલ હોય છતા નિયમ મુજબના બાંધકામ માટે સદરહું જોગવાઇ મુજબ લેબરસેસ વસુલ મેળવેલ નથી. સબબ નિયમાનુસાર કાર્યવાહી કરી લેબરસેસ વસુલ મેળવી, સરકારશ્રીમાં જમા કરાવવો રહે.

## ૬.૯ થી ૬.૧૪ મહાનગરપાલિકા ભાવનગરના યોજનાકીય કામો/વર્ક્સમાં જણાયેલ તાંત્રિક, નાણાંકીય તથા અમલીકરણને લગતી અનિયમિતતાઓ બાબત

૧. ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ પુસ્તક-૧ના પેરા-૨૦૦તથા મા.મ.વિ.ના તા.૨૫/૦૧/૨૦૦૧ ના શેરા ક્રમાંક ટીએનસી/૧૦૨૦૦૦/યુ.ઓ/૨૧૬/૪૫-સ થી કરેલ જોગવાઈ મુજબ રૂ.૨૫.૦૦ લાખ કે તેથી વધુ રકમનાં કામની ટેન્ડર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ કરવાની જોગવાઇ થયેલ છે.

૨. માર્ગ અને મકાન વિભાગનાં પરિપત્ર ક્રમાંક આર.જી.એન./૬૦૨૦૦૬/(૩૫)સ તા.૩૧/૦૫/૨૦૦૭ મુજબ રૂ.૧૦૦ લાખથી વધુ રકમનાં ટેન્ડરમાં મુકેલ અંદાજી રકમનાં કામો માટે કરાર હેઠળનાં કામ પર ઈજારદારે ફુલટાઈમ ક્વોલીફાઈડ એન્જીનીયર નિયુક્ત કરવાનો રહેશે.

૩. માર્ગ અને મકાન વિભાગનાં પરિપત્ર ક્રમાંક ટીએનસી/૨૮૯૦/યુ.ઓ./૧૬૩/(૮૧)સી, તા.૦૩-૧૨-૧૯૮૦ થી નિયત કરેલ લીસ્ટ મુજબનાં બેંકની બેંક ગેરંટી મેળવવાની રહે છે.

૪. ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ ભાગ-૧ના ફકરા નં.૧૫૧,૨૮૩ અન્વયે તેમજ મા.મ.વિભાગનાં પત્ર નં.વીઆરઆર/૧૭૧૦/૫૫(૬)ર તા.૦૭/૦૯/૨૦૧૦ ની શરત નં.૧ અંદાજીત રકમ કરતા દસ ટકા(૧૦%) ઉંચા કે નીચા ભાવથી ટેન્ડર મંજુર કરેલ હોય તો રીવાઇઝ અંદાજો તૈયાર કરી સુધારેલ વહીવટી / તાંત્રિક મંજુરી મેળવવાની થાય છે. અને કામમાં થયેલ એક્સેસ/સેવિંગ માટે સક્ષમ સત્તા સોંપણીની મંજુરી મેળવવાની થાય છે.

૫. મજુર કમિશ્નરની કચેરી, ગુજરાત રાજ્યનાં પત્ર ક્રમાંક મક.૮/કો.લે.એ.-૩૪૬૩ થી ૩૫૯૭ તા.૦૮/૧૦/૧૯૯૫ કોન્ટ્રાક્ટ લેબર (નિયમન અને નાબુદી) ગુજરાત નિયમો ૧૯૭૨ ની જોગવાઈ મુજબ ઈજારદારશ્રીએ લેબર લાયસન્સ મેળવી રજુ કરવાનું રહે છે.

૬. માર્ગ અને મકાન વિભાગ ગુજરાત સરકારના પરિપત્ર ક્રમાંક ટીએનસી/૧૦૯૪/૨૪/સ પાર્ટ ફાઇલ તા.૫-૩-૨૦૧૧ મુજબ રૂા.૫.૦૦ લાખથી વધુ કિંમતના કામની વિગતો તથા સ્પેસીફીકેશન દર્શાવતુ બોર્ડ કામના સ્થળ પર ઇજારદારશ્રીના ખર્ચ લગાવવાની જોગવાઇ છે. ઇજારદારશ્રીએ નિયત સ્થળે બોર્ડ લગાવીને ફોટોગ્રાફ સહિતનો અહેવાલ ન કરે ત્યા સુધી હંગામી ધોરણે અમુક રકમ (૦.૨૫ ટકાથી ૧ ટકા) જેટલી રોકી રાખવાની રહે

૭. માર્ગ અને મકાન વિભાગના પરીપત્ર ક્રમાંકઃ પી.ડબલ્યુ.એમ./૨૪૭૮/૯૫ તા.૬/૪/૮૧ અન્વયે સક્ષમ ઇજનેરશ્રીએ ઠરાવેલ કિંમતના કામોનુ વખતો વખત દસ ટકા(૧૦%) ચેકીંગ કરવાનુ હોય છે. જેની નોંધ રજીસ્ટરમાં કરવાની હોય છે.

૮. માર્ગ અને મકાન વિભાગના તા.૩૧/૧૨/૨૦૦૯ના પરીપત્ર નં.પરચ/૧૦૨૦૦૭/૨૮-સ તથા ટેન્ડર બી-૧ની ક્લોઝ –૭૭ મુજબ બાંધકામના માલસામાનની ગુણવત્તા માટેના પરીક્ષણ પૈકી ૮૦% પરીક્ષણ સ્થળ ઉપર, ૧૦% પરીક્ષણ સરકાર માન્ય લેબોરેટરીમાં અને૧૦% પરીક્ષણ ગેરી લેબોરેટરીમાં કરવાનાના રહે છે.

૯. મુંબઇ સ્ટેમ્પ એક્ટ-૧૯૫૮ અનુસુચી-૧, આર્ટીકલ- ૩૬(ક) અને આર્ટીકલ-૨૦(ક) તથા સુપ્રીટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંકઃસ્ટેમ્પ/અશન/૧૪/૨૦૦૭/૯૩૯, તા.૧/૪/૨૦૦૭ થી ટેન્ડર અન્વયે અનામતની જે રકમ ફિક્સ ડિપોઝીટ રીસીપ્ટ, એન.એસ.સી. અથવા અન્ય કોઇ બચતપત્રના માધ્યમથી મુકવામાં આવે તો તે રકમના પ્રત્યેક રૂ.૧૦૦/- અથવા તેના ભાગ માટે ૪.૯૦% સ્ટેમ્પ ડ્યુટી વસુલ કરવાની રહે છે.

૧૦. ગુજરાત વેટ અધિનિયમ-૨૦૦૩ની કલમ-૫૯(બી) તથા નાણાં વિભાગના જાહેરનામાં ક્રમાંકઃ જી.એચ.એન./૧૪/વેટ/૨૦૦૮/એસ/૫૯/બી/(૩)(૧)/થ અન્વયે તા.૦૧/૦૪/૨૦૦૮થી કામોની રકમ રૂ.૧/- કરોડથી વધે તો ૦.૬૦% ઇજારદારના બીલમાંથી ટી.ડી.એસ. તરીકે વેટની કપાત કરવાની રહેશે અને સરકારશ્રીમાં જમા કરાવવાની રહે છે

૧૧. માર્ગ અને મકાન વિભાગ ગુજરાત સરકારશ્રીનાં પરિપત્ર ક્રમાંક એસટીઆર/૧૦૯૭/૮૨/હ તા.૨૧/૧૧/૧૯૯૮ ની સુચના-૨ મુજબ ઈજારદાર વર્ક ઓર્ડર આપ્યા બાદ જે ડામર ખરીદે તે રીફાઈનરીનાં મુળ બીલો રજુ કરે અને ખરીદેલ જથ્થો વર્ક ઓર્ડર મુજબનાં કામમાં વાપરે ત્યારે બીલોના ખરીદ ભાવ સાથે ટેન્ડરમાં જણાવેલ ડામરનાં સ્ટાર રેઈટ વચ્ચે તફાવત જણાય તો ચુકવણું/રીકવરી કરવાની રહેશે.

૧૨. મા.મ. વિભાગના પરીપત્ર ક્રમાંક પી.ડબલ્યુ/૧૦૨૦૦૭/૧ ભાગ-સ, તા.૧૨/૦૭/૨૦૧૧ મુજબ કામની તાંત્રીક મંજુરી આપવાની સત્તા સોપણી થયેલ છે.

૧૩. માર્ગ અને મકાન વિભાગના તા.૨૯/૦૬/૧૯૯૨ ઠરાવ તથા ટેન્ડર ક્લોઝ મુજબ જો ઇજારદાર કામ નિયત સમય મર્યાદા કરતા મોડુ પુર્ણ કરે તો વિલંબીત દિવસોના પ્રતિ દિન ૦.૧% લેખે વધુમા વધુ અંદાજીત કિમંતના ૧૦% લેખે વિલંબીત વળતર વસુલ કરવાનુ છે.

૧૪. માર્ગ અને મકાન વિભાગનાં પરિપત્ર નં.ટીએનસી/૧૦૮૮/આઈબી/૧૮(૧૩)સ તા.૦૫/૧૦/૧૯૯૫ તથા પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી/૧૦૯૧/આઈબી/(૧૦)/(૧૧)સ તા.૩૧/૦૩/૧૯૯૯ અને માર્ગ અને મકાન વિભાગના ઠરાવ નં.ટી.એન.સી./૧૦/૨૦૧૩/૩/ભાગ-૧/સ, તા.૧૯/૧૧/૨૦૧૩થી કોન્ટ્રાક્ટર પાસેથી અંદાજીત રકમના રૂ.૩૦/- લાખ સુધી ૫% અને રૂ.૩૦/- લાખથી વધુના કિસ્સામાં ૧૦% સિક્યોરીટી ડીપોઝીટ લેવાની થાય છે.જેમા ૫% પર્ફોમન્સ બોન્ડ બેંક ગેરંટી તરીકે, ૨.૫% જામીન અનામત એફ.ડી.આર.તરીકે અને ૨.૫% રનીંગ બીલેથી કપાત કરવાના રહેશે.

૧૫. સેન્ટ્રલ એક્સાઇઝ નોટીફીકેશન નં-૬/૨૦૦૬ તા.૦૧/૦૩/૨૦૦૬ નાં અનુક્રમ નં-૭ નાં ચેપ્ટર નં-૮૪ નાં ચેપ્ટર ક્લોઝ-૨ તથા નોટીફીકેશન નં-૬/૨૦૦૭ તા.૦૧/૦૩/૨૦૦૭ થી ઉપર જણાવેલ ક્લોઝમાં ઉમેરો કરેલ ક્લોઝ નં-૩ માં સુધારો કર્યા મુજબ પાણીનાં સોર્સથી પ્લાન્ટ તથા પ્લાન્ટથી સ્ટોરેજ પોઇન્ટ સુધી પાણી પુરવઠાનાં કામે વપરાશમાં લેવામાં આવતા ૧૦ સી.એમ.થી વધુંનાં આઉટર ડાયામીટરનાં એસ પ્રેસર પાઇપની ખરીદી પર એકસાઇઝ ડ્યુટીનો લાભ મળવાપાત્ર હોયછે.

વર્ષ ૨૦૧૩-૧૪ના મહાનગરપાલિકાના ઓડિટ દરમ્યાન મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ યોજનાકીય કામો/વિકાસના કામો/વર્કસમાં આ સાથેના પત્રકમાં જણાવ્યા મુજબની તાંત્રિક,નાણાંકિય તથા અમલીકરણને લગતી અનિયમિતતાઓ જણાયેલ હતી. યોજનાકીય કામો/વિકાસના કામો/વર્કસ નિયમાનુસાર હાથ ધરી નગરજનોને સુવિધાનો લાભ મળી રહે તથા સરકારશ્રી દ્વારા ફાળવાયેલ નાણાંનો યોગ્ય રીતે અને નિયમાનુસાર ઉપયોગ થાય અને જરૂરી તમામ વૈધાનિક કપાતો કરી સમયસર સરકારશ્રીમાં જમા થાય અને કામો પૂર્ણ થાય તે માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા સુચન છે.

| વિ.અ. ફ.નં. | ફકરાની વિગત તથા ઓડિટ નોંધ | વસુલાત પાત્ર રકમ રૂ.(લાખમાં) |
|---|---|---|
| ૬.૯ | આઉટર રીંગ રોડ ઘોઘા રોડથી તળાજા રોડ વચ્ચેનાં ભાગમાં ડામર રોડ બનાવવાનાં કામની અનિયમિતતા. (ફકરા નં.૦૬) | ૮૩.૭૨ |

| | |
|---|---|
| અંદાજીત રકમ | રૂ.૭,૦૬,૧૫,૧૭૦/- |
| ટેન્ડર રકમ | રૂ.૭,૪૫,૨૭,૨૫૦/- (અંદાજીત કિંમતથી ૫.૫૪% ઉંચા) |
| કામનો કુલ ખર્ચ | રૂ.૭,૧૭,૬૩,૨૨૬/-(રૂ.૭૩,૯૮,૮૮૬/-ડામરભાવ તફાવત સહીત) |

**ઓડિટ નોંધ:**

- ઉક્ત કામમાં ટેકનીકલ ક્વોલીફીકેશન બીડમાં બિડરો માટેની સૂચના ૧.૯ (એ) મુજબ બિડર જીવીત સ્પેશીયલ કેટગરી રોડ-૧ ' AA ' ક્લાસનું રોડ એન્ડ બિલ્ડીંગ ગુજરાત સરકાર અને તેની સક્ષમ ઓથોરીટીનું (બી) રાષ્ટ્રીયકૃત, શિડયુઅલ બેન્કની ચાલુ કેલેન્ડર વર્ષની બેન્ક સોલવંસી(ઇ) સીમીલર નેચરનું પૂર્ણ થયેલ કામનું તેમજ હાથ પરનાં કામનું ૩-એ પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારીનું ૧.૧૧ (એ) છેલ્લા પાંચ વર્ષ પૈકી કોઇ એક વર્ષનાં અંદાજીત રકમ જેટલી રકમનું ટર્ન ઓવર ૧૧.૧(બી) અંદાજીત કિંમતનાં ૪૦-% વધુ રકમનું એક સીમીલર ટાઇપનું છેલ્લા પાંચ વર્ષમાં કરેલ કામનું અનુભવ માટેનું પ્રમાણપત્ર ટેકનીકલ બીડની પાત્રતા માટે નિયત કરવામાં આવેલ હતા. ઉક્ત કામ માટે બે બીડરોએ રજુ કરેલ ઓન-લાઇન/પોસ્ટ મારફત વિભાગને મોકલાવેલ દસ્તાવેજોની ચકાસણી સારૂ સંસ્થાનાં સબંધિત કર્મચારી, અન્જીનીયર પાસે વારંવાર માંગવા છતાં રજુ ન કરવાને લીધે ટેકનીકલ બીડની પાત્રતા માટે ન્યુનતમ જરૂરીયાત બીડરો દ્વારા પરિપૂર્ણ કરેલ છે કે નહીતેની ચકાસણી થઇ શકેલ નથી.
- ટેન્ડર નોટીસની વર્તમાનપત્રમાં પ્રસિધ્ધી બાબતે રૂરકમના કામ લાખથી વધુ-/૫૦. માટે ઓછામાં ઓછા બે ગુજરાતી વર્તમાનપત્રમાં અને એક અંગ્રેજી વર્તમાનપત્રમાં જાહેરાત આપવી જોઇએ .તેવી જોગવાઇ થયેલ છે .સંસ્થા દ્વારા આ કામની નિવિદા પ્રસિધ્ધિ અંગેની વિગતો વર્ક ફાઈલે જણાયેલ નથી.
- ઉક્ત કામે અંદાજની આઇટમ નં-૫ માં ૧૧૮૦૦ ક્યુબીક મીટર માટીનો જથ્થો બીડથી લાવી રોલીંગ, વોટરીંગ કરવા સાથેની હતી. આ આઇટમનાં સ્પેશીફીકેશન નંબર (૩૦૫.૮)માં કામનાં માપો ક્રોસ સેકશન મુજબ કામ શરૂ પહેલાનાં અને કામ પૂર્ણ થયા બાદનાં એવરેજ પધ્ધતિ મુજબ માપો માપપોથીમાં નોંધવાનાં હતા. માપપોથી નં-૬૨ નાં પાના નં-૮૦૨-બી તથા ૮૦૩-એ ઉપર માટી કામનાં માપો ક્રોસ સેકશન મુજબ એવરેજ પધ્ધતિ મુજબ ન નોંધતા દર ૧૦૦ મીટર દીઠ કરેલ કામની લંબાઇનાં ભાવો લંબાઇ X પહોળાઇ X ઉંચાઇ પધ્ધતિથી નોંધવામાં આવેલ હતા. રસ્તાની દરેક લંબાઇમાં પહોળાઇ ૨૦ મીટર એક સરખી નોંધવામાં આવેલ હતી. જે ખરેખર વાસ્તવિક ન હોઇ શકે. તેમાં વધઘટ થાય તેમ છતાં સાચી પધ્ધતિથી માપો ન નોંધવાને લીધેલંબાઇ X પહોળાઇ X ઉંચાઇ પધ્ધતિથી નોંધવાને લીધે સ્થળ પર થયેલ જથ્થા કરતા વધું જથ્થાનાં માપો માપપોથીમાં નોંધવાનું ઓડીટનું તારણ છે. માટી કામનો કુલ ચૂકવેલ જથ્થો ૧૯૮૧૩.૪૭ ઘ.મી. માંથી ૧૦% મુજબ સીકેજનો જથ્થો ૧૯૮૧.૩૫ ઘ.મી નાં પ્રતિ ઘ.મી. રૂા.૧૬૮ મુજબ રકમ રૂા.૩૩૨૮૬૬/- કપાત ન કરવાને લીધે ઇજારદાર પાસેથી વસુલાત કરવી ઘટે.
- ઉક્ત કામે અંદાજની આઇટમ નં-૬ સબ બેઇઝ નીચે ૨૫૦ MM જાડાઇમાં સેન્ડ લેવલ માટે સેન્ડ સપ્લાય, રોલીંગ, કોમ્પેક્ટીંગ સાથેની કોન્સોલીટેડ આઇટમ લીધેલ હતી, સ્પેશીફીકેશન (૩૦૧, ૯.૫) માં સાઇટ પર સેન્ડ સપ્લાય સ્ટાન્ડર્ડ બોક્ષ મુજબ સ્ટેક કરવાની હતી. જયારે આ આઇટમનાં માપો માપપોથી નં-૬૨, પાના નં-૮૦૩-એ. ઉપર કરેલ કામની કુલ લંબાઇનાં એક સાથે માપો નોંધવામાં આવેલ હતા. (૧૮૫૦ X ૨૦ X ૦.૨૫) કોન્સોલીટેડ આઇટમ હોય, કરેલ કામનાં માપો દર ૩૦, ૫૦ કે ૧૦૦ લંબાઇ દીઠ લેવલ પધ્ધતિથી માપો નોંધવા જોઇએ. જે સાચી પધ્ધતિ મુજબ માપો ન નોંધવાને કારણે તેમજ સેન્ડ લેવલનું કોમ્પેક્ટીંગ કરવાથી માપપોથીમાં નોંધેલ માપનાં જથ્થા કરતા સ્થળ પર થયેલ કામનાં જથ્થાનાં માપ ઓછુ થવા છતાં લંબાઇ X પહોળાઇ X ઉંચાઇ પધ્ધતિ મુજબ નોંધવાને લીધે કોમ્પેક્ટીંગ બાદનો સ્થળ પર થયેલ કામનાં જથ્થા કરતા વધું જથ્થાનાં માપો નોંધી તે મુજબ ચૂકવણુ કરવા સબબ સ્પષ્ટતા થવી ઘટે.

| | | |
|---|---|---|
| | ➢ ઇજારદાર દ્વારા તા.૦૨/03/૨૦૧૩ થી કામનાં મુદત વધારો તા.૧૫/૦૭/૨૦૧૩ સુધી માંગેલ માંગેલ જે વિભાગનાં અભિપ્રાય મુજબ સ્થાયી સમિતિ બેઠક તા.૧૦/૦૪/૨૦૧૩, ઠરાવ નં-૩૦ થી તા.૩૧/૦૫/૨૦૧૩ સુધીનો મુદત વધારો આપેલ હતો. વધારેલ સમય મર્યાદા તા.૩૧/૦૫/૨૦૧૩ પૂર્ણ થયા બાદ પણ ડામર કામ પૂર્ણ કરવામાં ૧૫૦ દિવસ વિલંબ થયેલ હોય, સમય મર્યાદા બહાર કરેલ ડામર કામ પર ચૂકવેલ ભાવ તફાવત ચૂકવવાનો થતો ન હોય, કામના બિલ સાથે ચૂકવેલ ડામર ભાવ તફાવત રકમ રૂ.૭૩૯૮૮૮૬/- ઇજારદાર પાસેથી વસુલ લેવા ઘટે.<br>➢ ઉક્ત કામના ઈજારદારને ચૂકવેલ રનીંગ તથા આખરી બીલની રકમમાંથી વેટની કપાત થયાનું જણાતું ન હોય રૂ.૪,૩૦,૫૭૯/- ઈજારદાર પાસેથી વસુલ મેળવી સરકારશ્રીમાં જમા કરાવવા રહે.<br>➢ ઉક્ત કામે ક્વોલીફાઇડ ઈજનેરની નિયુક્તી થયેલ જણાયેલ ન હોય આ કામ પૂર્ણ કરવાના સમય સુધી પ્રત્યેક માસના રૂ.૧૫,૦૦૦/- મુજબ ૧૪ માસની રકમ રૂ.૨,૧૦,૦૦૦/- ઈજારદારશ્રી પાસેથી વસુલ લેવા ઘટે.<br>➢ ઉક્ત કામનાં અંદાજ મુજબ વાપરવાનાં થતા મટીરીયલ્સ જેવા કે, સેન્ડ, જી.એસ.બી તથા WMM ની આઇટમનાં વપરાશમાં લેવાનાર મેટલ, ગ્રીટ, ડામર, સિમેન્ટ, રેતી, એન.પી.-૩ પાઇપ પૈકીએક પણ મટીરીયલ્સનાં પ્રયોગશાળાનાં પરિક્ષણો રેકર્ડ ઉપર જણાયેલ ન હોઇને નોર્મ્સ મુજબ કરાવવાનાં થતા મટીરીયલ્સનાં પરિક્ષણો સામે કરાવેલ પરિક્ષણોની વિગત સાથે રેકર્ડ આધારીત ઓડીટને ખાત્રી કરાવેલ નથી. ઉક્ત કામનાં થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન રીપોર્ટ તા.૨૨/03/૨૦૧૩ માં પણ મટીરીયલ્સનાં ટેસ્ટ રીઝલ્ટ રજુ કરવા સબબ રીમાર્ક આપેલ હોવાથી કામ ટેન્ડર સ્પેશીફીકેશન મુજબ ગુણવત્તા સભર થયાનું થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન યુનીટ પાસે આખરી રીપોર્ટ મેળવી ઓડીટને ખાત્રી કરાવેલ નથી.<br>➢ ઉક્ત કામનાં ૧ થી ૬ રનીંગ બીલનાં માપો માપપોથી નં-૬૨ નાં પાના નં-૧૧૮૦૧ થી ૧૧૮૨૭ પર નોંધવામાં આવેલ છે. માપપોથી કામની વિગત જેવી કે, વર્ક ઓર્ડર, તાંત્રીક મંજુરી, વહીવટી મંજુરી, કામ શરૂ થયાની તારીખ, કામ પૂર્ણ કરવાની તારીખ, કામ ખરેખર પૂર્ણ થયાની તારીખ, તેમજ કામનાં માપો કઇ તારીખે કોના દ્વારા નોંધવામાં આવેલ તેવી કોઇ જ વિગતો માપપોથીમાં નોંધવામાં આવ્યાનું જણાયેલ નથી.<br>➢ ઉક્ત કામનાં ઇજારદારને ચૂકવેલ ૬-રનીંગ બીલો પૈકી એક પણ બીલમાં સક્ષમ ઇજનેરશ્રી દ્વારા એક પણ આઇટમમાં ચેકીંગ કર્યાનું જણાયેલ નથી. ચેકીંગ રજીસ્ટર ઓડીટનાં કામે રજુ થયેલ ન હોય, સંસ્થા દ્વારા ચેકીંગ રજિસ્ટર નિભાવેલ હોય તો ઓડીટને ખાત્રી કરાવેલ નથી.<br>➢ ઉક્ત કામનું પૂર્ણતા પ્રમાણપત્ર નિયત નમુનામાં સક્ષમ અધિકારીશ્રીનું મેળવી આધારસહ ખાત્રી કરાવેલ નથી.<br>➢ ઉક્ત કામની તાંત્રિક મંજુરી આપવાની સત્તા સોપણી થયેલ છે જે મુજબ અમલવારી ન કરવા સબબ સ્પષ્ટતા થવી ઘટે. | |

| વિ.અ. ફ.નં. | ફકરાની વિગત તથા ઓડિટ નોંધ | | વસુલાત પાત્ર રકમ રૂ.(લાખમાં) |
|---|---|---|---|
| ૬.૧૦ | કુંભારવાડા મોક્ષ મંદિર પાસે ગઢેચી નાળા પરનો હયાત પુલ ડીસ્મેન્ટલ કરી પુલનું વાઇડનીંગ કરવા સાથે નવો પુલ બનાવવાનાં કામની અનિયમીતા. (ફકરા નં.૦૪) | | |
| | અંદાજીત રકમ | રૂ.૩,૨૪,૪૯,૬૯૩/- | ૨૯.૩૫ |
| | ટેન્ડર રકમ | રૂ.૪,૪૧,૩૧,૫૮૩/-(૩૬% ઉંચા) | |
| | કામનો કુલ ખર્ચ | રૂ.૫,૨૫,૦૭,૨૮૫/- | |
| | **ઓડિટ નોંધ:**<br>➢ ઉક્ત કામે બીલની કુલ રકમ રૂ.૫,૦૨,૭૮,૮૨૩.૫૦/- આખરી બીલ તરીકે ચુકવવા પાત્ર હતા. જે બીલ પૈકી ૮માં રનીંગ બીલની રકમ બાદ કરતાં રૂ.૨૩,૭૪,૫૯૪.૫૦/- નું ચુકવણું કરવાપાત્ર હતું. તેના બદલે રૂ.૪૬,૦૩,૦૫૬.૫૦/- ચુકવતાં રૂ.૨૨,૨૮,૪૬૨.૦૦/-નું અધિક ચુકવણું કરેલ છે. ઈજારદાર તરફથી કે | | |

કર્મચારી/અધિકારી તરફથી વધુ ચૂકવાયેલ રકમ બાબતે આ રકમ પરત આપવા કે મેળવવા કોઈજ કાર્યવાહી થયાનું જણાયેલ નથી. ઉક્ત બાબતે ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનીસીપલ કોર્પોરેશન અધિનિયમ- ૧૯૪૯ ની કલમ -૫૬ મુજબ કાર્યવાહી કરવાની રહે છે તથા ઈજારદારશ્રી પાસે વધુ ચૂકવેલ રકમ પ્રવર્તમાન શરાફી વ્યાજ સહીત મેળવી જમાના આધાર સહ ઓડિટને ખાત્રી કરાવેલ નથી.

- ઉક્ત કામ માટે ઇ-ટેન્ડર પ્રક્રિયાથી ઓનલાઇન ચાર પ્રયત્નનાં અંતે ટેન્ડર મંજુર કરવામાં આવેલ. તાંત્રીક બીડની લઘુત્તમ પાત્રતા માટે ઇજારદારશ્રીનો 'એએ' અને ઉપરનો અથવા સ્પેશીયલ કેટેગરી બ્રીજ -૧ નો રજીસ્ટ્રેશન "વાર્ષિક ટર્ન ઓવર છેલ્લા પાંચ વર્ષ પૈકી કોઇપણ એક વર્ષનો ઓછામાં ઓછુ રૂ.૩,૨૪,૪૯,૬૯૩/- સી.એ. દ્વારા પ્રમાણીત કરેલ તેમજ છેલ્લા સાત વર્ષ પૈકી કામની અંદાજીત કિંમતની રકમનાં એક વર્ષમાં પુર્ણ કરેલ ત્રણ કામો રૂ.૧.૩૦ કરોડનું પુર્ણ કરેલ હોવાનાં આધારો માંગવામાં આવેલ હતા. સંસ્થા દ્વારા બીડર તરફથી રજુ થયેલ એક પણ દસ્તાવેજ ઓડીટની ચકાસણી અર્થે અવાર-નવાર માંગવા છતા રજુ ન કરવાનાં લીધે ચકાસણી શક્ય બની નથી.
- વિભાગની નોંધ મુજબ આ કામ ખાસ વિશિષ્ટ પ્રકારનું હોઇને કામ સારૂં કન્સલ્ટીંગની નિંમણુક માટે જાહેર નિવિદા મારફત ભાવો ન માંગતા જી.યુ.ડી.એમ. ની નિયત પેનલ પૈકીના ૧૪ કન્સલટન્ટ પાસેથી ઇ-મેઇલ કરી ઓફરો માંગતા ફક્ત પંકજ પટેલ એન્ડ એસોસીયેટનાં ભાવો મળેલ હતા. આ કામની કન્સલ્ટન્સીની રકમ રૂ. ૩,૫૨,000/- જેટલી ચુકવવાની રહે તેના બદલે રૂ.૯,૩0,000/- જેવી માતબર રકમ રોડ વિભાગ પાસે સીટી એન્જીનીયર, કાર્યપાલક ઇજનેર, ના.કા.ઇ., તેમજ અન્ય તાંત્રીક કર્મચારીનો સ્ટ્રેંથ હોવા છતા મંજુર કરવા બદલ સ્પષ્ટતા થવી ઘટે.
- આ કામમાં ગઢેચી નાળા પરનો હયાત પુલ ડીસ્મેન્ટલ કરી નવો પુલ બનાવવાનો થતો હતો. હયાત પુલમાંથી મળનાર ડીસ્મેન્ટલ મટીરીયલ જેવુ કે પાઇપ,સ્ટીલ, પત્થરનું વેલ્યુએશન કરી એટલી રકમ ઇજારદાર પાસેથી આ જ પ્રકારની કરવાની થતી કામગીરીની આઇટમમાંથી નિયત કરેલ રકમ કપાત કરવા અગર જાહેર હરાજી થી નિકાલ કરવા સબંધે કોઇ જોગવાઇ વર્ક ફાઇલે જણાવેલ ન હતી.
- ઉક્ત કામ બ્રીજનું મુખ્ય સી.સી. વર્ક કરવાનું હોય ટેન્ડર શરત ૩૬ મુજબ સી.સી. કામ માટે રેડી મીક્સ કોંક્રીટ પ્લાન્ટ (R M C ) થકી સી.સી. કામ કરવા માટેનાં જરૂરી ઇક્વિપમેન્ટ મશીનરી ઇજારદાર પાસે હોવા અંગેની વિગતો માંગવામાં આવેલ હોવાનું કે સ્થળ પર સી.સી. વર્ક આર.એમ.સી. પ્લાંટ મારફત કરવા અંગેનાં ગેટ પાસ વર્ક ફાઇલે જણાયેલ ન હતા.
- ટેન્ડરની શરત ૩૯ મુજબ સદર કામ વિશિષ્ટ પ્રકારનું હોય કામ ટેન્ડર સ્પેશીફીકેશન મુજબ ગુણવત્તા સભર સ્વિકૃત ધોરણોવાળુ થાય અને સમયાંતરે ઇજારદારને જરૂરી માર્ગદર્શન મળી રહે તે હેતુથી થર્ડ પાર્ટી ઇન્સ્પેક્શન ઓથોરીટીની નિયુક્તિ કરવાનો નિર્ણય થયેલ પરંતુ રેકર્ડ પર ટી.પી.આઇ.ની નિમણૂંકની વિગતો જણાયેલ ન હતી. તેમજ થર્ડ પાર્ટી ઇન્સ્પેક્શન યુનિટ દ્વારા કામનો આખરી અહેવાલ રજુ કર્યાનું રેકર્ડ પર જણાયેલ નથી.
- આ કામ પૂર્ણ થયા બાદ ઇજારદારનાં તા.૧૧-૦૮-૨૦૧૪ નાં પત્રમાં જણાવ્યા મુજબ સ્લેબનાં લોડ લઇ ટેસ્ટ કરી આપવાનું બાકી રહેલ હતી. લોડ ટેસ્ટ ક્યારે કરવા તેની ડીઝાઇન અને તારીખ બાબતે કોઇ જાણકારી કન્સલટન્સી દ્વારા આપેલ ન હોય, બાકી રહેતી કામગીરી ઇજારદાર પૂર્ણ કરી શકેલ ન હોવાથી ઉક્ત કામના સ્લેબનાં લોડ ટેસ્ટ લીધાની વિગતો ઓડીટને આધાર સહ ખાત્રી કરાવેલ નથી.
- ઉક્ત કામ શરૂ કરવાની તા.૨૯-૦૯-૨૦૧૨ અને પૂર્ણ કરવાની તા.૨૮-૦૮-૨૦૧૩ હતી. સ્થાયી સમિતી દ્વારા આ કામનાં આઠ માસનો મુદત વધારો તા.૨૭-૦૪-૨૦૧૪ સુધીનો મંજુર કરેલ હતો. રોડ વિભાગનાં જા.નં-૮૯૪, તા.૦૭-૦૭-૨૦૧૪ થી ઇજારદારશ્રી દ્વારાઉક્ત કામની બાકી રહેતી કામગીરી મંજુર કરેલ વધારાની સમયમર્યાદા બાદ પણ શરૂ કરવામાં ન આવેલ હોઇ, આંતરીક ઓડીટ એકમ દ્વારા આ બાબતે રોડ વિભાગને ધ્યાન દોરવા છતાં કામમાં થયેલ વિલંબ વળતર વસુલ

| | | |
|---|---|---|
| | કરવાની કોઇ કાર્યવાહી થયાનું રેકર્ડ પર જણાયેલ ન હતું. નિયમાનુસાર ખરેખર થયેલ કામનાં વિલંબ ધ્યાને લઇ વિલંબ વળતરની વસુલાત ઇજારદાર પાસેથી વસુલ લઇ ઓડીટને ખરાઇ કરાવવી ઘટે.<br>➢ ઉક્ત કામના ઈજારદારને ચૂકવેલ રનીંગ તથા આખરી બીલની રકમમાંથી વેટની કપાત થયાનું જણાતું ન હોય રૂ.૩,૦૧,૬૭૩/- ઈજારદાર પાસેથી વસુલ મેળવી સરકારશ્રીમાં જમા કરાવવા રહે.<br>➢ ઉક્ત કામે ક્વોલીફાઈડ ઈજનેરની નિયુક્તી થયેલ જણાયેલ ન હોય આ કામ પૂર્ણ કરવાના સમય સુધી રૂ.૪,૦૫,૦૦૦/- ઈજારદારશ્રી પાસેથી વસુલ લેવા ઘટે.<br>➢ ઉક્ત કામે ટેન્ડર રકમ કરતા રૂ.૮૩,૭૫,૭૦૨/- નો વધુ ખર્ચ થવાને લીધે સક્ષમ સત્તાધિકારી પાસેથી રીવાઇઝ તાંત્રીક તેમજ વહીવટી મંજુરી મેળવવી રહે.<br>➢ ઉક્ત કામનાં માપો માપપોથીમાં નોંધવામાં આવેલ છે. પરંતુ માપપોથીમાં માપો નોંધ્યા તારીખ, કામ શરૂ કરવાની, કામ પૂર્ણ કરવાની, અને ખરેખર કામ પૂર્ણ થયાની તારીખો નોંધેલ નથી. નોંધેલ માપોનું સક્ષમ સત્તાધિકારી દ્વારા નિયમોનુસારનું ચેકીંગ દર્શાવ્યાની કોઇ વિગતો કે પ્રમાણપત્ર આપવામાં આવ્યાનું જણાયેલ નથી.<br>➢ ઉક્ત કામનું પૂર્ણતા પ્રમાણપત્ર નિયત નમુનામાં સક્ષમ અધિકારીશ્રીનું મેળવી આધારસહ ખાત્રી કરાવેલ નથી.<br>➢ ઉક્ત કામની તાંત્રીક મંજુરી આપવાની સત્તા સોપણી થયેલ છે જે મુજબ અમલવારી ન કરવા સબબ સ્પષ્ટતા થવી ઘટે.<br>➢ મા.મ. વિભાગના સુધારા પરીપત્ર તા.૧૯/૧૧/૨૦૧૩ મુજબ રૂ.૩૦ લાખથી વધુ રકમના કામોમાં જામીનગીરી અંદાજીત રકમના ૧૦ % મુજબ મેળવવાની છે તે મુજબ સંસ્થાએ અમલવારી કરેલ નથી. | |

| વિ.અ. ફ.નં. | ફકરાની વિગત તથા ઓડિટ નોંધ | | વસુલાત પાત્ર રકમ રૂ.(લાખમાં) |
|---|---|---|---|
| ૬.૧૧ | તિલકનગર ડીસ્પોઝલ પાસે કંસારાનાળા પર બેઠેલા નાળાની જગ્યાએ પુલ બનાવવાનાંકામની અનિયમિતતા. (ફકરા નં.૦૫) | | |
| | અંદાજીત રકમ | રૂ.૧,૮૯,૯૦,૦૦૦/- (પુટ ટુ ટેન્ડર રૂ. ૧૭૭૩૪૫૨૬/-) | ૨૫.૧૭ |
| | ટેન્ડર રકમ | રૂ.૨,૦૮,૮૯,૦૦૦/- (અંદાજીત કિંમતથી ૧૦% ઉંચા) | |
| | કામનો કુલ ખર્ચ | રૂ.૨,૨૭,૦૮,૮૩૦/૭૨ | |
| | **ઓડિટ નોંધ:**<br>➢ વિભાગની નોંધ મુજબ આ કામ ખાસ વિશિષ્ટ પ્રકારનું હોઇનેકામ સારૂં કન્સલ્ટીંગની નિંમણુક માટે જાહેર નિવિદા મારફત ભાવો ન માંગતા જી.યુ.ડી.એમ. ની નિયત પેનલ પૈકીના ૧૪ કન્સલટન્ટ પાસેથી ઇ-મેઇલ કરી ઓફરો માંગતા ફક્ત પંકજ પટેલ એન્ડ એસોસીયેટનાં ભાવો મળેલ હતા. હાલમાં ચાલુ કામો (૧) સુભાષનગર લંબેહનુમાન પાસે કોઝવેની જગ્યાએ પુલ બનાવવાનું, (૨) સુભાષનગર બ્રીજ વાઇડનીંગ કામની કન્સલટન્સી માર્શ પ્લાનીંગ એન્ડ એન્જીનીયરીંગ સર્વિસ પ્રાઇવેટ લિ. પાસે થી કરાવેલ જેની ફી પ્રોજેક્ટ કોસ્ટ ના ૦.૯ % તથા સોઇલ ટેસ્ટીંગ ખર્ચની રકમ અલગથી ચુકવવાની હતી તે મુજબ આ કામની પ્રોજેક્ટ કોસ્ટ રૂ. ૧,૮૯,૯૦,૦૦૦/- ના ૦.૯૦ % મુજબ રૂ. ૧,૭૦,૯૧૦/- તથા સોઇલ ટેસ્ટીંગ ખર્ચ રૂ. ૬૦,૦૦૦ ગણતા આ કામની કન્સલ્ટન્સીની રકમ રૂ.૨,૩૦,૯૧૦/- જેટલી ચુકવવાની રહે તેના બદલે રૂ.૫,૭૦,૭૦૦/- મંજુર કરવામાં આવેલ હતી.<br>➢ ઉક્ત કામમાં કન્સલટન્ટ પાસેથી રૂ.૫૦,૦૦૦ ની એફ.ડી.આર. નં. ૪૯૯૩૭૯ બેંક ઓફ બરોડાની મેળવેલ હતી. કરારખત રૂ. ૧૦૦/- નોન જ્યુડીશીયલ સ્ટેમ્પ પેપર પર તારીખ ૦૬/૦૮/૧૧ ના રોજ કરેલ હોઇ ને સ્ટેમ્પ ડ્યુટીની ઘટતી રકમ રૂ. ૨૦૨૫/- (૨૧૨૫-૧૦૦) વસુલ મેળવી સ્ટેમ્પડયુટી સદરે જમા કરાવવી.<br>➢ ઉક્ત કામે કરાર મુજબ ડી.પી.આર. તા.-૦૬-૦૯-૧૧ સુધીમાં અને ટેન્ડર ડોક્યુમેન્ટ તા-૦૬/૧૦/૧૧ સુધીમાં રજુ કરવાના હતા પરંતુ સમય મર્યાદામાં કન્સલટન્ટશ્રીએ ડી.પી.આર. તેમજ ટેન્ડર ડોક્યુમેન્ટ રજુ કરેલ છે કે નહી તે રેકર્ડ પરથી જાણી શકાયેલ ન હતુ. | | |

- ઇજારદારે કરેલ કામનું ૩-એ પ્રમાણપત્ર નિયત નમુનામાં સંબધિત વિભાગ, કચેરીનાં જવાબદાર અધિકારીની સહી વાળુ રજુ થયેલ ન હોયને ઇજારદારે રજુ કરેલ વિગતોની સાચાપણાની ખરાઇ માટે સંબધિત વિભાગને મોકલ્યા વિના ઇજારદાર દ્વારા રજુ થયેલ વિગતને ગ્રાહ્ય રાખવામાં આવેલ હતી.
- ઉક્ત કામની બીજી વખત નિવિદાની પ્રસિધ્ધીમાં ફક્ત એક જ બિડર ટેકોન ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લી.નું બીડ રજુ થયેલ હતું. આ કામ વિશિષ્ટ પ્રકારનું હોય સક્ષમ અધિકારીશ્રીની મંજુરી અને પ્રવર્તમાન બજાર ભાવનો તુલનાત્મક અભ્યાસ કર્યા વિના આવેલ એક જ બીડને સ્વીકારવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.
- આ કામ ખાસ-વિશિષ્ટ પ્રકારનું હોયને, લેવલ સર્વે, સ્ટ્રક્ચર ડિઝાઇન, પ્લાનીંગ, અંદાજો તૈયાર કરવા સારૂ રૂ.૫,૭૦,૭૦૦/- જેવી કન્સલટીંગ ચાર્જનો ખર્ચ સંસ્થાએ કરવા છતાં અંદાજમાં કરેલ જોગવાઇ કરતાં વધારાનું કામ રકમ રૂ.૫૭.૩૧ લાખ (અંદાજીત) જે કામની અંદાજીત રકમનાં ૨૭.૪૪-% જેવો થાય તથા મડાગાળનાં પ્રોબલેમને કારણે હાથ ફ્રોડ મેટલ તથા એપ્રોચ માટે રોડ બેઈઝની આઇટમો માટે એકસ્ટ્રા ખર્ચ રૂ.૫.૨૨ લાખ મંજુર કરેલ હતો ટેન્ડર ભાવનાં બદલે જે વર્ષમાં કામગીરી કરેલ તે વર્ષનાં એસ.ઓ.આર.નાં ભાવથી ચૂકવણુ કરવાનું થતાં કરેલ વધારાના ખર્ચ અંગે સ્પષ્ટતા થવી ઘટે.
- ઇજારદારની કામમાં ધીમી પ્રગતિ, વારંવાર કામ બંધ રાખવાને લીધે કામ નિયત તેમજ વધારેલી સમયમર્યાદામાં પૂર્ણ ન કરતા કામની અંદાજીત કિંમતનાં ૧૦-%મર્યાદામાં વિલંબ વળતર રૂ.૧૮,૯૯,૦૦૦/- ઇજારદાર પાસેથી વસુલ મેળવવુ ઘટે.
- થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન એકમ દ્વારા પણ ઇન્સ્પેકશન રીપોર્ટમાં કાટ વાળુ સ્ટીલનો ઉપયોગ ન કરવા જણાવેલ, વિંગ વોલનાં કામે બિછાવવામાં આવેલ સ્ટીલ પર કાટ લાગેલ હોયને કાટ લાગેલ સ્ટીલ ઉપયોગમાં ન લેતા સ્થળ પરથી દુર કરવા જા.નં-૧૭૪, તા.૧૧/૦૪/૨૦૧૩ થી ઇજારદારને જણાવેલ હોયને સ્થળ પર કાટવાળુ લોખંડ દુર કરી નવુ સ્ટીલ કાટ રહિત ઇજારદાર દ્વારા વાપરવા અંગેની વિગતો રેકર્ડ પર જણાયેલ ન હોઇને કરેલ કાર્યવાહીની આધાર સહ ઓડીટને ખાત્રી કરાવેલ નથી.
- ઉક્ત કામે મીક્ષ ડીઝાઇન કોંક્રીટ ગ્રેડ-૨૦-૨૫-તથા ૩૦ ના પરિક્ષણો બીપીટીઆઇ ભાવનગરનાં તા. -૨૬/૦૬/૧૨નાં રેકર્ડ પર હતાં. જ્યારે સીસીક્યુબનાં પરિક્ષણો ખાનગી પ્રયોગશાળા શ્રીજી મટીરીયલ ટેસ્ટીંગ લેબોરેટરીનાં મેળવેલ હતા. રજુ થયેલ મટીરીયલ પરિક્ષણો સંતોષકારક હોવા અંગેનાં તાંત્રીક અધિકારીનો તેમજ થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન એકમનો રેકર્ડ પર જણાવેલ ન હતો. આ ઉપરાંત કામમાં વપરાશ થયેલસેન્ડ, સીમેન્ટ, સ્ટીલ, મેટલ, ક્વોરીસ્પોલ મુરમનાં એકપણ પરિક્ષણ રેકર્ડ પર જણાયેલ ન હતાં. કામમાં વપરાશ કરેલ મટીરીયલનાં પરિક્ષણોને અભાવે ઇજારદાર દ્વારા કરેલ કામ ટેન્ડર સ્પેશીફિકેશન મુજબ ગુણવત્તા સભર, સ્વિકૃત ધોરણવાળુ થવાની રેકર્ડ આધારિત ખાત્રી કરાવેલ નથી.
- ઉક્ત કામના ઈજારદારને ચૂકવેલ રનીંગ તથા આખરી બીલની રકમમાંથી વેટની કપાત થયાનું જણાતું ન હોય રૂ.૧,૩૬,૨૫૩/- ઈજારદાર પાસેથી વસુલ મેળવી સરકારશ્રીમાં જમા કરાવવા રહે.
- ઉક્ત કામે ક્વોલીફાઈડ ઈજનેરની નિયુક્તી થયેલ જણાયેલ ન હોય આ કામ પૂર્ણ કરવાના સમય સુધી રૂ.૪,૮૦,૦૦૦/- ઈજારદારશ્રી પાસેથી વસુલ લેવા ઘટે.
- થર્ડ પાર્ટી ઇન્સ્પેક્શન એક્મ સિકોન પ્રા.લિ.ની આ કામની વખતો વખત કરેલ વિઝિટ દરમ્યાન આપેલ રિપોર્ટની વિગતો સિમેન્ટ, સ્ટીલનાં પરિક્ષણો કરાવ્યા બાદ ઉપયોગમાં લેવા, કામની જગ્યા કોસ્ટલ એરિયાની નજીકમાં હોયને એન્ટી કોરોસિલ (કાટ રહિત) પેઇન્ટેડ સ્ટીલનો ઉપયોગ કરવા, આ કામ મુખ્યત્વે કોંક્રીટ ટ્રક્ચરનું હોય એન્ટ્રી ગેટનાં સાચા ઉપયોગ માટે વેટ બેઝ મીક્ષ મશિનનો ઉપયોગ કરવા તેમજ વાઇબ્રેટરનો ઉપયોગ કરી નિયમિત ક્યોરીંગ કરવા, એપ્રોચનાં કામોમાં બ્લેક સોઇલ સાઇટ પર રાખેલ છે. તેનો વપરાશ ન કરતા પસંદ અને માન્ય કરેલ માટીનો ઉપયોગ કરવા લેવલ વાઇઝ રોલીંગ વોટરીંગ કરવુ અર્થ વર્કનાં ફીલીંગ પહેલા વીપ

| | | |
|---|---|---|
| | હોલ ખુલ્લા રાખવા ફિલ્ટર મીડીયા, એબટમેન્ટ તથા રીટર્ન વોલની પાછળ નિયત કરેલ પ્રોવિઝન મુજબ રાખવાની સૂચનાઓની અમલવારી ઇજારદાર પાસેથી કરાવી કામ ટેન્ડર સ્પેશીફિકેશન મુજબનું થયાની અને કામ પૂર્ણ થયા બાદ થર્ડ પાર્ટી ઇન્સ્પેક્શન એકમ દ્વારા કામ ગુણવત્તાયુક્ત થવા અંગે પ્રમાણિત કર્યાનું રેકર્ડ પર રાખી ઓડીટ ને ખાત્રી કરાવેલ નથી<br>➢ ઉક્ત કામે ૨૫ થી ૯૦ MM હાથ ફોડ મેટલનાં પ્રતિ ઘનમીટર ભાવ રૂ.૫૫૧/- મુજબ, જી.એસ.બી. (ગ્રેન્યુઅલ સબ બેઝ) નો પ્રતિ ઘન મીટર ભાવ રૂ.૯૩૩/- અને VMM(વેટ મીક્ષ મેકેડમ) નો પ્રતિ ઘનમીટરનો ભાવ રૂ.૧૦૬૩/- મુજબ એકસ્ટ્રા આઇટમની ચૂકવણી કરવામાં આવેલ. આ ભાવ કન્સલટન્ટ દ્વારા આપવામાં આવ્યા હતાં. પરંતુ આઇટમવાર ભાવની રેટ એનાલીસીસ આપેલ ન હોય, કન્સલટન્ટ દ્વારા નિયત કરેલ ભાવ શેના આધારે આપવામાં આવેલ, આપેલ ભાવોવ્યાજબી-સાચા હોવાની ખરાઇ થઇ શકેલ નથી.<br>➢ ઉક્ત કામે ટેન્ડર રકમ કરતા રૂ.૧૨,૯૭,૩૮૫/-નો વધારો તેમજ એકસ્ટ્રા આઇટમ રકમ રૂ.૫,૨૨,૪૪૬/- મળી વધારાનો ખર્ચ રૂ.૧૮,૧૯,૮૩૧/- નો વધુ ખર્ચ થવાને લીધે જે કામની અંદાજીત રકમનાં ૧૦-% વધું હોઇ સક્ષમ સત્તાધિકારી પાસેથી રીવાઇઝ તાંત્રીક તેમજ વહીવટી મંજુરી મેળવવી રહે.<br>➢ ઉક્ત કામનું પૂર્ણતા પ્રમાણપત્ર નિયત નમુનામાં સક્ષમ અધિકારીશ્રીનું મેળવી આધારસહ ખાત્રી કરાવેલ નથી. | |

| વિ.અ. ફ.નં. | ફકરાની વિગત તથા ઓડિટ નોંધ | | વસુલાત પાત્ર રકમ રૂ.(લાખમાં) |
|---|---|---|---|
| ૬.૧૨ | નિલમબાગ ફિલ્ટરથી કુંભારવાડા સુધી એકસ્પ્રેસ પાણીની ફીડર લાઇનનાખવાનાં કામની અનિયમિતતા. (ફકરા નં.૦૯) | | |
| | અંદાજીત રકમ | રૂ.૧,૭૮,૭૬,૨૦૦/- | ૩.૦૨ |
| | ટેન્ડર રકમ | રૂ.૨,૦૪,૩૪,૨૮૪/-(અંદાજીત કિંમતથી ૧૪.૩૧% ઉંચા) | |
| | કામનો કુલ ખર્ચ | રૂ.૨,૦૨,૭૧,૬૬૨/- | |
| | **ઓડિટ નોંધ:**<br>➢ તારીખ ૨૯/૦૬/૧૩ની કચેરી નોંધ નાં મુદા નં-૬ મુજબ આ કામનાં અંદાજો પાણી પુરવઠા બોર્ડનાં એસ.ઓ.આર. અને વોટર વર્કસ વિભાગનાં મંજુર કરેલ ભાવો લઇને તૈયાર કરવામાં આવેલ હતાં. પરંતુ ક્યાં વર્ષનાં એસ.ઓ.આર.નાં ભાવો કઇ આઇટમ માટે, તેમજ કઇ આઇટમનાં ભાવો મંજુર કરેલ વાર્ષિક ભાવો લેવામાં આવેલ તેની રેકર્ડ પર વિગતો જણાયેલ ન હતી.આઇટમવાર ભાવનું પૃથ્થકરણની રેકર્ડ આધારીત ઓડીટને ખાત્રી કરાવેલ નથી.<br>➢ ઉક્ત કામની તાંત્રીક મંજુરી સક્ષમ તાંત્રીક સત્તાધિકારીની ન મેળવવા સબબ સ્પષ્ટતા થવી ઘટે.<br>➢ ગુજરાત મ્યુ. ફાયનાન્સ બોર્ડનાં દફ્તરી હુકમ નં-મફબ/ એસ.જે.એમ.એમ.એસ. વી.વાય/૨૦૧૨/યુડીપી-૭૮/ભાવનગર મહા.ન.પા/૮૨૭૭ તા.૧૮/૦૫/૨૦૧૩થી આ કામની રૂ.૧૫૦.૦૦ લાખની સૈધાંતિક મંજુરી આપેલ હતી. હુકમની શરત-૫ મુજબ આ હુકમથી મંજુર કરેલ કામો માટે જ વાપરી શકાશે. અન્ય કોઇ કામો માટે આ રકમ વાપરી શકાશે નહી. આ કામની ટેન્ડર રકમ રૂ.૨૦૪.૩૪ લાખ હોય, વધારાનાં થનાર ખર્ચ રકમ રૂ.૫૪.૩૪ લાખ કઇ યોજનામાંથી ફાળવી શકાય તેવી કમિશ્નરશ્રીની નોંધની સૂચનાનાં જવાબમાં આ સદરે રૂ.૨૭.૦૦ કરોડનાં પ્રોજેક્ટ પૈકી અન્ય કામોની બચત રકમ રહેવાની શક્યતા હોય, આ કામે થનાર વધારાનાં ખર્ચની રકમ બચતમાંથી ફાળવી શકાશે, પરંતુ આ કામ પૂર્ણ થવા સુધી વધારાનાં થયેલ ખર્ચની રકમ ફાળવણીનાં હુકમ સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવ્યાનાં આધારો ફાઇલ પર જણાયેલ ન હતા. આ કામ માટે મ્યુ.ફાઇનાન્સ બોર્ડ તરફથી મળેલ સૈધાંતિક મંજુરી કરતાં થયેલ વધુ ખર્ચ માટે સક્ષમ અધિકારીશ્રીની મંજૂરી મેળવેલ નથી.<br>➢ સેન્ટ્રલ એક્સાઇઝ નોટીફીકેશન નં-૬/૨૦૦૬ તા.૦૧/૦૩/૨૦૦૬ નાં અનુક્રમ નં-૭ નાં ચેપ્ટર નં-૮૪ નાં ચેપ્ટર ક્લોઝ-૨ તથા નોટીફીકેશન નં-૬/૨૦૦૭ તા.૦૧/૦૩/૨૦૦૭ થી ઉપર જણાવેલ ક્લોઝમાં ઉમેરો કરેલ ક્લોઝ નં-૩ માં સુધારો | | |

કર્યા મુજબ ૧૦ સી.એમ.થી વધુંનાં આઉટર ડાયામીટરનાં એસ પ્રેસર પાઇપની ખરીદી પર એકસાઇઝ ડ્યુટીનો લાભ મળવાપાત્ર હોય છે. આ કામ માં વપરાશ કરેલ ૧૫૨૫ રનીંગ મીટર ડીઆઇ પાઇપની કિંમત રૂ.૧,૧૯,૬૫,૧૫૦ના ૧૨.૩૬% મુજબ એકસાઈઝ ડ્યુટી રકમ રૂ|.૧૪,૭૮,૮૯૨ ના લાભ મેળવવાની કાર્યવાહી ન કરવાને લીધે વધારાનો ખર્ચ થતા સંસ્થાને આર્થિક નુકસાન થયેલ છે.

- ઉક્ત કામના ઈજારદારને ચૂકવેલ રનીંગ તથા આખરી બીલની રકમમાંથી વેટની કપાત થયાનું જણાતું ન હોય રૂ.૧,૨૧,૬૩૦/- ઈજારદાર પાસેથી વસુલ મેળવી સરકારશ્રીમાં જમા કરાવવા રહે.
- ઇજારદાર દ્વારા ખરીદ કરેલ ડી.આઇ.પાઇપ, સ્લુસ વાલ્વ, એર વાલ્વ, વેન્ડર પાસેથી કરેલ ખરીદીનાં મુળ બીલો ઇજારદાર પાસેથી મેળવી ફાઇલે આપવામાં આવેલ ન હોય લેઇંગ(પાથરવું)-ઇન્સ્ટોલ(ફીટીંગ) કરેલ પાઇપ તથા વાલ્વ ટેન્ડર સ્પેશીફીકેશન મુજબનાં હતાં કે નહી તેની ખરાઇ થઇ શકેલ ન હતી.
- ઉક્ત કામમાં પી.એન-૧ સ્લુસ વાલ્વ તથા અલંગનાં સ્લુસ વાલ્વ જુદા-જુદા ડાયાના, સીઆઇડી જોઇન્ટ, નટ-બોલ્ટ સાથે સપ્લાય કરવાનાં, ૬૦૦ એમ.એમ. ડાયાનાં ૧૦ એમ.એમ.જાડાઇના એમ.એસ.પાઇપ સપ્લાય, ક્રેસીંગ પાઇપની અંદર આવેલ હયાત ૪૦૦ એમ.એમ.ડાયાની પાઇપ લાઇન બહાર કાઢવાની આઇટમનાં મુળ અંદાજમાં ન લેવાને લીધે એકસ્ટ્રા આઇટમ તરીકે કામ કરાવતાં તેની રકમ રૂ.૧૪૩૪૯૫૫/- ચૂકવવામાં આવેલ હતી. જયારે અંદાજ કરતા સ્થળ પર કરેલ કામ મુજબ રૂ.૯૬૯૭૮૨/- ની બચત રહેલ હતી. એકસ્ટ્રા કરાવેલ કામનાં ભાવો કયા આધારે ચૂકવવામાં આવેલ તેની રેકર્ડ આધારીત ખાત્રી થઇ શકેલ નથી.
- ટેન્ડરની શરત-૩૮ મુજબ ઇજારદાર દ્વારા ટેન્ડરમાં દર્શાવેલ જુની લાઇનો સ્ટોર પર લંબાઇ મપાવી જમા કરાવવાની હતી. વોટર વિભાગ દ્વારા જા.નં-૫૭૧૯, તા.૨૯/૦૧/૨૦૧૫ થી ૪૦૦ એમ.એમ.ડાયાનાં જુનાં એસી પ્રેશર પાઇપ સ્ટોરમાં જમા ન કરાવવા સબબ ઇજારદારને તાકીદ કરવામાં આવેલ હતી. સ્ટોર વિભાગની જમા ચીઠ્ઠી નં-૧૩૩૧ તા.૦૨/૦૨/૨૦૧૫ થી ઇજારદારે ૩૪ રનીંગ મીટર પાઇપ (૪૦૦ ડાયાની) સ્ટોરમાં જમા કરાવવાનું રેકર્ડ પર જણાયેલ હતું કામનાં અંદાજમાં હયાત ૪૦૦ એમ.એમ.ડાયાની કેટલી લાઇન બદલવાની હતી. તેની વિગત અંદાજપત્રમાં જણાયેલ ન હતી. સ્થળ પર ૬૦૦ એમ.એમ. ડાયાનાં પાઇપ લેબીંગ કરતા જૂના ૪૦૦ એમ.એમ.ડાયાનાં કેટલા રનીંગ મીટર પાઇપ બદલવામાં આવેલ. તે પૈકી ઇજારદાર દ્વારા હજી કેટલા પાઇપનો જથ્થો સ્ટોરમાં જમા કરાવવાનો બાકી અને તેની રેકર્ડ આધારીત ઓડીટને ખાત્રી થઇ શકેલ નથી.
- ઉક્ત કામની આઇટમ નં-૯, ૪ થી ૬ એમ.એમ.જાડાઇની નવી પ્લેટમાંથી ૧૦ તથા ૧૫ ક્લાસનાં પાઇપ, બેન્ડ ટી, રીડ્યુસર, ટેલસમીસ, પ્લગ, બુચ સપ્લય કરવાનાં ભાવ પ્રતિ કિલોગ્રામ રૂ.૧૧૨/- મુજબ ૪૦૦૦ કીલો અંદાજમાં લેવામાં આવેલ. આખરી બીલ મુજબ સપ્લાય કરેલ જથ્થો ૬૭૩૦ કિલો ગ્રામ થતાં અંદાજ કરતાં વધારાની રકમ રૂ.૩૦૫૭૬૦/- ચૂકવવામાં આવેલ હતી. ઇજારદારે સપ્લાય કરેલ ૬૭૩૦ કિલો જથ્થાનાં વજનનાં આધારો સપ્લાય કરેલ મટીરીયલ કઇ તારીખે કેટલા વજનનું કયા વાહન મારફત કરેલ તેની વિગતો માપપોથીમાં નોંધવામાં આવેલ ન હતી. તેમજ વર્ક ફાઇલે પણ વિગતો જણાવેલ ન હતી.
- ઉક્ત કામની આઇટમ નં-૧૭ પાઇપ લાઇન નાખવાનાં કામ દરમ્યાન આર.સી.સી. વર્ક તોડવાનાં કામનો આખરી બીલ મુજબ અંદાજીત ૩૫- કલાક સામે ૧૨૫ કલાક કરેલ. કામની રકમ ઇજારદારને ચૂકવવામાં આવેલ હતી. આર.સી.સી. વર્ક તોડવાનું કામ કઇ તારીખે, કટેલા કલાક, કયાં સમય દરમ્યાન કરવામાં આવેલ તેની નોંધ માપપોથીમાં કરવામાં આવેલ ન હતી. તેમજ વર્ક ફાઇલે આ અંગેની વિગતો જણાયેલ નથી.
- ઉક્ત કામની આઇટમ નં-૧૯સ્થળ પર એમ.એસ.લાઇનને વેલ્ડીંગ કરવાનાં કામે અંદાજ મુજબ ૫૦ કલાકનાં કામ સામે આખરી બીલ મુજબ ૪૦૯ કલાક જે અંદાજીત જથ્થા કરતા આઠ ગણા વધું કામ કરવાને લીધે અંદાજીત કરતાં રૂ.૩૯૭૯૫૪/- વધારે રકમ ચૂકવાયેલ હતી. કરવામાં આવેલ વેલ્ડીંગની કામગીરીનાં કલાકોનાં સમર્થન માટે કયાં દિવસે, કેટલા કલાક, કયાં સમયે કરવામાં આવેલ તેની નોંધ માપપોથીમાં કરાયેલ ન હતી. તેમજ વર્ક ફાઇલે પણ જણાયેલ નથી.
- ઉક્ત કામની આઇટમ નં-૨૦ ડીવોટરીંગની કામગીરી ૩૪૫ કલાક આખરી બીલમાં જણાયેલ હતી. ઇજારદાર દ્વારા કામનાં સ્થળે ડીવોટરીંગની કામગીરી કઇ તારીખે

| | | |
|---|---|---|
| | કેટલા કલાક, કયાં સમયે કરેલ તેની નોંધ માપપોથીમાં કરેલ ન હતી કે વર્ક ફાઇલે જણાયેલ ન હતી.<br>➢ ટેન્ડર શરત-૪૫ મુજબ ફ્લો-પ્રેશર ટેસ્ટ વિભાગનાં સબંધિત કર્મચારી/અધિકારીની હાજરીમાં કરવાનો રહેશે. ઇજારદારે આ કામ તા.૧૦/૧૧/૨૦૧૪ નાં રોજ પૂર્ણ કરેલ. પરંતુ વર્ક ફાઇલે કામ શરૂ કરતાં પહેલાનાં અને કામ પૂર્ણ થયા બાદનાં ફ્લો-પ્રેસર ટેસ્ટ કર્યાની વિગતો વર્ક ફાઇલે જણાયેલ ન હતી. સબબ નવી લેવીંગ કરેલ પાઇપલાઇનમાં પાણીનું પ્રેસર યોગ્ય રીતે થાય  કે કેમ ? આ પાણીની લાઇનનું લેવીંગ કર્યા બાદ વિસ્તારમાં પાણી પુરતા પ્રેસરથી ન મળવા સબબે ફરિયાદો મળેલ હતી કે કેમ ? વગેરેની વિગતોની રેકર્ડ આધારિત ખાત્રી થઇ શકેલ નથી.<br>➢ ઉક્ત કામનાં આખરી બીલ મુજબ ૬૦૦ એમ.એમ.ડાયાનાં સપ્લાય કરેલ પાઇપ ૧૫૨૫ રનીંગ મીટર હતો. એક્સ્ટ્રા આઇટમો પૈકી આઇટમ નં-૮ થી ૬૦૦ ડાયાનાં ૪૬ રનીંગ મીટર પાઇપ સ્ટોરમાંથી સાઇટ પર લાવવામાં આવેલ હતાં. એક્સ્ટ્રા આઇટમોની આઇમટ નં-૧૦ મુજબ ૬૦૦ એમ.એમ.ડાયાના એમ.એસ.પાઇપ ૬૦ રનીંગ મીટર ઇજારદારે સપ્લાય કરેલ હતાં. ૬૦૦ એમ.એમ.ડાયાનાં સપ્લાય કરેલ કુલ જથ્થો ૧૬૩૧ રનીંગ મીટર (૧૫૨૫+૪૬+૬૦) સામે આઇટમ નં-૩ થી પાઇપ લેવીંગ ૧૬૫૭ રનીંગ મીટરનું ચૂકવણુ કરવામાં આવેલ હોય સપ્લાય કરતાં વધું ૧૬ રનીંગ મીટર (૧૬૫૭-૧૬૩૧) નું વધું ચૂકવણું કરવા બદલ રેકર્ડ આધારિત ખરાઇ સહ સ્પષ્ટતા થવી ઘટે.<br>➢ ઉક્ત કામનાં રનીંગ તેમજ આખરી બીલનાં માપો માપપોથી નં-૧૦૪ માં નોંધવામાં આવેલ હતાં. આ માપો કઇ તારીખે, કોના દ્વારા નોંધવામાં આવેલ તેની વિગતો માપપોથીમાં નોંધવામાં આવેલ ન હતી. આ કામની માપપોથીમાં નોંધેલ માપો સક્ષમ સત્તાધિકારી દ્વારા ચેકીંગ કર્યા સબબ માપપોથીમાં નોંધ કરી પ્રમાણપત્ર આપવામાં આવેલ ન હતું. ચેકીંગ રજિસ્ટર ઓડીટનાં કામે રજુ કરવામાં આવેલ ન હોઇને સંસ્થા દ્વારા ચેકીંગ રજિસ્ટર નિભાવેલ હોવાની ઓડીટને ખાત્રી થઇ શકેલ નથી.<br>➢ ઉક્ત કામે ક્વોલીફાઇડ ઈજનેરની નિયુક્તી થયેલ જણાયેલ ન હોય આ કામ પૂર્ણ કરવાના સમય સુધી રૂ.૧,૮૦,૦૦૦/- ઈજારદારશ્રી પાસેથી વસુલ લેવા ઘટે. | |

<table>
<tr><td>વિ.અ. ફ.નં.</td><td colspan="2">ફકરાની વિગત તથા ઓડિટ નોંધ</td><td rowspan="2">વસુલાત પાત્ર રકમ રૂ.(લાખમાં)</td></tr>
<tr><td>૬.૧૩</td><td colspan="2">મહિલા કોલેજથી શિશુવિહાર સર્કલ થઇ ભિલવાડા સર્કલ સુધી ૪૦૦ એમ.એમ.ડાયાની ડી.આઇ.પાઇપલાઇન નાખવાનાં કામની અનિયમિતતા. (ફકરા નં.૧૩)</td></tr>
<tr><td></td><td>અંદાજીત રકમ</td><td>રૂ.૬૯,૯૯,૫૦૦/-</td><td></td></tr>
<tr><td></td><td>ટેન્ડર રકમ</td><td>રૂ.૮૨,૨૪,૪૧૨/- (અંદાજીત કિંમતથી ૧૭.૫૦ % ઉંચા)</td><td></td></tr>
<tr><td></td><td>કામનો કુલ ખર્ચ</td><td>રૂ.૭૮,૫૦,૧૭૯.૭૦/-</td><td></td></tr>
<tr><td></td><td colspan="2">ઓડિટ નોંધ:<br>➢ ઉક્ત કામની બીડની વેલીડીટી ૧૮૦ દિવસની હોય બાનાની રકમ ઓછામાં ઓછી ૧૮૦ દિવસની રજુ કરવાની રહે જે મુજબ (૧)જે.કે.કન્સ્ટ્રકશન કું, ભાવનગરને ‘ અ ’ વર્ગનું રજિસ્ટ્રેશન કાર્યપાલક ઇજનેરશ્રી, મા.મ.વિભાગ(રાજ્ય), ભાવનગરે તા.૩૧-૧૨-૧૪ સુધીનું આપેલ. રજિસ્ટ્રેશન પત્રની શરત-૬ મુજબ રૂ.૭૫.૦૦ લાખની બેન્ક સોલવન્સી રજુ કરવાની હતી. બીડર દ્વારા એસ.બી.આઇ. નીલમબાગ શાખાની રૂ.૨૦૦.૦૦ (બસો) લાખની બેન્ક સોલવન્સી તા.૦૬-૦૮-૨૦૧૨ ની રજુ કરેલ જેની મુદત તા.૩૧-૧૨-૨૦૧૨ અને વધુમાં વધુ તા.૩૧-૦૩-૨૦૧૩ સુધી વેલીડ રાખવાની રહે. આ કામનાં ટેન્ડર સબમીશનની છેલ્લી તા.૨૩-૧૨-૨૦૧૩ ની હોઇને રજુ કરેલ બેન્ક સોલવન્સી અગાઉની તારીખની વેલીડીટી પુરી થયાની રજુ કરેલ હતી. (૨) સાંઇબાબા કન્સ્ટ્રકશન કું., ભાવનગરે રજુ કરેલ ટેન્ડર દસ્તાવેજોમાં બાનાની રકમ ૧૨૧ દિવસનાં સમયની રજુ કરેલ જયારે (૩) હરેશભાઇ ઝવેરભાઇ વઘાસીયા, ભાવનગરે રજુ કરેલ ટેન્ડર દસ્તાવેજોમાં બાનાની રકમ ૧૨૫ દિવસનાં સમયની રજુ કરેલ હતી. આમ નિયમ મુજબ બાનાની રકમ રજુ ન થવા છતાં ઉક્ત ત્રણેય બીડરોનાં બીડ ખોલવામાં આવેલ હતાં. સૌથી ઓછા ભાવવાળા બીડર (સેલ-૧) હરેશભાઇ ઝવેરભાઇ વઘાસીયાને આ કામનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ હોઇને સ્પષ્ટતા થવી ઘટે.</td><td></td></tr>
</table>

- ટેન્ડર નોટીસની વર્તમાનપત્રમાં પ્રસિધ્ધિ બાબતે રૂ.૫૦/-લાખથી વધુ રકમના કામ માટે ઓછામાં ઓછા બે ગુજરાતી વર્તમાનપત્રમાં અને એક અંગ્રેજી વર્તમાનપત્રમાં જાહેરાત આપવી જોઇએ. તેવી જોગવાઇ થયેલ છે. ઉક્ત કામની જાહેર નિવિદાની પ્રસિધ્ધિ સ્થાનિક "સૌરાષ્ટ્ર સમાચાર" વર્તમાનપત્ર તા.૦૮-૦૨-૨૦૧૩ નાં રોજ સંસ્થાએ બારોબાર વર્તમાનપત્રનાં તંત્રીશ્રીને મોકલી આપેલ હતી. નિયમ મુજબ જાહેર નિવિદાની પ્રસિધ્ધિ ન કરવા બદલ સ્પષ્ટતા થવી ઘટે.
- ઉક્ત કામનાં તૈયાર કરેલ અંદાજોમાં અમુક આઇટમનાં પાણી પુરવઠા બોર્ડનાં એસ.ઓ.આર.નાં ભાવો, તેમજ અમુક આઇટમનાં વોટર વિભાગે મંજૂર કરેલ વાર્ષિક ભાવ લઇને તૈયાર કરેલ હતા.અંદાજની આઇટમ નં-૪ લોંગ કોલર સી.આઇ.ડી જોઇન્ટ સપ્લાયકરવાનાં ૨૦૦ એમ.એમ. તથા ૬૦૦ એમ.એમ. ડાયાનાં ભાવો પાણી પુરવઠાનાં એસ.ઓ.આર. કે મંજુર કરેલ વાર્ષિક ભાવનાં લીધેલ તેની વિગતો જણાયેલ ન હતી. ૪૦૦ એમ.એમ. ડાયાનાં વાર્ષિક ભાવ મંજુર કરેલ ન હોયને અંદાજમાં પ્રતિ નંગ લીધેલ રૂ.૨૪૦૦ ભાવની ખરાઇ થઇ શકેલ ન હતી. આઇટમ નં-૬ સપ્લાય કરેલ સ્લુસ વાલ્વને લેપીંગ જોઈન્ટીંગ કરવાનાં લીધેલ ભાવને મંજુર કરેલ વાર્ષિક ભાવ સાથે સરખાવતાં ૩૦૦ એમ.એમ.ડાયાનાં પ્રતિ નંગનાં મંજુર કરેલ ભાવ રૂ.૧૧૬૮/- ની જગ્યાએ રૂ.૧૭૫૧/- લઇ અંદાજ તૈયાર કરવામાંઆવેલ. ઉક્ત વિગતે અંદાજમાં લીધેલ ભાવોની ઓડિટને આધારસહ ખાત્રી થઇ શકેલ નથી.
- ઉક્ત કામની તાંત્રીક મંજુરી સક્ષમ તાંત્રીક સત્તાધિકારીની મેળવવા આવેલ ન હોવાથી વોટર વર્કસ વિભાગનાં તાંત્રીક કર્મચારી/અધિકારીશ્રી દ્વારા તૈયાર કરેલ અંદાજોને અન્ય ઓથોરીટી મારફત ચકાસણી કરી અલગથી તાંત્રીક મંજુરી મેળવવાની કાર્યવાહી ન થવાને લીધે વિભાગ દ્વારા તૈયાર કરેલ અંદાજોમાં ભુલો રહેવાની શક્યતા નકારી શકાય નહી.
- ઉક્ત કામે ઈજારદાર પાસેથી અંદાજીત રકમનાં ૫ ટકા મુજબ બેન્ક ગેરંટી રકમ રૂ.૩,૫૦,૦૦૦/-ની મેળવેલ હોઇ. ૧૦ ટકા મુજબ જામીનગીરી ન મેળવવા સબબ સ્પષ્ટતા થવી ઘટે.
- ઉક્ત કામમાં મુખ્ય આઇટમ ૪૦૦ એમ.એમ. ડાયાના ડકટાઇલ આયર્ન પાઇપ ૧૨૦૦ રનીંગ મીટર સપ્લાય લેપીંગ જોઇન્ટીંગ કરવાની હતી. ટેન્ડર આઇટમોનાં ડીટેઇલ સ્પેશીફીકેશન મુજબ ડી.આઇ.પાઇપ સરકારશ્રી દ્વારા અધિકૃત કરેલ વેન્ડરો પાસેથી થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન કરાવી તે અંગેનાં આધારો રજુ કરાવવાનાં થતા હતા. ઇજારદાર દ્વારા ૪૦૦ એમ.એમ.ડાયાનાં ડી.આઇ. પાઇપની ખરીદી ઉત્પાદક મે.રશ્મી મેટાલીંક લી. પાસેથી કરવામાં આવેલ હોવાનું થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન એજન્સી એસ.જી.એસ.ઇન્ડીયા પ્રા.લી. એ સેમ્પલ પાઇપનો રજુ કરેલ ઇન્સ્પેકશન રીપોર્ટમાં જણાયેલ. થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન એકમે સેમ્પલ પાઇપ મુજબનો ગુણવત્તા સબબ સંતોષકારક આપેલ રીપોર્ટ મુજબનાં જ પાઇપનો જથ્થો સ્થળ પર આવેલ હતો કે નહી તે રજુ થયેલ થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન રીપોર્ટને સંસ્થાનાં જવાબદાર તાંત્રીક અધિકારી મારફત પ્રમાણિત કર્યાનું રેકર્ડ પર જણાયેલ ન હતું. સબબ કામમાં લેપીંગ, જોઇન્ટીંગ કરેલ ડકટાઇલ આર્યન પાઇપ ઇન્સ્પેકશન રીપોર્ટ મુજબની ગુણવત્તાવાળા હોવાની ખાત્રી રેકર્ડ આધારીત થઇ શકેલ નથી.
- ટેન્ડર શરત-૩૬ મુજબ પાઇપ લાઇનનાં કામ દરમ્યાન જરૂરી એમ.એસ.ફીટીંગનું વજન ઓફીસનાં જવાબદાર કર્મચારીશ્રી/અધિકારીશ્રીની હાજરીમાં કરવાની રહે છે. આ કામમાં આખરી બીલ મુજબ (આઇટમ નં-૯) ૨૦૧૦ કિલો એમ.એસ. સપ્લાયનું કરેલ ચૂકવણુ પ્રતિ કિલો રૂ.૮૧/- મુજબ રૂ.૧૬૨૧૦/- માટે શરત મુજબ જવાબદાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીની રૂબરૂમાં વજન કર્યાનાં આધારો રેકર્ડ પર જણાયેલ નથી.
- ઉક્ત કામનાં અંદાજની આઇટમ નં-૧૦ મુજબ ડકટાઇલ આયર્ન પાઇપ માટે બેન્ડ ટી, રીડ્યુસર, પ્લગ, વગેરે સપ્લાય કરનારનાં કામે સોકેટ ટાઇટ ૧૧૦૦ કિલો તેમજ ફ્લાન્જ ટાઇપ ૧૧૦૦ કિલોની સામે આખરી બીલ મુજબ સોકેટ ટાઇપ ૧૦૯૦ કિલોગ્રામ અને ફ્લાન્જ ટાઇપ ૧૦૫૫ કિલોગ્રામ સપ્લાય કરવામાં આવેલ હતાં. સપ્લાય કરેલ સોકેટ ટાઇપ તથા ફ્લાન્જ ટાઇપનું ચૂકવણુ કિલોગ્રામ દરથી કરવામાં આવેલ પરંતુ રેકર્ડ પર તે અંગેનાં આધારો જણાયેલ ન હતાં.

| | | |
|---|---|---|
| | ➢ ઉક્ત કામનાં અંદાજની આઇટમ નં-૧૭ એમ.એસ.પાઇપલાઇનને વેલ્ડીંગ કામ કરવામાં ૩૦ કલાકનો સમય જયારે આઇટમ નં-૧૮ પાણીની પાઇપ લાઇનનાં ખોદાણ, લેપીંગ દરમ્યાન પાણીનાં ડીવોટરીંગનાં કામ સારૂ ૧૦૦ કલાકનો અંદાજ કરેલ હતો. આખરી બીલ મુજબ આઇટમ નં-૧૭ થી ૧૭ કલાક વેલ્ડીંગ કામ કરવાની રકમ રૂ|.૧૭,૮૩૩/-આઇટમ નંબર-૧૮, ડીવોટરીંગનાં કામે ૯૬ કલાક કરેલ કામની રકમ રૂ.૯૭૨૯/- ચૂકવેલ હતી. આઇટમ નં-૧૭ અન્વયે વેલ્ડીંગ કામનાં કલાકો તેમજ આઇટમ નં-૧૮ ડીવોટરીંગનાં કરાવેલ કામનાં કલાકોની રેકર્ડ પર આધાર જણાયેલ ન હતાં. માપપોથીમાં પણ આ અંગે કરાવેલ કામનાં કલાકો તેમજ કઇ તારીખે કામ કરાવેલ તેની વિગતો નોંધવામાં આવેલ ન હતી.<br>➢ ઉક્ત કામમાં ૧૦ સી.એમ.થી વધુ આઉટર ડાયામીટરનાં પાઇપની ખરીદી પર એક્સાઇઝ ડ્યુટી મુક્તિનો લાભ મળવા પાત્ર હોવા છતાં સંસ્થાએ આ માટે જરૂરી શરત/ખંડની જોગવાઇ ટેન્ડર શરતો તેમજ કરારમાં કરેલ ન હતી. ભાવપત્રકોમાં પણ પાઇપનાં ભાવો એક્સાઇઝ ડ્યુટી સાથેનાં અને એક્સાઇઝ ડયુટી વગરનાં અલગ-અલગ માંગેલ ન હતા. પીવાનાં પાણીની લાઇનનાં કામોમાં એક્સાઇઝ મુક્તિ અંગે જોગવાઇ અમલમાં હોવા છતાં તેનો મળવા પાત્ર લાભ ગુમાવી સંસ્થાને આર્થિક નુકસાન થયેલ છે.<br>➢ ટેન્ડરની શરત-૪૪ મુજબ કામ પૂર્ણ થયેથી વિભાગનાં સબંધિત કર્મચારી/અધિકારીશ્રીની હાજરીમાં ફ્લો ટેસ્ટ અથવા પ્રેસર ટેસ્ટ આપવાના હતાં. પરંતુ વર્ક ફાઇલે ફ્લો ટેસ્ટ/પ્રેશર ટેસ્ટ કર્યાની વિગતો જણાયેલ ન હોય, રેકર્ડ આધારીત ઓડિટને ખાત્રી થઇ શકેલ નથી.<br>➢ ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડનાં તા.૨૮-૧૧-૨૦૧૩ નાં દફતરી હુકમની શરત -૭ મુજબ કામ પૂર્ણ કરી નિયત નમુનામાં કમ્પલીશન પ્રમાણપત્ર મોકલી આપવાનું હતુ. પરંતુ વર્ક ફાઇલે આ કામનું કામ પૂર્ણતા પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારી દ્વારા આપેલ હોવાનું જણાયેલ ન હોય તે રેકર્ડ આધારિત ઓડિટને ખાત્રી થઇ શકેલ નથી.<br>➢ આ કામની ટેન્ડર રકમ રૂ.૮૨૨૪૪૧૨/- ની સામે આખરી બીલ મુજબ ખર્ચ રકમ રૂ.૭૮,૫૦,૧૭૯.૭૦ પૈસાનો થતાં બચત રકમ રૂ.૩૭૪૨૩૨/૩૦ પૈસાની રહેલ. કામ પૂર્ણ થતાં આઇટમવાઇઝ જથ્થા વધ-ઘટ પત્રક તૈયાર ન કરવાને લીધે કઇ આઇટમમાં કેટલી વધઘટ રહેલ છે. તેની ચકાસણી થઇ શકેલ ન હોયને કામનું આઇટમવાઇઝ જથ્થા વધ-ઘટ પત્રક તૈયાર કરવું રહે.<br>➢ ઉક્ત કામમાં હયાત પાણીની લાઇન નેટવર્ક અપગ્રેડ કરવાની હોય, આવી પાણીની લાઇનને ડીસમેન્ટલ કરી વિભાગનાં સ્ટોરમાં જમાં કરાવવાની રહે. પરંતુ હયાત પાણીની લાઇનને સ્થળ પરથી દુર કરી વિભાગનાં સ્ટોરમાં જમા કરાવવાની અલગથી આઇટમનો અંદાજમાં સમાવેશ કરેલ નથી. તેમજ સ્થળ પરથી હયાત પાણીની લાઇનનો વિભાગનાં સ્ટોરમાં જમા કરાવ્યાની વિગતો જણાયેલ ન હોયને કેટલા રનીંગમીટર કેટલા ડાયાની લાઇન હતી. જે સ્થળ પરથી દુર કરી વિભાગનાં સ્ટોરમાં કેટલી પાઇપ લાઇન જમા કરાવી તેની રેકર્ડ આધારિત ખાત્રી થઇ શકેલ નથી. | |

| વિ.અ. ફ.નં. | ફકરાની વિગત તથા ઓડિટ નોંધ | | વસુલાત પાત્ર રકમ રૂ.(લાખમાં) |
|---|---|---|---|
| ૬.૧૪ | કુલસર બારૈયાનાં ચોકથી મધુવન સોસાયટી સુધી ૪૦૦ એમ.એમ.ડાયાની ડી.આઇ.પાઇપ લાઇન નાખવાનાં કામની અનિયમિતતા. (ફકરા નં.૧૪) | | |
| | અંદાજીત રકમ | રૂ.૭૯,૯૯,૫૦૦/- | |
| | ટેન્ડર રકમ | રૂ.૯૩,૯૯,૪૧૨/- (અંદાજીત કિંમતથી ૧૭.૫૦ % ઉંચા) | |
| | કામનો કુલ ખર્ચ | રૂ.૭૯,૪૮,૧૧૮.૮૧/- | |
| | **ઓડિટ નોંધ:**<br>➢ ઉક્ત કામની બીડ વેલીડીટી ૧૮૦ દિવસ માટેની હોયને ઇ.એમ.ડી. રજુ કર્યાની સમયમર્યાદા ઓછામાં ઓછી ૧૮૦ દિવસની જોઇએ. જેનાથી ઓછી મુદત હોવા છતાં ટેન્ડર ખોલવાની કાર્યવાહી કરવા બદલ સ્પષ્ટતા થવી ઘટે. | | |

- ટેન્ડર નોટીસની વર્તમાનપત્રમાં પ્રસિધ્ધી બાબતે રૂ.૫૦/-લાખથી વધુ રકમના કામ માટે ઓછામાં ઓછા બે ગુજરાતી વર્તમાનપત્રમાં અને એક અંગ્રેજી વર્તમાનપત્રમાં જાહેરાત આપવી જોઇએ. તેવી જોગવાઇ થયેલ છે. ઉક્ત કામની જાહેર નિવિદાની પ્રસિધ્ધિ સ્થાનિક "સૌરાષ્ટ્ર સમાચાર" વર્તમાનપત્ર તા.૦૮-૦૨-૨૦૧૩ નાં રોજ સંસ્થાએ બારોબાર વર્તમાનપત્રનાં તંત્રીશ્રીને મોકલી આપેલ હતી. નિયમ મુજબ જાહેર નિવિદાની પ્રસિધ્ધિ ન કરવા બદલ સ્પષ્ટતા થવી ઘટે.
- ઉક્ત કામનાં તૈયાર કરેલ અંદાજોમાં અમુક આઇટમનાં પાણી પુરવઠા બોર્ડનાં એસ.ઓ.આર.નાં ભાવો, તેમજ અમુક આઇટમનાં મંજૂર કરેલ વાર્ષિક ભાવ આધારીત તૈયાર કરેલ હતા.અંદાજની આઇટમ નં-૪ લોંગ કોલર સી.આઇ.ડી જોઇન્ટ સપ્લાયકરવાનાં ૨૦૦ એમ.એમ. તથા ૬૦૦ એમ.એમ. ડાયાનાં ભાવો એસ.ઓ.આર. આધારીત કે મંજુર કરેલ વાર્ષિક ભાવ આધારીત લીધેલ તેની વિગતો જણાયેલ ન હતી તથા ૪૦૦ એમ.એમ. ડાયાનાં વાર્ષિક ભાવ મંજુર કરેલ ન હોયને અંદાજમાં પ્રતિ નંગ લીધેલ રૂ.૨૪૦૦ ભાવની ચકાસણી થઇ શકેલ ન હતી. આઇટમ નં-૬ સપ્લાય કરેલ સ્લુસ વાલ્વને લેઇંગ જોઈન્ટીંગ કરવાનાં લીધેલ ભાવને મંજુર કરેલ વાર્ષિક ભાવ સાથે સરખાવતાં ૩૦૦ એમ.એમ.ડાયાનાં પ્રતિ નંગનાં મંજુર કરેલ ભાવ રૂ.૧૧૬૮/- ની જગ્યાએ રૂ.૧૭૫૧/- લઇ અંદાજ તૈયાર કરવામાં આવેલ. ઉક્ત વિગતે અંદાજમાં લીધેલ ભાવોની ઓડિટને આધારસહ ખાત્રી થઇ શકેલ નથી.
- ઉક્ત કામની તાંત્રીક મંજુરી સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલ ન હતી. તાંત્રીક મંજુરી અલગથી ન મેળવવાને લીધે અંદાજોની ચકાસણીની ઉણપને લીધે અંદાજો તૈયાર કરવામાં અનિયમિતતા જણાયેલ હતી.
- ઉક્ત કામે ઈજારદાર પાસેથી અંદાજીત રકમનાં ૫ ટકા મુજબ બેન્ક ગેરંટી રકમ રૂ.૪,૦૦,૦૦૦/-ની મેળવેલ હોઇ. ૧૦ ટકા મુજબ જામીનગીરી ન મેળવવા સબબ સ્પષ્ટતા થવી ઘટે.
- ઉક્ત કામની મુખ્ય કામગીરી એવી ૪૦૦ એમ.એમ. ડાયાની ડકટાઇલ આયર્ન પાઇપ ૧૩૫૦ રનીંગ મીટર સપ્લાય જોઇન્ટીંગ કરવાની હતી. ટેન્ડર આઇટમોનાં ડીટેઇલ સ્પેશીફીકેશન મુજબ ડી.આઇ.પાઇપ સરકારશ્રીની અધિકૃત એજન્સી પાસેથી થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન કરાવીને તે અંગેનાં આધારો રજુ કરાવવાનું જણાવેલ ઇજારદાર દ્વારા ડી.આઇ. પાઇપની ખરીદી વેન્ડર મેન્યુફેક્ચર (ઉત્પાદક) મે.રશ્મી મેટાલીંક લી. પાસેથી કરવામાં આવેલ. આ પાઇપની ગુણવત્તા સબબ ઇન્સ્પેકશન એસ.જી.એસ.ઇન્ડીયા પ્રા.લી. મુંબઇ એ કરી સેમ્પલ પાઇપ સંતોષકારક હોવાનું પ્રમાણિત કરેલ હતું. પરંતુ ડી.આઇ.પાઇપનાં ઉત્પાદક મે.રશ્મી મેટાલીંક લી.સરકારશ્રી દ્વારા અધિકૃત વેન્ડર હતા કે નહી તેમજ થર્ડ પાર્ટીની નિયુક્તિની વિગતે રેકર્ડ પર જણાયેલ ન હતી. થર્ડ પાર્ટી ઇન્સ્પેકશનીંગ એજન્સી એસ.જી.એસ.ઇન્ડિયા પ્રા.લી. એ સેમ્પલ પાઇપનો રજુ કરેલ ઇન્સ્પેકશન મુજબનો પાઇપનો જથ્થો સ્થળ પર આવેલ હતો કે કે નહી તેમજ રજુ થયેલ ઇન્સ્પેકશન રીપોર્ટને સંસ્થાનાં જવાબદાર તાંત્રીક અધિકારી મારફત પ્રમાણિત કરાયાનું જણાયેલ ન હતું. સ્થળ ઉપર સપ્લાય કરેલ પાઇપ ઇન્સ્પેકશન રીપોર્ટ મુજબની ગુણવત્તાવાળા હોવાની ખાત્રી રેકર્ડ આધારીત થઇ શકેલ નથી.
- ટેન્ડર શરત-૩૬ મુજબ પાઇપ લાઇનનાં કામ દરમ્યાન જરૂરી એમ.એસ.ફીટીંગનું વજન ઓફીસનાં જવાબદાર કર્મચારીશ્રી/અધિકારીશ્રીની હાજરીમાં કરવાની રહે છે. આ કામમાં આખરી બીલ મુજબ એમ.એસ. ફીટીંગ વજન ૧૧૮૧ કિલોગ્રામનાં આધારો તેમજ શરત મુજબ જવાબદાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીની રૂબરૂમાં કર્યાની વિગતો રેકર્ડ પર જણાયેલ ન હતી.
- ઉક્ત કામમાં ૧૦ સી.એમ.થી વધુ આઉટર ડાયામીટરનાં પાઇપની ખરીદી પર એક્સાઇઝ ડ્યુટી મુક્તિનો લાભ મળવા પાત્ર હોવા છતાં સંસ્થાએ આ માટે જરૂરી શરત/ખંડની જોગવાઇ ટેન્ડર શરતો તેમજ કરારમાં કરેલ ન હતી. ભાવપત્રકોમાં પણ પાઇપનાં ભાવો એક્સાઇઝ ડ્યુટી સાથેનાં અને એક્સાઇઝ ડયુટી વગરનાં અલગ-અલગ માંગેલ ન હતા. પીવાનાં પાણીની લાઇનનાં કામોમાં એક્સાઇઝ મુક્તિ અંગે જોગવાઇ અમલમાં હોવા છતાં તેનો મળવા પાત્ર લાભ ગુમાવી સંસ્થાને આર્થિક નુકસાન થયેલ છે.

| | | |
|---|---|---|
| | ➢ ઉક્ત કામનાં અંદાજની આઇટમ નં-૧૯ માં કામનાં સ્થળે હયાત ૨૦૦ એમ.એમ.ડાયાની હયાત પાઇપ લાઇન કાઢી ટુટ-ફુટ ન થાય તે રીતે વ્યવસ્થિત રીતે કાઢી વોટર વર્કસ વિભાગનાં ફીલ્ટર ખાતે આવેલ સ્ટોરમાં સ્ટેન્ડીંગ કરી આપવાની હતી. આ કામનાં આખરી બીલ મુજબ સ્થળ પર ૪૦૦ એમ.એમ.ડાયાની ૧૨૦૯ રનીંગ મીટરનું કામ કરવામાં આવેલ હતું. જેની સામે ૨૦૦ એમ.એમ.ડાયાની પાઇપનું કેટલો જથ્થો સ્થળ પરથી કાઢવામાં આવેલ તે પૈકી કેટલો જથ્થો સારી સ્થિતિમાં વોટર વર્કસ વિભાગનાં સ્ટોરમાં જમા કરાવેલ તેની વિગતો રેકર્ડ પર ન હોય તે રેકર્ડ આધારીત ઓડીટને ખાત્રી થઇ શકેલ નથી.<br>➢ ટેન્ડરની શરત-૪૪ મુજબ કામ પૂર્ણ થયેથી વિભાગનાં સબંધિત કર્મચારી/અધિકારીશ્રીની હાજરીમાં ફ્લો ટેસ્ટ અથવા પ્રેશર ટેસ્ટ આપવાના હતાં. પરંતુ વર્ક ફાઇલે ફ્લો ટેસ્ટ/પ્રેશર ટેસ્ટ કર્યાની વિગતો જણાયેલ ન હોઇ, રેકર્ડ આધારીત ઓડિટને ખાત્રી થઇ શકેલ નથી.<br>➢ ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડનાં તા.૨૮-૧૧-૨૦૧૩ નાં દફતરી હુકમની શરત -૭ મુજબ કામ પૂર્ણ કરી નિયત નમુનામાં કમ્પલીશન પ્રમાણપત્ર મોકલી આપવાનું હતુ. પરંતુ વર્ક ફાઇલે આ કામનું કામ પૂર્ણતા પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારી દ્વારા આપેલ હોવાનું જણાયેલ ન હોય તે રેકર્ડ આધારિત ઓડીટને ખાત્રી થઇ શકેલ નથી.<br>➢ આ કામની ટેન્ડર રકમ રૂ.૯૩,૯૯,૪૧૨/- ની સામે આખરી બિલ મુજબ કામમાં ખર્ચ રકમ રૂ.૭૯,૪૮,૧૧૮.૮૧ પૈસા થયેલ અને બચત રકમ રૂ.૧૪,૫૧,૨૯૩/- ની રહેલ હતી. આ કામ પૂર્ણ થયા બાદ આઇટમવાર જથ્થા વધઘટ પત્રક તૈયાર કરેલ ન હોય ને કઇ આઇટમમાં કેટલો જથ્થો તેમજ રકમની વધઘટ થયેલ તે જાણી શકાયેલ ન હતુ. સબબ આઇટમવાર જથ્થા વધ-ઘટ પત્રક તૈયાર કરી ઓડીટને ખરાઇ કરાવવી ઘટે કામમાં બચત ૫ % થી વધુ રહેતા રી-વાઇઝડ અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારી પાસેથી રીવાઇઝડ તાંત્રીક વહીવટી મંજુરી મેળવવી રહે. | |

## ૬.૧૫ પાણી પુરવઠા નબળી વસુલાત થતા સ્વનિર્ભર બનાવવા અંગે. (ફકરા નં.૫૨)

સરકારશ્રીનાં પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ વિભાગનાં ઠરાવ નં. એમ.યુ.એમ./૩૭૫૯/૨૯૩૧૫/એઆઇ/ તા. ૦૭-૦૮-૧૯૮૮ થી પાણી પુરવઠા યોજનાને આત્મનિર્ભર બનાવવા અંગેની સૂચનાઓ થયેલ છે. વધુમાં સરકારશ્રીના પંચાયત અને આરોગ્ય વિભાગનાં પરિપત્ર નં. એમ.ડબલ્યુ.એમ./૧૦૨૫/૪૫૮૭/એફ/ તા.૨૩-૧૦-૧૯૬૬માં સૂચના આપવામાં આવેલ છે કે પાણી પુરવઠા યોજના નહી નફો નહી નુકશાનના સિધ્ધાંત મુજબ ચલાવવી જોઇએ.

મહાનગરપાલિકા, ભાવનગરનાં સને ૨૦૧૩/૧૪નાં અન્વેષણ વર્ષમાં સામાન્ય પાણીવેરા, કાર્પેટ મુજબ તથા ખર્ચની વિગતની ચકસણી કરતા બન્ને વચ્ચે ઘણો તફાવત રહેવા પામેલ છે. જે અંગે નીચે મુજબ અનિયમિતતા ધ્યાને આવેલ છે.

| ક્રમ | વિગત | પાછલી | ચાલુ | કુલ | વસુલાત | વસુલાતની ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| ૧ | પાણી | ૩૨,૪૩,૪૪,૭૮૮ | ૩૩,૯૩,૫૯૨ | ૩૨,૭૭,૩૮,૩૮૦ | ૩,૮૭,૧૬,૬૫૩ | ૧૧% |
| ૨ | મીટર | માહિતી નથી | માહિતી નથી | ૨,૧૬,૭૪,૦૮૮ | ૧,૯૮,૨૧,૭૩૨ | ૯૧.૪૫% |

(૧) પાણીવેરાના કુલ માંગણા ૩૨.૭૭ કરોડ સામે વસુલાત રૂ. ૩.૮૭ કરોડ થવા પામેલ છે. જ્યારે ૨૮.૯૦ કરોડ જેવી મોટી રકમની વસુલાત બાકીમાં છે. આમ પાણી વેરાની વસુલાત નબળી ગણાય. આ વસુલાત સઘન કરવા માટે સંસ્થા દ્વારા યોગ્ય પ્રયત્ન કરવામાં આવતા નથી. પરિણામે મોટી રકમની વસુલાત બાકી રહે છે.

(૨) મહાનગરપાલિકા દ્વારા મીટરવાળા પાણી કનેકશન કે જેની વસુલાત દર માસે કરવાની રહે છે. તેમ છતા ચાલુ વસુલાતની જ કામગીરી થઇ શકે છે. પાછલા માંગણા અંગે કામગીરી થયેલ હોવાનું જણાયેલ નથી. તેમજ મીટર સિવાયનાં પાણી કનેકશન બંધ કરવા અથવા નોટિસ દ્વારા વસુલાત કરવા કોઇ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ ન હતી.

(૩) મહાનગરપાલિકા દ્વારા શેત્રુંજી પાણી પુરવઠા યોજના તેમજ સરકારશ્રી દ્વારા મહી પરીયોજના દ્વારા પાણી પુરવઠો મેળવવામાં આવે છે. મહાનગરપાલિકાનાં સને ૨૦૧૩-૧૪ નાં વર્ષમાં રૂ. ૮.૪૬ (૮૪૬૫૫૦૦૦) કરોડનો ખર્ચ પાણી પુરવઠા માટે થવા પામેલ છે. જે જોતા યોજના સ્વનિર્ભર કરવા વસુલાતની કાર્યવાહી સઘન બનાવી વેરાની ફેર આકારણી કરવી રહે.

**૬.૧૬ નિર્મળ ગુજરાત શૌચાલય સહાય યોજનામાં જણાયેલ અનિયમિતતા બાબત. (ફકરા નં.૧૯)**

ગુજરાત સરકાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં ઠરાવ ક્રમાંક ન.મ.લ./૧૦૨૦૧૨/SF/૧૪/ધ/તા.૧૨-૦૪-૨૦૧૨ થી શહેરી ગરીબોને પોતાના શૌચાલયનાં બાંધકામ માટે રૂ.૪૫૦૦ ની સહાય ઠરાવેલ છે. અને સદરહું વિભાગનાં તા.૨૬-૦૯-૨૦૧૨ નાં ઠરાવથી સહાયનું ધોરણ-૪૫૦૦ ના બદલે ૬૦૦૦ તેમજ તા.૨૪-૦૪-૨૦૧૩ નાં ઠરાવથી રૂ.૮૦૦૦ ઠરાવવામાં આવેલ છે.

આ યોજના અંગે કેટલીક સ્પષ્ટતા અંગે સદરહું વિભાગનાં તા.૨૧-૧૦-૨૦૧૩નાં ઠરાવ નં. /ન.મ.લ./૧૦૨૦૧૨/એસ.એફ-૧૪/ધ નાં મુદ્દા -૪ મુજબ સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે બાંધવામાં આવેલ શૌચાલયનું સદરહું વિભાગના તા.૨૪-૧૦-૨૦૦૮ નાં ઠરાવમાં દર્શાવ્યા મુજબ થર્ડપાર્ટી ઇન્સ્પેક્શન કરવાનું રહેશે અને ટી.પી.આઇ તથા લાભાર્થી બન્ને તરફથી સંતોષકારક કામ પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ જ બાકી રહેલ ૧૦% નું ચુકવણુ કરવાનું રહેશે.

ડ્રેનેજ શાખાનાં અન્વેષણ દરમ્યાન નિર્મળ ગુજરાત શૌચાલય સહાય યોજના ફાઇલ તથા અનુદાન વપરાશ રજીસ્ટરની ચકાસણી કરતા અગાઉની બચત ગ્રાન્ટ રૂ.૧,૮૬,૦૭,૦૦૦/- માંથી ઓડીટ વર્ષમાંરૂ.૧૧,૩૧,૧૫૬/- સહાય ચુકવણું કરવામાં આવેલ છે. સદરહું સહાય ચુકવણામાં ૧૨૮ શૌચાલય માટે વ્યક્તિગત સહાય રૂ.૭,૬૮,૦૦૦ અને રૂ. ૩,૬૩,૧૫૬ અગાઉનાં વર્ષોમાં સ્વૈચ્છિક સંસ્થાનાં બનાવેલ શૌચાલયનાં બાકી રહેલ ૧૦% સહાયનું ચુકવણુ કરેલ છે. જે અંગે અનિયમિતતા નીચે મુજબ છે.

(૧) ગુજરાત મ્યુ.ફા.બોર્ડનાં દફતરી હુકમ નં.મફબ/નિ.ગુ.શૌ./૧૩-૧૪ ફાળવણી/૬૭૪૧, તા.૧૬-૦૪-૨૦૧૩ થી શૌચાલય બનાવવાનો લક્ષ્યાંક ૩૦૬૦ આપેલ હતો જેની સામે સંસ્થાએ ફક્ત ૧૨૮ શૌચાલય બનાવી ૪.૧૮% જેવી ખૂબ જ નબળી કામગીરી કરેલ છે.

(૨) ઉક્ત ઠરાવનાં પેરેગ્રાફ -૨માં ઠરાવની સ્પષ્ટતાનાં ઠરાવ તા.૨૧-૧૦-૨૦૧૩નાં ઠરાવ–મુદ્દા-૪ મુજબ ટી.પી.આઇ ઇન્સ્પેક્શન અને લાભાર્થી તથા ટી.પી.આઇ.નાં સંતોષકારક પ્રમાણપત્ર વિના બાકી રહેલ ૧૦% સહાયનું ચુકવણુ કરવાનું ન હોવા છતાં નીચે જણાવેલ નમૂનારૂપ કિસ્સા મુજબ બાકી રહેલ ૧૦% સહાયનૂં ચુકવણુ કરેલ છે. તો બાકી ૧૦% સહાયનું ચુકવણુ કરેલ જોગવાઇ મુજબ ટી.પી.આઇ તથા લાભાર્થીનાં પ્રમાણપત્ર મેળવવા રહે.

| ક્રમ | બિલ નં./તારીખ | રકમ રૂ. | સ્વૈચ્છિક સંસ્થા | વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૩૧૭/૧૩-૦૫-૨૦૧૩ | ૧૨૪૨૧૫ | એનાર્ડ ફાઉન્ડેશન | ૨૦૦૮/૦૯ ના બિલ-૪, ૨૯૪ નંગ શૌચાલય બાકી રહેલ ૧૦% |
| ૨ | ૩૧૮/ ૧૩-૦૫-૨૦૧૩ | ૯૨૫૨૭ | એનાર્ડ ફાઉન્ડેશન | ૦૮/૦૯ ના બિલ-૨, ૨૧૯ નંગ શૌચાલય બાકી રહેલ ૧૦% |
| ૩ | ૩૧૯/૧૩-૦૫-૨૦૧૩ | ૧૧૯૧૪૫ | એનાર્ડ ફાઉન્ડેશન | ૦૮/૦૯ ના બિલ-૫, ૨૮૨ નંગ શૌચાલય બાકી રહેલ ૧૦% |
| ૪ | ૩૨૦/૧૩-૦૫-૨૦૧૩ | ૨૭૨૬૯ | એનાર્ડ ફાઉન્ડેશન | ૦૯/૧૦ ના બિલ-૧૦, ૬૭ નંગ શૌચાલય બાકી રહેલ ૧૦% |
| | કુલ રૂપિયા | ૩૬૩૧૫૬ | | |

(૩) ઉક્ત વિગતે ઇન્સ્પેક્શન વિના અગાઉ-૦૮/૦૯ ના ૭૯૫ તથા ૦૯/૧૦ ના ૬૭ મળી કુલ ૮૬૨ માટે ૧૦% સહાય રકમ ચુકવેલ છે. જે સહાય ટી.પી.આઇ ઇન્સ્પેક્શન થયેલ ન હોવાથી અનુદાન નિયત હેતુ માટે વપરાશ થયાની વ્યાજબી ખાત્રી થયેલ નથી.

(૪) ઉપરોક્ત–મુદ્દા-૨ મુજબ જણાવેલ ૧૦% બાકી ચુકવણુ ચાર વર્ષ બાદ (૨૦૦૮/૦૯નું બિલ ૨૦૧૩માં) વિલંબથી કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૫) સને ૨૦૧૩/૧૪ વર્ષમાં વ્યક્તિગત સહાય ૧૨૮ લાભાર્થીને નીચે જણાવેલ બિલથી ચુકવેલ છે. આ સહાયમાં નીચેની વિગતે અનિયમિતતા જણાયેલ છે.

| ક્રમ | શાખા બિલ નં. /તારીખ | રકમ | સહાયની રકમ તથા સંખ્યા (વ્યકિતગત સહાય) |
|---|---|---|---|
| ૧ | ૧૪/૧૨-૦૪-૨૦૧૩ | ૨૨૮૦૦૦ | ૬૦૦૦ x ૩૮ |
| ૨ | ૫૪૮/૨૯-૦૮-૨૦૧૩ | ૫૦૪૦૦૦ | ૬૦૦૦ x ૮૪ |
| ૩ | ૬૩૩/૦૯-૧૦-૨૦૧૩ | ૩૬૦૦૦ | ૬૦૦૦ x ૬ |
| | કુલ રૂપિયા | ૭૬૮૦૦૦ | |

(ક) મંજુર ચુકવેલ અરજી ચકાસણી કરતા ઠરાવેલ જોગવાઇ મુજબ શૌચાલય બનાવવા શરૂઆતની સ્થળ ચકાસણી તથા શૌચાલય બનાવ્યા બાદની સ્થળ ચકાસણી અ.મ.ઇ દ્વારા કરી પ્રમાણપત્ર આપ્યા બાદ સહાય ચુકવવાની હોવા છતાં ઘણા કિસ્સામાં બન્ને સમયની સ્થળ ચકાસણી કરેલ નથી. જ્યારે નીચેનાં કિસ્સામાં શૌચાલય પૂર્ણ થયા સમયની સ્થળ ચકાસણી અ.મ.ઇ દ્વારા કર્યાનાં આધારો અરજીમાં આપેલ નથી. જેથી આવા કિસ્સાના શૌચાલય બનાવેલ હોવાની ઓડીટને વ્યાજબી ખાત્રી થયેલ નથી. (૧) અરજી નં.-૬૩૩/૧૪-૦૯-૨૦૧૨ મીનાબેન ગાંડાભાઇ, (૨) ૧૭૬/૧૨-૦૭-૨૦૧૨ નાજા વશરામ ડોડીયા, ૧૩) ૧૭૮/૧૨-૦૭-૨૦૧૨ મગન વશરામ ડોડીય, (૪) ૫૦૭/૧૮-૦૮-૨૦૧૨

(ખ) શૌચાલય સહાયની ૧૨૮ અરજીનું ચુકવણુ ૬૦૦૦/- લેખે ચુકવવામાં આવેલ છે. જ્યારે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૨/૪/૨૦૧૨ ના ઠરાવ મુજબ રૂ.૪૫૦૦/-ની સહાય મેળવવા લાભાર્થીઓ દ્વારા અરજી કરવામાં આવેલ હતી. જે અરજીઓ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૨૬/૯/૨૦૧૨ ના ઠરાવ મુજબ રૂ.૬૦૦૦/-ની સહાયનું ધોરણ નક્કી થયા બાદ મંજુર કરવામાં આવી જ્યારે ઘણા કિસ્સામાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૨૪/૪/૨૦૧૩ ના ઠરાવ મુજબ રૂ.૮૦૦૦/-ની સહાયનું ધોરણ નક્કી થયા પછી વર્ષ ૨૦૧૩માં અરજીઓ મંજુર કરવામાં આવી. આમ વિલંબથી અરજીઓ મંજુર કરતા જે કિસ્સાની અરજીઓની સહાય ૪૫૦૦ મંજુર કરેલ હોવા છતાં આ સહાયનું ચુકવણુ ૬૦૦૦- લેખે ચુકવેલ છે. આમ સહાય મંજુર હુકમ કરતા વધુ રકમ ચુકવેલ છે. ગ્રાન્ટ હોવા છતા ચુકવણામાં વિલંબ થવાનાં કારણે સહાય વધારેલ છે જે ઠરાવ બાદ ચુકવણુ થવાનાં કારણે વધારે ચુકવેલ સહાય રકમ વસુલાતપાત્ર હોઇ વસુલાત કરવી રહે.

(ગ) શૌચાલય સહાયની ૧૨૮ મંજુર કરેલ અરજી પૈકી મોટાભાગની મંજુરી હુકમ જુલાઇ-ઓગષ્ટ/૨૦૧૨ નાં છે. સદરહું શૌચાલય સહાય અનુદાન શાખાનાં સીધા જ નિયંત્રણ હેઠળનાં ગ્રાન્ટ એબસ્ટ્રેક હેઠળ અને ગ્રાન્ટ ઉપલબ્ધ હોવા છતા મંજુર સહાય એપ્રિલ, ઓગષ્ટ અને ઓક્ટોબર/૨૦૧૩ માં વિલંબથી ચુકવવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(ઘ) ઘણા કિસ્સામાં બીજી તપાસણીમાં –અધિક મદદનીશ ઇજનેર દ્વારા તપાસણી જેવી કે ખાળકુવો કેવા પ્રકારનો, ઇન્સ્પેક્શન ચેમ્બર/જોઇન્ટ ચકાસ્યા છે કે નહી વગેરે બાબતોની સ્પષ્ટતા કર્યા વિના અરજીની સ્થળ ચકાસણી પ્રમાણિત કરેલ છે.

(ચ) આ યોજના હેઠળ તા.૧૨-૦૪-૨૦૧૨ ઠરાવ મુદ્દા-૨ મુજબ નમુનામાં અરજી રજીસ્ટર નિભાવેલ નથી. જેથી કેટલી અરજી આવેલ, મંજુર કરેલ તેની વિગતો સ્પષ્ટ થયેલ નથી.

**૬.૧૭ ખાધ સામગ્રી પુરવઠાનાં અભાવે પુરક પોષણમાં વિક્ષેપ બાબત. (ફકરા નં.૨૬)**

ભારત સરકારશ્રી દ્વારા રજુ ઓક્ટોબર-૧૯૭૫ થી ૬ થી ૭૨ માસનાં બાળકોનું આરોગ્ય સ્તર સુધારવા, શારીરિક તેમજ માનસિક વિકાસ થાય અને કુપોષણનો ભોગ ન બને તથા સગર્ભામહિલા, ધાત્રીકિશોરીનાં પોષણ સુધારવાનાં ધ્યેયથી પુરક પોષણ આપવાની યોજના દાખલ કરેલ છે. ભારત સરકારશ્રીનાં મહિલા અને બાળ વિકાસ વિભાગનાં તા.૨૪/૦૨/૨૦૦૯ નાં પત્ર F/નં/૫-૯/૨૦૦૫/એન.ડી/ટેક(વોલ્યુ-૨) દ્વારા પુરક પોષણનાં માપદંડ નક્કી કરેલ છે. જે ગુજરાત સરકારશ્રીનાં મહિલા અને બાળ વિકાસ વિભાગનાં તા.૧૦/૦૬/૨૦૦૯ નાં ઠરાવ ક્રમાંક-આઇ.સી.ડી-૧૧૨૦૦૯-૫૩૬-બ, દ્વારા મંજૂર થયેલ છે. જે માપદંડમાં ૬ થી ૭૨ માસનાં બાળકો માટે કેલરી ૫૦૦ કિ.ગ્રામ તથા પ્રોટીન ૧૨ થી ૧૫ ગ્રામતથા સગર્ભા, ધાત્રી માતાઓને ૬૦૦ કેલરી અને ૧૮ થી ૨૦ ગ્રામ પ્રોટીન અને અતિશય ઓછા વજનવાળા બાળકોને ૮૦૦ કેલરી તથા ૨૦ થી ૨૫ ગ્રામ પ્રોટીન આપવાનું નિયત થયેલ છે. આ પુરક પોષણ વર્ષનાં ૩૦૦ દિવસો માટે આપવાનું ફરજીયાત છે.

પુરક પોષણ યોજનાનો મુખ્ય હેતુ સિધ્ધ થાય તે માટે નિયત કરેલ માત્રામાં અને સમયગાળા માટે બાળકો-બહેનોની ખોરાક દ્વારા કેલરી અને પ્રોટીન મળી રહેવા ખુબ જ જરૂરી છેઅને તે માટે આંગણવાડી કેન્દ્રો ઉપર નિયત થયેલ ખાધ સામગ્રીનો જથ્થો નિયમિત જળવાઇ રહે તે રીતનું આયોજન અને તેનુ સમગ્ર નિયંત્રણની જવાબદારી સંબધિત નિયંત્રણ અધિકારીશ્રી તથા સી.ડી.પી.ઓ.ની રહે છે.

મહાનગરપાલિકા ભાવનગરનાં નિયંત્રણ હેઠળનાં આઇ.સી.ડી.એસ.ઘટકોનાં સને-૨૦૧૩/૧૪ વર્ષનાં અન્વેષણ દરમ્યાન મળેલ માહિતી મુજબ નીચેની વિગતે પુરક પોષણમાં ખાધ સામગ્રીનાં અભાવે વિક્ષેપ પડેલ હતો. જે સબબ સ્પષ્ટતા થવી ઘટે.

| ઘટક નંબર | F B F | | સુખડી, શીરો, ઉપમા | |
|---|---|---|---|---|
| | માસ | ૨૨ દિનથી વધુ વિક્ષેપનાં કેન્દ્રો | માસ | ૨૨ દિનથી વધુ વિક્ષેપનાં કેન્દ્રો |
| ૨ | ૭/૨૦૧૩ | ૧૫૭ | ૬/૨૦૧૩ | ૧૫૭ |
| | ૮/૨૦૧૩ | ૧૫૭ | ૭/૨૦૧૩ | ૧૫૭ |
| | ૯/૨૦૧૩ | ૧૫૭ | | |

**૬.૧૮ મેન્યુઅલ કેશબુક અને જનરલ કેશબુક કોમ્પ્યુટરાઇઝની ખુલતી તથા બંધ સિલકમાં તફાવત બાબતે તથા કેશબુકમાં અનિયમિતતા.(ફકરા નં.૬૭)**

ભાવનગર મહાનગરપાલિકાનાં વર્ષ ૨૦૧૩-૧૪નાં ઓડીટ અન્વયે હિસાબી શાખામાં ટ્રેસીંગની કામગીરી કરતા જનરલ કેશબુકને ચકાસતા ઓડિટ વર્ષની શરૂઆત તથા ઓડીટ વર્ષનાં અંતે બંધ સિલકમાં નીચેની વિગતે તફાવત માલુમ પડેલ છે.

| ક્રમ | બેલેન્સની તારીખ | મેન્યુઅલ રોજમેળ મુજબ સિલક | કોમ્પ્યુટરાઇઝ રોજમેળ મુજબસિલક | તફાવત |
|---|---|---|---|---|
| ૧ | ૦૧-૦૪-૨૦૧૩ | ૧૬,૫૩,૧૧,૮૪૧.૭૧ | ૧૬,૫૬,૯૧,૯૨૧.૧૬ | ૩,૮૦,૦૭૯.૪૫ |
| ૨ | ૩૧-૦૩-૨૦૧૪ | ૨,૦૯,૬૨,૪૨૨.૪૧ | ૨,૦૯,૨૧,૨૬૨.૯૧ | ૪૧,૧૫૯.૫૦ |

(૧) કેશબુકમાં ખુલતી સિલકને ગત વર્ષની બંધ સિલક સાથે ચકાસણી કરી સક્ષમ સત્તાધિકારી દ્વારા પ્રમાણિત કરેલ હોવી જોઇએ. પરંતુ આ મુજબની કોઇ જ કાર્યવાહી ઉક્ત બન્ને રીતે નિભાવેલ રોજમેળમાં કરેલ નથી.

(૨) દિવસનાં અંતે તારીજ કાઢી જવાબદાર અધિકારીશ્રી/કર્મચારીની સહીઓ કરેલ હોવી જોઇએ. જે મુજબની કોઇ કાર્યવાહી કરેલ નથી. તા.૦૧-૦૪-૨૦૧૩થી ઓડીટ વર્ષ પૂર્ણ તા.૩૧-૦૩-૨૦૧૪ સુધીમાં જનરલ રોજમેળમાં જવાબદાર અધિકારીશ્રી કે કર્મચારીની સહી થયેલ નથી.

(૩) રીવોલ્વીંગ ફંડ આવકની મેન્યુઅલ રોજમેળની ચકાસણી કરતા રોજમેળ તા.૨૫-૧૦-૨૦૧૩ થી ઓડીટ વર્ષ પૂર્ણ તા.૩૧-૦૩-૨૦૧૪ સુધી રજીસ્ટરમાં જવાબદાર કર્મચારી/અધિકારીશ્રીની સહી થયેલ નથી. તેમજ પૂરા થતાં વર્ષની તારીજ કાઢવામાં આવેલ નથી.

(૪) મેન્યુઅલ રોજમેળ તથા કોમ્પ્યુટરાઇઝ રોજમેળની સિલકનાં મેળવણા કરી યોગ્ય હવાલા પધ્ધતિથી તફાવત દુર કરી સિલકનાં મેળવણાની કાર્યવાહી કરવી રહે.

મહાનગરપાલિકા ભાવનગરના ઉક્ત તમામ ફકરાઓના મહાનગરપાલિકા તરફથી સમયમર્યાદામાં મળેલ જવાબોને ધ્યાને લઇ ફકરાઓનુ ઘડતર કરેલ છે.

# પ્રકરણ ૭ : જુનાગઢ મહાનગરપાલિકા

| ક્રમ | ફકરાની વિગત |
|---|---|
| ૭.૧ | મહાનગરપાલિકા જુનાગઢના સને ૨૦૧૩-૧૪ના અન્વેષણ દરમ્યાન વાઉચરો રજુ ન થવા બાબત. (ફકરા નં. ૩૪) |
| ૭.૨ | ફાયર ફાઈટર શાખાનું રેકર્ડ રજુ કરવા બાબત. (ફકરા નં. ૭૪) |
| ૭.3 | પાણીકરની નબળી વસુલાત બાબત. (ફકરા નં. ૫૪) |
| ૭.૪ | હિસાબી શાખા દ્વારા કરવેરાની આવક ઘણી ઓછી જમા લેવાની ગંભીર અનિયમિતતા અંગે. (ફકરા નં. ૫૭) |
| ૭.૫ | મહાશિવરાત્રી મેળા-૨૦૧૪ અને ગિરનાર પરિક્રમા અન્વયે પ્લોટની હરાજીની અનિયમિતતા બાબત. (ફકરા નં. ૬૧) |
| ૭.૬ | જમીન ભાડાની મોટી રકમોની બાકી વસુલાત અંગે .(ફકરા નં. ૬૩) |
| ૭.૭ | મહાનગરપાલિકાની મુખ્ય આવકના સ્ત્રોત એવા સામાન્ય કરની નબળી વસુલાતની કામગીરી બાબત. (ફકરા નં. ૬૪) |
| ૭.૮ | શિક્ષણ ઉપકરની બાકી વસુલાતમાં શિથિલતા અંગે. (ફકરા નં. ૬૬) |
| ૭.૯ | ઘન કચરાના નિકાલની આવક ન મેળવવા અંગે .(ફકરા નં. ૭૯) |
| ૭.૧૦ | પ્રોવાઈડીંગ, લોઅરીંગ, લેઈંગ એન્ડ જોઈન્ટીંગ એમ.એસ./એ.સી./એમ.ડી.પી.ઈ પાઈપલાઈન ઈન સીટી અન્ડર અર્બન-૨૦૦૫ના કામમાં જણાયેલ અનિયમિતતાઓ અંગે. (ફકરા નં. ૧૫) |
| ૭.૧૧ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ત્રીવેણી ઘાટથી ઘારાગઢ થઈ ગીરનાર ગેઈટ સુધીના રસ્તાને પેવર રોડ બનાવવાના કામમાં થયેલ અનિયમિતતા બાબત. (ફકરા નં. ૯) |
| ૭.૧૨ | સ્વર્ણિમ ગુજરાત મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મંજુર થયેલ એડીસન એન્ડ અલ્ટરેશન એન્ડ રીપેરીંગ ઓફ શામળદાસ ગાંધી ટાઉન હોલના કામમાં જણાયેલ અનિયમિતતા બાબત. (ફકરા નં. ૭) |
| ૭.૧૩ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ખાનગી સોસાયટીમાં જનભાગીદારીથી રસ્તા અને સ્ટ્રીટલાઈટના કામોની અમલવારી ન કરવા બાબત .(ફકરા નં. ૨૮) |
| ૭.૧૪ | જી.આઇ.પાઇપલાઇન ફીટીંગ તથા અન્ય પરચુરણ મટીરીયલ્સની ખરીદીમાં જણાયેલ અનિયમિતતાઓ બાબત. (ફકરા નં. ૧૮) |
| ૭.૧૫ | ૫૦૦૦ લીટરની વોટર સ્ટોરેજ ટેન્ક નંગ-૯૯ ની ખરીદીમાં જણાયેલ અનિયમિતતા અંગે. (ફકરા નં. ૫૧) |
| ૭.૧૬ | બેંક ખાતા અન-ઓપરેટ રહેવા અંગે (ફકરા નં. ૩૮) |
| ૭.૧૭ | રોજમેળની સિલકોનું બેંક પાસબુક સાથે મેળવણું કરવા અંગેની અનિયમિતતા બાબત. (ફકરા નં. ૪૦) |
| ૭.૧૮ | યુ.ડી.પી-૭૮ આંગણવાડી કેન્દ્રોની ગ્રાન્ટ ફાળવણીની અનિયમિતતા બાબત. (ફકરા નં. ૨૯) |
| ૭.૧૯ | યુ.ડી.પી-૭૮ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગ્રાન્ટના ઉપયોગ ન કરવા બાબત. (ફકરા નં. ૪૯) |
| ૭.૨૦ | સીટીબસના સંચાલનના ઇજારામાં જણાયેલ અનિયમિતતા બાબત.(ફકરા નં. ૨૩) |

**૭.૧ થી ૭.૨ રેકર્ડ રજુ ન કરવા બાબત.**

ગુજરાત સ્થાનિક ભંડોળ ઓડિટ અધિનિયમ- ૧૯૬૩ની કલમ ૪ તથા ૫ અને ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ- ૧૯૪૯ની કલમ- ૧૦૫ થી ૧૦૮ની જોગવાઈ મુજબ તપાસણીને પાત્ર તમામ રેકર્ડ ઓડિટ સમક્ષ રજુ કરવાની વૈધાનિક જવાબદારી છે.

**૭.૧ સને ૨૦૧૩-૧૪ના અન્વેષણ દરમ્યાન વાઉચરો રજુ ન થવા બાબત. (ફકરા નં. ૩૪)**

નીચેની વિગતે રૂા.૧,૭૩,૪૮,૭૬૩/-ના વાઉચરો ઓડિટમાં રજુ થયેલ નથી.

| ક્રમ | વાઉચર નં | તારીખ | રકમ રૂા. | વિગત | રોજમેળ ભાગ/પાના નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૩ | ૦૫/૦૪/૧૩ | ૨૧૨૬૫૨ | પાવન કન્ટ્રક્શન | ૦૧/૫ |
| ૨ | ૯૯ | ૧૦/૦૪/૧૩ | ૨૫૩૬૦૦૦ | શ્યામ કન્ટ્રક્શન | ૧/૧૦ |
| ૩ | ૨૩૮ | ૨૯/૦૪/૧૩ | ૫૮૭ | અનિલસિંહ બી.ઝાલા | ૧/૨૩ |
| ૪ | ૩૫૫ | ૦૮/૦૫/૧૩ | ૪૫૦૦ | ન્યુ ગીરનાર બેટરીઝ | ૧/૩૫ |
| ૫ | ૫૬૨ | ૧૮/૦૫/૧૩ | ૩૫૬૫૬૬ | જગત ઓટો સર્વિસ | ૧/૪૭ |
| ૬ | ૫૬૩ | ૧૮/૦૫/૧૩ | ૨૭૫૨૪૦ | જગત ઓટો સર્વિસ | ૧/૪૭ |
| ૭ | ૫૯૩ | ૨૨/૦૫/૧૩ | ૧૨૧૮૫૨ | હેલ્થ શાખા પગાર | ૧/૫૦ |
| ૮ | ૧૧૮૫ | ૧૭/૦૭/૧૩ | ૧૨૩૩૧૯ | હેલ્થ શાખા પગાર (હંગામી રોજમદાર) | ૧/૧૦૪ |
| ૯ | ૧૩૫૫ | ૩૧/૦૭/૧૩ | ૩૮૮૫૦૦ | મિશન મંગલમ્ | ૧/૧૧૮ |
| ૧૦ | ૧૪૧૫ | ૦૮/૦૮/૧૩ | ૫૯૫૨ | હેલ્થ શાખા પગાર | ૧/૧૨૬ |
| ૧૧ | ૧૪૭૦ | ૦૮/૦૮/૧૩ | ૩૦૨૦૭ | હેલ્થ શાખા પગાર | ૧/૧૨૮ |
| ૧૨ | ૧૫૮૯ | ૨૩/૦૮/૧૩ | ૨૧૨ | જે.જે.સ્ટેશનર્સ | ૧/૧૩૮ |
| ૧૩ | ૧૫૯૬ | ૨૩/૦૮/૧૩ | ૩૪૧૩૯ | બાંધકામ હંગામી પગાર | ૧/૧૩૮ |
| ૧૪ | ૧૬૩૧ | ૩૦/૦૮/૧૩ | ૫૮૫૦ | એચ.કે.ચુડાસમા | ૧/૧૪૨ |
| ૧૫ | ૧૬૩૨ | ૩૦/૦૮/૧૩ | ૧૪૬૬ | એચ.કે.ચુડાસમા | ૧/૧૪૨ |
| ૧૬ | ૧૬૬૮ | ૦૨/૦૯/૧૩ | ૪૨૫૦ | ભુવનેશભાઈ ઠક્કર | ૧/૧૪૪ |
| ૧૭ | ૧૬૬૯ | ૦૨/૦૯/૧૩ | ૩૫૦૦ | એમ.એન.લાલવાણી | ૧/૧૪૪ |
| ૧૮ | ૧૬૮૬ | ૦૨/૦૯/૧૩ | ૫૬૯ | એ.એસ.કવાણી | ૧/૧૪૫ |
| ૧૯ | ૧૮૩૨ | ૧૧/૦૯/૧૩ | ૭૮૨ | ચૈતન્ય જે. જોષી | ૧/૧૫૬ |
| ૨૦ | ૧૮૩૩ | ૧૧/૦૯/૧૩ | ૧૩૩૧૦૦ | ------ | ૧/૧૫૬ |
| ૨૧ | ૨૦૬૫ | ૨૬/૦૯/૧૩ | ૧૫૧૩ | બી.એસ.એન.એલ | ૧/૧૭૨ |
| ૨૨ | ૨૦૮૧ | ૦૫/૧૦/૧૩ | ૫૦૮૫૪૪૨ | રણજીત કન્ટ્રકશન | ૧/૧૭ |
| ૨૩ | ૨૧૪૯ | ૦૯/૧૦/૧૩ | ૬૭૨૪ | વ્યવસાય વેરા | ૧/૧૮૧ |
| ૨૪ | ૨૧૬૦ | ૧૪/૧૦/૧૩ | ૩૭૯૨૧ | એનકોડ મુજબ | ૧/૧૮૬ |
| ૨૫ | ૨૨૪૫ | ૧૭/૧૦/૧૩ | ૫૪૨૧ | સીટીબસ | ૧/૧૮૯ |
| ૨૬ | ૨૩૭૦ | ૩૦/૧૦/૧૩ | ૪૫૨૯ | બગીચા ચુકવણી | ૧/૨૦૦ |
| ૨૭ | ૨૫૭૯ | ૧૯/૧૧/૧૩ | ૮૪૪૫૭ | મે. ગોંજીયા એન્ડ કાં | ૧/૨૧૭ |
| ૨૮ | ૨૬૦૩ | ૧૯/૧૧/૧૩ | ૧૨૬૨૮૯ | મે. ગોંજીયા એન્ડ કાં | ૧/૨૧૮ |
| ૨૯ | ૨૬૯૦ | ૨૦/૧૧/૧૩ | ૫૫૮૧૭ | શ્યામ કન્ટ્રકશન | ૧/૨૨૨ |
| ૩૦ | ૩૦૨૩ | ૧૩/૧૨/૧૩ | ૨૧૮૧૯૦ | જગત ઓટો સર્વિસ | ૧/૨૪૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૧ | ૩૦૨૪ | ૧૩/૧૨/૧૩ | ૧૧૩૦ | પી.જી.વી.સી.એલ | ૨/૨૪૬ |
| ૩૨ | ૩૦૩૪ | ૧૭/૧૨/૧૩ | ૭૦૦૦ | નેશનલ સિક્યુરીટી | ૨/૨૪૮ |
| ૩૩ | ૪૦૬૭ | ૧૫/૦૨/૧૪ | ૩૦૦૦ | નેશનલ સિક્યુરીટી | ૨/૩૧૭ |
| ૩૪ | ૪૩૮૫ | ૧૧/૦૩/૧૪ | ૯૮૯૧ | ઘનશ્યામ સ્પોટર્સ | ૨/૩૪૦ |
| ૩૫ | ૪૫૦૪ | ૧૮/૦૩/૧૪ | ૫૦૬૯૫૮ | જય ગુરુદેવ મંડપ સર્વિસ | ૨/૩૪૬ |
| ૩૬ | ૩૨૬૪ | ૦૨/૦૧/૧૪ | ૧૩૯૪૪ | હેલ્થ શાખા પગાર | ૨/૨૬૪ |
| ૩૭ | ૩૫૦૨ | ૧૩/૦૧/૧૪ | ૪૧૮૪ | સ્ટેબલ શાખા | ૨/૨૭૬ |
| ૩૮ | ૩૯૮૬ | ૧૧/૦૪/૧૪ | ૪૪૭૭૯૧ | કિરીટભાઈ કૃષ્ણમલ | ૨/૩૧૧ |
| ૩૯ | ૩૯૮૭ | ૧૧/૦૪/૧૪ | ૪૪૧૮૦૫ | કિરીટભાઈ કૃષ્ણમલ | ૨/૩૧૧ |
| ૪૦ | ૨૭૯૯ | ૦૪/૧૨/૧૩ | ૫૫૯૪૪૯૮ | વિભાગીય એસ.ટી | ૧/૨૩૩ |
| ૪૧ | ૨૮૦૦ | ૦૪/૧૨/૧૩ | ૪૫૦૯૫૬ | કશ્યપ કન્ટ્રકશન | ૧/૨૩૩ |
| ૪૨ | ૨૯૪૧ | ૦૭/૧૨/૧૩ | ૫૮૧ | કિરીટ અપીયા | ૧/૨૩૯ |
| ૪૩ | ૨૯૪૨ | ૦૭/૧૨/૧૩ | ૫૯૬ | હિતેષ કારીયા | ૧/૨૩૯ |
| ૪૪ | ૨૯૪૩ | ૦૭/૧૨/૧૩ | ૮૮૩ | દિપક બુક સ્ટોર | ૧/૨૩૯ |
| | | કુલ રૂા. | ૧,૭૩,૪૮,૭૬૩ | | |

**૭.૨ રેકર્ડ રજુ ન કરવા બાબત. (ફકરા નં. ૭૪)**

ફાયર ફાઇટર શાખાની સને ૨૦૧૩-૧૪ના વર્ષમાં આવક રૂા.૯૧,૯૫૦/- તથા ખર્ચ રૂા.૧૯,૪૭,૮૮૫/- (પગાર) તથા ખર્ચ રૂા.૩૬,૩૧,૪૩૬/- (પેટ્રોલ/ડીઝલ/રીપેરીંગ) મળી કુલ ખર્ચ રૂા.૫૫,૭૯,૩૨૧/- કરવામાં આવેલ. જે રેકર્ડ અન્વેષણમાં રજુ થયેલ નથી.

**૭.૩ પાણીકરની નબળી વસુલાત બાબત. (ફકરા નં. ૫૪)**

સને ૨૦૧૩-૧૪ના સામાન્ય કરની અગાઉનાં વર્ષની બાકી, ચાલુ વર્ષના માંગણા અને થયેલ વસુલાતની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | રકમ રૂા. (લાખ) |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | સને ૨૦૧૩-૧૪ શરૂઆતની બાકી | ૪૨૨.૨૦ |
| ૨ | સને ૨૦૧૩-૧૪નું માંગણું | ૧૨૦.૦૦ |
| ૩ | કુલ બાકી માંગણુ (૧+૨) | ૫૪૨.૨૦ |
| ૪ | શરૂઆતની બાકી પૈકી વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન વસુલ કરેલ રકમ | ૩૭.૯૪ |
| ૫ | સને ૨૦૧૩-૧૪ના માંગણા પૈકી વસુલ કરેલ પાણીકર | ૩૧.૩૩ |
| ૬ | કુલ વસુલ કરેલ પાણીકર (૪+૫) | ૬૯.૨૭ |
| ૭ | સને ૨૦૧૩-૧૪ ના વર્ષાન્તે કુલ બાકી માંગણુ (૩-૬) | ૪૭૨.૯૩ |
| ૮ | કુલ માંગણા સામે વસુલાતની ટકાવારી (૬/૩*૧૦૦) | ૧૨.૭૭ ટકા |

ઉપર દર્શાવેલ વિગતો મુજબ વર્ષ દરમ્યાન કુલ પાણીકરની ૧૨.૭૭ % રકમની જ વસુલાત થયેલ છે. જે તદ્દન નબળી વસુલાત છે. સંસ્થાએ વસુલાતની સઘન કામગીરી કરી ૧૦૦% વસુલાત કરવી રહે.

## ૭.૪ હિસાબી શાખા દ્વારા કરવેરાની આવક ઘણી ઓછી જમા લેવાની ગંભીર અનિયમિતતા અંગે. (ફકરા નં. ૫૭)

સને ૨૦૧૩-૧૪ના અન્વેષણ દરમ્યાન કરવેરાના માંગણા-વસુલાત રજીસ્ટર અને વાર્ષિક હિસાબની આવક વર્ગીકરણ સાથે ચકાસણી કરતા, શાખાના માંગણા-વસુલાત રજીસ્ટર અને હિસાબી શાખાના આવક વર્ગીકરણ તથા વાર્ષિક હિસાબોમાં ખુબ મોટો તફાવત રહેતો હતો. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | કર/વેરાની વિગત | કરવેરા શાખાના પત્રક મુજબ વસુલાત રૂા. | હિસાબી શાખાની તારીજ મુજબ વસુલાત રૂા. | તફાવત રૂા. |
|---|---|---|---|---|
| ૧ | સામાન્ય કર | ૮,૯૧,૦૫,૦૬૮/- | ૫,૭૧,૫૧,૮૦૫/- | -૩,૧૯,૫૩,૨૬૩/- |
| ૨ | સફાઇ કર | ૧,૦૬,૬૦,૦૫૧/- | ૭૯,૭૯,૯૫૫/- | -૨૬,૮૦,૦૯૬/- |
| ૩ | શિક્ષણ ઉપકર | ૨,૮૬,૬૪,૪૦૪/- | ૧,૮૮,૯૦,૬૫૩/- | -૯૭,૭૩,૭૫૧/- |
| ૪ | દિવાબતી કર | ૭૪,૪૮,૫૪૪/- | ૩૮,૮૪,૨૪૬/- | -૩૫,૬૪,૨૯૮/- |
| ૫ | પાણીવેરો | ૬૯,૨૮,૭૪૧/- | ૫૫,૦૮,૩૨૪/- | -૧૪,૨૦,૪૧૭/- |
| ૬ | વ્યવસાય વેરો | ૧,૬૫,૦૪,૭૧૭/- | ૧,૬૧,૦૫,૯૦૯/- | -૩,૯૮,૮૦૮/- |
| ૭ | જમીન ભાડા | ૨૪,૯૫,૨૧૨/- | ૫૦,૪૭,૪૬૩/- | + ૨૫,૫૨,૨૫૧/- |
| ૮ | ઇમારત ભાડા | ૧૭,૦૯,૨૧૩/- | ૧૪,૩૦,૫૫૨/- | -૨,૭૮,૬૬૧/- |
| | કુલ રૂા. | ૧૬,૩૫,૧૫,૯૫૦/- | ૧૧,૫૯,૯૮,૯૦૭/- | -૪,૭૫,૧૭,૦૪૩/- |
| | | (-૫,૦૦,૬૯,૨૯૪/- + ૨૫,૫૨,૨૫૧/-=-૪,૭૫,૧૭,૦૪૩/- ) | | |

(૧) હિસાબી શાખાએ જમા લીધેલ કરવેરાની આવકનું દર માસે/વર્ષે સબંધિત શાખા સાથે મેળવણું કરવાનું રહે છે. તેમ છતાં ઉક્ત વિગતનું મેળવણું કરેલ નથી.

(૨) માંગણા રજીસ્ટરમાં થયેલ વસુલાતની નોંધો શાખાના સબંધિત કર્મચારી કે સક્ષમ અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત થયેલ નથી.

(૩) વસુલાત અંગેની વર્ષ આખરે તારીજ કાઢવામાં આવેલ નથી.

## ૭.૫ મહાશિવરાત્રી મેળા-૨૦૧૪ અને ગિરનાર પરિક્રમા અન્વયે પ્લોટની હરાજીની અનિયમિતતા બાબત. (ફકરા નં. ૬૧)

સને ૨૦૧૩-૧૪ના અન્વેષણ દરમ્યાન મહાશિવરાત્રી મેળા તથા ગિરનાર પરીક્રમા અંગેની નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

(૧) મહાશિવરાત્રી મેળા-૨૦૧૪ અન્વયે પ્લોટોની હરાજી કરવા સ્થાયી સમિતિના ઠરાવ નં.૧૫૫, તા.૩૧/૦૧/૨૦૧૪થી મંજૂરી અને સત્તા નિયત થયેલ છે. કુલ ૧૧૫ પ્લોટોની નક્કી થયેલ અપસેટ કિંમત મુજબ રેવન્યુ ટેક્ષ શાખાના અહેવાલ ફેબ્રુઆરી-૨૦૧૪ની વિગતે, કુલ ૫૩ પ્લોટનું વેંચાણ કરી રૂા.૭,૮૯,૯૦૦/- ઊપજ આવેલ હતી અને ૬૨ પ્લોટ પડતર રહેવા પામેલ હતા.

તેમજ ગિરનાર પરીક્રમા-૨૦૧૩ અન્વયે પ્લોટોની હરાજી કરવા સ્થાયી સમિતિના ઠરાવ નં.૭૪, તા.૧૧/૧૧/૨૦૧૩થી મંજૂરી અને સત્તા નિયત થયેલ છે. કુલ ૧૩૨ પ્લોટોની નક્કી થયેલ અપસેટ કિંમત મુજબ રેવન્યુ ટેક્ષ શાખાના અહેવાલ નવેમ્બર-૨૦૧૩ની વિગતે, કુલ ૫૬ પ્લોટનું વેંચાણ કરી રૂા.૫,૪૭,૬૦૦/- ઊપજ આવેલ હતી અને ૭૬ પ્લોટ પડતર રહેવા પામેલ હતા. સદર ઠરાવોમાં જો કોઇ પ્લોટની અપસેટ વેલ્યુ મુજબ વેચાણ ન થઇ શકે તો અપસેટ વેલ્યુમાં ફેરફાર કરવા તથા નિર્ણય કરવાની સત્તા નોડલ ઓફીસરને આપવામાં આવેલ. પરંતુ, ઉક્ત હરાજીનું રોજકામ તેમજ ખાલી પ્લોટ અંગે નોડલ ઓફીસર દ્વારા કરેલ કાર્યવાહીના આધારો રજુ કરેલ નથી.

(૨) મહાશિવરાત્રી મેળા-૨૦૧૪ના પ્લોટોની હરાજી દરમ્યાન પ્લોટ નં. ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨ એમ કુલ-૫ પ્લોટોની હરાજી કરવામાં આવેલ હતી. આ પ્લોટોની હરાજી ચકડોળ માટે કરવામાં આવેલ હતી. હરાજીના રોજકામની ચકાસણી કરતાં વેચેલ પ્લોટના સર્વિસ ટેક્સ અને સફાઈ ચાર્જની વસુલાત કર્યાના આધારો રજુ કરેલ નથી.

(૩) પ્લોટોની અપસેટ વેલ્યુની વિગત ઓડિટમાં રજુ કરેલ છે. અન્ય આધારો રજુ કરેલ નથી. સદર હરાજીની તમામ વસુલાત થયેલ છે કે કેમ ? તેની ચકાસણી થયેલ નથી.

## ૭.૬ જમીન ભાડાની મોટી રકમોની બાકી વસુલાત અંગ .(ફકરા નં. ૬૩)

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ- ૧૯૪૯ના પ્રકરણ-૧૧ની કલમ-૧૩૯ મુજબ જમીન ભાડા તથા અન્ય ભાડાની વસુલાત કરવામાં આવે છે. રેવન્યુ ટેક્ષ શાખા દ્વારા રજુ થયેલ માહિતી અને જમીન ભાડા માંગણા રજિસ્ટરની ચકાસણી કરતા નીચેની વિગતે રૂ.૮૭,૨૪,૨૫૪/- જેવી મોટી રકમોના બાકી માંગણા ઘણા લાંબા સમયથી બાકી છે. જે બાબતે નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

(૧) નીચેની વિગત મુજબ મોટી રકમનું માંગણુ ઘણા સમયથી બાકી હોય, તેમ છતા વસુલાત નહીં થવાથી આ રકમો ભવિષ્યમાં ડુબમાં જવાની શક્યતા રહેલી છે. જેથી સંસ્થાને આર્થિક નુકસાન થાય ઉક્ત બાબતે ૧૦૦% વસુલાત થાય તે મુજબ આયોજન કરવુ રહે.

| વર્ષ | બાકી જમીન ભાડુ રકમ રૂા. | સંસ્થા/વ્યક્તિની સંખ્યા |
|---|---|---|
| ૧૯૯૮-૯૯ | ૨૦,૫૫,૪૮૦ | ૦૧ |
| ૨૦૦૧-૦૨ | ૬૧,૨૮,૦૬૦ | ૦૫ |
| ૨૦૦૩-૦૪ | ૧,૯૭,૫૨૬ | ૦૨ |
| ૨૦૦૪-૦૫ | ૫૪,૦૦૦ | ૦૧ |
| ૨૦૦૬-૦૭ | ૧,૧૩,૩૭૨ | ૦૩ |
| ૨૦૦૮-૦૯ | ૮૧,૬૬૭ | ૦૧ |
| ૨૦૦૯-૧૦ | ૫૭,૫૭૬ | ૦૨ |
| ૨૦૧૦-૧૧ | ૩૬,૫૭૩ | ૦૧ |
| **કુલ રૂપિયા** | **૮૭,૨૪,૨૫૪** | **૧૬** |

(૨) રેવન્યુ ટેક્ષ શાખાના જમીન ભાડાના માંગણા રજીસ્ટરમાં થયેલ વસુલાતની નોંધોમાં કે વર્ષ દરમ્યાન થયેલ અન્ય નોંધોમાં શાખાના સબંધિત કર્મચારી કે સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત થયેલ નથી. જેથી વર્ષ દરમ્યાન જમાના થયેલ વ્યવહારોના વાજબીપણાની ખાત્રી થઇ શકેલ નથી. માંગણા રજીસ્ટરમાં વર્ષ આખરે તારીજ કાઢવામાં આવતી નથી.

(૩) સંસ્થા દ્વારા કબજેદારોને જમીન કે મિલકત ભાડે આપતા સમયે થયેલ હુકમો, કરારો કે શરતોની વિગતો અન્વેષણમાં રજુ નથી.

## ૭.૭ મહાનગરપાલિકાની મુખ્ય આવકના સ્ત્રોત એવા સામાન્ય કરની નબળી વસુલાતની કામગીરી બાબત. (ફકરા નં. ૬૪)

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ની કલમ-૧૨૭ અને ૧૨૯ થી મહાનગરપાલિકાને મિલકત વેરો અને સામાન્ય કર નાખવાની સત્તા પ્રાપ્ત થયેલ છે. આ અધિનિયમની કલમ-૧૨૮ તેમજ કરવેરા નિયમોની જોગવાઇ મુજબ કર વસુલ કરવાની રીત નિયત થયેલ છે. વર્ષ ૨૦૧૩-૧૪ની કુલ આવક રૂા.૨૪.૯૯ કરોડ પૈકી રૂા.૮.૯૦ કરોડની આવક સામાન્ય કર દ્વારા મળેલ છે. જે કુલ આવકના ૩૫.૬૧% હિસ્સો ધરાવે છે.

સને ૨૦૧૩-૧૪ના સામાન્ય કરની અગાઉના વર્ષની બાકી, ચાલુ વર્ષના માંગણા અને થયેલ વસુલાતની વિગત નીચેના પત્રકમાં જણાવેલ છે.

| ક્રમ | વિગત | રકમ રૂા. (કરોડમાં) |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | વર્ષ ૨૦૧૩-૧૪ની શરૂઆતની બાકી સામાન્ય કરની રકમ | ૧૭.૦૯ |
| ૨ | વર્ષ ૨૦૧૩-૧૪ નું ચાલુ માંગણું | ૭.૯૦ |
| ૩ | અગાઉના વર્ષની બાકી વસુલાત + ચાલુ માંગણાની કુલ રકમ (૧+૨) | ૨૪.૯૯ |
| ૪ | શરૂઆતની બાકી પૈકી વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન વસુલ થયેલ સામાન્ય કર | ૪.૪૪ |
| ૫ | વર્ષ ૨૦૧૩-૧૪ના માંગણા પૈકી વસુલ આવેલ સામાન્ય કર | ૪.૪૬ |
| ૬ | વર્ષ દરમ્યાન આવેલ કુલ સામાન્ય કર (૪+૫) | ૮.૯૦ |
| ૭ | વર્ષ ૨૦૧૩-૧૪ના માંગણા પૈકી સામાન્ય કરની બાકી રહેલ વસુલાત | ૧૬.૦૯ |
| ૮ | થયેલ વસુલાતની ટકાવારી | ૩૫.૬૧ |

ઉક્ત પત્રકની વિગતોની જોતાં મહાનગરપાલિકા દ્વારા કુલ માંગણા પૈકી ૩૫.૬૧% સામાન્ય કરની વસુલાત થયેલ છે. આમ, સામાન્ય કરની રૂ|.૧૬.૦૯ કરોડ એટલે કે ૬૪.૩૯% વસુલાત બાકી રહેલ છે. જે નબળી વસુલાત દર્શાવે છે.

મુળ ફકરામાં સામેલ પત્રકની વિગતે નમૂનારૂપ કિસ્સાઓમાં સરેરાશ ૨૫ વર્ષના લાંબા સમયથી વેરો બાકીમાં હોઈ તે વસુલ કરવાની કાર્યવાહી કરવાની રહે.

### ૭.૮ શિક્ષણ ઉપકરની બાકી વસુલાતમાં શિથિલતા અંગે. (ફકરા નં. ૬૬)

સને ૨૦૧૩-૧૪ના અન્વેષણ દરમ્યાન ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ની કલમ ૧૩૨ અન્વયે શિક્ષણ ઉપકરના માંગણા પત્રકની તથા વસુલાતની ચકાસણી કરતાં શિક્ષણ ઉપકરની અગાઉના વર્ષની બાકી, ચાલુ વર્ષના માંગણા અને થયેલ વસુલાતની વિગત નીચે મૂજબ છે.

| ક્રમ | વિગત | રકમ રૂા. (કરોડમાં) |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | વર્ષ ૨૦૧૩-૧૪ની શરૂઆતમાં કુલ બાકી શિક્ષણ ઉપકર | ૧૫.૩૪ |
| ૨ | વર્ષ ૨૦૧૩-૧૪નું ચાલુ માંગણું | ૧.૩૮ |
| ૩ | અગાઉના વર્ષની બાકી વસુલાત + ચાલુ માંગણાની કુલ રકમ (૧+૨) | ૧૬.૭૨ |
| ૪ | શરૂઆતની બાકી પૈકી વર્ષ ૨૦૧૩-૧૪દરમ્યાન વસુલ થયેલ શિક્ષણ ઉપકર | ૨.૨૧ |
| ૫ | વર્ષ ૨૦૧૩-૧૪ના માંગણા પૈકી વસુલ આવેલ શિક્ષણ ઉપકર | ૦.૬૫ |
| ૬ | વર્ષ દરમ્યાન આવેલ કુલ શિક્ષણ ઉપકર (૪+૫) | ૨.૮૬ |
| ૭ | વર્ષ ૨૦૧૩-૧૪ના માંગણા પૈકી શિક્ષણ ઉપકરની બાકી રહેલ વસુલાત | ૧૩.૮૬ |
| ૮ | શિક્ષણ ઉપકરની વસુલાતની ટકાવારી | ૧૭.૧૦ |

ઉક્ત પત્રકની વિગતોની જોતાં મહાનગરપાલિકા દ્વારા કુલ માંગણા પૈકી ૧૭.૧૦ ટકા શિક્ષણ ઉપકરની વસુલાત થયેલ છે. આમ. શિક્ષણ ઉપકરની રૂ|.૧૩.૮૬ કરોડ એટલે કે ૮૨.૯૦ ટકાની વસુલાત બાકી રહેલ છે. જે નબળી વસુલાત દર્શાવે છે.

મહાનગરપાલિકા દ્વારા કરાતી વસુલાતોની પહોંચબુકો ચકાસતાં, મહાનગરપાલિકા દ્વારા કરદાતા પાસેથી ફક્ત મકાનવેરો, પાણીવેરો અને સફાઇવેરો જ વસુલ કરવામાં આવે છે. જ્યારે શિક્ષણ

ઉપકરની વસુલાત કરવામાં આવતી નથી. જેના કારણે શિક્ષણ ઉપકરની મોટી રકમ વસુલ કરવાની બાકી રહે છે. મહાનગરપાલિકા દ્વારા શિક્ષણ ઉપકરની ચડત રકમ ઉપર ગુજરાત શિક્ષણ ઉપકર અધિનિયમ-૧૯૬૨ની કલમ-૧૬ મુજબ દંડ વસુલ કરવામાં આવતો નથી. જેના કારણે શિક્ષણ ઉપકરની વસુલાતમાં શિથિલતા જોવા મળેલ છે. વસુલાતનુ માળખુ સુદ્રઢ અને સક્રિય બનાવી શિક્ષણ ઉપકરની ૧૦૦% ટકા વસુલાત કરવી રહે.

**૭.૯ ઘન કચરાના નિકાલની આવક ન મેળવવા અંગે .(ફકરા નં. ૭૯)**

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૬/૦૨/૨૦૧૨ના ઠરાવ ક્રમાક પકવ/૧૦૨૦૧૨/એસ.એફ-૭/ધ અન્વયે રાજ્યની મહાનગરપાલિકાઓએ સફાઇ કામગીરી દ્વારા એકત્ર થતા ઘન કચરાના નિકાલ માટે મ્યુનિસિપલ ઘન કચરા (વ્યવસ્થાપન અને હેરફેર) નિયમો-૨૦૦૦ અપનાવી આર્થિક ઉપાર્જન થાય અને ફરી ઉપયોગ કરી શકાય તેવી રીતે ઘન કચરાઓ નિકાલનુ આયોજન કરવાનુ ઠરાવેલ છે. આ કામગીરી માટે રાજ્ય સરકારે ગુજરાત અર્બન ડેવલપમેન્ટ એજન્સી-ગાંધીનગરને નોડલ એજન્સી તરીકે નિયુક્ત કરેલ છે. જેના પરામર્શમાં રહીને મહાનગરપાલિકાએ કચરાના વ્યવસ્થાપનનું આયોજન કરવાનુ રહે છે.

વાર્ષિક હિસાબ તથા વર્ગીકરણ રજીસ્ટર, બજેટની ચકાસણી કરતા, ઓડીટ વર્ષ ૨૦૧૩-૧૪ બજેટમા વાષિક ઘન કચરાની રૂા.૫,૦૦,૦૦૦/- આવક મેળવવાની જોગવાઈ કરેલ છે. તેમજ સેનીટેશન કર્મચારી પગાર તથા ઘન કચરાના નિકાલ અંગે કુલ ખર્ચ રૂા.૭,૬૭,૫૬,૫૮૪/- કરવામાં આવેલ હતો. જ્યારે કોઈ આવક મેળવેલ નથી.

મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ઠરાવ નં. ૩૯, તા.૨૪/૦૪/૨૦૧૭ થી ૭૦ ચો.મી જમીન વાર્ષિક રૂા.૯/પ્રતિ ચો.મી.ના ટોકન દરે ૩૦ વર્ષના ભાડાથી મ્યુનિસિપલ સોલીડ વેસ્ટ ટ્રીટમેન્ટ, પ્રોસેસીંગ અને રીસાઈકલીંગ પ્રોજેક્ટ પ્લાન બનાવવા માટે જમીન ફાળવવામાં આવેલ છે. પરંતુ આ પ્લાન કાર્યરત થયેલ નથી.

તેમજ સંસ્થાની સેનેટરી શાખાના આ કચરામાંથી ખાતર બનાવવા માટે વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટની કોઇ વ્યવસ્થા નથી. તેમજ ડમ્પીંગ સાઇટ માટે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનુ પ્રમાણપત્ર મેળવવામાં આવેલ નથી.

**૭.૧૦ થી ૭.૧૨ જુનાગઢ મહાનગરપાલિકાના નમુનારૂપ યોજનાકીય કામો/વર્ક્સમાં જણાયેલ તાંત્રિક, નાણાંકીય તથા અમલીકરણને લગતી અનિયમિતતાઓ બાબત.**

૧. ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ ભાગ-૧ના ફકરા નં.૧૫૧, ૨૮૩ અન્વયે અંદાજીત રકમ કરતા દસ ટકા (૧૦%) વધુ કે નીચા ભાવથી ટેન્ડર મંજુર કરેલ હોય તો રીવાઇઝ અંદાજો તૈયાર કરી સુધારેલ વહીવટી/તાંત્રિક મંજુરી મેળવવાની થાય છે. અને કામમાં થયેલ એક્સેસ/સેવિંગ માટે સક્ષમ સત્તા સોંપણીની મંજુરી મેળવવાની થાય છે.

૨. માર્ગ અને મકાન વિભાગના તા.૩૧/૧૨/૨૦૦૯ના પરીપત્ર નં.પરચ/૧૦૨૦૦૭/૨૮-સ તથા ટેન્ડર બી-૧ની ક્લોઝ –૭૭ મુજબ બાંધકામના માલસામાનની ગુણવત્તા માટેના પરીક્ષણ પૈકી ૮૦% પરીક્ષણ સ્થળ ઉપર, ૧૦% પરીક્ષણ સરકાર માન્ય લેબોરેટરીમાં અને૧૦% પરીક્ષણ ગેરી લેબોરેટરીમાં કરવાનાના રહે છે.

૩. મુંબઇ સ્ટેમ્પ એક્ટ-૧૯૫૮ અનુસુચી-૧, આર્ટીકલ- ૩૬(ક) અને આર્ટીકલ-૨૦(ક) તથા સુપ્રીટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: સ્ટેમ્પ/અશન/૧૪/૨૦૦૭/૯૩૯, તા.૦૧/૦૪/૨૦૦૭થી ટેન્ડર અન્વયે અનામતની જે રકમ ફિક્સ ડિપોઝીટ રીસીપ્ટ, એન.એસ.સી.

અથવા અન્ય કોઇ બચતપત્રના માધ્યમથી મુકવામાં આવે તો તે રકમના પ્રત્યેક રૂ|.૧૦૦/- અથવા તેના ભાગ માટે ૪.૯૦% સ્ટેમ્પ ડ્યુટી વસુલ કરવાની રહે છે.

૪. ગુજરાત વેટ અધિનિયમ-૨૦૦૩ની કલમ-૫૯(બી) તથા નાણાં વિભાગના જાહેરનામાં ક્રમાંક: જી.એચ.એન./૧૪/વેટ/૨૦૦૮/એસ/૫૯/બી/(૩)(૧)/થ અન્વયે તા.૦૧/૦૪/૨૦૦૮થી કામોની રકમ રૂ.૧/- કરોડથી વધે તો ૦.૬૦% ઇજારદારના બીલમાંથી ટી.ડી.એસ. તરીકે વેટની કપાત કરવાની થાય અને સરકારશ્રીમાં જમા કરાવવાની રહે છે

૫. ટેન્ડરની ક્લોઝ–૩૬ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એમ.એમ.આર./૧૧૨૦૦૦/૨૦૧૩/છ, તા.૦૧/૦૯/૨૦૦૪ અનુસાર કામમાં સાદી માટી-મુરમ વાપરવામાં આવે તો પરમીટ લેવાની તથા રોયલ્ટી ભરવાની રહેશે. જ્યારે માર્ગ અને મકાન વિભાગના તા. ૨૮/૦૪/૨૦૦૩ના પરિપત્ર મુજબ રોયલ્ટી ભર્યાની ખાત્રી માટે ફાઇનલ બીલની કોપી ભુસ્તરશાસ્ત્રીશ્રીને મોકલવાની હોય છે અને જો ઇજારદાર આ રોયલ્ટી ભરવાપાત્ર ન હોય તો ઉદ્યોગ અને ખાણ વિભાગનુ "નો ડ્યુ સર્ટીફીકેટ" ઇજારદાર પાસેથી મેળવી વર્ક ફાઇલે રાખવાનુ રહે છે.

૬. માર્ગ અને મકાન વિભાગના તા.૨૯/૦૬/૧૯૯૨ ઠરાવ તથા ટેન્ડર ક્લોઝ મુજબ જો ઇજારદાર કામ નિયત સમય મર્યાદા કરતા મોડુ પુર્ણ કરે તો વિલંબીત દિવસોના પ્રતિ દિન ૦.૧% લેખે વધુમા વધુ અંદાજીત કિમંતના ૧૦% લેખે વિલંબીત વળતર વસુલ કરવાનુ છે.

૭. ગુજરાત સ્થાનિક ભંડોળ ઓડિટ અધિનિયમ- ૧૯૬૩ની કલમ-૪ તથા કલમ-૫ અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૭૭ અન્વયે તપાસણીપાત્ર તમામ રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ કરવાની સંસ્થાની વૈધાનિક જવાબદારી છે.

૮. માર્ગ અને મકાન વિભાગના ઠરાવ નં.ટી.એન.સી./૧૦/૨૦૧૩/૩/ભાગ-૧/સ, તા.૧૯/૧૧/૨૦૧૩થી બાંધમના કોન્ટ્રાક્ટર પાસેથી અંદાજીત રકમના રૂ.૩૦/- લાખ સુધી ૫% અને રૂ.૩૦/- લાખથી વધુના કિસ્સામાં ૧૦% સિક્યોરીટી ડીપોઝીટ લેવાની થાય છે.જેમા ૫% પર્ફોમન્સ બોન્ડ બેંક ગેરંટી તરીકે, ૨.૫% જામીન અનામત એફ.ડી.આર.તરીકે અને ૨.૫% રનીંગ બીલેથી કપાત કરવાના રહેશે.

૯. શ્રમ અને રોજગાર વિભાગના ઠરાવ નં.સી.ડબ્લ્યુ.એ./૧૩૨૦૧૩/૨૭૭૨૭/મ(૩), તા.૨૬/૦૯/૨૦૧૩ મુજબ કુલ બાંધકામ ખર્ચના ૧% લેખે ઇજારદાર પાસેથી લેબર શેષ વસુલ કરી સરકારશ્રીમાં જમા કરવાનુ ઠરાવવામાં આવેલ છે.

૧૦. માર્ગ અને મકાન વિભાગના ઠરાવ નં. આર.જી.એન./૬૦૨૦૦૬/૩૫-સ, તા.૩૧/૦૫/૨૦૦૭ મુજબ રૂ|.૧ કરોડથી વધુ રકમના કામમાં ક્વોલીફાઈડ ઈજનેરની નિમણુક કરવાની રહે છે.

૧૧. આવકવેરા અનિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૯૪ સી મુજબ કામના બિલોમાંથી ૨% TDS ની કપાત કરવાની જોગવાઈ છે.

૧૨. માર્ગ અને મકાન વિભાગના પરીપત્ર નં. ટીએનસી/૧૦૮૭/૨૫૦(૩)સી તા.૨૧/૧૨/૧૯૮૭ અનુસાર ટેન્ડરો અંદાજીત રકમથી ઘણા આવે છે અને ભાવો ભર્યા કામની ગુણવત્તા પ્રતે દુર્લક્ષ સેવે છે. તથા ઘણી વખત પાછળથી કામ અધુરુ છોડી દે છે. જેથી કામો સમયસર પૂર્ણ થઈ શકતાં નથી. જે ધ્યાને લઈ ૧૦ % કરતા ઓછા ભાવો હોય ત્યારે ભાવોની વર્કેબીલીટી ચકાસવી અને પોષણક્ષમ ભાવ કરતાં પણ નીચા ભાવો લાગતા હોય તો સૌથી ઓછા ભાવો ભરનાર સંબધિત ઇજારદાર કામ પુરૂ કરવા શક્તિમાન થશે કે કેમ? તેની સપુર્ણ ચકાસણી કરીને તેઓએ અગાઉ કરેલ કામો તથા હાથ ઉપરના કામોની પ્રગતિ વગેરે ધ્યાને લઇ કામગીરી સંતોષકારક જણાય તો જ ઓછા ભાવના ટેન્ડરો સ્વીકારવા ભલામણ કરવાની રહે છે.

૧૩. ભારત સરકારશ્રીના નાણાવિભાગના પરિપત્ર નં.-૯૪૫/૬/૨૦૧૧/સી.એકમ, તા.૧૬/૦૫/૨૦૧૨ તથા જાહેરનામા ક્રમાંક નં.૦૬/૨૦૦૬, તા.૦૧/૦૩/૨૦૦૬ તથા ઉત્તરોતર સુધારા અન્વયે સંસ્થા તરફથી પાણી પહોંચાડવા માટે પાણીની પાઇપલાઇનની ખરીદી ઉપર એક્સાઇઝ ડ્યુટીની માફી આપવાની જોગવાઇ થયેલ છે.

૧૪. નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ઠરાવ નં.જીઇએન/૨૦૧૦/૫૯૫(૬) /એમ.આઇ.સેલ(ક-૧) તા.૨૯-૦૪-૨૦૧૧થી મુજબ ચુકવેલ બિલોમાંથી રોયલ્ટીની કપાત કરી મુખ્ય સદરે જમા કરાવવાની થાય છે.

૧૫. માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર નં.જી.સી.એ/એમ-૪૬૩૧/૮૦/સી તા.૨૫/૦૬/૮૨ મુજબ કામ પુર્ણ થયા તારીખથી ત્રણ માસમાં બિલના નાણા ચુકવવાની જોગવાઈ થયેલ છે.

વર્ષ ૨૦૧૩-૧૪માં મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ યોજનાકીય કામો/વિકાસના કામો/વર્કસમાં આ સાથેના પત્રકમાં જણાવ્યા મુજબની તાંત્રિક, નાણાંકીય તથા અમલીકરણને લગતી અનિયમિતતાઓ જણાયેલ હતી. યોજનાકીય કામો/વિકાસના કામો/વર્કસ નિયમોનુસાર હાથ ધરી નગરજનોને સુવિધાનો લાભ મળી રહે તથા સરકારશ્રી દ્વારા ફાળવાયેલ નાણાંનો યોગ્ય રીતે અને નિયમોનુસાર ઉપયોગ થાય અને જરૂરી તમામ વૈધાનિક કપાતો કરી સમયસર સરકારશ્રીમાં જમા થાય અને કામો પૂર્ણ થાય તે માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા સુચન છે.

<table>
<tr><th>વિ.અ. ફકરા નં.</th><th colspan="2">ફકરાની વિગત તથા ઓડિટ નોંધ</th><th></th></tr>
<tr><td>૭.૧૦</td><td colspan="2">પ્રોવાઈડીંગ, લોઅરીંગ, લેઈંગ એન્ડ જોઈન્ટીંગ એમ.એસ./એ.સી./એમ.ડી.પી.ઈ પાઈપલાઈન ઈન સીટી અન્ડર અર્બન-૨૦૦૫ના કામમાં જણાયેલ અનિયમિતતાઓ અંગે. (ફકરા નં. ૧૫)</td><td>વસુલાત પાત્ર રકમ રૂા.(લાખમાં)</td></tr>
<tr><td></td><td>અંદાજીત રકમ</td><td>રૂ|.૯,૬૪,૫૦,૩૭૩/-</td><td>૧૨૦.૭૫</td></tr>
<tr><td></td><td>ટેન્ડર રકમ</td><td>રૂ|.૧૦,૧૩,૫૫,૧૬૯/- (૫.૦૮% ઉંચા)</td><td></td></tr>
<tr><td></td><td>થયેલ કુલ ખર્ચ</td><td>રૂ|.૯,૨૦,૬૧,૬૮૫/-</td><td></td></tr>
<tr><td></td><td colspan="2">ઓડિટ નોંધ:-<br>➢ આ કામ માટે વર્તમાનપત્રોમાં ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી. રણજીત કન્સ્ટ્રક્શન, મહેસાણાને વર્કઓર્ડર આપેલ પરંતુ આવેલ ટેન્ડરોમાંથી સૌથી નીચા ભાવ રણજીત કન્સ્ટ્રક્શન, મહેસાણાના હોવા અંગે રેકર્ડ ઓડીટમાં રજુ થયેલ નથી.<br>➢ સ્ટેમ્પ ફી પેટે રૂા.૧,૧૮,૦૫૨/-ની વસુલાત કરી સરકારી સદરે જમા કરવાની રહે.<br>➢ ક્વોલીફાઈડ ઈજનેરની નિમણુક થયેલ નથી. જેથી રૂ|.૯,૩૦,૦૦૦/- વસુલાત કરવાની રહે.<br>➢ વેટની રકમ રૂ|.૫,૫૨,૩૭૦/- વસુલ કરી સરકાશ્રીમા જમા કરવાના રહે.<br>➢ કામની મુદ્દત ૩ માસની હતી. જે ૧૭૯૩ દિવસ વિલંબથી પૂર્ણ કરેલ છે. જેથી નિયમોનુસાર રૂા.૯૬,૪૫,૦૩૭/- વસુલ કરવાની રહે જેમાંથી રૂા.૮૧,૬૫૬/-ની વસુલાત થયેલ હોઇ બાકીની રકમ રૂા.૯૫,૬૩,૩૮૧/- વિલંબ વળતરની વસુલાત કરવાની રહે.<br>➢ નિયમ મુજબ ૨% આવકવેરો (ટી.ડી.એસ.) રૂા.૧૮,૪૧,૨૩૩/-ની વસુલાત કરવાની થાય છે. પરંતુ આવકવેરો (ટી.ડી.એસ.)ની કેટલી વસુલાત કરેલી હતી. તેની ખાત્રી થયેલ નથી. જેથી કુલ રૂા.૧૮,૪૧,૨૩૩/-ની આવકવેરો (ટી.ડી.એસ.)ની વસુલાત કરવી રહે.<br>➢ ટેન્ડર મંજુર થયેલ રકમ રૂા.૧૦,૧૩,૫૫,૧૬૯/- હતી. કામનો કુલ ખર્ચ રૂા.૯,૨૦,૬૧,૬૮૨/- થયેલ હતો. જેથી યોજના પુર્ણ થતા કુલ રૂા.૯૨,૯૩,૪૮૭/- બચત રહેલ હતા. જે સરકારશ્રીમા જમા કરાવ્યાના આધારો રજુ કરેલ નથી.<br>➢ એસ્ટીમેટની આઈટમ નં: ૧(૩) અને એસ્ટીમેટની આઈટમ ન: ૧(૪) ના કામમાં અનુક્રમે ૨૮૮૧.૮૮ મીટર અને ૧૫૧૫.૫૦ મીટર પાઈપની બચત રહેલ ટેન્ડરની શરત મુજબ બાકી રહેલ પાઈપ સ્ટોરમાં જમા લઈ ૩૦% રકમ ચુકવવાની થાય છે. જયારે સંસ્થા દ્વારા અનુક્રમે ૨૯૮૧.૦૭ મીટર અને ૧૭૦૫.૩૦ મીટર પાઇપ જમા લઈ ચુકવણું કરેલ હોઇ અનુક્રમે રૂા.૬૧૧.૧ લેખે ૧૦૦ મીટરના રૂા.૬૧,૧૧૦/- અને રૂ.૫૧૮.૧૦ લેખે ૧૮૯.૮૦ મીટરના રૂા.૯૮,૩૩૫/-ના વધુ ચુકવણા કરવામાં આવેલ છે.</td><td></td></tr>
</table>

| | | |
|---|---|---|
| | ➢ ઉપરોક્ત કામ માટે મહાનગરપાલિકા જુનાગઢના જનરલ બોર્ડના ઠરાવ નં.૬૮, તા.૩૦/૦૮/૨૦૦૬ મુજબ સદરહું કામની તપાસ વિજીલન્સ ઓફીસર કે અન્ય અનુભવી અધિકારી દ્વારા કરાવવા ભલામણ કરેલ હોઈ તપાસનો અહેવાલ ઓડીટમાં રજુ કરેલ નથી.<br>➢ માલસામાન સ્ટોક રજીસ્ટર રજુ થયેલ નથી.<br>➢ કામમાં વાપરેલ મટીરીયલ્સ જેમકે પાઇપ,કોલર,એમ,એસસ્પેશ્યલ વગેરેની ઈજારદારે કરેલ ખરીદીના બિલો રજુ થયેલ ન હતા. જેથી વાપરેલ માલસામાન સ્પેસીફિકેશન મુજબનો હોવાની ખાત્રી થઇ શકેલ નથી.<br>➢ એક્સાઈઝ ડ્યુટીની માફી મેળવ્યા અંગેના આધારો રજુ થયેલ નથી.<br>➢ મટીરીયલ્સના ઇન્સ્પેક્શન માટે વોટરવર્કસ શાખાના પત્ર નં. ૩૧૦,તા.૪/૧/૨૦૦૬ થી મે.CELF-મુંબઇને વર્કઓર્ડર આપવામાં આવેલ હતો. જે અંગેના ઇન્સ્પેક્શન રીપોર્ટ ઓડીટમાં રજુ કરેલ નથી.<br>➢ કામની મેઝરમેન્ટ બુક (એમ.બી.) ઓડીટમાં રજુ થયેલ નથી.<br>➢ ઉકત કામ માટે મળેલ ગ્રાન્ટના અલગ હિસાબો નિભાવેલ નથી.<br>➢ તાંત્રિક અને વહીવટી મંજુરી મેળવ્યા અંગેના આધારો રજુ થયેલ નથી.<br>➢ કામ પુર્ણતા પ્રમાણપત્ર રજુ થયેલ નથી.<br>➢ ઉપરોક્ત કામ તા.૩૧/૦૧/૨૦૧૧ના રોજ પૂર્ણ થયેલ છે. એટલે કે કામ પૂર્ણ કરવાની નિયત તારીખથી અતિ વિલંબથી પૂર્ણ થયેલ છે અને પરંતુ ઓડીટની તારીખ સુધી આ યોજના હેઠળ પાથરવામાં આવેલ પાઈપલાઈન દ્વારા શહેરીજનોને પાણીનું વિતરણ કરવામાં આવતું નથી. આથી, યોજના પૂર્ણ થયાના ૬ વર્ષ પછી પણ યોજના લાભ શહેરીજનોને મળેલ નથી. | |

<table>
<tr><th>વિ.અ. ફકરા નં.</th><th colspan="2">ફકરાની વિગત તથા ઓડિટ નોંધ</th><th>વસુલાત પાત્ર રકમ રૂ.(લાખમાં)</th></tr>
<tr><td>૭.૧૧</td><td colspan="2">સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ત્રીવેણી ઘાટથી ધારાગઢ થઈ ગીરનાર ગેઈટ સુધીના રસ્તાને પેવર રોડ બનાવવાના કામમાં થયેલ અનિયમિતતા બાબત. (ફકરા નં. ૯)</td><td rowspan="5">૨૦.૩૮</td></tr>
<tr><td rowspan="4"></td><td>અંદાજીત રકમ</td><td>રૂ.૧,૭૨,૯૭,૭૦૦/-</td></tr>
<tr><td>ટેન્ડર રકમ</td><td>રૂ.૧,૮૭,૩૧,૨૪૦/- (૮.૨૯ ટકા)</td></tr>
<tr><td>થયેલ કુલ ખર્ચ</td><td>રૂ.૧,૮૪,૫૦,૧૫૫/-</td></tr>
<tr><td colspan="2">ઓડિટ નોંધ:-<br>➢ સ્ટેમ્પ ફી પેટે રૂ|.૨,૭૯૦/-ની વસુલાત કરી સરકારી સદરે જમા કરવાની રહે.<br>➢ વેટની રકમ રૂ.૧,૧૦,૭૦૦/- વસુલ કરી સરકાશ્રીમા જમા કરવાના રહે.<br>➢ ક્વોલીફાઈડ ઈજનેરની નિમણુક થયેલ નથી. જેથી રૂ|.૧,૯૫,૦૦૦/- વસુલાત કરવાની રહે.<br>➢ કામની મુદ્દત ૬ માસની હતી. જે ૨૧૦ દિવસ વિલંબથી પૂર્ણ કરેલ છે. જેથી નિયમાનુસાર રૂ|.૧૭,૨૯,૭૭૦/- વિલંબ વળતરની વસુલાત કરવાની રહે.<br>➢ કામની માપપોથીમાં થયેલ કુલ ખર્ચ રૂ.૧,૮૬,૩૪,૬૫૬/- દર્શાવેલ છે. તેમાથી ૧% લેખે લેબરસેસ કપાત રકમ રૂ.૧,૮૬,૩૪૬/- દર્શાવેલ છે. પરંતુ લેબરસેસ કપાત કરી સરકારમાં જમા કર્યાના આધારો ઓડિટમાં રજુ કરેલ નથી.</td></tr>
</table>

| | | |
|---|---|---|
| | ➢ ઈજારદાર દ્વારા ખાણ-ખનીજોની રોયલ્ટીની રકમ સરકારશ્રીમાં જમા કરાવ્યા અંગે કોઈ આધારો રજુ કરેલ નથી.<br>➢ કામ પૂર્ણ થયા તારીખથી ત્રણ માસમાં ઇજારદારના બીલના નાણાં ચુકવવાની જોગવાઇ કરવામાં આવેલ છે. આ કામ તા.૩૧/૦૩/૨૦૧૦ના રોજ પૂર્ણ થયેલ છે. જ્યારે ફાઈનલ બિલનું ચુકવણુ તા.૦૧/૦૫/૨૦૧૩ના રોજ થયેલ છે. સમય મર્યાદામાં બિલના નાણા ચુકવવામાં આવેલ નથી.<br>➢ કમ્પલીશન સર્ટીફીકેટમાં તારીખ દર્શાવેલ નથી. | |

| વિ.અ. ફકરા નં. | ફકરાની વિગત તથા ઓડિટ નોંધ | | વસુલાત પાત્ર રકમ રૂા.(લાખમાં) |
|---|---|---|---|
| ૭.૧૨ | **સ્વર્ણિમ ગુજરાત મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મંજુર થયેલ એડીસન એન્ડ અલ્ટરેશન એન્ડ રીપેરીંગ ઓફ શામળદાસ ગાંધી ટાઉન હોલના કામમાં જણાયેલ અનિયમિતતા બાબત. (ફકરા નં. ૭)** | | ૪.૧૧ |
| | અંદાજીત રકમ | રૂ|.૩૯,૯૨,૨૦૫/- | |
| | ટેન્ડર રકમ | રૂ|.૪૨,૪૮,૭૭૦/- (૬.૦૩ ટકા ઉંચા) | |
| | થયેલ કુલ ખર્ચ | રૂ|.૪૫,૧૨,૬૭૨/- | |
| | **ઓડિટ નોંધ:-**<br>➢ સ્ટેમ્પ ફી પેટે રૂ|.૭૬૫/-ની વસુલાત કરી સરકારી સદરે જમા કરવાની રહે.<br>➢ ઇજારદાર પાસેથી ઓછી વસુલ કરેલ આવકવેરા (ટી.ડી.એસ.)ની રકમ રૂા.૧૦,૭૦૨/-ની વસુલાત કરી સરકારી સદરે જમા કરવાની રહે.<br>➢ કામનો વર્ક ઓર્ડર તા.૨૪/૨/૨૦૦૯ રોજ આપેલ હતો. કામની મુદત ૬ માસની હતી. જે તા.૨૩/૮/૨૦૦૯ના રોજ પૂર્ણ કરવાનુ થતુ હતુ. પરંતુ કામ તા.૨૪/૧૨/૨૦૦૯નો રોજ પૂર્ણ થયેલ છે. આમ, કામ ૧૨૨ દિવસ વિલંબથી પૂર્ણ કરેલ છે. જેથી નિયમોનુસાર રૂ|.૩,૯૯,૨૨૦/-ના વિલંબ વળતરની વસુલાત કરવાની રહે.<br>➢ આ કામ તા.૨૪.૧૧.૨૦૦૯ના રોજ પૂર્ણ થયેલ છે. પરંતુ ફાઈનલ બિલનું ચુકવણૂં તા.૦૧.૦૫.૨૦૧૩ના રોજ થયેલ છે.<br>➢ કામની મેઝરમેન્ટ બુક (એમ.બી.) ઓડીટમાં રજુ થયેલ નથી. | | |

**૭.૧૩ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ખાનગી સોસાયટીમાં જનભાગીદારીથી રસ્તા અને સ્ટ્રીટલાઈટના કામોની અમલવારી ન કરવા બાબત . (ફકરા નં. ૨૮)**

(૧) ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક-સજય/૧૦૨૦૧૫/૨૨૭/ધ, તા.૧૯/૦૪/૨૦૧૨થી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ખાનગી સોસાયટીમાં જન ભાગીદારીથી રસ્તા અને સ્ટ્રીટ લાઈટના કામ માટે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના અલગ–અલગ હુકમથી વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન કુલ રૂા.૧૩,૦૦,૦૦,૦૦૦/- ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ, જેમા (૧) ૭૦% રાજ્ય સરકાર ફાળો, (૨) ૨૦% ખાનગી સોસાયટીના સભ્યો અને (૩) ૧૦% સંસ્થાનો લોક ફાળો ધ્યાને લઈ કામ કરવાનુ હોય છે. અને મંજુર કરેલ ૮ માસમાં પૂર્ણ કરાવાનુ રહેશે.

સંસ્થા દ્વારા નાણાકીય વર્ષ સને ૨૦૧૨-૧૩ દરમ્યાન આયોજન સબંધિત નિષ્ક્રિયતા દાખવેલ હોઈ, આ યોજના રૂ|.૧૩,૦૦,૦૦,૦૦૦/-ની ગ્રાન્ટ મળેલ, તે પૈકી રૂ|.૧૦,૦૦,૦૦,૦૦૦/-ની ગ્રાન્ટ

તા.૨૭/૦૧/૨૦૧૪થી પરત કરેલ છે. અને રૂ।.૩,૦૦,૦૦,૦૦૦/- ગ્રાન્ટની રકમ સંસ્થામાં જમા રહેલ તે રકમનો ત્વરીત ઉપયોગ કરવો.

સરકારશ્રી દ્વારા અપાતી નાણાકીય જોગવાઈનો પ્રચાર-પ્રસારના અભાવે સ્થાનિક કક્ષાએ વિકાસના કામોમાં ઉપયોગ થયો ન હતો. તેથી લોકોને સુવિધાથી વંચિત રાખવામાં આવેલ હતા.

**૭.૧૪ જી.આઇ.પાઇપલાઇન ફીટીંગ તથા અન્ય પરચુરણ મટીરીયલ્સની ખરીદીમાં જણાયેલ અનિયમિતતાઓ બાબત. (ફકરા નં. ૧૮)**

મહાનગરપાલિકા જુનાગઢ દ્વારા જરૂરીયાત મુજબ જી.આઇ.પાઇપલાઇન ફીટીંગ તથા અન્ય પરચુરણ મટીરીયલ્સની સપ્લાઇ કરવાની કામગીરી માટે અંદાજીત રૂા.૨૦ લાખ, ઇ-ટેન્ડરીંગ પ્રક્રિયા કરી ૧૪% ઉંચા ભાવે વાર્ષિક રેઇટ કોન્ટ્રાક્ટ આપી વર્કઓર્ડર આપેલ હતો અને કુલ રૂા.૧૧,૭૯,૭૬૬/-ની ખરીદી કરી ચુકવણાં કરેલ હતા. જે અંગે નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

| ક્રમ | વાઉચર નં./ તા. | રકમ રૂા. | વિગત | સદર |
|---|---|---|---|---|
| ૧ | ૬૪૧/૨૮-૫-૧૩ | ૮૭૦૯૯૦ | શ્રી શ્યામ એન્ટરપ્રાઇઝ, જુનાગઢ | વિકાસ ફંડ |
| ૨ | ૨૦૫૯/૨૬-૯-૧૩ | ૧૭૯૬૦૬ | ===//=== | ===//=== |
| ૩ | ૩૯૯૨/૧૪-૨-૧૪ | ૧૨૯૧૭૦ | ===//=== | ધારાસભ્ય ફંડ |
| કુલ | | ૧૧૭૯૭૬૬ | | |

(૧) ઉપરોક્ત કામગીરી માટે ઇ-ટેન્ડરીંગ કરતા કુલ ત્રણ પાર્ટીએ વાર્ષિક ભાવો માટે ટેન્ડર ભરેલ હતા, જેમાંથી શ્રી ક્રિષ્ના એન્જિનીયરીંગ કુ. નુ ટેન્ડર માગ્યા મુજબની કેટેગરી ધરાવતા ન હોવાથી ડીસ્ક્વોલીફાઇડ કરી, તેનુ ટેન્ડર ખોલવામાં આવેલ ન હતુ. સદરહું જાહેરાતના ક્રમ નં. ૪ મુજબ ઇજારદારની કેટેગરી ઉપરની હોવી જોઇએ. સદર કામમાં શ્રી ક્રિષ્ના એન્જિનીયરીંગ કુ. કઇ કેટેગરી હતી તે દર્શાવેલ ન હતુ જેથી શ્રી ક્રિષ્ના એન્જિનીયરીંગ કુ.ની કેટેગરી કરતા નીચેની હોવાની તથા ડીસ્ક્વોલીફાઇડ ગણવા અંગેની ખાત્રી કરાવેલ નથી.

(૨) ઉક્ત કામ માટે ૧૪% ઉંચા ભાવે ટેન્ડર મંજુર કરવામાં આવેલ છે. સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર નંબર- ટીએનસી/૧૦૮૭/૨૫૦/૩/સી, તા.૨૧/૧૨/૧૯૮૭ મુજબ કામના અંદાજના ૧૦ % કે તેથી વધુ ઉંચા/નીચા ભાવ મળે ત્યારે રેઇટ એનાલીસીસ કરી. વર્કેબિલિટી ચકાસી અને ભાવો પોષણક્ષમ હોવાની ખાત્રી કરાવવાની રહે છે.

(૩) ઇજારદાર/સપ્લાયર્સ પાસેથી આવેલ માલસામાન સ્પેસીફિકેશન મુજબનો મળેલ હોવાનું તથા તે સ્ટોક રજીસ્ટરે જમા લીધેલ હોવાના તથા તે જ માલસામાન વપરાયેલ હોવાની રેકર્ડ આધારિત ખાત્રી કરાવેલ નથી.

(૪) મુંબઇ સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ની અનુસૂચિ-૧ના આર્ટીકલ- ૩૬(ક) સાથે આર્ટીકલ– ૨૦(ક) તથા અધિક સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક સ્ટેમ્પ/અશન/૧૪/૨૦૦૭/૯૩૯, તા.૦૫/૦૨/૨૦૦૭થી અંદાજીત રકમના ૨.૫% સિક્યુરીટી ડિપોઝીટ મુજબ ઉક્ત કામની અંદાજીત રકમ રૂા.૨૦ લાખ હતી. જેના ૨.૫% મુજબ રૂા.૫૦,૦૦૦/-ની એફ.ડી.આર સ્વરૂપની સિક્યુરીટી ડિપોઝીટ ઉપર ૪.૯૦% મુજબ રૂા.૨,૪૫૦/- સ્ટેમ્પ પેપર ઉપર કરારખત કરવાના બદલે રૂા.૧૦૦/-નો સ્ટેમ્પ પેપર ઉપર કરારખત કરવામા આવેલ. જેથી રૂા.૨,૩૫૦/-ની ખુટતી સ્ટેમ્પ ડ્યુટીની વસુલાત કરી સરકારશ્રીમાં જમા કરાવવાની રહે.

## ૭.૧૫ ૫૦૦૦ લીટરની વોટર સ્ટોરેજ ટેન્ક નંગ-૯૯ ની ખરીદીમાં જણાયેલ અનિયમિતતા અંગે. (ફકરા નં. ૫૧)

સને ૨૦૧૩-૧૪ના વર્ષમાં ૫૦૦૦ લીટરની વોટર સ્ટોરેજ ટેન્ક નંગ- ૯૯ ની ખરીદી અંગે નીચે મુજબ ખર્ચ કરેલ હતો.

| ક્રમ | વિગત | | |
|---|---|---|---|
| ૧ | પાર્ટીનુ નામ | સરસ્વતી કન્ટેનર્સ લી. - અમદાવાદ | |
| ૨ | વર્ક ઓર્ડર મુજબ એક ટાંકીની કિંમત રૂા. | ૩૦,૬૫૦/- | ૩૧,૮૨૨/- |
| ૩ | વર્ક ઓર્ડર | જા.નં.૩૮૦/૧-૩-૧૩ | જા.નં.૭૦/૮-૫-૧૩ |
| ૪ | ૫૦૦૦ લીટરની ટાંકી નંગ | ૫૦ | ૪૯ |
| ૫ | ઇન્વોઇસ નંબર અને તારીખ | ૦૦૧/૨૦૧૩ તા.૪-૦૩-૧૩ | ૦૦૨/૨૦૧૩ તા.૧૦-૫-૧૩ |
| ૬ | ખર્ચ મુજબ એક ટાંકીની પડતર કિંમત રૂા. | ૩૧,૮૧૫.૩૩/- | ૩૧,૮૧૫.૩૩/- |
| ૭ | ખર્ચની રકમ રૂા. | ૧૫,૯૧,૧૦૦/- | ૧૫,૫૮,૬૧૮/- |
| ૮ | વાઉચર નં./ તારીખ | ૧૯૫/૨૨-૦૪-૧૩ | ૫૬૧/૧૮-૦૫-૧૩ |
| ૯ | ખર્ચનુ સદર | વ્યવસાય વેરા.(૫૦%)/વિકાસ ફંડ ગ્રાન્ટ | |

મહાનગરપાલિકાની હદમાં પીવાના પાણીની અછત/અર્ધ અછતને ધ્યાને લઇ પાણીની પરિસ્થિતિને પહોંચી વળવા માટે ગુજરાત પાણીપુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરે નિયત કરેલ રેઇટ કોન્ટ્રાકટ મુજબ ૫૦૦૦ લિ. ની પાણીની ટાંકીઓ ખરીદીમાં નીચેની મુજબની અનિયમિતતાઓ જણાયેલ હતી.

(૧) નાણા નિયંત્રક અને સમિતિના કન્વીનરશ્રી, ગુજરાત પાણીપુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,ગાંધીનગર દ્વારા તા.૧૯/૦૨/૨૦૧૩ના રોજ ૫૦૦૦ લિ.ની ક્ષમતાની ટાંકી આઇ.એસ.આઇ.ની માર્ક ( :૧૨૭૦૧) વાળી રોટેશનલ મોલ્ડેડ પોલીઇથીલીન ડબલ લેયર સીલીન્ડ્રીકલ વર્ટીકલ વોટર સ્ટોરેજના વાર્ષિક ટેન્ડર ભાવ એક નંગના રૂા.૨૬૬૫૨=૬૧ મંજુર કરેલ હતા. જેની મુદ્દત એક વર્ષની હતી.

જેમાં અન્ય ટેક્ષ ઉમેરતા તેની પડતર ૩૦૬૫૦.૫૦ થતી હતી. જે મુજબ પાર્ટીને વર્કઓર્ડર તા.૦૧/૦૩/૨૦૧૩ના રોજ આપેલ હતો. જે અન્વયે કુલ ૯૯ નંગ ટાંકીના રૂા.૩૦,૩૪,૪૦૦/- નુ ચુકવણુ કરવાનુ થાય, તેના બદલે ઉપર કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ કુલ રૂા.૩૧,૪૯,૭૧૮/- (૧૫,૯૧,૧૦૦+૧૫,૫૮,૬૧૮) નું ચુકવણુ કરેલ હતુ. આમ, કુલ રકમ રૂા.૧,૧૫,૩૧૮/-નું વધુ ચુકવણાંની રકમ ઇજારદાર પાસેથી વસુલાત કરવી રહે.

(૨) મુંબઈ સ્ટેમ્પ એક્ટ-૧૯૫૮ ની અનૂસુચિ-૧ આર્ટીકલ-૩૬(ક) તથા આર્ટીકલ ૨૦(ક) તથા અધિક સુપ્રી. ઓફ સ્ટેમ્પ ગાંધીનગરનાં તા.૦૫/૦૨/૨૦૦૭ના પત્ર નં સ્ટેમ્પ/અસન/૧૪/૨૦૦૭/૯૩૯ મુજબ ૨.૫૦% સિક્યોરીટી ડિપોઝીટ પર ૪.૯૦% લેખે રકમ રૂા.૭,૪૩૪/- ના સ્ટેમ્પની વસુલાત કરવાની થાય છે. સ્ટેમ્પ પેપર ઉપર કરારખત કરેલ હોવાના આધાર સામેલ ન હોવાથી સ્ટેમ્પ ડ્યુટી વસુલાતની ચકાસણી થઈ શકેલ નથી.

(૩) મ્યુનિસિપલ એકાઉન્ટ કોડના નિયમ નં-૧૨૪(૧) તથા ૧૨૪(૨) અન્વયેના નમુના નં.–૮૧ મુજબ કે અન્ય કોઈ સ્ટોક રજીસ્ટર અન્વેષણમાં રજુ થયેલ ન હોય, ખરીદેલ ટાંકીઓ નંગ- ૯૯ સ્ટોક રજીસ્ટરે જમા લીધા અંગે ખરાઈ થઈ શકેલ નથી.

(૪) ખર્ચમાં રાઇટસ લી. નો ઇન્સ્પેક્શન ચાર્જ ઉમેરેલ હતો. પરંતુ ઇન્સ્પેક્શન રીપોર્ટ વાઉચર સાથે સામેલ રાખેલ નથી. જેથી ટાંકીઓ નિયત સ્પેસીફિકેશન મુજબની તથા યોગ્ય ગુણવતાયુક્ત હોવા બાબતે ખાત્રી થયેલ નથી.

### ૭.૧૬ બેંક ખાતા અન-ઓપરેટ રહેવા અંગે. (ફકરા નં. ૩૮)

સંસ્થાએ રજુ કરેલ બેંક ખાતાની વિગતોની રોજમેળ સાથે ચકાસણી કરતાં નીચે મુજબના ખાતાઓ અન-ઓપરેટ જણાયેલ હતા.

| ક્રમ | બેંક નું નામ | ખાતા નંબર | રોજમેળ મુજબ સિલક રૂા. તા.૦૧/૦૪/૧૩ થી તા.૩૧/૦૩/૧૪ |
|---|---|---|---|
| ૧ | બી.ઓ.બી | ૩૪૧૫ | ૩,૪૬૭.૦૦/- |
| ૨ | એસ.બી.આઈ | ૯૩૩ | ૧૭,૯૯,૯૪૫.૪૯/- |
| ૩ | એસ.બી.આઈ | ૨૧૨૧૪ | ૫૪,૭૯૦.૦૦/- |
| ૪ | એસ.બી.આઈ | ૫૬૦૪૬૦૦૯૭૯૮ | ૮૯,૨૩૯.૪૧/- |
| ૫ | એસ.બી.આઈ | ૫૬૦૪૬૦૧૦૨૨૭ | ૨,૯૬૪.૦૦/- |
| ૬ | એસ.બી.આઈ | ૫૬૦૪૬૦૦૯૫૩૯ | ૫૩,૯૯૯.૮૪/- |
| ૭ | એસ.બી.આઈ | ૩૦૫૩૪૧૭૦૦૩૦ | ૨,૧૬,૮૪૪.૭૭/- |
| ૮ | બેંક ઓફ ઈન્ડીયા | ૩૬૧૨૭ | ૯૨,૪૭૭.૪૦/- |
| ૯ | એસ.બી.આઈ | ૩૦૫૩૪૧૪૮૯૨૫ | ૧૨,૩૧,૨૩૦.૬૭/- |
| ૧૦ | બી.ઓ.બી | ૨૪૩૮ | ૩૯,૭૪૧.૦૦/- |
| કુલ સરવાળો | | | ૩૫,૮૪,૬૯૯.૫૮/- |

(૧) ઉપરોક્ત ઈન-ઓપરેટીવ બેંક ખાતા ક્યા હેતુ માટે અને ક્યારે ખોલાવેલ હતા ?

(૨) ઉક્ત પત્રકમાં દર્શાવેલ ખાતાઓ લાંબા સમયથી ક્યા કારણોસર અન-ઓપરેટ રહેલ છે. ઉપરોક્ત અન-ઓપરેટ બેંક ખાતાની જરૂરીયાત ન હોય તો સદરહું રકમ સબંધિત સદરે પરત જમા કરાવી અન-ઓપરેટ બેંક ખાતા બંધ કરવાની કાર્યવાહી કરવાની રહે.

(૩) ઉપરોક્ત ખાતાઓની સિલક આ ખાતામાં બિન-ઉપયોગી રાખવાના બદલે ફિક્સ ડિપોઝીટ કરવામાં આવી હોત તો વ્યાજ મેળવી શક્યા હોત. જે ફિક્સ ડિપોઝીટ ન કરવાના કારણે વ્યાજની આવક ગુમાવેલ છે.

### ૭.૧૭ રોજમેળની સિલકોનું બેંક પાસબુક સાથે મેળવણું કરવા અંગેની અનિયમિતતા બાબત. (ફકરા નં. ૪૦)

મહાનગરપાલિકા જુનાગઢના બેંક રોજમેળ તથા બેંક ખાતાઓની પાસબુક/સ્ટેટમેન્ટ વિગતોની ચકાસણી કરતા, તા.૩૧/૦૩/૨૦૧૪ની બંધ સિલકોમાં ઘણો મોટો તફાવત જણાયેલ છે. જે અંગે નીચેની મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

મ્યુનિસિપલ એકાઉન્ટ કોડના ફકરા નં. ૪૪ મુજબ રોજમેળ તથા બેંક પાસબુક વચ્ચે મેળવણાં કરવાના રહે છે. જનરલ કેશબુકના બંધ સિલકની તારીજ કાઢીને બેંક પાસબુક સાથે આવક–ખર્ચના વ્યવહારો મેળવી સિલકની ખરાઈ કરીને બેંક સિલકમેળ તૈયાર કરવાનો રહે છે.

મુળ ફકરાના પરિશિષ્ટની વિગતે ૪૯ ખાતાઓની તા.૩૧/૦૩/૨૦૧૪ના બેંક રોજમેળ મુજબના પત્રકમાં દર્શાવેલ વિગતો મુજબ કુલ ૨૧ ખાતાઓમાં રોજમેળ અને બેંક પાસબુકની સિલકમાં રૂા.૩૨,૫૦,૫૮૭/-નો તફાવત માલુમ પડેલ છે. જેની સંપૂર્ણ વિગતો મેળવી તફાવત દુર કરવો. તેમજ કુલ ૨૨ બેંન્ક ખાતાઓની પાસબુક/સ્ટેટમેન્ટ રજુ થયેલ નથી. જેથી બેંક રોજમેળ સાથે બેંકસિલકનું મેળવણું થઈ શકેલ નથી. અને કુલ ૬ ખાતાઓનુ રોકાણ રજીસ્ટર નિભાવેલ નથી.

આમ, આ બાબતે પ્રતિવર્ષ ઓડીટ રીપોર્ટમાં મેળવણું કરવા જણાવેલ છે. તેમ છતાં, સંસ્થા દ્વારા આ અંગે કાર્યવાહી કરેલ નથી. બેંક સાથે મેળવણું ન કરવાના કારણે નાણાકિય અનિયમિતતા થવાની શક્યતા રહે છે.

**૭.૧૮ યુ.ડી.પી-૭૮ આંગણવાડી કેન્દ્રોની ગ્રાન્ટ ફાળવણીની અનિયમિતતા બાબત. (ફકરા નં. ૨૯)**

ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્રારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત શહેરી વિસ્તારમાં આંગણવાડી કેન્દ્ર તૈયાર કરવા સબબ યુ.ડી.પી- ૭૮ અંતર્ગત આંગણવાડીની યુનિટ કોસ્ટ રૂા.૫,૫૦,૦૦૦/- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક- સજય/૧૦૨૦૧૩/એસએફ/૨૩/ધ, તા.૩૦/૦૩/૨૦૧૩થી નક્કી કરી. જુનાગઢને ૨૬૩ આંગણવાડી કેન્દ્રો તૈયાર કરવા અલગ અલગ હુકમથી કુલ રૂા.૧૪,૪૬,૫૦,૦૦૦/- ફાળવણી કરેલ અને ૨૬૩ આંગણવાડી કેન્દ્ર તૈયાર કરવા જણાવેલ.

**અનિયમિતતા**

(૧) વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન ખર્ચ "શુન્ય" થયેલ હતો. કોઈ કામગીરી થયેલ ન હતી.

(૨) સંસ્થાના પ્રગતિ અહેવાલ મુજબ તા.૩૧/૦૧/૨૦૧૭ અંતિત ૩૩ કેન્દ્રો તૈયાર થયેલ અને ૪૮ કેન્દ્રો પ્રગતિમાં હતાં.

(૩) આંગણવાડી કામગીરીની સમીક્ષા અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૬-૨૦૧૭ અંતિત ૮૧ કેન્દ્રો તૈયાર થઈ શકે તેમ દર્શાવેલ, જે મુજબ યુનીટ કોસ્ટ રૂા.૫,૫૦,૦૦૦/- × ૮૧ લેખે કુલ ખર્ચ રૂા.૪,૪૫,૫૦,૦૦૦/- થવાની સંભાવના હતી. વર્ષ ૨૦૧૨-૧૩-૧૪, યુ.ડી.પી- ૭૮ અંતર્ગત આંગણવાડી કેન્દ્રોની ૨૬૩ ના લક્ષ્યાંક સામે તા.૩૧/૦૧/૨૦૧૭ના સુધીમાં ૩૩ કેન્દ્ર તૈયાર થયેલ હોઈ, સદર ૪ વર્ષની કામગીરી ૧૨.૫૪% હતી. જે નબળી ગણી શકાય.

લક્ષ્યાંક મુજબ કામગીરી પૂર્ણ કરેલ ન હોઈ, વણવપરાયેલ ગ્રાન્ટ રૂા.૧૦,૦૧,૦૦,૦૦૦/- તથા તેના પર મળેલ વ્યાજ સહિતની રકમ સરકારશ્રીમા જમા કરાવવી રહે.

(૪) ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્રારા અપાયેલ લક્ષ્યાંક ૨૬૩ હતો. લક્ષ્યાંક મુજબ મહાનગરપાલિકા વિસ્તારમાં આંગણવાડી થઈ શકે છે કે નહિ તેમજ કેન્દ્રની જરૂરીયાત બાબતમાં સંસ્થાએ કોઈ સર્વ કરેલ ન હતો સર્વે કરેલ હોત તો ગ્રાન્ટ લાંબા સમય સુધી વણવપરાયેલ ન રહેત. સદર બાબત સક્ષમ કક્ષાએ ધ્યાને મુકી આગામી જરૂરીયાત અને સ્થાનિક પરિસ્થિતિનો અહેવાલ તૈયાર કરી જરૂરીયાત મુજબ ગ્રાન્ટ ન ફાળવવા અંગે આધારો રજુ કરેલ નથી.

**૭.૧૯ યુ.ડી.પી-૭૮ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગ્રાન્ટના ઉપયોગ ન કરવા બાબત. (ફકરા નં. ૪૯)**

બાંધકામ શાખાના તા.૩૧/૦૩/૨૦૧૪ના પ્રગતિ અહેવાલની ચકાસણી કરતાં યુ.ડી.પી ૭૮ સ્વર્ણિમ જયંતિ મુખ્ય.મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રૂા.૧૫,૦૦,૦૦,૦૦૦/- પાણી પુરવઠા યોજના અંતર્ગત ગ્રાન્ટની ફાળવણી કરેલ હતી.

વાર્ષિક હિસાબ અને આવક-ખર્ચ ક્લાસીફાઈડ રજીસ્ટર મુજબ રૂા.૧૫,૦૦,૦૦,૦૦૦/-ની ફાળવણી કરેલ છે. તથા પ્રગતિ અહેવાલની નોંધ અનુસાર આ કામ જનરલ બોર્ડના તા.૨૮/૦૯/૨૦૧૩ના નિર્ણય અને સરકારશ્રીની સુચના અનુસાર આ કામગીરી પાણી પુરવઠા બોર્ડને તબદીલ કરવા હુકમ થયેલ છે. અને કામગીરી પાણી પુરવઠા બોર્ડને તબદિલ કરેલ છે. પરંતુ આ કામમાંથી અન્વેષણ તારીખ સુધી કોઈ ખર્ચ થયેલ જણાતો નથી. જેથી ઉક્ત યોજના બાબતે સરકારશ્રી તરફથી અપાયેલ ગ્રાન્ટનો ઉપયોગ થયેલ નથી.

**૭.૨૦ સીટીબસના સંચાલનના ઇજારામાં જણાયેલ અનિયમિતતા બાબત .(ફકરા નં. ૨૩)**

સીટીબસ ચલાવવા શ્રી વિનાયક ટ્રાવેલ્સ, જૂનાગઢને મંજૂરીની શરતો મુજબ ઇજારો આપવામાં આવેલ છે. સંસ્થાના તા.૨૬/૧૦/૨૦૦૯ના પત્ર અન્વયે ટેન્ડરની શરત મુજબ પ્રથમ રૂા.૨,૦૦,૦૦૦/-

ડિપોઝીટ જમા કરાવ્યા બાદ વર્ક ઓર્ડર આપવામાં આવશે. આ અંગેની મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ છે.

(૧) બસો નિયત થયેલ રૂટોમાં ચલાવવામાં આવતી હોવાના આધારો રજુ થયેલ નથી, પરિણામે જાહેરજનતાને યોગ્ય મુસાફરીનો લાભ મળતો હોવાની ખાત્રી થઇ શકેલ નથી.

(૨) કરારની શરત નં. ૨૪ અને ૩૦ અન્વયે દર માસે એડવાન્સ હપ્તો રૂા.૩૦,૦૦૦/- ભરવાનો નક્કી થયેલ છે. જે ૧ થી ૭ તારીખ દરમ્યાન ભરપાઇ કરવો. જો મોડી રકમ ભરવામાં આવે તેના પ્રત્યેક દિવસના રૂા.૧,૦૦૦/- લેખે પેનલ્ટી વસુલ કરવાની જોગવાઇ છે. સને ૨૦૧૩-૧૪માં દરેકમાં માસમાં ભરેલ એડવાન્સ હપ્તાની વિગતો જોતા હપ્તો ભરવામાં કુલ ૧૧૮ દિવસનો વિલંબ થયેલ છે. જેથી રૂા.૧,૧૮,૦૦૦/- પેનલ્ટી વસુલ કરવાની થાય છે. જે વસુલ કરવી રહે.

(૩) કરાર મુજબ સીટીબસોને રૂટ ઉપર ચલાવવામાં આવે તેનો વિમો/રજીસ્ટ્રેશન વખતો વખત ચકાસીને વર્ષોવર્ષ વિમો રીન્યુ કરાવેલ છે કે કેમ ? તેની ચકાસણી કરવી જોઈએ. જે કર્યાના આધારો રજુ કરેલ નથી.

(૪) કરારની શરત નં.૪૪ મુજબ પ્રજાજનોની ફરિયાદ તથા તેના નિકાલ અને તે અંગેના સીટીબસના મેનેજરશ્રીનો રીપોર્ટ અંગેનું કોઈ રેકર્ડ રજુ થયેલ નથી.

મહાનગરપાલિકા જુનાગઢના ઉકત ફકરાઓમાંથી એકપણ ફકરાઓના જવાબ આવેલ નથી.

# પ્રકરણ : ૮ ગાંધીનગર મહાનગરપાલિકા

| ક્રમ | ફકરાની વિગત |
|---|---|
| ૮.૧ | ઓડિટમાં રેકર્ડ રજુ ન કરવા બાબત. (ફકરા નં.૪૧) |
| ૮.૨ | અગત્યના હિસાબી રજીસ્ટરો રજુ ન થવા બાબત. (ફકરા નં.૨૯) |
| ૮.૩ | મહાનગરપાલિકા, ગાંધીનગરની કચેરી માટે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અંગેની કામગીરી માટેના સાધનો-વાહનોની ખરીદી તથા તેના ઓપરેશન અને મેન્ટેનન્સ અંગેની કામગીરી બાબત. (ફકરા નં.૩૨) |
| ૮.૪ | સને ૨૦૧૩-૧૪ના વર્ષના માર્ચ-૧૪ના વાઉચરો રજુ કરવા બાબત. (ફકરા નં.૧૬) |
| ૮.૫ | કરવેરાની બાકી વસુલાત કરવામાં શિથિલ રહેવા બાબત. (ફકરા નં.૪૪) |
| ૮.૬ | મહાનગરપાલિકા વિસ્તારમાં મોબાઇલ ટેલીકોમ્યુનિકેશન ટાવરના ઇસ્ટોલેશન ચાર્જ અને વાર્ષિક ફી વસુલવા બાબત. (ફકરા નં.૩૬) |
| ૮.૭ | વાહનવેરા તથા અન્ય કરવેરા નાખી સ્વભંડોળની આવક ઉભી કરવા બાબત. (ફકરા નં.૩૫) |
| ૮.૮ | મહાનગરપાલિકા, ગાંધીનગર કચેરી માટે જરૂરી રજીસ્ટરોની ખરીદી, છાપકામ અને સ્ટેશનરી પુરી પાડવા બાબત. (ફકરા નં.૧૧) |
| ૮.૯ | સોલાર લાઇટ વીથ માઉંટીંગ સ્ટ્રક્ચર એન્ડ પોલની ખરીદી બાબત. (ફકરા નં.૧૪) |
| ૮.૧૦ | ડીપોઝીટ અંગેના હિસાબો રજુ કરવા બાબત. (ફકરા નં.૫) |

## ૮.૧ ઓડીટમાં રેકર્ડ રજુ ન કરવા બાબત. (ફકરા નંબર- ૪૧)

ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમ – ૧૯૬૩ની કલમ-૩ મુજબ તપાસણીને પાત્ર તમામ રેકર્ડ અધિનિયમની કલમ-૪ અને ૫ અન્વયે ઓડિટ સમક્ષ રજુ કરવાની સંસ્થાની વૈધાનિક જવાબદારી છે. આ અંગે નીચે દર્શાવેલ વિગતેનું રેકર્ડ સંસ્થા દ્વારા રજુ કરવામાં આવેલ નથી.

### [૧] ખેલ મહાકુંભ – ૨૦૧૩ અંતર્ગત રેકર્ડ ઓડીટમાં રજુ કરવા બાબત

સદરહું ઓડીટમાં રજુ થયેલ ચેક રજીસ્ટરની ચકાસણી કરતાં ખેલ મહાકુંભ – ૨૦૧૩ અંતર્ગત રકમ રૂ.૧,૪૩,૧૬,૯૦૫/-નો ખર્ચ થયેલ છે, તો તે અંગેની અસલ ફાઇલો/રેકર્ડ ઓડીટમાં રજુ કરવામાં આવેલ નથી.

### [૨] સીટી બસનું રેકર્ડ રજુ કરવા બાબત.

ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તકની સીટી બસોનું સંચાલન, ખરીદી તથા સીટી બસોની ભાડાની આવક અને ખર્ચ સંબંધિત રેકર્ડ તથા તે સંબંધિત ઠરાવો/પરિપત્રોની નકલો રેકર્ડ સહ ચકાસણી અર્થે ઓડીટમાં તાત્કાલિક રજુ કરવા જણાવેલ, પરંતુ ઓડીટ પુર્ણ થતાં સુધી રેકર્ડ રજુ કરેલ નથી.

### [૩] ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લીમીટેડ દ્વારા કચેરી/સંસ્થામાં કરેલ ફર્નિચર અંગેની કામગીરી બાબત

સદરહું ઓડીટમાં રજુ થયેલ ચેક રજીસ્ટરની ચકાસણી કરતાં, ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લીમીટેડ દ્વારા કચેરી/સંસ્થામાં કરેલ ફર્નિચર અંગેની કામગીરી માટે રકમ રૂ.૩૪,૯૫,૬૧૬/-નું ચુકવણું કરવામાં આવેલ છે. જે અંગેનું રેકર્ડ રજુ થયેલ નથી.

### [૪] મોબાઇલ ટોયલેટ વાનની ખરીદી બાબત

સદરહું ઓડીટમાં રજુ થયેલ ચેક રજીસ્ટરની ચકાસણી કરતાં મણિયાર એન્ડ કુ. પાસેથી મોબાઇલ ટોયલેટ વાનની ખરીદી અંતર્ગત રકમ રૂ.૮,૫૦,૦૦૦/-નો ખર્ચ થયેલ છે, તો તે અંગેની અસલ ફાઇલો/રેકર્ડ ઓડીટમાં રજુ કરવામાં આવેલ નથી.

**[૫] સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની કામગીરી માટે સુરમ્ય મજુર કામદાર સહકારી મંડળી લીમીટેડ, ગાંધીનગરને થયેલ ચુકવણા બાબત**

સદરહું ઓડીટમાં રજુ થયેલ ચેક રજીસ્ટરની ચકાસણી કરતાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની કામગીરી માટે સુરમ્ય મજુર કામદાર સહકારી મંડળી લીમીટેડ, ગાંધીનગરને રકમ રૂ.૨,૮૦,૨૮૦/-નું ચુકવણું કરવામાં આવેલ છે. તો તે અંગેની અસલ ફાઇલો/રેકર્ડ ઓડીટમાં તાત્કાલિક રજુ કરવામાં આવેલ નથી.

**[૬] સામાન્ય ભવિષ્યનિધિના હિસાબો અંગેનું રેકર્ડ રજુ કરવા બાબત**

ઓડીટમાં સંસ્થાના અધિકારીઓ/કર્મચારીઓના સામાન્ય ભવિષ્યનિધિના હિસાબો અંગેનું નીચે મુજબનું રેકર્ડ ઓડીટમાં રજુ કરવા જણાવવામાં આવેલ હતુ, તેમ છતાં ઓડીટ પુર્ણ થતાં સુધીમાં આવું કોઇ રેકર્ડ ઓડીટમાં રજુ કરવામાં આવેલ ન હતુ, આ બાબતે સ્પષ્ટતા કરવી ઘટે.

(ક) દરેક અધિકારી/કર્મચારીની સામાન્ય ભવિષ્યનિધિની ઉઘડતી સિલક, વર્ષ દરમ્યાન માસિક કપાત થયેલ ફાળાની વિગતો, લીધેલ પેશગી, અંશતઃ આખરી ઉપાડ, પેશગીની વસુલાતની વિગતો અને વર્ષના અંતે બંધ સિલકની વિગતો દર્શાવતુ રજીસ્ટર.

(ખ) દરેક અધિકારી/કર્મચારીની સામાન્ય ભવિષ્યનિધિની પાસબુકો(ભવિષ્યનિધિના ફાળાની વિગતો)

(ગ) સામાન્ય ભવિષ્યનિધિના હિસાબો રાખનાર સંસ્થા સાથે જી.પી.એફ.ની મળતી સ્લિપો સાથે સંસ્થાએ કર્મચારી/અધિકારીની પાસબુકો તથા રજીસ્ટર સાથેનું મેળવણું તેમજ એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી સાથે મેળવણું પણ કરવામાં આવે છે કે કેમ? તેની વિગતો ઓડીટમાં રજુ કરેલ નથી.

(ઘ) સંયોજિત વિમા યોજનાના હિસાબો અંગેનું નિભાવવમાં આવેલ રજીસ્ટર(Group Insurance)

(ચ) અધિકારી/કર્મચારી દ્વારા સામાન્ય ભવિષ્યનિધિના આપવામાં આવેલ નોમિનેશન અંગેનું રજીસ્ટર

(છ) નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ નિવૃત્ત થયેલ અધિકારીશ્રીઓ/કર્મચારીઓને નિવૃત્તિના લાભોની ચુકવણી અંગેનું સંલગ્ન તમામ રેકર્ડ.

**[૭] જન્મ-મરણ નોંધણીનું રેકર્ડ રજુ કરવા બાબત.**

સંસ્થાની જન્મ-મરણ શાખાની આવક રૂ.૨૩,૦૬૪/- અને લગ્ન નોંધણીની આવક રૂ.૪૬,૫૪૬/- (નાયબ કમિશ્નરશ્રીના વાર્ષિક આવક-ખર્ચના રીપોર્ટ પ્રમાણે) દર્શાવેલ છે. ઉકત ફીની વસુલાત માટે મેળવેલ તથા વપરાશ કરેલ પહોંચબુકો તથા રજીસ્ટર તથા ફી નિર્ધારીત કરતા ઠરાવો/પરિપત્રોની નકલ રેકર્ડ સહ ચકાસણી અર્થે ઓડીટમાં રજુ કરવા જણાવેલ, પરંતુ ઓડીટ પુર્ણ થતાં સુધી રજુ કરેલ નથી.

**[૮] સંસ્થાની મહેકમ અંગેની માહિતી રજુ કરવા બાબત.**

સંસ્થાની મહેકમ અંગેની નીચે મુજબની માહિતી રજુ કરવા જણાવવા છતાં સંસ્થા દ્વારા ઓડીટ પુર્ણ થતાં સુધીમાં આવી કોઇ માહિતિ/વિગતો રજુ કરેલ નથી.

(ક) ગાંધીનગર મહાનગરપાલિકામાં કુલ કેટલી શાખાઓ છે? તથા આ શાખાઓની કેટેગરી વાઇઝ કુલ કેટલી
જગ્યાઓ મંજુર થયેલ છે. તેની માહીતી શાખા વાઇઝ રજુ કરેલ નથી.

(ખ) મુળ મંજુર થયેલ મહેકમની કુલ જગ્યાઓ તૈ પૈકી ભરાયેલ જગ્યાઓ અને ખાલી જગ્યાની માહિતી રજુ કરેલ નથી.

(ગ) મંજુર થયેલ મુળ મહેકમના વર્ષ દરમ્યાન કેટલા કર્મચારીઓ રોજમદાર તરીકે ભરતી કરીને રાખવામાં
આવ્યા છે તેની વિગતો રજુ કરેલ નથી.

(ઘ) આ જગ્યાઓ શહેરી વિકાસ અને શહેરી ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની પુર્વ મંજુરી મેળવી રોજમદારોની ભરતી કરવામાં આવે છે કે નહિ તે અંગેની વિગતો ઓડીટમાં રજુ કરેલ નથી.

**[૯] ટેન્ડર ફી S.D તથા EMD ની કરેલ નોંધોનું રજીસ્ટર રજુ કરવા બાબત.**

મહાનગરપાલિકા, ગાંધીનગર દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ના રજુ કરેલ આવક-ખર્ચના પત્રકમાં ટેન્ડર ફીની આવક રૂ.૧,૬૬,૩૧૩/- દર્શાવેલ છે. ટેન્ડર સંદર્ભે વસુલવામાં આવેલ ટેન્ડર ફી S.D તથા EMD ની કરેલ નોંધોનું રજીસ્ટર ઓડીટમાં રજુ કરવા જણાવેલ, પરંતુ ઓડીટ પુર્ણ થતાં સુધી રજુ કરેલ નથી.

**[૧૦] ચીફ ઓડીટરે દર અઠવાડીયે હિસાબોની બારીક તપાસનો અહેવાલ સ્થાયી સમિતિને કરવા બાબત**

ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ની કલમ ૧૦૫,૧૦૬ની જોગવાઇ હેઠળ મહાનગરપાલિકાના ચીફ ઓડીટરે દર અઠવાડીયે હિસાબોની બારીક તપાસ કરવાની અને તે સંબંધિત રીપોર્ટ સ્થાયી સમિતિને કરવાનો રહે છે. સ્થાયી સમિતિએ પણ મ્યુનિસિપલના આવક – ખર્ચના હિસાબો વખતો વખત તેટલી મુદત માટે હિસાબો સ્વતંત્ર રાખવા અને ઓડીટ કરાવવાના રહે. જે અન્વયે મ્યુનિસિપલ ચીફ ઓડીટરને મહાનગરપાલિકાના સઘળા હિસાબો તથા તેના આનુષાંગિક રેકર્ડ જોવા/તપાસવાની અને તે સંબંધિત કોઇ વિગતો માંગે તો મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ તરત કરવાનો રહે.

ચીફ ઓડીટર મારફતે આવી તપાસ કામગીરી કરવામાં આવે છે કે નહિ તે બાબતની ઓડીટને ખાત્રી કરાવવા જણાવવામાં આવેલ, પરંતુ સંસ્થા દ્વારા આવી માંગ્યા મુજબની કામગીરી કરેલ હોવાના પુરાવા રજુ કરેલ નથી.

**[૧૧] વાર્ષિક હિસાબો રજુ ન કરવા બાબત**

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ની કલમ-૯૪(૧) અને ૯૪(૩) પ્રમાણે દરેક સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાએ નાણાંકીય વર્ષમાં થયેલ તમામ આવક-જાવકના વ્યવહારો નોંધી તેના આધારે વાર્ષિક હિસાબો તૈયાર કરી મહાનગરપાલિકાની વાર્ષિક જનરલ મીટીંગમાં રજુ કરી મંજુર કરાવવાના રહે.

સંસ્થા દ્વારા હાલમાં કોમ્પ્યુટરાઇઝ હિસાબો નિભાવવામાં આવે છે.જેમાં ખરાઇ અધિકૃતતા/ચોકસાઇ તથા અનઅધિકૃત સુધારા-વધારાઓ રોકવા બાબતે કોઇ જોગવાઇ ન હોવાના પરિણામે ઓડીટમાં રજુ કરવામાં આવતાં ખર્ચ તેમજ આવકને લગતા હિસાબો સંપુર્ણ સાચા હોવા અંગે ખાત્રી થઇ શકેલ નથી. સંસ્થાની સાચી અને વાસ્તવિક નાણાંકીય પરિસ્થિતિ જાણી શકાય તે સારૂ ઉપજ-ખર્ચના વાર્ષિક હિસાબોનો અહેવાલ ઓડીટમાં રજુ કરવા જણાવેલ હતુ. આ બાબતે વર્ષ ૨૦૧૩-૧૪ ના ઓડીટની શરૂઆતના તબક્કે પ્રા.વા.નં.૧ તા.૧૧/૦૫/૨૦૧૭ તથા પ્રાથમિક વાંધા નંબર ૪૩ તા.૧૭/૦૭/૨૦૧૭ થી પણ વાર્ષિક હિસાબોનો અહેવાલ રજુ કરવા જણાવવામાં આવેલ, તેના અનુસંધાને સંસ્થા દ્વારા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા તૈયાર કરાયેલ અહેવાલ રજુ કરવામાં આવેલ છે. પરંતુ વાર્ષિક હિસાબોનો અહેવાલ ઓડીટ પુર્ણ થતાં સુધીમાં રજુ કરવામાં આવેલ નથી.

**૮.૨ અગત્યના હિસાબી રજીસ્ટરો રજુ ન થવા બાબત. (ફકરા નંબર- ૨૯)**

ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમ – ૧૯૬૩ની કલમ-૩ મુજબ તપાસણીને પાત્ર તમામ રેકર્ડ અધિનિયમની કલમ-૪ અને ૫ અન્વયે ઓડિટ સમક્ષ રજુ કરવાની સંસ્થાની વૈધાનિક જવાબદારી છે. નીચે મુજબના રજિસ્ટરો પુરા પાડવા અંગે પ્રાથમિક વાંધા નંબર-૩ તા.૧૧/૦૫/૨૦૧૭ તથા પ્રાથમિક વાંધા નંબર-૪૨ તા.૧૭/૦૭/૨૦૧૭ થી જણાવવામાં આવેલ, તેમ છતાં સદર રજીસ્ટરો ઓડીટમાં રજુ કરવામાં આવેલ નથી.

| | |
|---|---|
| (૧) દાવા રજીસ્ટર | (૨) ટેન્ડર ઇસ્યુ રજીસ્ટર |
| (૩) લોન રજીસ્ટર | (૪) સ્ટેમ્પ રજીસ્ટર |
| (૫) ડીપોઝીટ રજીસ્ટર | (૬) ડેડ સ્ટોક રજીસ્ટર |
| (૭) રોકાણ રજીસ્ટર | (૮) યુનિફોર્મ રજીસ્ટર |
| (૯) જામીનખત રજીસ્ટર | (૧૦) ગ્રાન્ટ રજીસ્ટર |
| (૧૧) ફીકસ ડીપોઝીટ (અનામત) રજીસ્ટર | (૧૨) સિકયુરીટી ડીપોઝીટ રજીસ્ટર |

(૧૩) વ્હીકલ લોન રજીસ્ટર (સ્ટાફ) (૧૪) ફેસ્ટીવલ /ફૂડ એડવાન્સ રજીસ્ટર
(૧૫) ફિકસ એસેટ (મિલ્કત) રજીસ્ટર (૧૬) વ્હીકલ એડવાન્સ રજીસ્ટર
(૧૭) પુરા થયેલા/ચાલુ કામોનું(વર્ક) રજીસ્ટર
(૧૮) માલ-સામાન સ્ટોક રજીસ્ટર (૧૯) આરોગ્ય શાખાનું સ્ટોક રજીસ્ટર તથા ઇસ્યુ રજીસ્ટર

**૮.3 મહાનગરપાલિકા, ગાંધીનગરની કચેરી માટે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અંગેની કામગીરી માટેના સાધનો વાહનોની ખરીદી તથા તેના ઓપરેશન અને મેન્ટેનન્સ અંગેની કામગીરી બાબત. (ફકરા નંબર- ૩૨)**

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અંગેની કામગીરી માટેના સાધનો-વાહનોની ખરીદી TPS Infrastructure, નવી દિલ્હી પાસેથી કરેલ હોવાનું તથા આ કામગીરી માટે ડીટેઇલ પ્રોજેક્ટ રીપોર્ટ(DPR) તૈયાર કરવા અને તેના અમલીકરણ અને કન્સલટન્ટ તરીકે અર્બન મેનેજમેન્ટ કન્સલટન્ટ, અમદાવાદની નિમણુંક કરવામાં આવેલ છે તેમજ આ કામગીરીના ઓપરેશન અને મેન્ટેનન્સ અંગેની કામગીરી અમીન સોલીડ વેસ્ટ સર્વિસ, અમદાવાદને કામગીરી સોંપવામાં આવેલ છે. જે અંગે સોલીડ વેસ્ટસાધનો-વાહનોની ખરીદી માટે રકમ રૂ.૩,૦૮,૯૮,૦૨૯/- નું ચુકવણું કરવામાં આવેલ.

**[૧]** સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ કામગીરી માટે ડીટેઇલ પ્રોજેક્ટ રીપોર્ટ(DPR) તૈયાર કરવા અને તેના અમલીકરણ અને કન્સલટન્ટની કામગીરીમાટે અર્બન મેનેજમેન્ટ કન્સલટન્ટ, અમદાવાદને રકમ રૂ.૧૨,૫૮,૪૩૨/- નું ચુકવણું કરવામાં આવેલ.

**[૨]** સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અંગેની કામગીરીના ઓપરેશન અને મેન્ટેનન્સ માટે અમીન સોલીડ વેસ્ટ સર્વિસ, અમદાવાદને રકમ રૂ.૧૮,૭૨,૪૬૩/- નું ચુકવણું કરવામાં આવેલ.

આમ કુલ રૂ.૩,૪૦,૨૮,૯૨૪/-નો ખર્ચ કરવામાં આવેલ છે. જે અંગે નીચે મુજબનું રેકર્ડ ઓડિટમાં રજુ કરેલ નથી જેથી થયેલ ચૂકવણાની યથાર્થતા ચકાસી શકાઇ નથી.

ત્રણેય વિષયની મુળ એટલે કે ટેન્ડર નોટીસ બહાર પાડવા, દૈનિક સમાચારમાં જાહેરાત આપવા બાબત તથા ખરીદ કરવા, વર્ક ઓર્ડર, બંન્ને પાર્ટી વચ્ચેના કરાર, સાધનો /માલ ખરીદીના અસલ બીલો, વગેરેની માહિતી વાળુ રેકર્ડ.

**૮.૪ સને ૨૦૧૩-૧૪ ના વર્ષના માર્ચ-૧૪ ના વાઉચરો રજુ કરવા બાબત. (ફકરા નંબર- ૧૬)**

ઓડીટમાં રજુ કરેલ ચેક રજીસ્ટર અને વાઉચર ફાઇલોની ચકાસણી કરતાં, માહે ઓક્ટોબર-૧૩, માહે ડિસેમ્બર-૧૩ તથા માહે માર્ચ-૧૪ ના વાઉચરોની અલગ- અલગ ફાઇલોની ચકાસણી કરતા, નીચે મુજબના કુલ-૨૫ વાઉચરો, વાઉચર ફાઇલમાં સામેલ નથી. આ વાઉચરોથી કરેલ ખર્ચ રૂ.૧,૭૫,૦૦,૮૨૨/- બાબતે જરૂરી સ્પષ્ટતા કરવી ઘટે.

| ક્રમ | તારીખ | વાઉચર નંબર | રકમ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | ૩૦/૧૦/૨૦૧૩ | ૪૮૨ | ૩૬૦ | સંસ્થાએ રદ કરેલ છે. |
| ૨ | ૩૦/૧૦/૨૦૧૩ | ૪૯૫ | ૨૧,૭૨૭ | મેલેરીયા શાખાનું દવા છાંટવાનું પેટ્રોલ-ડીઝલ બીલ |
| ૩ | ૧૧/૧૨/૨૦૧૩ | ૫૭૫ | ૭,૧૨,૯૯૮ | મેયરશ્રીની ફાળવેલ ગ્રાન્ટમાંથી આર.ઓ પ્લાન્ટનું બીલ |
| ૪ | ૧૮/૧૨/૨૦૧૩ | ૫૮૫ | ૮૧,૪૮,૯૩૦ | ખેલ મહાકુંભ ૨૦૧૩ |
| ૫ | ૧૯/૧૨/૨૦૧૩ | ૫૮૭ | ૨૮,૦૦૦ | સમાચારપત્રમાં દિવાળી શુભેચ્છા જાહેરાતનું બીલ |
| ૬ | ૧૯/૧૨/૨૦૧૩ | ૫૮૮ | ૨૪,૦૦૦ | |
| ૭ | ૨૭/૧૨/૨૦૧૩ | ૬૦૬ | ૬૦,૯૯૪ | લાઇટબીલ-ઓકટો.૧૩ |
| ૮ | ૨૭/૧૨/૨૦૧૩ | ૬૧૦ | ૩,૭૭૮ | મેલેરીયા શાખાનું પેટ્રોલ ડીઝલ બીલ |
| ૯ | ૩૧/૧૨/૨૦૧૩ | ૬૨૬ | ૧,૧૭,૫૫૨ | સેનેટરી ઇન્સપેકટર,પ્યુન તથા મુકાદમનો પગાર બીલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | ૩૧/૧૨/૨૦૧૩ | ૬૨૭ | ૭૫,૭૫૦ | પગાર-બીલ |
| ૧૧ | ૩૧/૧૨/૨૦૧૩ | ૬૨૮ | ૩૩,૯૫,૬૮૫ | પગાર બીલ |
| ૧૨ | ૩૧/૧૨/૨૦૧૩ | ૬૨૯ | | |
| ૧૩ | ૩૧/૧૨/૨૦૧૩ | ૬૩૦ | | |
| ૧૪ | ૩૧/૧૨/૨૦૧૩ | ૬૩૧ | | |
| ૧૫ | ૦૧/૦૩/૨૦૧૪ | ૭૮૫ | ૩૪,૫૪,૩૬૭ | પગાર બીલ |
| ૧૬ | ૦૧/૦૩/૨૦૧૪ | ૭૮૬ | | |
| ૧૭ | ૦૧/૦૩/૨૦૧૪ | ૭૮૭ | | |
| ૧૮ | ૦૧/૦૩/૨૦૧૪ | ૭૮૮ | | |
| ૧૯ | ૦૧/૦૩/૨૦૧૪ | ૭૮૯ | | |
| ૨૦ | ૦૧/૦૩/૨૦૧૪ | ૭૯૦ | ૧૦,૦૧,૨૦૫ | શહેરી મેલેરીયા કર્મચારીઓનો ફેબ્રુઆરી ૧૪નો પગાર |
| ૨૧ | ૦૭/૦૩/૨૦૧૪ | ૭૯૨ | ૪,૨૦૦ | વાહન રજીસ્ટ્રેશન ફી |
| ૨૨ | ૦૭/૦૩/૨૦૧૪ | ૭૯૫ | ૩,૪૩,૫૦૦ | બાંકડાની ખરીદીનું બીલ |
| ૨૩ | ૧૮/૦૩/૨૦૧૪ | ૮૧૬ | ૯૬,૦૪૮ | હકક રજાનું રોકડમાં રૂપાંતરનું બીલ |
| ૨૪ | ૨૬/૦૩/૨૦૧૪ | ૮૨૦ | ૯,૪૭૪ | લાઇટ બીલ |
| ૨૫ | ૩૧/૦૩/૨૦૧૪ | ૮૭૧ | ૨,૨૫૪ | વાહન રીપેરીંગ-સર્વિસનું બીલ |
| | | **કુલ સરવાળો** | **૧૭૫૦૦૮૨૨** | |

**૮.૫ કરવેરાની બાકી વસુલાત કરવામાં શિથિલ રહેવા બાબત. (ફકરા નંબર- ૪૪)**

ટેક્ષ શાખાએ ઓડીટમાં રજુ કરેલ બાકી વેરા જેવાકે, મિલ્કતવેરો, શિક્ષણ ઉપકર, સફાઇ ઉપકરની વિગતો સાથે ગાંધીનગરના કુલ ૧ થી ૩૭ સેકટરોમાં કુલ બાકી વેરાની વિગતરજુ કરેલ જેની ઓડીટમાં ચકાસણી કરતા વર્ષના અંતે બાકી વેરાની કુલ રકમ રૂ.૩૩,૬૨,૪૦,૬૯૫/- દર્શાવેલ. જે અંગે અનિયમિતતા નીચે મુજબ છે.

(૧) સંસ્થાએ ઓડીટમાં રજુ કરેલ વસુલાત/બાકી વેરાના વર્ષ-૨૦૧૩/૧૪ના માંગણા પત્રકમાં દર્શાવ્યા મુજબ રૂ.૪૫,૪૩,૦૬,૬૫૩/- ની કુલ બાકી સામે વર્ષ દરમ્યાન રૂ.૧૧,૮૦,૬૫,૯૫૮/- ની વસુલાત કરેલ છે. તથા રૂ.૩૩,૬૨,૪૦,૬૯૫/- વર્ષના અંતે બાકી વેરા તરીકે દર્શાવેલ. આમ, વર્ષ દરમ્યાન બાકી વેરા સામે કુલ વસુલાત માત્ર ૨૬ ટકા થવા જાય છે. આમ, વસુલાતની ટકાવારી નબળી જણાય છે.

(૨) બાકી વેરા વસુલવા ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ની કલમ ૧૪૧(બી) થી ૧૪૧(એફ)માં દર્શાવ્યા મુજબ મહાનગરપાલિકાએ વાર્ષિક કર ઉઘરાવવાની જોગવાઇ કરવામાં આવેલ છે. અને સદર અધિનિયમની કલમ ૧૨૮થી બાકી કર વસુલ કરવા મહાનગરપાલિકાને અધિકાર આપવામાં આવેલ છે.

(૩) બી.પી.એમ.સી એકટ ૧૯૪૯ ની કલમ ૧૪૧ (ક) મુજબ કરવેરાની બાકી રકમ ભરવાને જવાબદાર વ્યક્તિ ઠરાવેલ સમય મર્યાદામાં ભરપાઇ ન કરે તો મિલ્કત વેરાની બાકી રકમ ઉપર દર વર્ષે ૧૮ ટકાના દરે સાદુ વ્યાજ વસુલ કરવાની જોગવાઇ થયેલ છે. આ જોગવાઇ પ્રમાણે બાકી મિલ્કત વેરા ધારકો સામે આવી કોઇ કાર્યવાહી કરવામાં આવે છે કે નહિ તે અંગે દાખલા (બાકીદાર) સહિતનું રેકર્ડ ચકાસણી અર્થે ઓડીટમાં પુરૂ પાડવામાં આવેલ નથી.

(૪) રજુ કરેલ રેકર્ડમાં દર્શાવ્યા મુજબ કુલ રૂ.૩૩,૬૨,૪૦,૬૯૫ બાકી વેરા પૈકી રૂ.૧૩ લાખથી ઉપરના વેરા વસુલવાના બાકી હોય તેવા ૪૨ બાકીદારોની કુલ રકમ રૂ.૧૧,૦૯,૩૮,૪૧૪ છે.જે કુલ બાકી રકમના ૩૩ ટકા થાય છે. બાકી વેરાની ૧૦૦% વસુલાત કરવી રહે.

**૮.૬ મહાનગરપાલિકા વિસ્તારમાં મોબાઇલ ટેલીકોમ્યુનિકેશન ટાવરના ઇસ્ટોલેશન ચાર્જ અને વાર્ષિક ફી વસુલાત કરવા બાબત. (ફકરા નંબર- ૩૬)**

ટેલીકોમ્યુનિકેશન ટાવર ઇનસ્ટોલેશન ચાર્જની વાર્ષિક ફી બાબતે ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક : ન.પ.લ./૪૫૦૮/૫૪૨૭/મ તા.૨૦/૧૧/૨૦૦૯ થી મહાનગરપાલિકા વિસ્તારમાં આવા ટાવર ઉભા કરવામાં આવેલ હોય તેના ઇન્સ્ટોલેશન ચાર્જ તેમજ વાર્ષિક પરવાનગી ફી નીચે જણાવ્યા મુજબ વસુલ કરવાનું ઠરાવેલ છે.

| ક્રમ | વિગત | મહાનગરપાલિકા વિસ્તારમાં લેવાના થતા ચાર્જ/ફી. |
|---|---|---|
| ૧ | પ્રત્યેક ટાવર દીઠ પ્રારંભિક ઇન્સ્ટોલેશન ચાર્જ | ૨૫,૦૦૦ |
| ૨ | વાર્ષિક પરવાનગી ફી તરીકે ટાવરની ઉંચાઇના પ્રતિ મીટર દીઠ | ૧,૦૦૦ |
| ૩ | બી.યુ.પરમીશન સિવાયના મકાનો પર ટાવર બનાવવા માટે અથવા પરમીટ સિવાય શરૂ કરેલ ટાવર અંગેની ફી. | પ્રવર્તમાન વાર્ષિક પરવાનગી ફી ઉપરાંત રૂ.૫૦,૦૦૦/- પેનલ્ટી ફી લેવાની રહેશે. |
| ૪ | ઉપર (૧) અને (૨) મુજબ દરમાં વધારો. | દર ત્રણ વર્ષે વાર્ષિક ૧૦% વધારો કરી તે મુજબ વાર્ષિક ફી વસુલવી. |

આમ, ઉક્ત ઠરાવની જોગવાઇ પ્રમાણે મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ વોર્ડમાં કુલ કેટલા તેમજ કઇ સેલ્યુલર કંપનીના ટાવર ઇન્સ્ટોલ કરેલ છે તથા બી.યુ. પરમીશનવાળા તથા બી.યુ. પરમીશન સિવાયના કેટલા મકાનો ઉપર ટાવર ઉભા કરવા પરમીટ આપવામાં આવેલ છેતથા તેની કેટલી ફી તથા પેનલ્ટીની વસુલાત કરવામાં આવેલ છે તેની વિગતો ઓડીટમાં રજુ કરેલ નથી તેમજ દર ત્રણ વર્ષે વાર્ષિક ૧૦% નો વધારો કરવામાં આવેલ છે કે નહિ મહાનગરપાલિકા વિસ્તારમાં જમીનમાં કેબલ નાખવામાં આવેલ છે તેનુ સરકારશ્રી દ્વારા નક્કી કરેલ દર મુજબ ભાડુ વસુલવા શું કાર્યવાહી કરેલ છે તેની માહિતી ઓડીટ સમક્ષ રજુ કરેલ નથી. અગાઉના વર્ષોના અન્વેષણ દરમ્યાન આ અંગે સૂચન થવા છતાં આ અંગે કોઇ કાર્યવાહી કરેલ હોવાનું જણાતું નથી.

**૮.૭ વાહનવેરા તથા અન્ય કરવેરા નાખી સ્વભંડોળની આવક ઉભી કરવા બાબત. (ફકરા નંબર- ૩૫)**

કોર્પોરેશને ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટની કલમ-૯૯ હેઠળ જુદા જુદા વેરાના દર નકકી કરી કોર્પોરેશન ઉક્ત એકટની કલમ-૧૨૭ હેઠળ વેરાઓ નાખી વસુલી શકે. પરંતુ આજ દિન સુધીમાં મહાનગરપાલિકાએ પાણીવેરો, હોર્ડીંગ્સ ભાડાની આવક, ખાનગી મિલ્કતપરની આવક હિસાબમાં જમા લીધા હોવાનું ધ્યાને આવેલ નથી. જેથી આવા પ્રકારના વેરા નાખી આવક ઉભી કરવા કોઇ પ્રયાસ કરેલ નથી. તેમજ ખાસ કરીને ઉકત એકટના પ્રકરણ-૮ની કલમ-૩૨ (૧) હેઠળની જોગવાઇ અન્વયે વાહનોના પ્રકાર પ્રમાણે આજીવન કર, વાહનવેરો વસુલ કરી શકાય. પરંતુ કોર્પોરેશન બન્યા પછી મહાનગરપાલિકા પોતાના સ્વભંડોળની આવક વધારવા માટે સરકારશ્રીને દરખાસ્ત કરી ઠરાવો કરી આવા વેરાઓ નાખી પોતાની આવક ઉભી કરવા કોઇ પ્રયત્નો કરેલ હોય તેવું રેકર્ડ ચકાસણીમાં ધ્યાને આવેલ નથી.

**૮.૮ મહાનગરપાલિકા, ગાંધીનગર કચેરી માટે જરૂરી રજીસ્ટરોની ખરીદી, છાપકામ અને સ્ટેશનરી પુરી પાડવા બાબત. (ફકરા નંબર- ૧૧)**

- કામનું નામ : રજીસ્ટરોની ખરીદી, છાપકામ અને સ્ટેશનરી અંગે બાબત
- થયેલ ખર્ચની રકમ રૂ.૭,૦૭,૧૩૧

ઉપર મુજબની ટેન્ડર ફાઇલની ચકાસણી કરતાં નીચે મુજબની અનિયમિતતા ધ્યાને આવેલ છે.

(૧) રી ટેન્ડરીંગ વખતે આવેલ ભાવો અને અગાઉ(મુળ ટેન્ડર) વખતે આવેલ ભાવો બેસ્ટ કોમ્પ્યુટર એન્ડ પ્રિન્ટીંગના ઓછા હતા, તેમ છતાં બીજી વાર ટેન્ડર નં.૧૮ વખતે આવેલ ભાવો તા.૧૭-૦૮-૨૦૧૨ ના રોજ ખોલતાં, આવેલ ભાવોમાં કુલ-૬ આઇટમમાં ઉંચા ભાવો હોવા છતાં આવેલ ભાવોને એલ-૧ ગણી સ્થાયી સમિતિએ ઠરાવ નંબર-૯૩ થી તા.૦૨-૦૧-૨૦૧૩ ના રોજ મંજુરી આપેલ છે. આમ કોઇ પણ કારણ વગર રી-ટેન્ડર કરી બીજીવાર ઉંચા ભાવ માન્ય રાખી તે જ પાર્ટીને વર્ક ઓર્ડર આપેલ હતો.

(૨) રી ટેન્ડર વખતે બેસ્ટ કોમ્પ્યુટર એન્ડ પ્રિન્ટીંગ અને કેપીટલ ઓફસેટ, ગાંધીનગર આમ, બે પાર્ટીના ભાવો આવેલ હતા. જેમાં કેપીટલ ઓફસેટ, ગાંધીનગરને શોપ એસ્ટાબ્લીશમેન્ટની નકલ, વ્યવસાયવેરાની નકલ અને વેટ સર્ટિફિકેટ રજુ કરેલ ન હોવાથી ટેન્ડર માન્ય કરેલ ન હતુ, તેથી પ્રિન્ટીંગ લાયક એક જ એજન્સીનું ટેન્ડર લાયક ગણાય. તેથી વિશેષ સ્પર્ધાનું તત્વ રહેતુ નથી. માત્ર એક જ ટેન્ડર બેસ્ટ કોમ્પ્યુટર એન્ડ પ્રિન્ટીંગ સ્પર્ધામાં રહે તો રી ટેન્ડર કરવાનું થાય તેના બદલે સીંગલ ટેન્ડર મંજુર રાખી ઉક્ત કામગીરીનો વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ હતો.

(૩) બેસ્ટ કોમ્પ્યુટર એન્ડ પ્રિન્ટીંગના કરારની મુદત તા.૦૩-૦૨-૨૦૧૪ ના રોજ પુર્ણ થવા છતાં મુદત બાદ બેસ્ટ કોમ્પ્યુટર એન્ડ પ્રિન્ટીંગએ તા.૨૪-૦૨-૨૦૧૪ ના પત્રથી ઇજારાની મુદત એક વર્ષ વધારવા રજુઆત કરેલ તેના સંદર્ભે સ્થાયી સમિતિએ ઠરાવ ક્રમાંક : ૧૮૯ તા.૦૩-૦૩-૨૦૧૪ થી છ માસની મુદત વધારોકરી આપેલ. ત્યારબાદ ફરીથી છ માસની મુદત તા.૦૪-૦૮-૨૦૧૪ ના રોજ પુર્ણ થયેલ ત્યાર બાદ પણ ફરી સ્પર્ધાત્મક ભાવો મેળવવાની કોઇ નિયમાનુસારની કાર્યવાહી કર્યા વગર બેસ્ટ કોમ્પ્યુટર એન્ડ પ્રિન્ટીંગના તા.૧૩-૦૮-૨૦૧૪ ના પત્રથી ઓગસ્ટ-૨૦૧૫ સુધી ઇજારાની મુદત લંબાવી આપવા વિનંતી કરેલ હતી. પરંતુ મહાનગરપાલિકાએ કરેલ મુદત વધારાના કોઇ આધારો ફાઇલમાં જોવા મળેલ નથી. પરંતુ બેસ્ટ કોમ્પ્યુટર એન્ડ પ્રિન્ટીંગએ તા.૧૪-૦૯-૨૦૧૫ બીલ નંબર-૧૦૩ કચેરીના તા.૨૮/૧૦/૨૦૧૫ ના હુકમ નંબર-૯૧૯૦/૨૦૧૫ થી રૂ.૧૦,૭૨૭/- ચુકવણા અર્થે મંજુર કરેલ છે. જે બાબતે નિયમોનુસારની ખરીદી પ્રક્રિયા/કાર્યવાહી ન કરી એક જ એજન્સી/સંસ્થાને કામગીરીનો ઇજારો સતત ત્રણ વર્ષ સુધી ચાલુ રાખેલ છે. જેની રેકર્ડથી સ્પષ્ટતા કરવી ઘટે.

## ૮.૯ સોલાર લાઇટ વીથ માઉંટીંગ સ્ટ્રક્ચર એન્ડ પોલની ખરીદી બાબત. (ફકરા નંબર- ૧૪)

| | |
|---|---|
| કામની વિગત | સોલાર લાઇટ વીથ માઉંટીંગ સ્ટ્રક્ચર એન્ડ પોલ(એમએનઆરઆઇ સ્પેશીફીકેશન) ૧X૧૧ ડબલ્યુસીએફએલ પી.વી.મોડ્યુલ ૭૪ બેટરી ૧૨વોલ્ટ ૭૫એ.એચ. |
| એજન્સીનું નામ | સન રાઇઝ ટેકનોલોજી. સે-૨૫, ગાંધીનગર. (D.G.S & D મુજબ ) |
| ભાવ | ૧ નંગ સોલાર લાઇટ વીથ માઉંટીંગ સ્ટ્રક્ચર એન્ડ પોલની કિંમત **રૂ.૨૦,૨૫૧/-** (તા.૧૪/૩/૨૦૧૩ થી ૩૧/૦૩/૨૦૧૪ સુધી જ ભાવ અમલી) |

ઉપરોક્ત ફાઇલની ચકાસણી કરતાં નીચે મુજબની ઓડીટ અનિયમિતતાઓ ધ્યાને આવેલ છે.

(૧) ગાંધીનગર મહાનગરપાલિકામાં કાઉન્સીલરશ્રીઓના બજેટમાંથી સંબંધિત વિસ્તારમાં લોકોપયોગી મર્યાદિત કામો માટે તા.૧૧/૩/૨૦૧૩ ના પરિપત્રમાં સમાવિષ્ટ કામો કરવા સભાસદશ્રીઓને તેમના બજેટમાંથી ખર્ચ કરવા મંજુરી આપેલ હતી. જેમાં સરકારી પ્રા.શાળાઓમાં ખુટતી સુવિધા તરીકે ફર્નિચર, પી.વી.સી. પાણીની ટાંકી, બારી-બારણાંના રીનોવેશન, રમતગમતના સાધનો, તેમજ અંગ કસરતના સાધનો પુરા પાડવા, સરકારી ગ્રાંટમાંથી કાર્યરત આદર્શ નિવાસી શાળાઓમાં, કન્યા/કુમાર છાત્રાલયોમાં ખુટતી સુવિધા તરીકે ફર્નિચર, આંગણવાડીઓમાં રમતગમતના સાધનો, હયાત જાહેર પાણીના હવાડા/ધોબીઘાટના શુધ્ધિકરણ તેમજ નિભાવણી અને સુરક્ષાની જવાબદારી સ્વીકારવા

તૈયાર હોય તેવા ધાર્મિક સ્થળોએ તથા જાહેર બગીચાઓમાં ટ્રી ગાર્ડ, સોલાર લાઇટ જેવી સુવિધા પાછળ ખર્ચ કરવાની મંજુરી આપેલ. જુદા જુદા લોકોપયોગી કામો દર્શાવેલ છે તે કામો કરવાને બદલે માત્ર સોલાર સ્ટ્રીટ લાઇટ સુવિધા પુરી પાડવાનું કામ જ કરેલ છે.ધાર્મિક સ્થળો, શાળાઓ કે સંસ્થામાં સોલાર લાઇટ આપવામાં આવે ત્યાં તેની મરામત/નિભવણી/ જાળવણી માટે સંમતિપત્ર મેળવવામાં આવેલ નથી, જેથી ભવિષ્યમાં વોરંટી પિરિયડ પુરો થયા બાદ આ લાઇટની નિભાવણીનો પ્રશ્ન ઉભો થાય જેની જાળવણીની બાબતે કોઇ સંમતીપત્ર મેળવેલ હોય તેવુ રેકર્ડ ચકાસણીમાં ધ્યાને આવેલ નથી.

(૨) સોલાર સ્ટ્રીટ લાઇટ પુરી પાડવા નંગ ૧,૨૫૨ના એક નંગના રૂ.૨૦,૨૫૧/- લેખે કુલ રકમ રૂ.૨,૫૩,૫૪,૨૫૨/- નો વર્ક ઓર્ડર આપેલ જે પૈકી ૪૨૮ નંગ સોલાર લાઇટ વીથ માઉંટીંગ સ્ટ્રક્ચર એન્ડ પોલનું ચુકવણું થયેલ હોઇ, બાકી રહેતા ૮૨૪ નંગ સોલાર લાઇટ વીથ માઉંટીંગ સ્ટ્રક્ચર એન્ડ પોલ મેળવવા બાબતે શું કાર્યવાહી કરી તેની વિગતો ઓડીટમાં રજુ કરેલ નથી.

(૩) ઉક્ત કામે રકમ રૂ.૪૬,૫૭,૭૩૦/-નું ચુકવણું કરવામાં આવેલ છે. જે અંગેનું રેકર્ડ ઓડિટમાં રજુ કરેલ નથી.

(૪) ૨૩૧ નંગ સોલાર લાઇટ વીથ માઉંટીંગ સ્ટ્રક્ચર એન્ડ પોલનું ઇન્સ્પેકશન તા.૨૭/૦૩/૨૦૧૪ ના રોજ ના.કા.ઇ.શ્રી(યાંત્રીક) દ્વારા કરવામાં આવેલ છે. તે કયા વર્ક ઓર્ડરથી આપેલ માલનુ ઇન્સ્પેક્શન કરેલ છે તેનું રેકર્ડ તથા તેના સ્ટોક રજીસ્ટરે નોંધણી કર્યાના આધારો રજુ કરેલ નથી.

**૮.૧૦ ડીપોઝીટ અંગેના હિસાબો રજુ કરવા બાબત. (ફકરા નંબર-૫)**

મહાનગરપાલિકા ગાંધીનગરના નાયબ કમિશ્નરશ્રી દ્વારા રજુ કરાયેલ બેલેન્સસીટ તથા નાણાકીય વર્ષ૨૦૧૩-૧૪ ના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ના ગાંધીનગર મ્યુનિસીપલ કોર્પોરેશનના ઓડીટ રીપોર્ટના મુદ્દા નં. ૫ માં જણાવેલ છે કે "સિંચાઈ યાંત્રીક વર્તુળ" ને આપવામાં આવેલી ડીપોઝીટ અંગે કોઈ વિગત ઉપલબ્ધ ન થવાથી તે રકમ રૂ.૬,૫૮,૦૦,૦૦૦/- પાકા સરવૈયાની મિલકત બાજુ લોન અને એડવાન્સના મથાળા હેઠળ અધર ડીપોઝીટ સદર હેઠળ દર્શાવેલ છે.

ગાંધીનગર મ્યુનીસીપલ કોર્પોરેશન દ્વારા આપવામાં આવેલ માહિતી મુજબ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના સાધનો/વાહનો ખરીદવા માટે કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, સીંચાઈ યાંત્રીક વિભાગ નં.૪, અમદાવાદની કચેરીને રૂ.૬,૫૮,૦૦,૦૦૦/- ડીપોઝીટ વર્ક પેટે ચુકવ્યા હોવાનું જણાવેલ છે. ઉક્ત ડીપોઝીટની રકમ રૂ.૬,૫૮,૦૦,૦૦૦ માંથી રૂ.૫,૬૩,૭૭,૪૦૯ના જુદા જુદા સાધનો-વાહનોની ખરીદી પેટે તથા રૂ.૧૧,૨૭,૫૪૮/- કન્ટીજન્સી ખર્ચ થયેલ છે અને બાકીની રકમ રૂ.૮૨,૯૫,૦૪૩ ઉક્ત કચેરી ખાતે બચત તરીકે જમા રહેલ છે તેમ જણાવેલ છે. પરંતુ ઉક્ત કચેરી દ્વારા પુરા પાડવામાં આવેલ સાધનો-વાહનોની ખરીદી અંગેના બીલો કે ફાઇલ ઓડીટમાં ચકાસણી અર્થે રજુ કરવામાં આવેલ નથી. તેમજ સદર સાધનો-વાહનો કચેરીમાં નિભાવવામાં આવતા સ્ટોક રજીસ્ટરમાં જમા લેવામાં આવેલ છે કે કેમ? તેની પણ ઓડીટને રેકર્ડથી ખાત્રી કરાવવામાં આવેલ નથી. તે ઉપરાંત સાધનોની ખરીદી બાદ બચત રહેલ રકમ રૂ.૮૨,૯૫,૦૪૩ જે તે કચેરી પાસેથી પરત મળ્યા અંગેના કોઇ આધાર ઓડીટમાં રજુ કરવામાં આવેલ નથી. તો ઉક્ત બચત રકમ જે તે કચેરી પાસેથી પરત મેળવી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

મહાનગરપાલિકા ગાંધીનગરના ઉક્ત ફકરાઓમાંથી એકપણ ફકરાનો જવાબ આવેલ નથી.

## મહાનગરપાલિકાઓ દ્વારા ઓડિટ અહેવાલના જવાબ કરવા બાબત.

ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમ ૧૯૬૩ની કલમ-૯(૧)ની જોગવાઇ મુજબ ઓડિટ અહેવાલ મળ્યેથી મહાનગરપાલિકાઓ દ્વારા ચાર માસમાં જવાબો સંબંધિત ઓડિટ કચેરીને મોકલી આપવાના રહે છે. પરંતુ વર્ષ ૨૦૧૦-૧૧ થી ૨૦૧૨-૧૩ સુધીના અહેવાલના જવાબો કરવામાં આવેલ નથી.

તે જ રીતે વર્ષ ૨૦૧૩-૧૪ માટે મહાનગરપાલિકાઓ દ્વારા તેમના ઓડિટ અહેવાલની સંપૂર્ણ પૂર્તતા ત્વરીત રજુ કરે તે નાણાંકીય રીતે જરૂરી અને અપેક્ષિત છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૩૧/૭/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક મનઅ/૮૦૨૦૧૫-૨૮૧૧-પી અન્વયે વર્ષ ૨૦૧૩-૧૪નું ઓડિટ પૂર્ણ થયા બાદ મહાનગરપાલિકા વિધાનસભા અહેવાલનાં સુચિત ફકરાઓ અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ વિભાગને તેમજ સંબંધિત મહાનગરપાલિકાઓના કમિશ્નરશ્રીઓને મોકલી આપવામાં આવેલ, આવા ફકરાઓનો જવાબ ચાર અઠવાડિયામાં કરવાની જોગવાઇ થયેલ છે. અત્રેથી રવાના કરવામાં આવેલ વર્ષ ૨૦૧૩-૧૪ના સુચિત ફકરાઓ પરત્વે સંબંધિત મહાનગરપાલિકાઓ દ્વારા મળેલ જવાબો ધ્યાને લઇ ઓડિટ અહેવાલનું ઘડતર કરવામાં આવેલ છે. તેમજ ફકરાના અંતે જે મહાનગરપાલિકાઓનાં જવાબ મળેલ છે તે મહાનગરપાલિકાનું નામ તથા મૂળ ફકરા નંબર જણાવેલ છે. વિધાનસભા અહેવાલના ફકરાઓ પરત્વે સંબંધિત મહાનગરપાલિકાઓ દ્વારા સમયસર જવાબ રજુ કરવામાં આવે તેવુ સુચન છે.

-----------

સરકારી મુદ્રણાલય અને લેખન સામગ્રી, રાજકોટ.